ધર્મ. સત્યમેવ જયતિ. ધીરજ.

રાણી ગુણાવલી ચરિત્ર સચિત્ર ૦

ૐ

મર્હુમ મુનિમહારાજ
શ્રીમોહનવિજયજી વિરચિત.

ચંદ્રરાજાનું ચરિત્ર.

સચિત્ર.

રાણી વીરમતી ચરિત્ર સચિત્ર ૦

પ્રકાશક મેઘજી હીરજી
બુકસેલર પાયધુની–મુંબઈ.

કિંમત રૂ. ૨-૮-૦

આશા. ધર્મે જય પાપે ક્ષય. શાન્તિ.

ભાવનગર—
ધી આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઈએ છાપ્યું.

વીર
સંવત ૨૪૫૧
મહા શુદ ૧૦

લ્હાણી કરનારનું નામ ____________

____

ગામ ____________

સંવત ____________

માતૃદેવો ભવઃ







મનુષ્ય ઉન્નતિ

નો

સરલ માર્ગ.

અનેક અનુભવીઓનો ઉદ્ગાર.

यस्यास्ति सद्ग्रन्थविमर्शभाग्यं,
किं तस्य शुष्कैश्चपलाविनोदैः ॥

અર્થાત્ જેને સારા સારા ગ્રંથો વાંચવા વિચારવાનું સદ્ભાગ્ય મળેલું હોય, તેને ચપળાના (લક્ષ્મીના–સ્ત્રીના) શુષ્ક વિનોદ શી ગણતરીમાં છે ?

* * *

" પુસ્તકોમાં હું ગુંથાયેલો રહી [illegible] [illegible], [illegible] મને [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] નહિ [illegible] [illegible] [illegible] નહિ પણ મારા જ્ઞાનમાં ઉપયોગી વધારો કરી [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] હું માનું છું કે જેને સારાં પુસ્તકો વાંચ-[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] પણ [illegible] [illegible] " મહાત્મા ગાંધીજી "

'ધર્મતત્ત્વ 'માં બંગસાહિત્યસમ્રાટ બંકિમચંદ્ર લખે છે કેઃ—

" મને પુસ્તકો વાંચવાથી જેવો આનંદ મળે છે તેવો આનંદ આ જગતમાં બીજા કોઇ પણ કામથી નથી મળતો.

" માતૃ ભાષામાં વિવિધ જ્ઞાન આપનારા ગ્રંથોનો પ્રચાર થયા વિના કોઈ પણ પ્રજા ઉન્નતિ પામી શકતી નથી અને જાતીયભાવના (સ્વદેશ પ્રીતિ) પણ મેળવી શકાતી નથી. "

" બધી જાતની ઉન્નતિનું મૂળ જ્ઞાનની ઉન્નતિ છે, પશુ આદિના જેવી ઇંદ્રિયતૃપ્તિ સિવાયનું બીજું કોઇ પણ એવું સુખ તમે નહિ બતાવી શકો કે જેનું મૂળ જ્ઞાનની ઉન્નતિમાં રહેલું ન હોય. "

" સાહિત્ય–ઉદ્યાનના ચતુર માળી થવાનું સુભાગ્ય જેને પ્રાપ્ત થયું હોય અથવા જેમનું મન સદૈવ સાહિત્ય સરોવરનાં કમલોની મધુર સુગંધીથી મસ્ત બનવા લાગ્યું હોય તેને તો સાહિત્ય સિવાયનાં સ્વર્ગીય સુખો પણ તુચ્છજ લાગે છે."

* * *

" ગ્લેસ્ટનને ગ્રંથનો ઘણો શોખ હતો. એમ કહેવાય છે કે, ગમે તે એક પુસ્તક તો હમેશાં તેની પાસે રહેતુંજ. તેમને મળવા જનાર–આવનાર કોઇ પણ માણસે તેમની પાસે પુસ્તક ન જોયું હોય એમ કદિ પણ બન્યું નથી. પાર્લામેન્ટમાં જવા પહેલાં થોડો સમય મળી ગયો તો તે સમયે પણ તેઓ પુસ્તક વાંચતા જણાતા; એટલુંજ નહીં; પરંતુ કોઈ માણસને તેમની સાથે વાત કરતાં કરતાં વચમાં કોઇ કારણસર ઉઠવું પડે તો તે પાછો આવે ત્યાંસુધીમાં વાંચવા માટે પણ તેમના ખીસ્સામાં એકાદ પોતાની ચોપડી હમેશાં પડીજ રહેતી. "

ગ્લૅડસ્ટન કહે છે કે "આપણે જે જોઇએ છીએ તે એજ કે આપણા લોકોએ સારાં સારાં પુસ્તકો વાંચીને, પોતાની જાતની સ્થિતી સુધારીને આપણા રાષ્ટ્રને શ્રેષ્ઠ દરજ્જે ચઢાવવામાં સહાયતા કરવી.

"ગ્રંથો ગોઠવી રાખ્યા હોય એવી ઓરડીમાં ગયા પછી તમે તેને હાથ નહીં લગાડો તો તે ગ્રંથોજ માનસ વાણીથી તમને કહેશે કે 'અમારામાં પુષ્કળ જ્ઞાન ભર્યું છે તે લો અને તેનો ઉપયોગ કરો એટલે તમારું કલ્યાણ થશે.' આ માનસ વાણી એ છી કિંમતી છે ?"

* * *

"અવકાશની એકાદ ક્ષણનો પણ ઉપયોગ કરી લેવા માટે આમ ગ્લૅડસ્ટન જેવો પ્રતિભાશાળી પુરૂષ પણ ગજવામાં સદાય એકાદ પુસ્તક લઇને ફરે; તો પછી આપણા જેવાઓને તો ખુલી વૃથા જતી કિંમતી ક્ષણોને બચાવવા માટે શું ન કરવું જોઇએ ?"

"એક પાશ્ચાત્ય પંડિતનો તો એટલે સુધી મત છે કે, 'માણસને લુગડાં લત્તાંની જેટલી જરૂર નથી. તેટલી પુસ્તકોની છે, તે પોતે પણ જરૂરનાં પુસ્તકો ખરીદી લેતાં સુધી લુગડાં લેવાનું મુલતવી રાખતો, તેને સિસેરોનાં પુસ્તકો બહુ ગમતાં અને તે વાંચતો ત્યારે ત્યારે 'હું વધારે સારો થયો છું' એમ તેને લાગતું."

* * *

પેટ્રાર્ક નામક એક પાશ્ચાત્ય પંડિતે ઉત્તમ પુસ્તકોના સબંધમાં કહ્યું છે કે "મારે એવા મિત્રો છે કે જેમનો સહવાસ મને અત્યન્ત પ્રિય છે, તે મિત્રો સર્વ સમયના અને સર્વ દેશોના છે. તેઓ અહોરાત્ર મારી નવામાં હાજર હોય છે. હું જ્યારે ઇચ્છું

[illegible] તેમને [illegible] છું અને ઇચ્છું ત્યારે પાછા કાઢી મુકું છું. તેઓ મને [illegible] પણ વિષમ કંટાળો આપતા નથી. એટલું જ નહિ [illegible] તેમને જે પ્રશ્ન [illegible] છું. તેનો તત્કાળ શાન્તિથી પ્રત્યુત્તર [illegible] કેટલાક મારી પાસે ભૂતકાળની કથા કહે છે; અને [illegible] સમજાવે છે: કેટલાક મને કેમ જીવવું [illegible] કેટલાક કેમ મરવું એ શીખવે છે. કેટલાક [illegible] મારી ચિંતાઓને દૂર કરી મને પ્રો- [illegible] કેટલાક મારા મનને ધૈર્ય આપી, મને [illegible] શીખવે છે, સંક્ષેપમાં તેઓ જ્ઞાનના [illegible] અને તેમના દર્શાવેલા [illegible] નવા રસ્તાઓના [illegible] માનું સરખું [illegible] ત્યારે

[illegible] મારાં પુસ્તકો

[illegible] સમુ-

[illegible] અને

[illegible] જ્ઞાન

[illegible] આપ-

[illegible] મને

[illegible] લેટે

[illegible] તે

[illegible] અને

[illegible] અને

પુસ્તકો તે આપણને રહેવા લાયક મકાનો છે, જ્ઞાન એ અનાજનો ભંડાર છે અને પુસ્તકો એ તેમાંથી તૈયાર થયેલા રોટલા છે; જ્ઞાન એ મેઘ છે અને પુસ્તકો એ આપણા ઘરમાં રહી શકે તેવાં પાણી ભરેલાં માટલાં છે; અને જ્ઞાન એ સર્વ શક્તિમાન પરમાત્મા છે અને પુસ્તકો એ તે પરમાત્માનો રસ્તો દેખાડનારા પૂજનીય દેવો છે." "સ્વર્ગનાં રત્નો"

* * *

"એકાદ ઉત્તમ ગવૈયો ઇચ્છે ત્યારે જેમ પોતાનાં વાજીંત્રમાંથી ચહાય તે સ્વર કાઢી આનંદ લે છે; તેમ એક વાંચનાર પણ જ્યારે ઇચ્છે ત્યારે એકાદ ઉત્તમ ગ્રંથમાંથી પોતાને મનગમતો અવાજ કાઢી આનંદમગ્ન થઇ શકે છે."

"ગરીબોને દરિદ્રતામાંથી છોડાવવાની, દુઃખીઓનાં દુઃખ દૂર કરવાની, શરીર તથા મનનો થાક ઉતારવાની અને માંદાઓનું દર્દ ભૂલાવી દેવાની ગ્રંથોમાં જેટલી શક્તિ છે, તેટલી શક્તિ ઘણું કરીને બીજી કોઇ ચીજમાં નથી." "આર્ડન"

"પુસ્તકોનો સ્નેહ એ ઇશ્વરના રાજ્યમાં પ્રવેશવાનો પરવાનો છે."

"ખરાબ ચોપડીઓનું વાંચન, એ ઝેર પીવા સમાન છે."

"મહેલોમાં તથા ધનૈશ્વર્યના અપૂર્વ ભંડારમાં જે સંતોષ તમને નહિ મળે તે સંતોષ તમને ઉત્તમ પુસ્તકોથી પ્રાપ્ત થશે."

"સીતા વનમાં ભૂમિ [illegible] અને [illegible] પાળવાના સાધન હતા, જ્ઞાનદાન દેવાને [illegible]"

"તલવારથી જેમ માણસના [illegible] અને [illegible]

પરીક્ષા થાય છે. તેમ જે પુસ્તકોનો તેને શોખ હોય છે તે ઉપરથી પણ તેના વિષે અનુમાન થાય છે. ”

*　　*　　*

“ઉત્તમ ગ્રંથો, તેનું સેવન કરનારાઓમાં ધર્મ, નીતિ, ચાતુર્ય, પ્રતિભા, શૌર્ય, ધૈર્ય તથા પરોપકારવૃત્તિને વિસ્તારે છે; અને જેમ જેમ એ દૈવી ગુણોની સત્તા જામતી જાય છે; તેમ તેમ દુનિયાને પીડારૂપ આસુરી ભાવોની જડ નાશ પામતી જાય છે.”

એક વિદ્વાન્ ડીકન્ઝ કહે છે કે, “ વાંચવાની હોંશ છોડી દેવાના બદલામાં કોઇ મને આખા હિંદુસ્તાનની સંપત્તિ આપે, તોપણ હું તેને કદિ છોડું નહિ. ”

*　　*　　*

“ ખોરાક વિનાના શરીરની પેઠે જ્ઞાન વિનાનું મન પણ નિર્માલ્ય છે. એ જ્ઞાનને મેળવવાનું સર્વોપરિ સાધન વાંચન હોવાથી જે ઘરમાં સારાં પુસ્તકો નથી, તે ઘર, ઘર નહિ પણ નિર્માલ્ય તનમનવાળાં જીવતાં મુડદાંઓને રહેવાની ઘોરજ છે. ”

“ પુસ્તકો તરુણાવસ્થામાં સુમાર્ગ દેખાડે છે, વૃદ્ધાવસ્થામાં મનરંજન કરે છે અને ઉદાસીને વખતે સમાધાન કરીને આપણું જીવન આપણને નકામું લાગવા દેતાં નથી. વળી તે આપણી ચિંતા તથા ક્રોધાદિને શાંત કરીને નિરાશાનો નાશ કરે છે. ”

“ સત્પુરુષોનાં જીવન; તેમાં પણ દૈવી અંશથી સ્ફુરાયેલા નરોનાં જીવન વાંચવામાં આવે તો આપણા દુઃખનો બોજો બેમાલુમ પણે ઓછો થયા વિના રહેતો નથી અને આપણે જાણે દુઃખમાંથી ઉંચશઢને ઉંચે ચડતા હોઇએ તેમ આપણને લાગે છે. એવા

મહાત્માઓ શું કહી અને કરી ગયાં છે તે જાણવાથી તેમના વિચાર અને કૃત્યોની નજીક આપણે બેમાલૂમપણે જતા હોઇએ એમ લાગે છે."

ઇતિહાસરૂપી ચરિત્રો વાંચીને સમજવાથી બહુ પ્રકારના લાભ થાય છે, પ્રથમ તો તે વાંચતાંજ વાંચનારને પોતાની વિદ્યા, બુદ્ધિ, શક્તિ, સ્થિતિ આદિના વધતા-ઓછાપણાનો વિચાર ઉત્પન્ન થાય છે અને વાંચનારમાં કયા કયા સદ્ગુણો તથા દુર્ગુણો છે તે પોતાની મેળેજ તેને જણાઇ રહે છે."

"ચરિત્ર એ એક પ્રકારનું દર્પણ છે. જેમ અરીસામાં મનુષ્ય પોતાની મુખાકૃતિમાં ખાંપણ જુએ છે, ત્યારે તે ખાંપણને કાઢી નાખવા અને કાંતિમાં વધારો કરવા માટે પ્રયત્ન કરે છે; તેમ ચરિત્રરૂપી આરસીથી પોતાના સ્વભાવમાં વળગેલાં ભૂષણદૂષણ-ગુણદોષ-તેના જોવામાં આવે છે; અને તેમ થતાં દૂષણનો ક્ષય અને ભૂષણમાં વૃદ્ધિ કરવાને તે જાગૃત થાય છે. વળી જે કામ ઉપદેશ અથવા બોધ કરવાથી નથી બનતું, તે કામ જીવનચરિત્ર સહેલાઇથી પાર પાડી શકે છે. અતિ શ્રમ લઇ વિદ્યા ભણો, દેશાટન કરો, સ્વદેશહિતેચ્છુ થાઓ, પ્રેમશૌર્ય દાખવો, એવા એવા ઉપદેશો મુખે અથવા પુસ્તકદ્વારા કરવાથી જેવી અને જેટલી અસર થાય છે તેના કરતાં એવા ગુણોથી અંકિત થઇ પ્રખ્યાતિમાં આવેલા મહાજનોનાં ચરિત્રો વાંચી સમજવાથી અધિક અસર થાય છે. વાંચનારના સ્મરણસ્થાનમાં તેની આબાદ ઉંડી છાપ પડે છે અને પછી તે તેને અનુસરી ઉત્તેજીત થઇને બહાર પડે છે."

* * *

"એકાદ મહાપુરુષનું નામજ હૃદયમાં ભક્તિભાવનો ઉદય કરે છે. પૃથ્વીમાં સર્વત્ર મહાપુરુષનું સન્માન, આદર અને પૂજા ચયેલી દીઠામાં આવે છે. સર્વત્ર જોવામાં આવે છે કે "આ વાક્ય તો અમુક મહાપુરુષનું છે; આ વાક્ય તો અમુક મહાપુરુષે માન્ય કરેલું છે; આ તો મહાપુરુષની વાત છે; આ તો અમુક મહાપુરુષના આચાર છે" આવું સાંભળતાં લોકોના મનમાં અતિશય સન્માનનો ઉદય થાય છે અને એટલા માટેજ મહાપુરુષોનાં જીવન ચરિત્ર પણ વધારે પ્રીતિકર અને રુચિકર થાય છે."

"ઉત્તમ ચરિત્રો તેના વાંચકને બતાવી આપે છે કે એક સામાન્ય મનુષ્ય પણ પોતાનું જીવન કેટલી હદ સુધી ઉત્તમ બનાવી શકે તથા કેવા ઉચ્ચ કાર્ય કરી શકે અને જગતમાં કેટલી બધી સારી અસરો ફેલાવી શકે."

* * *

"ચરિત્રોના વાંચનથી આપણું ચૈતન્ય સતેજ થાય છે. આપણી આશામાં જીવન આવે છે; આપણામાં નવું કૌવત, હિંમત અને શ્રદ્ધા આવે છે. આપણે આપણા ઉપર તેમજ બીજાઓ ઉપર શ્રદ્ધા રાખીએ છીએ; આપણામાં મહત્ત્વાકાંક્ષા જાગે છે; આપણે રૂડાં કાર્યોમાં જોડાઇએ છીએ અને મોટાઓનાં કામોમાં તેમની સાથે હિસ્સેદાર થવાને ઉત્કંઠાઇએ છીએ. આ પ્રમાણે જીવનચરિત્રોના સહવાસમાં રહેવું અને જીવવું, અને તેમાંના દાખલાઓ જોઇને સ્ફુરણાયમાન થવું, એ તે તે ઉત્તમ આત્માઓના સમાગમમાં આવવા બરાબર અને ઉત્તમ મંડળમાં સહવાસ કરવા બરાબર છે."

* * *

“ આપણી ઉન્નતિની [illegible] [illegible] [illegible] [illegible] [illegible] કે આપણું [illegible] [illegible] [illegible] [illegible].”

“ હિન્દ [illegible] [illegible] [illegible] [illegible] કહે છે કે આપણા દેશમાં પુરાણના [illegible] કે દેવળોમાં [illegible] ગયું નથી, કે [illegible] [illegible], કે [illegible] [illegible] [illegible] કે [illegible] [illegible] [illegible] અને [illegible] [illegible] [illegible] છે.”

“ તેઓનું [illegible] આવીને [illegible] [illegible] [illegible] આવ્યા નથી. પરંતુ બની રીતે ઉલટું [illegible] છે. તેઓ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] રીતિમાં પોતાના [illegible] નથી [illegible] છે [illegible] [illegible] જમીન [illegible] હતી. [illegible] [illegible] [illegible] [illegible] હતી. અને [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] અને [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે [illegible] [illegible] [illegible] રીતે [illegible] હતા [illegible] [illegible] [illegible] [illegible] રીતે [illegible] હતા [illegible] [illegible] [illegible] [illegible] [illegible] જેવી રીતનું કામ કરતા હતા અને [illegible] [illegible] જેવી રીતે રહેતા હતા એ સઘળી બાબતો [illegible] રીતે [illegible] [illegible] [illegible] [illegible] છે

* * *

[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] નથી [illegible] [illegible]

"એકાદ મહાપુરુષનું નામજ હૃદયમાં ભક્તિભાવનો ઉદય કરે છે. પૃથ્વીમાં સર્વત્ર મહાપુરુષનું સન્માન, આદર અને પૂજા થયેલી દીઠામાં આવે છે. સર્વત્ર જોવામાં આવે છે કે "આ વાક્ય તો અમુક મહાપુરુષનું છે; આ વાક્ય તો અમુક મહાપુરુષે માન્ય કરેલું છે; આ તો મહાપુરુષની વાત છે; આ તો અમુક મહાપુરુષના આચાર છે" આવું સાંભળતાં લોકોના મનમાં અતિશય સન્માનનો ઉદય થાય છે અને એટલા માટેજ મહાપુરુષોનાં જીવનચરિત્ર પણ વધારે પ્રીતિકર અને રુચિકર થાય છે."

"ઉત્તમ ચરિત્રો તેના વાંચકને બતાવી આપે છે કે એક સામાન્ય મનુષ્ય પણ પોતાનું જીવન કેટલી હદ સુધી ઉત્તમ બનાવી શકે તથા કેવા ઉચ્ચ કાર્ય કરી શકે અને જગતમાં કેટલી બધી સારી અસરો ફેલાવી શકે."

* * *

"ચરિત્રોના વાંચનથી આપણું ચૈતન્ય સતેજ થાય છે. આપણી આશામાં જીવન આવે છે; આપણામાં નવું કૌવત, હિંમત અને શ્રદ્ધા આવે છે. આપણે આપણા ઉપર તેમજ બીજાઓ ઉપર શ્રદ્ધા રાખીએ છીએ; આપણામાં મહત્ત્વાકાંક્ષા જાગે છે; આપણે રૂડાં કાર્યોમાં જોડાઇએ છીએ અને મોટાઓનાં કામોમાં તેમની સાથે હિસ્સેદાર થવાને ઉશ્કેરાઇએ છીએ. આ પ્રમાણે જીવનચરિત્રોના સહવાસમાં રહેવું અને જીવવું, અને તેમાંના દાખલાઓ જોઇને સ્ફુરણાયમાન થવું, એ તે તે ઉત્તમ આત્માઓના સમાગમમાં આવવા બરાબર અને ઉત્તમ મંડળમાં સહવાસ કરવા બરાબર છે."

* * *

[illegible]

[illegible]

[illegible]

* * *

[illegible]

અનુચિત કાર્ય કરવા ઉપર મારૂં મન વળે છે, અથવા સદાચરણના વિષયમાં ઉત્સાહ ઓછો થયેલો જણાય છે, ત્યારે ત્યારે હું તેમના (મહાન્ સ્ત્રી પુરુષોનાં) ચરિત્રો વાંચું છું અને તેથી મને પુનઃ હુશિયારી આવે છે."

* * *

"જગવિખ્યાત જોન્સન પંડિત એક વાર બોલ્યો હતો કે 'મહોલ્લામાં અગર ગમે ત્યાં ગમે તે મળો, પરંતુ તેનું જીવન જાણવાનું અને તેની જીંદગીનો અનુભવ, તેનાં દુઃખ, તેની વિપત્તિઓ અને તેના કામની સિદ્ધિ–અસિદ્ધિઓ જાણવાનું મને બહુ ગમે છે."

* * *

"જ્યારે આમ છે તો પછી જે પુરુષોએ જગતના ઇતિહાસમાં પોતાનું નામ અમર કર્યું હોય અને સુધારાનો જે મોટો વારસો આપણે આજ ભોગવીએ છીએ તે વારસો આપણે માટે જેઓ ઉત્પન્ન કરી ગયા હોય, તેમનું જીવન જાણવું કેટલું બધું જરૂરનું છે? એવા મહાશયોને લગતું જે કાંઇ હોય–તેમની ટેવ, તેમની રીતભાત, તેમની રહેવાની પદ્ધતિ, તેમનો અંગત ઇતિહાસ, તેમની વાતચીત, તેમનાં નીતિના વચન, તેમનાં સદ્‌ગુણ અથવા મહત્તા; એ સર્વ હમેશાં રસભર્યાં, બોધક, ઉત્તેજક અને અનુકરણીય હોય છે."

"નીતિવિશારદ પંડિતો કહે છે કે, "જુનાના મોટા મોટા પુરુષોનાં જીવનચરિત્ર વાંચવાથી માણસ ધીમે ધીમે નીચ ભાવ છોડે છે અને લાયક માણસના સારા ગુણની ઉપર આસક્ત થાય છે. કવિયો ઉપદેશ આપે છે. કે જ્યારે મહાન્ પુરુષનાં જીવનચરિત્રો

ઉપર સ્થિર ચક્ષુ રાખીને જોવાય છે અને તેમના ચારિત્ર્યનું ચિંતન કરાય છે; ત્યારે અવશ્ય સમજી શકાય છે કે, મહત્તાનો દરવાજો સર્વને માટે ઉઘાડો છે."

"શિક્ષણનું મોટામાં મોટું લક્ષ ચરિત્રસંગઠન છે અને ચરિત્રસંગઠનમાં મોટામાં મોટી મદદ મહાન્ પુરૂષોનાં જીવનચરિત્રોના અભ્યાસથી મળે છે; માટે જીવનચરિત્રનો અભ્યાસ કરવો એ શિક્ષણનું એક મોટામાં મોટું અંગ માનવું જોઇએ.

"જીવનચરિત્રો અને ઇતિહાસના વાંચનથી મનુષ્ય જુવાનનો વૃદ્ધ બની જાય છે; પણ ડોસાની પેઠે તેના વાળ સફેદ બની જતા નથી, કે નથી તેનાં ડાચાં બેસી જઇને ગાલપર કરચલીઓ પડતી. તેનામાં વૃદ્ધ જેવું ડહાપણ આવે છે ખરૂં, પણ અશક્તિ આવતી નથી.

"માનવ જાતીનાં વર્તનને ઉચ્ચ સ્થિતિએ લાવવામાં રૂડાં મનુષ્યોના જીવનચરિત્રોએ જે અસર નિપજાવી છે, તેનું મૂલ્ય જેટલું આંકીએ તેટલું થોડું છે." માટે અવશ્ય વાંચો!

---

૧ દાનવીર રત્નપાળ ચરિત્ર–સચિત્ર. ૧–૮–૦
૨ ઉત્તમકુમાર ચરિત્ર–સચિત્ર. ૧–૮–૦
૩ મહાવીર ભક્ત મણીભદ્ર અને આવિકા રત્નમાળા સચિત્ર.... ... ... ૧–૮–૦



મહાવીર જીવન વિસ્તાર.

સચિત્ર.

મનુષ્ય માત્રના આત્માનો ઉદ્ધાર કરનાર મહાન આદર્શ એક આજથી આ ભારતભૂમિમાં ૨૫૦૦ વર્ષ ઉપર થઈ ગયેલા "જૈન" ધર્મના મહાનમા મહાન પ્રવર્તક શ્રી મહાવીર દેવ, આ જૈન મહાવીર દેવનું—કહો કે જગતના પેગમ્બરોમાંના એક મહાનમાં મહાન "પેગમ્બર" નું જીવન ચરિત્ર જાણવા માટે દુનીઆના મનુષ્યો આતુર હોય તેમાં નવાઈ નથી. પણ દિલગીરી સાથે જણાવવું પડે છે કે તેમના ભક્ત [illegible] [illegible] તેમનું જીવન [illegible] [illegible] માટે પ્રયત્ન કર્યો નથી અને જૈન [illegible] આવા મહાન પુરૂષ આદર્શનો લાભ જગત [illegible] લઈ શકતા નથી, પણ વર્તમાન આ મહાન પુરૂષનું જીવન ચરિત્ર, [illegible] લેખક [illegible] [illegible] તેનું નામ શ્રી મહાવીર જીવન વિસ્તાર [illegible] [illegible]

[illegible]

[illegible]

[illegible]







શ્રી ચંદ્રરાજા

અને

ગુણાવળીનું ચરિત્ર.

—※(ૐ)※—

प्रथम–उल्लास

——•——

પ્રકરણ પહેલું.

ચૌદ રાજલોક પ્રમાણ ત્રણ લોકના મધ્યમાં તિર્ચ્છાલોક રહેલો છે. તે લાંબો પહોળો એક એક રાજપ્રમાણ છે અને ઉર્ધ્વ અધો મળીને ૧૮૦૦ યોજન પ્રમાણ છે. તેનાં મધ્યમાં જંબુ નામનો દ્વીપ એક લાખ યોજનના પ્રમાણવાળો થાળીને આકારે છે. તેની ફરતા અસંખ્યાતા દ્વીપ સમુદ્રો આવેલા છે. જે

બધા વલયાકારે છે. તે જંબુદ્વીપ ઉત્તર કુરૂક્ષેત્રમાં આવેલા જંબુ વૃક્ષવડે સુશોભિત છે. તે વૃક્ષના નામ પરથીજ દ્વીપનું નામ પણ જંબુદ્વીપ પાડવામાં આવેલ છે. જંબુદ્વીપની અંદર સાત મોટા ક્ષેત્રો છે, મધ્યમાં મેરૂ પર્વત છે અને છ વર્ષધર પર્વતો છે. દક્ષિણ દિશાને છેડે અષ્ટમીના ચંદ્રની આકૃતિવાળું **ભરત** નામે ક્ષેત્ર છે. તે **સિદ્ધાચળ** મહાતીર્થના સદ્ભાવવાળું હોવાથી સર્વ ક્ષેત્રોમાં અગ્રપદને ભોગવે છે. ભરતક્ષેત્રના વૈતાઢ્ય પર્વતથી ગંગા અને સિંધુ એ બે મોટી નદીઓથી છ વિભાગ પડેલા છે. ગંગા સિંધુ એ બંને નદીઓને ચૌદ ચૌદ હજાર નદીઓ આવીને મળેલી છે. ભરત ક્ષેત્રની અંદર ૩૨૦૦૦ દેશો છે, તેમાં માત્ર સાડીપચ્ચીશ દેશ આર્ય છે, બીજા અનાર્ય છે. ભરત ક્ષેત્રના છ ખંડ પૈકી દક્ષિણ બાજુના મધ્યખંડમાં પૂર્વ બાજુનો પ્રદેશ ઘણો રળિયામણો છે. સૂર્ય ચંદ્ર પણ ત્યાંથી ઉદય પામે છે. ચંદ્રમા પણ તે પ્રદેશમાં સંચરે છે ત્યારેજ સોળ કળાવાળો થાય છે. ગંગા નામની પવિત્ર ગણાતી મહાનદી પણ તે દેશમાંજ સંચરેલી છે. તે દેશના મધ્ય ભાગમાં **આભાપુરી** નામની એક નગરી છે, તે એવી સુશોભિત છે કે લંકા ને અલકા પણ તેનાથી લજ્જા પામે છે.

આભાપુરી ચોરાશી ચૌટાવાળી છે. તેને ફરતો ઉંચો કિલ્લો છે. ઉત્તમ જનો તેમાં આવીને વસેલા છે. દાનેશ્વરીઓ પણ ઘણા છે. કૃપણ તો દેખાતાજ નથી. વ્યાપારીઓ ધનવાન છે, સ્ત્રીઓ રૂપવતી છે. અનેક જિનમંદિરાદિકથી તે નગરી

વ્યાસ છે. તે નગરીમાં **વીરસેન** નામે રાજા રાજ્ય કરે છે. તેને **વીરમતી** નામે પટ્ટરાણી છે. એકદા તે નગરીમાં ઘોડાના સોદાગરો આવ્યા. તે અનેક જાતિના ઉત્તમ ઉત્તમ ઘોડાઓ વેચવા માટે લાવ્યા હતા. રાજાએ તેના તમામ ઘોડાઓ ખરીદ કરી લીધા. તે ઘોડાઓની અંદર એક સુશોભિત અશ્વ હતો. પણ તે વક્ર ગતિવાળો હતો. રાજા તેનાપર સ્વાર થઇને શિકાર માટે કેટલીક સેના સહિત વનમાં ગયો. ત્યાં ઘણા જીવોને આકુળ વ્યાકુળ કરી મૂક્યા. એવામાં એક હરણ રાજાની નજરે ચઢયું. રાજા તેની પાછળ થયો. હરણ પણ ફાળ ભરતું દોડયું, રાજાએ ઘણો પ્રયાસ કર્યો, પણ તે હાથમાં આવ્યું નહિ. રાજા થાક્યો એટલે અશ્વને ઉભો રાખવા લગામ ખેંચવા માંડી, તેમ તેમ તો તે વધારે દોડવા લાગ્યો. તે ઘોડાને અવળી રીતે શિક્ષા આપેલી હોવાથી ખેંચી રાખવાનો પ્રકાર તેને દોડાવનાર થઈ પડયો. લશ્કર બહુ છેટે રહી ગયું. અશ્વે તો ઘણી જમીન ઉલ્લંઘન કરી. એવામાં રાજાએ એક મનોહર પુષ્કરણી દૂરથી દીઠી અને તેની પાસે એક વડનું ઝાડ દીઠું. રાજાએ ધાર્યું કે જો એ ઝાડ નીચે અશ્વ આવે તો હું ઝાડની ડાળીને વળગી પડું અને અશ્વને છોડી દઉં. ભાગ્યયોગે તેમજ બન્યું. રાજા ડાળીને વળગ્યો એટલે લગામ ઢીલી પડવાથી અશ્વ પણ ઉભો રહ્યો. રાજા આશ્ચર્ય પામ્યો. અને તેજ વખતે અશ્વ પણ વક્રશિક્ષિત હોવાની રાજાને ખબર પડી.

પછી રાજાએ ઘોડાને ઝાડ સાથે બાંધ્યો અને પોતે પુષ્કરણીમાં ઉતર્યો. તેનાં પગથીઆં સ્ફટિકના બાંધેલાં હતાં.

જળ શીતળ અને નિર્મળ હતું. રાજાએ જળપાનાદિ કરીને શ્રમ દૂર કર્યો. પછી તે ચારે બાજુ ફરીફરીને જોવા લાગ્યો. એવામાં તેણે એક મોટી જાળી દીઠી. અંદર નજર કરી તો પગથીઆંની શ્રેણી દીઠી, એટલે તે જાળી ઉઘાડીને અંદર પેઠો. હાથમાં ખડ્ગ રાખી નિર્ભયપણે આગળ ચાલ્યો. કેટલાંક પગથીઆં ઉતર્યો એટલે અંદર પાતાળમાં મોટું વિસ્તારવાળું વન રાજાના જોવામાં આવ્યું. રાજાની સાથે ધૈર્ય, ધર્મ, પુણ્ય ને પુરૂષાર્થ એ ચાર મિત્રો હોવાથી રાજા નિઃશંકપણે આગળ વધ્યો. તેવામાં કોઈ કન્યાનો સ્વર તેને કાને પડયો. તે સાંભળીને રાજા વિસ્મય પામી વિચારવા લાગ્યો કે “ આવા અસરાળ પાતાળમાં આ વન શું ? અહીં કન્યા ક્યાંથી ? અને તેના સ્વરમાં કરૂણાનો પ્રતિભાસ થાય છે તેનું શું કારણ ? ” આ પ્રમાણે વિચારીને તે તરતજ શબ્દને અનુસારે ચાલ્યો. ખડ્ગ પણ મ્યાનમાથી બહાર કાઢયું, થોડેક ચાલતાં જ્યાંથી સ્વર આવતો હતો ત્યાં આવીને રાજા ઉભો રહ્યો.

રાજા જુએ છે તો ત્યાં એક યોગી બેઠો છે, તેની આંખો મીંચેલી છે, હાથમાં જપમાળા છે, આગળ કુસુમ ધુપાદિ પૂજાની સામગ્રી પડી છે, સમીપમાં અગ્નિનો કુંડ છે, તેમાં અગ્નિ જાજ્વલ્યમાન બળે છે. કુંડની નજીકમાં એક ઉઘાડી તરવાર પડી છે, બીજી બાજુ મજબુત બંધને બાંધેલી એક કન્યા બેઠી છે, તે રૂદન કર્યા કરે છે અને મુખથી એમ કહે છે કે-“હે આભાપુરીના ભૂપતિ ! આ કન્યાની વહાર શીઘ્ર કરો, નહિ તો આ યોગી અગ્નિકુંડમાં મારૂં બળીદાન

આપશે." આ પ્રમાણે પોતાના નામ સહિત બાળિકાના શબ્દો સાંભળી રાજાએ તેને સાન કરી અને યોગી ન જાણે તેમ પેલું ખડ્ગ લઘુલાઘવી કળાએ ઉપાડી લીધું. પછી યોગીને બોલાવ્યો. " અરે નિર્દય ! નિર્લજ્જ ! પાપી ! દુરાત્મા ! ઉઠ, ઉભો થઈ જા. આ નિર્દોષ બાળિકાને છોડી દે ને મારી સામો થા. મારા આવ્યા પછી આ કન્યાનું બળિદાન તો શેનું જ દેવાય પણ હું તને હવે જીવતો છોડવાનો નથી." રાજાના આ શબ્દો સાંભળીને ભયભ્રાંત થયેલો યોગી એકદમ ઉભો થયો અને માત્ર કોપીનભર ત્યાંથી મુઠી વાળીને ભાગી ગયો. શરીરની કુશળતા ચાહીને તેણે ધ્યાનનો આડંબર તજી દીધો. રાજાએ તેની પુંઠ ન પકડતાં યોગી જાણીને જવા દીધો. તેની પૂજન સામગ્રી બધી લઈ લીધી. પછી કન્યાના બંધન છોડી તેને આદરપૂર્વક પૂછ્યું કે " હે નિરૂપમ રૂપવાળી રાજપુત્રી ! તું કયા રાજાની પુત્રી છો ? આ યોગીના કબજામાં તું શી રીતે આવી પડી ? અને આભાપુરીનો રાજા તારો પ્રીતિપાત્ર શી રીતે થયેલો છે ? આ હકીકત મારો ભય રાખ્યા સિવાય નિઃશંકપણે કહે."

વીરસેન રાજાના પ્રશ્નનો ઉત્તર દીધા અગાઉજ વિચક્ષણ બાલિકા તરતજ તે આભાપુરીના રાજા છે એમ સમજી ગઈ, એટલે કંઈક લજ્જા ધારણ કરી નીચું મુખ રાખીને મર્યાદા પૂર્વક બોલી કે—" હે સ્વામી ! આભાપુરીથી પચવીશ યોજન દૂર પદ્મપુરી નામે નગરી છે. ત્યાં પદ્મશેખર નામે રાજા છે. તેને રતિરૂપા નામે પટ્ટરાણી છે. તેની ચંદ્રાવતી

નામે હું પુત્રી છું. જૈન ધર્મ મને પ્રિય છે, અને હું તેનું આરાધન કરૂં છું. હું બાળવય અતિક્રમીને યૌવનવય પામી એટલે મારા પિતાને મારા વર સંબંધી ચિંતા ઉત્પન્ન થઈ. અન્યદા એક નિમિત્તિઓ આવ્યો, તેને મારા પિતાએ મારા વિષે પૂછ્યું, એટલે તે બોલ્યો કે "આભાનગરીનો રાજા તમારી પુત્રીનો પતિ થશે." આ વાત સાંભળી મારા માતા-પિતા હર્ષિત થયા. હું પણ પતિનું નામ ઠામ જાણવાથી ખુશી થઇ. મારા પિતાએ સારી રીતે સત્કાર કરીને નિમિત્તિયાને વિસર્જન કર્યો.

એકદા હું નદીએ જળક્રિડા કરવા સખીઓ સાથે ગઈ હતી. તેવામાં આ કુશીલ [illegible] આવ્યો. તેણે ઇંદ્રજાળવડે મને મોહ પમાડી, સખી[illegible] દૃષ્ટિ બાંધી લઇ મને અપહરી અને આ વાવ પાસે લાવી [illegible] અંદર ઉતારી. ત્યાર પછી [illegible]. હું તેનો મતલબ સમજી [illegible] બારે વખતે આપ આવી પહોંચ્યા અને મને ઉગારી. પણ હે ગુણસાગર! તમે પોતાના [illegible] ઉચ્ચાર કર્યો નથી. વળી હું કાંઈ યાચક નથી. જો યાચક [illegible] તમારો યશવાદ બોલત. કદિ તમે મને પૂછો [illegible] કે મેં આપને [illegible] કેવી રીતે? તેનો જવાબ એટલો જ [illegible] કે મેં [illegible] આપને ઓળખી લીધા છે. કેમકે આવે કટોકટ વખતે પતિ વિના બીજું કોણ આવી પહોંચે અને પ્રાણ સંકટમાંથી બીજું કોણ છોડાવે?"

આ પ્રમાણેની તે કન્યાની હકીકત સાંભળીને વીરસેન રાજા બહુ ખુશી થયો. તેણે તેની પ્રશંસા કરી અને તેને આગળ કરી વનભૂમિ ઉલ્લંઘી સોપાનપંક્તિ ચઢી જાળીદ્વારે પુષ્કરણીમાં આવ્યા અને ત્યાંથી બહાર નીકળ્યા. તેવામાં પાછળ પડેલું લશ્કર પણ પગલે પગલે ત્યાં આવી પહોંચ્યું. સર્વ સેનાએ રાજાને પ્રણામ કર્યા, પછી અગ્રણી સુભટોએ રાજા પ્રત્યે કહ્યું કે "આપે આમ એકલા શિકાર માટે ચાલ્યા આવવું નહિ, કારણ કે જગતમાં રત્નો તો યત્નપૂર્વક જાળવી રાખવા યોગ્ય હોય છે. વળી સજ્જન કરતાં દુર્જન વધારે હોય છે. આપ તો મોટા ભાગ્યશાળી છો, તેથી આપના તો કષ્ટ માત્ર દૂર જાય અને સંપત્તિ અણધારી પ્રાપ્ત થાય, પરંતુ અમો સેવકના મનને ધૈર્ય રહી શકે નહિ. હે સ્વામી ! આપને કુશળ-ક્ષેમ જોવાથી અમે સહુ નવું જીવન પામ્યા છીએ. પરંતુ આપ એકલા પધાર્યા હતા, અને અત્યારે સાથે આ કોઇ સ્ત્રીરત્ન જણાય છે, તો તે કોણ છે ? તે કૃપા કરીને કહો." રાજાએ તેના ઉત્તરમાં પોતાની વીતક વાત બધી કહી સંભળાવી. તે બધા સામંતો બહુ ખુશી થયા. પછી તે રાજકન્યા સહિત વીરસેન રાજા પોતાની નગરીમાં આવ્યા.

વીરસેન રાજાએ તરતજ સુદામ માણસો મોકલીને પદ્મશેખર રાજાને ખબર આપ્યા કે "તમારી પુત્રી ચંદ્રાવતી અહીં આવેલ છે, તે આપને મળવાને અત્યંત આતુર છે, માટે શીઘ્ર તેને મળવા માટે અહીં પધારો." આ ખબર પદ્મપુરી પહોંચતાંજ પદ્મશેખર રાજા તત્કાળ પોતાની પુત્રીને

નામે હું પુત્રી છું. જૈન ધર્મ મને પ્રિય છે, અને હું તેનું આરાધન કરૂં છું. હું બાળવય અતિક્રમીને યૌવનવય પામી એટલે મારા પિતાને મારા વર સંબંધી ચિંતા ઉત્પન્ન થઈ. અન્યદા એક નિમિત્તિઓ આવ્યો, તેને મારા પિતાએ મારા વિષે પૂછ્યું, એટલે તે બોલ્યો કે " આભાનગરીનો રાજા તમારી પુત્રીનો પતિ થશે. " આ વાત સાંભળી મારા માતાપિતા હર્ષિત થયા. હું પણ પતિનું નામ ઠામ જાણવાથી ખુશી થઇ. મારા પિતાએ સારી રીતે સત્કાર કરીને નિમિત્તિયાને વિસર્જન કર્યો.

એકદા હું નદીએ જળક્રિડા કરવા સખીઓ સાથે ગઈ હતી. તેવામાં આ કુટીલ જોગી ત્યાં આવ્યો. તેણે ઇંદ્રજાળવડે મને મોહ પમાડી, સખી વર્ગની દ્રષ્ટિ બાંધી લઇ મને અપહરી અને આ વાવ પાસે લાવી જાળીદ્વારા અંદર ઉતારી. ત્યાર પછી તે જાપ કરવા બેઠો. હું તેની મતલબ સમજી ગઈ. એટલે ભય પામીને રૂદન કરવા લાગી. ખરે વખતે આપ આવી પહોંચ્યા અને મને ઉગારી. પણ હે ગુણસાગર ! તમે પોતાની સ્ત્રીને ઉગારી તેમાં કાંઇ ઉપકાર કર્યો નથી. વળી હું કાંઈ યાચક નથી, જો યાચક હોત તો તમારો યશવાદ બોલત. કદિ તમે મને પૂછશો કે મેં આપને ઓળખ્યા કેવી રીતે ? તેનો જવાબ એટલોજ છે કે મેં આચરણથીજ આપને ઓળખી લીધા છે, કેમકે આવે કષ્ટને વખતે પતિ વિના બીજું કોણ આવી પહોંચે અને પ્રાણ સંકટમાંથી બીજું કોણ છોડાવે ?"

પૂર્ણ થયે પુત્રનો પ્રસવ થયો. આખા શહેરમાં હર્ષ વિસ્તાર પામ્યો. રાજાએ અનેક અર્થી જનોને સંતોષ પમાડ્યા. સજ્જનોને પણ પ્રીતિદાન આપ્યું. અનુક્રમે બારમે દિવસે સજ્જનોની સમક્ષ ચંદ્રના સ્વપ્ન અનુસારે પુત્રનું ચંદ્રકુમાર નામ સ્થાપન કર્યું. દિવસે દિવસે ચંદ્રની જેમ ચંદ્રકુમાર વૃદ્ધિ પામવા લાગ્યો.

પ્રકરણ બીજું

વૃદ્ધિ પામતા ચંદ્રકુમારને જોઈને વીરસેન રાજા પોતાના જન્મને લેખે થયો માનતો હતો અને મનમાં બહુ રાજી થયો હતો. ચંદ્રકુમાર નવા નવા પ્રકારના ખેલ ખેલતો હતો. એ વખતે રાજા રાણીને તેની બહુ સંભાળ રાખવી પડતી હતી; કારણ કે વીરમતી કાળી નાગણ જેવી છે એમ તેમના ધ્યાનમાં હતું. ચંદ્રાવતીના આવવાથીજ તે ઇર્ષ્યા ધરાવતી હતી, તો પછી તેને પ્રારંભમાંજ પાટવીપુત્ર થાય ને પોતે પુત્ર વિનાની સ્થિતિ ભોગવે એ તેનાથી ખમાયજ કેમ! ચંદ્રકુમાર શુદ્ધ રાજબીજ હોવાથી અને સુંદર રૂપવંત હોવાથી તેમજ બાલ્યાવસ્થાને અનુસરતું કાલું-ઘેલું બોલતો હોવાથી સર્વના મનનું રંજન કરતો હતો. માત્ર વીરમતી જ તેમાં અપવાદ રૂપે હતી.

ચંદ્રાવતી રાણી જૈનધર્મમાં બહુ કુશળ હતી, તેથી તેણીએ રાજાને અનેક યુક્તિથી શિકારાદિ સાતે વ્યસનોમાં મહા પાપ સમજાવી તે છોડાવી દીધા હતાં. રાજા તેના પ્રસંગથી જૈન

તે વખતે વીરમતીની સખીઓ તેને આમણુ દુમણી જોઈને પૂછવા લાગી કે " આવે હર્ષને વખતે તમે પ્રસન્ન ચિત્તવાળા કેમ જણાતા નથી ? કામદેવ સરખા તમારા પતિ ક્રિડા કરી રહ્યા છે અને ચંદ્રકુમાર પણ તમારી પાસેજ રમે છે, છતાં તમે આમ શોકનિમગ્ન કેમ દેખાઓ છો ? તમને શું કોઈએ દુહવ્યા છે ? " વીરમતીએ તેનો ઉત્તર કાંઈપણ ન આપ્યો. તે તો ચંદ્રકુમારને રમતો જોઈને તેમજ બીજી અનેક સ્ત્રીઓને જુદી જુદી રીતે પોતપોતાના બાળકોને રમાડતી-ખેલાવતી જોઈને મનમાં દૈવને ઓળંભો દેવા લાગી અને નિશાસા મૂકવા લાગી. તે મનમાં વિચારવા લાગી કે " મેં પૂર્વભવે એવાં તે શા પાપ કર્યાં હશે કે હું પુત્ર વિનાની રહી ? જેમ મન વિનાનો પ્રેમ કામનો નથી તેમ હું પુત્ર વિનાની કાંઈ પણ કામની નથી. વળી જીવ વિનાનો દેહ, દીપક વિનાનું ઘર, સુગંધ વિનાનું પુષ્પ, જળ વિનાનાં વાદળાં, જ્ઞાન વિનાની દયા, માન વિનાનું દાન, મૂર્ત્તિ વિનાનું દેવાલય, દાંત વિનાનું ભોજન, કંઠ વિનાનું ગાયન અને પાણી વિનાનું સરોવર તથા ચંદ્ર વિનાની રાત્રિ શોભતી નથી; તેમજ પુત્ર વિનાની કામિની પણ શોભતી નથી. આ દેશ, નગર, રાજ્ય, ભંડાર, મહેલ અને બીજી સર્વ ઋદ્ધિ મારે શા કામની છે ? વળી પુત્ર વિનાના ઘરે મુનિ, પ્રાહુણા તેમજ પક્ષીઓ પણ આવતા નથી. માટે પુત્ર હોય તોજ જન્મારો સફળ છે, તે વિના તદ્દન નિષ્ફળ છે. "

આ પ્રમાણે વીરમતી પોતાના મનમાં અનેક પ્રકારના

આહટ દોહટ ચિંતવતી હતી. તેવામાં અકસ્માત નજીકના આંબાના વૃક્ષપર એક સુડો આવીને બેઠો. તેને રાણીને અતિ દિલગીર થતી જોઈને દયા આવી તેથી તે મનુષ્ય વાણીએ બોલ્યો કે—" હે સુંદર દંતપંક્તિવાળી રાણી ! તું આમ [illegible] કેમ કરે છે ? તું શા માટે રૂએ છે ? તને શું દુઃખ છે ? શી ચિંતા છે ? તે કહે. " આ પ્રમાણેનાં વચનો સાંભળીને રાણીએ ઉંચું જોયું તો આંબા વૃક્ષપર બેઠેલા સુડાને દીઠો. તેથી આશ્ચર્ય પામીને તે બોલી કે—" હે સુડા ! તું મને મારા દુઃખની વાત શું પૂછે છે ? તું તો વનના વૃક્ષોને વિષે ક્રીડા કરનારો અને આકાશમાં ભમનારો પક્ષી છે, અથવા જનાવર તિર્યંચ છે. તિર્યંચ પ્રાયે અવિવેકી જ હોય છે, તો તને મારા દુઃખની વાત કહેવાથી લાભ શું ? તો પણ મારૂં [illegible] તો મારા મનની વાત [illegible] [illegible] ગુણાવળીના [illegible] કે—" તું [illegible] [illegible] છે [illegible] [illegible] છે. " [illegible] કે— [illegible] [illegible] [illegible] કે— " [illegible] [illegible]

વીરમતી અને સુડો.



આહદ દોહદ ચિંતવતી હતી. તેવામાં અકસ્માત નજીકના આંબાના વૃક્ષપર એક સુડો આવીને બેઠો. તેને રાણીને બહુ દિલગીર થતી જોઇને દયા આવી તેથી તે મનુષ્ય વાણીએ બોલ્યો કે—" હે સુંદર દંતપંક્તિવાળી રાણી! તું આ ... કેમ કરે છે? તું શા માટે રૂએ છે? તને શું ... છે? શો ચિંતા છે? તે કહે." આ પ્રમાણેનાં વચનો સાંભળીને ... ઉંચુ જોયું તો આમ્ર વૃક્ષપર બેઠેલા સુડાને દીઠો તેથી આશ્ચર્ય પામીને તે બોલી કે—" હે સુડા! ... તું તો વનના ફળોને ... આકાશમાં ભમનારો પક્ષી છો, અથવા ... અવિવેકી જ હોય છે,

વીરમતી અને સુડો.



"હે સુડા ! તું મને આવા દુઃખની વાત શું પૂછે છે?"

(પૃષ્ઠ ૧૬)

પક્ષીજ છે. વળી જેની સર્વત્ર પ્રશંસા થઇ રહી છે એવી સરસ્વતિ દેવીનું વાહન હંસ છે તે પણ પક્ષીજ છે. એક પંખીના ઇંડા સમુદ્ર લઇ ગયો હતો તેને માટે અનેક પંખીઓને ભેળા કરી છેવટ સમુદ્ર પાસેથી ઇંડાં પાછાં લીધાં તે કોનું પરાક્રમ? પક્ષીનુંજ. એક શેઠની સ્ત્રી પતિના વિરહમાં કામાતુર થઇ હતી, તેને અનેક વાતો કરીને અકાર્ય કરતાં રોકી રાખી તે કોણે? સુડાએજ. વળી નળ ને દમયંતીનો સંબંધ થયો તેમાં પણ ઉપકાર હંસનોજ. અમે એક અક્ષર વાંચીએ તો પણ તેનો સાર છોડીએ નહીં અને તમે મનુષ્ય ગ્રંથના ગ્રંથ વાંચો પણ કંઇ ઠેકાણું નહીં. વળી ગૃહસ્થ મનુષ્યની જેટલું અમારૂં પણ ગુણઠાણું પાંચમું શાસ્ત્રકારે કહેલું છે. એટલે અમારી હદ કાંઇ ઓછી નથી. આ પ્રમાણેની બધી હકિકત ઉપરથી ન્યાયને અંગે મારે આપવખાણ કરવા પડ્યા છે; હું કાંઇ હઠ તાણીને ખોટું કહેતો નથી."

આ પ્રમાણેની ચતુરાઇવાળી શુકની વાતો સાંભળીને વીરમતી બહુ હર્ષિત થઇ. તેણે સુડાને કહ્યું કે—"તું તો મોટો પ્રમાણિક દેખાય છે, ડાહ્યો છે, વળી તારી વાણીમાં મીઠાશ પણ છે, તું મને હવે તો પ્રાણ સમાન વહાલો લાગે છે, તું ખરે વખતેજ આ વનમાં આવ્યો છે, પણ તને આટલું બધું ભણાવ્યો કોણે? તે કહે." સુડો બોલ્યો કે—"એક વિદ્યાધરે મને પોતાની પાસે પ્રાણની જેવા વહાલથી રાખ્યો હતો. તે મને સોનાના પાંજરામાં રાખતો હતો અને નવી નવી હકિકત કહેતો હતો, તેમજ

નવું નવું શીખવતો હતો. આ બધું હું ત્યાં શીખ્યો છું. એક દિવસ તે વિદ્યાધર મને સાથે લઇને એક મુનિરાજને વાંદવા ગયો હતો. ત્યાં મુનિવંદનથી મારા પાપ નાશ પામ્યા. તેમનો ઉપદેશ મને બહુ મીઠો લાગ્યો. મુનિએ મને પાંજરામાં દીઠો, એટલે વિદ્યાધરને તિર્યંચ બંધનથી લાગતા દોષો સંબંધી ઉપદેશ આપ્યો. તે સાંભળી વિદ્યાધરે તરતજ મને છુટો કર્યો. આ પ્રમાણે તે મુનિરાજનો મારાપર પરમ ઉપકાર થયો. ત્યાંથી વનેવન ભમતો હું અહીં આવી ચડ્યો. આ વૃક્ષ સુંદર દેખીને હું તેના પર બેઠો. ત્યાં તને શોકનિમગ્ન જોઇ. તેથી મેં શોકનું કારણ પૂછ્યું અને મારી તમામ હકિકત કહી બતાવી. હવે તું તારી ચિંતાનું કારણ કહે, હું ખોટો દિલાસો આપીશ નહીં. મારાથી બનશે તો હું તારી ચિંતા મટાડીશ."

આ પ્રમાણેની સુડાની હકિકત સાંભળીને વીરમતીએ જાણ્યું કે—'સુડો પ્રવિણ જણાય છે, માટે તેની પાસે દુઃખની વાત કરવામાં અડચણ નથી.' પછી તેણે પોતાને પુત્ર ન હોવા સંબંધી ચિંતા તેની પાસે પ્રગટ કરી અને કહ્યું કે—"હે પોપટભાઇ! જો તું કોઇ પણ મંત્ર, યંત્ર કે જડીબુટ્ટી જાણતો હોય તો તેનો આ વખત ઉપયોગ કર. ખરે વખતે જો તે કામ નહીં આવે તો પછી ક્યારે આવશે? વળી તું થોડું કહેવાથી વધારે સમજી શકે તેવો છો; તેથી તને વધારે કહેવાની જરૂર નથી. તું મને પ્રાણથી પણ વહાલો છે. મેં તને આજથી મારો વીર કરીને માન્યો છે. તું મોટો સાહસિક જણાય છે. મારી ચિંતા જો તું મટાડશે તો હું તને

મારો નવલખો હાર પહેરાવીશ, ઉત્તમ ઉત્તમ ભોજન ખવરાવીશ અને ઘણો ઉપકાર માનીશ. માટે હવે હું તારે ખોળે છું. મેં ભોળે ભાવે મારી બધી વાત તને કહી દીધી છે, તો કોઈ રીતે મને પુત્ર આપીને માણસની હારમાં લાવ."

સુડાએ તેની બધી હકિકત સાંભળીને કહ્યું કે—"હે રાણી ! તમે વિખવાદ ન કરો. હું તો શું કરી શકું, પણ પ્રભુ તમારી આશા પૂર્ણ કરશે. હું તમને દિશા બતાવનારો થઈશ. તમને હું આજથી ધર્મની માતા માનું છું. તમારે માટે હું બનતો પ્રયાસ કરીશ, માટે તમે ચિંતા તજી દઈને શાંતિને ધારણ કરો." વીરમતીને તેના વચનોથી કાંઈક નિવૃત્તિ થઈ. પછી પાછું સુડાએ કહ્યું કે—"હવે એક ઉપાય કહું છું તે સાંભળો:–આ વનની ઉત્તર દિશાએ ઋષભદેવ સ્વામીનું મંદિર છે. ત્યાં ચૈત્રી પુનમની રાત્રિએ નાટકના સરંજામ સહિત ઘણી સુંદર અપ્સરાઓ ઉત્સવ કરવા માટે આવે છે. તેમાં જે મુખ્ય અપ્સરા છે તે લીલા વસ્ત્રો પહેરે છે અને નીલરત્નના આભૂષણો ધારણ કરે છે. તે વસ્ત્ર જો હાથ આવે તો ધારેલું કાર્ય તેનાથી સિદ્ધ થશે. તું પૂછીશ કે આ વાતની તને શી ખબર ? તો સાંભળ ! ગઈ ચૈત્રી પુનમે હું વિદ્યાધરની સાથે એ મંદિરે ઉત્સવ જોવા આવ્યો હતો, તેથી બધી વાત જાણું છું. માટે આવતી ચૈત્રી પુનમની રાત્રિએ તમારે એકલાં તે મંદિર પાસે આવવું અને મારી કહેલી વાત ધ્યાનમાં રાખવી, તેમાં ગફલત કરવી નહીં."

આ પ્રમાણે કહી તે સુડો તરતજ આકાશમાં ઉડી ગયો.

વીરમતીને તેના વિરહથી આંખમાં આંસુ આવ્યાં. પછી આખો દિવસ રાજા વિગેરે ફાગ ખેલીને સંધ્યા સમયે શહેરમાં આવ્યા, તેની સાથે વીરમતી પણ પોતાના મહેલમાં આવી.

અનુક્રમે ચૈત્રી પુનમ આવી. વીરમતીને શુકનું વચન સાંભર્યું. દિવસ વ્યતિક્રમ્યો. રાત્રિ પડી. વીરમતીએ વેશ બદલ્યો અને વિશ્વાસુ દાસીને પોતાનો મહેલ ભળાવીને એકલી મહેલની તેમજ નગરની બહાર નીકળી. જુઓ સ્ત્રીનાં ચરિત્ર ને તેનાં પરાક્રમ ! આ જગત્માં સ્વાર્થ સૌને પરમ વલ્લભ છે. તેને માટે પ્રાણી અનેક પ્રકારનાં પ્રયત્નો કરે છે. પ્રાપ્તિ તો ઉદયભાવ પ્રમાણે થાય છે. પરંતુ ઉદ્યમ કરવામાં બાકી રાખતા નથી. વીરમતી રાજાની રાણી છતાં એકાકી નિર્ભયપણે ઉદ્યાન તરફ ચાલી. સોળ કળાએ પૂર્ણ ચંદ્રમા આકાશમાં ઝળકી રહ્યો હતો અને ચારે બાજુ ચાંદનીવડે વનરાજી શોભી રહી હતી. તેમાં ઉતાવળે ચાલતાં તેણે દૂરથી જિનમંદિર દીઠું. મસ્તકપર સુવર્ણનો કળશ અને પવનવડે ફરફરતી ધ્વજા દીઠી. વિરમતી તે જોઇને બહુ હર્ષ પામી. જિનમંદિર પાસે પહોંચી. તેના પગથીઆં ચડી શ્રી ઋષભપ્રભુને ભેટ્યા પછી અવિનયની ક્ષમા માગીને તે પ્રચ્છન્નપણે સંતાઇ રહી.

એટલામાં અપ્સરાઓનો સમુદાય આવ્યો. તેણે આદીશ્વર પ્રભુને નમસ્કાર કરીને પ્રથમ દ્રવ્યપૂજા કેશર ચંદનાદિક ઉત્તમ દ્રવ્યોવડે કરી. ત્યાર પછી ભાવપૂજાનો આરંભ કર્યો. અનેક પ્રકારનાં વાજીંત્રો સજ્જ કર્યાં. તેના સ્વર સાથે સ્વર મેળ-

રીતે ગીતગાન કરવા માંડયું અને અનેક પ્રકારે નૃત્ય કરી પ્રાપ્ત થયેલી કળાને સફળ કરી. પછી જ્યારે તે બધી શ્રમિત થઇ ગઇ ત્યારે જિનમંદિરની બહાર નીકળી, પોતપોતાના વસ્ત્રો ઉતારી, નજીકની પુષ્કરણીમાં સ્નાન કરવા માટે ઉતરી. તે અવસરે વીરમતી બરાબર અવસર જોઇને બહાર નીકળી અને પડેલાં વસ્ત્રોમાંથી શુકના કહ્યા પ્રમાણે મુખ્ય અપ્સરાના નીલ વસ્ત્રો ઉપાડયાં. પાછી જિનમંદિરમાં પેઠી અને દ્વાર અંદરથી બંધ કર્યા. ભગવંતનું શરણ લઇ અંદર સંતાઇ રહી અને પોતાના મનમાં હવે કાર્ય સિદ્ધ થયું એમ માનવા લાગી. 'પ્રયત્ન પુરૂષાધીન છે, લાભ ભાગ્યાધીન છે.'

અપ્સરાઓ વાવડીમાં અનેક પ્રકારની ક્રિડા કરવા સાથે સ્નાન કરી રહી એટલે બહાર નીકળી અને પોતપોતાનાં વસ્ત્રો ઓળખીને પહેરી લીધાં. મુખ્ય અપ્સરા પોતાનાં નીલ વસ્ત્ર શોધવા લાગી, પણ તે હાથ ન લાગવાથી તેણે પોતાની સખીઓને કહ્યું કે "કોઇએ હાંસી કરીને મારાં નીલવસ્ત્ર લીધાં હોય તો મને પાછા આપો." ત્યારે સર્વે અપ્સરાઓ સોગન ખાઇને બોલી કે—" અમે કોઇએ આપનું વસ્ત્ર લીધું નથી. વળી અમારાથી તમારી હાંસી કરાયજ કેમ ? તમે અમારા સ્વામિની છો, તો તમારી સાથે એવું હાંસું અમારાથી કેમ થાય ? માટે તમે અમારા ઉપર બીલકુલ શંકા રાખશો નહીં, પણ અમને એક શંકા પડે છે કે—આપણે સ્નાન કરવા ગયા ત્યારે

જિનમંદિરનાં દ્વાર ઉઘાડાં હતાં અને હમણાં બંધ છે તેથી આપના વસ્ત્ર લઈને કોઈ અંદર પેઠું હશે."

આ વાત સૌના ધ્યાનમાં ઉતરી એટલે તે બધી દેરાસરના દ્વાર પાસે આવી અને મુખ્ય અપ્સરા બોલી કે—"દ્વાર ઉઘાડો, અંદર કોણ છે ? જે હોય તે બહાર આવો. રાત થોડી રહી છે ને અમારે બહુ દૂર જવાનું છે. વળી અમારાં દેવતાનાં વસ્ત્રો મનુષ્યને કામ આવે તેમ નથી. તમે અમારૂં નાટક જોયું જણાય છે. માટે તેના પ્રતિકૂળ રૂપે તમે અમને વસ્ત્રનું દાન આપ્યું એમ માનશું, પણ હવે વાર ન લગાડો. કદિ તમારે કાંઇ કાર્ય કરવાનું હોય તો કહો, જે હશે તે કરી આપશું. અંદર સ્ત્રી હો કે પુરૂષ હો, જે હો તેને અમે વચન આપીએ છીએ. માટે હવે ખોટી ન કરો." આવ મુખ્ય અપ્સરાનાં વચનો સાંભળીને તરતજ વીરમતી દ્વા ઉઘાડી બહાર નીકળી. તેને જોઇને તે એક સ્ત્રી હોવાથ અપ્સરાઓ આશ્ચર્ય પામી. વીરમતી બોલી કે "તમારા વ હું પછી પાછા આપું, પ્રથમ મારૂં કાર્ય સિદ્ધ કરી આપો. મુખ્ય અપ્સરા બોલી કે—"વસ્ત્ર ભલે પછી આપજે, ત કાર્ય શું છે તે કહે." વીરમતી બોલી કે—"મારી શોક્ય ચંદ્રકુમાર નામે પુત્ર છે, મારે પુત્ર નથી, માટે મને પુ આપો. હું શુકના વચને અહીં આવી છું અને આપનાં વ મેં લીધાં છે. અપરાધ થયો હોય તો ક્ષમા કરો. મારા હૃ યમાં જે વાત હતી તે મેં આપની પાસે પ્રકાશિત ક દીધી છે."

પ્રકરણ ૩ જું.

વીરમતી અનેક વિદ્યાઓ પામવાથી મદોન્મત્ત થઈ; નિર્ભય થઈ અને સર્પ જેમ પાંખોવાળો થાય અને સિંહ જે પાખરેલો થાય તેવી અન્યને ભયકારક થઈ પડી. તેણે મં ત્રિક પ્રયોગવડે પોતાના પતિ વિગેરેને વશ કરી લીધા દેશપ્રદેશમાં ચોતરફ પ્રસિદ્ધિને પામી.

અહીં ચંદ્રકુમાર ઉમ્મરમાં વૃદ્ધિ પામ્યો, એટલે તેન પિતાએ તેને પંડિત પાસે મોકલ્યો. ત્યાં તે ભોગ સંબંધી યોગ સંબંધી; તેમજ લક્ષણ, ગણિત, કાવ્ય, શબ્દ, રસ, છં ઇત્યાદિ સંબંધી અનેક કળાઓમાં નિપુણ થયો.

વીરસેન રાજાએ ગુણશેખર રાજાની પુત્રી ગુણાવળી જે રંભા જેવી રૂપવંત હતી, વળી જે નામ પ્રમાણે ગુણાવળ જ હતી તેના સાથે તેને પરણાવ્યો. તે નિરંતર નવાં નવ આભરણો, નવાં નવાં વસ્ત્રો અને નવી નવી કામકળાઓવ ગુણાવળી સાથે આનંદ કરવા લાગ્યો. અને તેની સગી મા કરતાં વીરમતીનો પ્રેમ તેના પર વિશેષ દેખાવા લાગ્યો.

એકદા વીરસેન રાજા એકાંતમાં પોતાની રાણી ચંદ્રાવ પાસે પોતાના કેશ જોવરાવવા બેઠો. ચંદ્રાવતી પણ સુવર્ણ કાંગસીવડે કેશ ઓળવા લાગી અને સુગંધી તેલ નાખ લાગી, તે વખતે રાણીની આંગળીઓનો ને કેશનો સંબં કસોટીને કંચન રેખા જેવો જણાવા લાગ્યો. એવામાં રાજા મસ્તકમાં એક પળી (ધોળો વાળ) તેના જોવામાં આવ્

જોતાં જ દિવસે જેમ કેરવિણી સંકોચાય, તેમ તેનું મુખ સંકોચાયું. તેના મુખપર ગ્લાની આવી ગઈ.

ચંદ્રાવતીએ રાજાને કહ્યું કે—"હે સ્વામી! દૂત પ્રગટ થયો. બીજા શત્રુઓ તમારાથી વાર્યા રહ્યા, પણ આ એક શત્રુ તમારાથી ડર્યો નહીં, તમારો ભય અવગણીને તે ધૂર્ત પ્રગટ થયો." રાજા ચંદ્રાવતીનાં આવાં વચન સાંભળીને ચોતરફ જોવા લાગ્યો, પણ કોઈ માણસ તેની દ્રષ્ટિએ પડ્યું નહીં, એટલે તેણે રાણીને કહ્યું કે "એવો દૂત કોણ છે કે જે મારી આજ્ઞાનું ઉલ્લંઘન કરીને અહીં અંતઃપુરમાં પ્રવેશ કરે. તું મને બતાવ એટલે હું તેને સજા કરૂં." રાણી બોલી કે "હે નૃપતિ! આપ આકુળ વ્યાકુળ કેમ થાઓ છો? બીજો દૂત તો અહીં કોણ પ્રવેશ કરી શકે? આ તો તમારા મસ્તક કેશ પોળો પળી આવ્યો છે તે જરાનો દૂત છે. હું તેના આવ્યાની વાત કહું છું." રાણીના આ વચનથી રાજાનો ક્રોધ એકદમ શમી ગયો. તે મનમાં વિચારવા લાગ્યો કે—"અહો! આવા સુંદર દેહમાં પણ જરા આવી! શિવે કામદેવને બાળ્યો કહેવાય છે, પણ તેણે જરાને કેમ ન બાળી? જો બાળી હોત તો આવો શોચ કરવાનું કારણ રહેત નહીં. ધોબીની સ્ત્રીની જેમ આ જરા વાળને કાળાના પોળા કરી નાંખે છે. હવે હે ચેતન! ચેત! તારે ચેતવાનો સમય છે. કેમકે આ જરા બાહ્ય પ્રકાશ (ઉજ્વળતા) કરે છે તો તું અંતરમાં પ્રકાશ [ઉજ્વળતા] કેમ કરતો નથી? આ રાજ્ય તો અંતે નરકને આપવાવાળું જ છે એમાં જરા પણ સંદેહ નથી. તો તું તેમાં કેમ મુંઝાય છે?

અરે આત્મા ! તું આ જરાનો ઉપકાર માન કે તે તને પ્ર
માત્માના ગુણનો અંશ પ્રગટ કરવામાં સહાયક થઈ છે. તે
કાગડાને પણ હંસ બનાવે છે. એની આજ્ઞા અખંડ પ્રવર્તે છે.
જે એની આજ્ઞાને વશ થતા નથી અને રસનેંદ્રીને વશ થઈ
સંસારમાંજ પડ્યા રહે છે તેને એ સખ્ત શિક્ષા કરે છે. એટલે
કે રસનાના મિત્ર દાંતોને દંડવડે પાડી નાંખે છે. આ પળી
જરાદેવીનું અપ્રતિમ ખડ્ગ છે. તે કામસુભટને હણી નાખે છે
માટે હવે આ સ્રીયાદિકને તજીને ચારિત્ર અંગીકાર કરવું
તેજ મને યોગ્ય છે ”

આ પ્રમાણે દૃઢ વિચાર કરી તેણે ચંદ્રાવતીને કહ્યું
કે—“હું હવે આ રાજ્યભાર તજી દઈને સંયમભાર અંગીકાર
કરીશ. સાંસારિક ભોગ ભોગવતાં તૃપ્તિ નહોતી થતી, પણ અત્યા
રે તો મને તૃપ્તિના ઓડકાર આવે છે. હવે હું તેને ભોગવવા
ઇચ્છતો નથી ” ચંદ્રાવતીએ એકાએક આવાં વચનો સાંભ[illegible]
વિષયોત્પાદક વાણીવડે અનેક પ્રકારે રાજાને ભોગવવા[illegible]
પ્રયત્ન કર્યો, પણ તે કોઈ રીતે લોભાણો નહીં એટલે ચં[illegible]
તેણે વીરમતીને કહ્યું, પછી બન્નેએ મળીને વળી રીતે સમ[illegible]
સમજાવ્યા પણ તેણે તેનું કાંઈ પણ માન્યું નહીં. [illegible]
રાજાને દૃઢ [illegible] જાણવાથી છેવટમાં ચંદ્રાવતીએ [illegible]
કે—“હે સ્વામી ! જો આપ ચારિત્ર લેવાનું [illegible]
તેનું આપની સાથેજ ચારિત્ર લઈશ.” રાજાએ [illegible]
તેને અનુજ્ઞા આપી.

પછી ચંદ્રકુમારને [illegible] માતા વીરમતીને [illegible]

રસેન રાજા અને ચંદ્રાવતી રાણીએ ચારિત્ર અંગીકાર કર્યું. જ્ય તરફથી મહાન્ ઉત્સવ કરવામાં આવ્યો. ચંદ્રકુમારને ાજારાણીએ ચારિત્ર લેતી વખતે ઘણી ઉત્તમ શિખામણો આપી અને તેને રાજ્ય પર બેસાર્યો.

વીરસેન રાજર્ષિ ને ચંદ્રાવતી સાધ્વી નિરતિચાર ચારિત્ર પાળી શ્રી મુનિસુવ્રત સ્વામીને વારે કેવળજ્ઞાન પામી સિદ્ધિ સુખના ભાજન થયા.

પ્રકરણ ૪ થું.

વીરસેન ને ચંદ્રાવતી દીક્ષા લઈ રાજ્ય તજી ગયા. ંદ્રકુમાર રાજગાદીએ બેઠો, વીરમતી તદ્દન નીર્ભિક થઈ. એકદા તેણે ચંદ્રકુમારને બોલાવીને એકાંતે કહ્યું કે-"હે પુત્ર! તું નાનો છે ને તારા માતા પિતા તને તજી ગયા છે, તેની તું લેશમાત્ર ચિંતા કરીશ નહીં. હું તારે માથે છત્ર જેવી છું, ત્યાં સુધી તારે ચિંતા કરવાનું કંઈ કારણ જ નથી. મારી એવી અદ્ભુત શક્તિ છે કે જો તું કહે તો ઇંદ્રનું ઇંદ્રાસન તારે સ્વાધીન કરી આપું! કહે તો સૂર્યના રથને જોડેલા રેવં અશ્વ લાવીને તારી પાયગામાં બાંધું! કહે તો કુબેર ભંડાર તમામ ઋદ્ધિ લાવીને તારા ભંડાર ભરી દઉં! કહે તો આ કંચનગિરિ લઈ આવીને તારા ઘરમાં મુકી દઉં! કહે તો કન્યા લાવીને તને પરણાવું! એમાં તું બીલકુલ એ માનીશ નહીં. તું જે કહે તે કરી આપવાને હું સમર્થ

પણ તારે યૌવનાવસ્થાના મદમાં આવી જઈને ભૂલે ચૂકે મારી આજ્ઞા લોપવી નહિ. કેમકે હું રાચું તો રસવલ્લી જેવી છું અને જો વિરચું–દ્વેષી થાઉં તો વિષવલ્લી જેવી છું. એ વાત તું ધ્યાનમાં રાખજે. મારા કહ્યા વિના કોઈ કામ કરીશ નહીં અને જો આરામ ઈચ્છે તો મારૂં છિદ્ર જોઇશ નહીં."

આ પ્રમાણેનાં અપરમાતાનાં વચનો સાંભળીને વિચક્ષણ ચંદ્રકુમાર હાથ જોડીને બોલ્યો–"હે વિમાતા ! જો મારે માથે જાત છે તો હું કોઇ દિવસે તમારૂં વચન લોપીશ નહીં. મારે તો પિતા પણ તમે છો, માતા તમે છો, ઈશ્વરરૂપ તમે છો, અન્નદાતા તમે છો, મારા રાજા પણ તમે જ છો, હું તો શેર માટીનો ધણી છું આ બધું તમારૂં છે, મારે તો તમારી કૃપા હોય તો બધું છે. હું બીજું કાંઈ ઈચ્છતોજ નથી." ચંદ્રકુમારનાં આવાં વચનો સાંભળીને વીરમતી બહુ ખુશી થઈ તેણે કહ્યું કે—"હે પુત્ર ! તું આનંદથી રાજ્યરમણી ભોગવ, કલ્લોલ કર. તારો ભાર મારે માથે છે. તારૂં કોડ કોડ કલ્યાણ થાઓ ! એવી હું આશીશ આપું છું" આ પ્રમાણે કહીને તેણે ચંદ્રકુમારને રજા આપી.

હવે ચંદ્રકુમાર આનંદથી રાજ્ય ભોગવે છે ગુણોવડે [illegible] નહીં જેવા [illegible] ગુણાવળી તથા ચતુર હંસ જેવા તે રાણી સાથે નાના પ્રકારના સુખનો અનુભવ કરે છે. કામદેવના જેવા ચંદ્રવર્તી દોગુંદક સુરના સુખનો અનુભવ કરાવે છે પૂર્વ પુણ્ય કરેલાં આ બન્ને ફળ છે. દંપતીને પાણી ને દૂધની જેવી પ્રીતિ જામી ગઇ છે મણિ ને સુવર્ણની

જેવી યુગતિ જોડી મળી છે. સર્વત્ર ચંદરાજાનો યશ પણ વિસ્તાર પામ્યો છે, કારણ કે રાજ્યનું પ્રતિપાલન કરતાં પ્રજાને પ્રસન્ન કરવામાં એ પૂરો પ્રવિણ છે.

અહીં અગ્યારમી ઢાળના દુહામાં કવિએ ચંદરાજાના દરબારમાં સમકાળે છએ ઋતુ વર્તી રહી છે તેની ઘટના કરી છે. તે આ પ્રમાણે–

લઘુવયથી કામદેવ જેવા રૂપવંત ચંદરાજા ઉદયાચળપર સૂર્ય શોભે તેમ રાજ્યસિંહાસનપર બેઠો છતો શોભે છે. તેની આગળ શ્યામ શરીરવાળા હોવાથી મેઘની ઘટા જેવા, મદ-જળ નીકળતું હોવાથી જળને વરસતા અને વીજળીની જેમ ઉજ્વળ દાંતો જેના ઝળકી રહ્યા છે એવા હાથીઓ ઝુલી રહેલા હોવાથી અને શબ્દ કરવા વડે મેઘની ગર્જનાનું ભાન કરાવતા હોવાથી ત્યાં પ્રત્યક્ષ પાઉસ (વર્ષા) ઋતુ જણાતી હતી.

નાસિકામાંથી નીકળતા જળવડે કેશરની પચરકીનું ભાન કરાવનારા અને મોઢામાંથી નીકળતા ફીણવડે અબીલનું ભાન કરાવનારા અશ્વો ત્યાં આનંદથી ખેલતા હતા-તેથી પ્રત્યક્ષ વસંત ઋતુ જણાતી હતી.

ચંદરાજારૂપ મૃગાંક (ચંદ્ર) ના મુખમાંથી વાણી રૂપી સુધા નીકળતી હતી. તેનું પ્રજા કર્પૂરરૂપ છીપવડે પાન કરતી હતી અને તેથી અભિનવ મુક્તાફળો નીપજતા હતા. તે શરદ ઋતુનું ભાન કરાવતા હતા.

નિરંતર નવા નવા ભેટણા આવતા હતા, તે જાણે મોટા

આગળ ધાન્યનાં ખળાં કરેલાં ન હોય તેવા જણાતા હતા. તેથી પ્રત્યક્ષ હેમંત ઋતુ જણાતી હતી.

ચંદરાજાના ભયરૂપ હીમથી જેમના મુખકમળ દાઝી ગયા છે અને જેઓ ટાઢથી કંપે તેમ તેના ભયથી કંપે છે એવા અનેક રાજાઓ આવી આવીને ત્યાં નમે છે, તે શિશિર ઋતુનું ભાન કરાવે છે.

ચંદરાજાના શત્રુરાજાઓને નગરમાં, ઘરમાં કે વનમાં કોઇ જગ્યાએ શાંતિ વળતી નથી, તેથી તેઓ પ્રત્યક્ષ ગ્રીષ્મ ઋતુનું ભાન કરાવે છે. તેઓ ચંદરાજા પાસે આવી તેના પર છત્ર ધરી અંગરક્ષક થઇને રહે છે ત્યારેજ તેમને શાંતિ પ્રાપ્ત થાય છે.

આ પ્રમાણે ત્યાં સમકાળે છએ ઋતુનો નિવાસ દૃષ્ટિએ પડે છે.

ચંદરાજાની સભામાં પાંચશે પંડિતો કાયમના આવનારા છે, તેઓ બુદ્ધિવડે સુરગુરૂ જેવા છે, ષડ્શાસ્ત્રના જાણ છે અને રાજા તેમના ગુણોથી રંજિત થયા કરે છે. તેઓ પરસ્પર એકબીજાની કુશળતા જણાવવા માટે વાદવિવાદ કર્યા કરે છે. બીજા પણ છએ દર્શનના પંડિતો સભામાં આવીને બીરાજે છે. તેઓ યુક્તિપ્રયુક્તિવડે બીજાઓ કરતાં પોતાના દર્શનને શ્રેષ્ઠ કરી બતાવવા પ્રયત્ન કરે છે. તેમાં

---

૧ બૌદ્ધ, સાંખ્ય, નૈયાયિક, જૈન, વૈશેષિક અને ચાર્વાક એ છ દર્શન કહેવાય છે.

ચાર્વાક માત્ર પ્રત્યક્ષ પ્રમાણનેજ માને છે, અને જગત્ બધું શૂન્ય કહે છે. સૌગત (બૌદ્ધ) સર્વ વસ્તુને ક્ષણિક માને છે. વૈશેષિક શબ્દ પ્રમાણને જ પ્રમાણ કરે છે. સાંખ્ય શબ્દ ને અનુમાન એ પ્રમાણ માને છે. નૈયાયિક પ્રત્યક્ષ, અનુમાન, શબ્દ ને ઉપમાન એ ચાર પ્રમાણ માને છે. જૈન પ્રત્યક્ષ ને અનુમાન (પરોક્ષ) બે પ્રમાણ માને છે. તેમાં કોઇ કહે છે કે આ જગત બધું કર્તા (ઇશ્વર) નું કરેલું છે, કોઇ કહે છે કે એ બધું જ્ઞાનમય છે. કોઇ કહે છે કે એ બધું સ્વભાવથી થયેલું છે, કોઇ કહે છે કે આ જગત બધું શશશૃંગ અથવા વંધ્યાપુત્ર વિગેરેની જેમ ખોટું-ભ્રમરૂપ છે. આ પ્રમાણે અંધગજના ન્યાયે જેમ ફાવે તેમ કહ્યા કરે છે. વ્યાકરણીઓ શબ્દની વ્યુત્પત્તિઓ અનેક પ્રકારની કરીને સભાને રંજિત કરે છે. વેદીઆઓ વેદોચ્ચાર કરે છે. સાહિત્યશાસ્ત્રીઓ સાહિત્યની અપૂર્વ રચનાઓ બનાવી રાજાને પ્રસન્ન કરે છે. અલંકારશાસ્ત્રીઓ નવાં નવાં કાવ્યો બનાવી ચમત્કાર ઉપજાવે છે અને અનેક પ્રકારે સમસ્યાઓ પૂરે છે. પૌરાણિકો રામાયણાદિકના પ્રબંધો સંભળાવે છે. વૈદકશાસ્ત્રના નિપુણ પુરૂષો (વૈદ્યો) જળ, અન્ન, દુધ, વૃક્ષ, ફળ, પત્ર, પુષ્પાદિકનાં ગુણોનું વર્ણન કરે છે અને આદાન, નિદાન, ચિકિત્સા વિગેરેમાં પોતે નિપુણ છે એમ બતાવી આપે છે. પંચાંગપ્રવીણ જ્યોતિષીઓ ને ગણિત શાસ્ત્રીઓ ઘનમૂળ, વર્ગમૂળાદિ ગણિતને પ્રકાશે છે, તેમજ રવિ વિગેરે ગ્રહોની વર્તના કહી આપે છે, ગ્રહણ વિગેરેના વર્તારા કહે છે. ખગોળ ભૂગોળના

જાણનારા બીજી અનેક બાબતો પ્રકાશિત કરે છે. ગ્રહના ને નક્ષત્રાદિના વિચારને જાણનારા વિદ્વાનો અનેક પ્રકારની ભવિષ્ય વાતને પ્રગટ કરે છે. પીંગળપાઠી અનેક પ્રકારના રૂપક, ગીત, છંદ, પદ, દુહા વિગેરે કહીને ચંદરાજાને પ્રસન્ન કરે છે. ચંદ રાજા પણ એ સર્વને યથોચિત દાન આપી નિરંતર દાનેશ્વરી ગુણને પ્રદર્શિત કરે છે.

આવી ચંદરાજાની સભાને જોઇને ચંદ્ર સૂર્ય પણ ચકિત થયા થકા ઘડીભર સ્થિર થઈ જાય છે. ઇંદ્રસભાની જાણે બહેન હોય તેવી ચંદરાજાની સભા શોભે છે અને તેની અંદર નક્ષત્રગણમાં ચંદ્ર શોભે તેમ ચંદરાજા શોભે છે. તે સાથે ઇંદ્રની પાસે જેમ બૃહસ્પતિ મંત્રી શોભે તેમ ચંદરાજાની પાસે અનેક સચિવો બુદ્ધિના વિલાસને પ્રગટ કરતા સતા શોભી રહ્યા છે.

એકદા ગુણાવળી રાણી ભોજનવડે પતિને સંતોષ પમાડી (જમાડી) પોતે પણ ભોજનવડે તૃપ્ત થઈ પોતાના મહેલના ગોખમાં આવીને બેઠી. તે વખતે તેની પાસે અનેક દાસીઓ આવી ઉભી રહી. તેમાં કોઈ દાસી પવન નાખે છે, કોઈ મુખ વાસ આપે છે, કોઈ અમૃત જેવું જળ ભરી જળપાત્ર લઈને ઉભી છે, કોઇ વિલેપનનું પાત્ર લઈને ઉભી છે, કોઇ કુંકુમ છાંટે છે, કોઇ આગળ દર્પણ લઈને ઉભી છે, કોઈ હાંસી કરીને હસાવે છે, કોઇ પાંચવર્ણની પુષ્પોની માળા બનાવીને ના કંઠમાં પહેરાવે છે. તે વખતે જાણે કામદેવનો બગીચો ચો પ્રફુલ્લિત થયેલો હોય તેમ જણાય છે. સૂર્ય પણ તે વખતે

તેને જોવા માટે અધીરાઈ સિવાય કંઈ જોયું, પરંતુ તેમાં વિજયથી સંબંધી કુટુંબનો કેમ ગુણાવળી કહાન પ્રશ્નમાં પડે છે કે પધારે પ્રફુલ્લિત થઇ. આ પ્રસંગે આનંદજનક મળે છે. તેવામાં હાથી વીરમતીને ત્યાં આવતી દાસીઓએ દીઠી. એક દાસીએ આવીને દાસીઓના ગુણાવળીને આવી કહ્યું કે—“હે બાઈ! દીઠી, ઉતાવળા ચાલતાં ને આયુષ્યમાન અહીં પધારે છે તેના વિનય કરો, વહુ! કંઈ આપણું કરવું નથી. તમારો હુકમ અમારી ઉપર છે પણ તમારી ઉપર એમના હુકમ છે કેમકે તમારા પતિ તેના કહેવા પ્રમાણેજ ચાલે છે.” આ પ્રમાણેનાં દાસીઓનાં વચનો સાંભળી ગુણાવળી વસ્ત્રાલંકારથી વિભૂષિત થઈ એકદમ ઉઠી અને વીરમતીની પાસે જઈ તેને પગે પડી અને બોલી કે—“હે આયુષ્ય! આજે તમે મને કૃતાર્થ કરી. આજ ધન્ય ઘડી ધન્ય દિવસ કે આપ અહીં પધાર્યાં. તમે આજે મને મેરૂ કરતા પણ મોટી બનાવી દીધી મારે તો આજે આંગણામાં કલ્પવૃક્ષ ફળ્યો. વધારે શું કહું?” આ પ્રમાણેનાં ગુણાવળીનાં નિષ્કપટ વચનો સાંભળીને વીરમતી બહુ હર્ષિત થઈ. તેણે ગુણાવળીને આશીષ દીધી કે “જ્યાં સુધી ધ્રુવનો તારો અચળ છે ત્યાંસુધી તારૂં સૌભાગ્ય અવિચળ રહેજો.” પછી ગુણાવળીએ તેમને આસન ઉપર બેસારી અને પોતે હાથ જોડીને સામે બેઠી. તેના વિનયથી પ્રસન્ન થઈને વીરમતી બોલી કે—“હે વહુ! તું ખરેખરી નામ પ્રમાણે ગુણાવળીજ છો, વળી કુળવંતી છો, વિનયવાન છો, તો તારા મુખમાંથી આવા મિષ્ટ વચનો નીકળે તેમાં

કાંઇ આશ્ચર્ય નથી. ચંદ્રથી અમૃત વરસે, કમળમાંથી સુગંધ પ્રસરે, ઇક્ષુથી મધુર રસ નીકળે અને ચંદન શીતળતા અર્પે તેમાં આશ્ચર્ય જેવું કંઇજ નથી. હે વહુ ! તું ક્રોડ વર્ષ જીવજે. તું મને પ્રાણ કરતાં પણ વહાલી લાગે છે. તારે જે જોઇએ તે તું મારી પાસેથી માગી લેજે, કોઇ વાતમાં આંચકો ખાઇશ નહીં. વળી જો મારો પુત્ર તને દુહવે તો મને કહેજે, હું તેને ઓળંભો આપીશ. મારે તું ને ચંદ બંને સરખા છો એ નેત્ર જેવા છો. સાસુ વહુ ઉપર હેત રાખે તેમાં કાંઇ નવાઇ નથી. મેં તને પુત્રીસમાન જ ગણીછે. મને ખાત્રી થઇ છે કે તું મારૂં વચન કોઇ દિવસ લોપીશ નહીં. જો તું મારી પાછળ-મારી ચાલે ચાલીશ, મહારૂં કહેલું કરીશ તો આ બધી વિદ્યા વિગેરે જે મારી પાસે છે તે બધું તારૂં જ સમજજે." આ પ્રમાણે તેણે ગુણાવળીને અનેક વાકયરચનાવડે પોરસ ચડાવ્યો.

ગુણાવળી તદ્દન ભોળી હોવાથી સાસુની આવી લટપટમાં કાંઇ સમજી શકી નહીં. તે તો તેના વચનોને પૂરેપૂરાં સત્ય માનવા લાગી. દાસીઓ તો સાસુવહુને વાત કરતા જોઇને પોતપોતાને કામે વળગી એટલે એકાંત મળવાથી વીરમતીએ ગુણાવળીને કહ્યું કે—" હે વહુ! તું રાજપુત્રી છો અને મારો પુત્ર તારો સ્વાધીન છે, તેથી તું તારા મનમાં [illegible] [illegible] અને મનમાં એમ માનતી હશે કે હું [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]" [illegible] આવાં વચનો સાંભળીને ગુણાવળી બોલી કે—" સાસુજી ! [illegible] [illegible] [illegible] [illegible] શા માટે [illegible]

લાવો છો ? મારે શું બાકી છે ? હાથી, ઘોડા, રથ, કંચન, રત્ન અને પટકુળાદિ સર્વ વસ્તુ મનમાનતી મળેલી છે, પરિવાર પણ બધો અનુકૂળ છે, વળી તમારી જેવા સાસુ મળ્યા છે, તો મારો અવતાર લેખેજ છે. મારી જેવી સુખી બીજી કોણ સ્ત્રી છે ? ” વીરમતી તેનો હાથ પકડીને બોલી કે—“હે વહુ ! તું બીલકુલ ભોળી જણાય છે, તું મેં કહી તે વાતનો મર્મ કાંઇ સમજી નહીં. કોઠના ફરકવાથી સમજી જાય એવા પ્રાણીઓ આ સંસારમાં વિરલ હોય છે. આ જગતમાં જાણપણું જ દોહિલું છે. બાકી દ્રવ્ય તો મૂર્ખને પણ મળે છે. વહુ આ જગતમાં રૂપથી કોઇ હરખાતું નથી, ગુણ જુએ છે તો તેનાથી હરખે છે. આવળના ફુલ પણ રંગમાં તો મજાના હોય છે, પણ સુગંધ વિનાના હોવાથી કોઇ હાથમાં પણ લેતું નથી. તું રેશમી ચીનાઇ વસ્ત્રો પહેરી ઓઢી જાણે છે, બાકી તારામાં સમજણ તો એક દાણા જેટલી પણ જણાતી નથી. એક દિશાએ ચાર વેદ અને એક દિશાએ ચતુરાઇ એ બને સરખા છે; પણ તેનો ભેદ ભેદુ જ જાણી શકે છે. તું જાણતી હઇશ કે હું ડાહી છું, પણ હું તો તને પશુ જેવી જાણું છું. મેં તો એક વચનથીજ તારી પરીક્ષા કરી લીધી છે.”

ગુણાવળી સાસુનાં આવાં વચનો સાંભળી બોલી કે—“આપે મને એવી તદ્દન અજ્ઞાન શી રીતે જાણી ? હું તો મારા મનમાં જાણું છું કે હું ડાહી છું. વધારે મારાં વખાણ મારે મોઢે શું કરૂં ? મારે તમારા પુત્ર જેવો મનનો માન્યો ભર્ત્તાર છે કે જેના સમાન બીજો કોઇ પુરૂષ છેજ નહીં. એવા પતિ

પ્રાપ્તિથી હું તો પૂરેપૂરી ભાગ્યશાળી છું, તે છતાં તમે મારા અવતારની અવગણના કેમ કરો છો” વીરમતી કહે કે— “સાંભળ! તું એટલી બધી મનમાં શેની મલકાય છે. તારો પતિ ચંદ તે શા લેખામાં છે? જો તું બીજા પુરૂષોને દેખે તો તને તેની ખબર પડે, પણ કુવાનો દેડકો સમુદ્રની લહેરને શું જાણે? રતિના રૂપની કુબ્જાને શી ખબર પડે? જેણે નાળીયેર દીઠાંજ ન હોય તેને કોડીંબડ પણ મીઠાં લાગે. નગરના લોકોની સ[illegible]ઓની જંગલી માણસને શી ખબર પડે? જેનું [illegible]જ આહાર હોય તેને શાલ દુશાલાનો સ્વાદ કેમ સમજાય? જેણે [illegible] ન હોય તેને તો તરવાનું [illegible] [illegible] હીરાઓની ખબર ન પડે.

તે ઝાડમાં લેખાય ? મને તો તમારો પુત્ર ભર્તાર તરીકે મળ-વાથી મારો તો લાખેણો અવતાર છે. મારા ભાગ્યમાં આવ્યો તે મારે ભગવાન જેવો છે, 'જે ભાણામાં આવ્યું તે પકવાન.' એમ જગતની પણ કહેવત છે."

વીરમતી બોલી કે—" હે વહુ ! તું કહે છે તે ખરૂં છે. મારો પુત્ર સુજાત છે, પણ 'બહુરત્ના વસુંધરા' હોવાથી તેનાથી અધિક પણ અનેક છે. જો તેં દેશવિદેશ જોયા હોય તો તેની તને ખબર પડે. તેં તો માત્ર આભાપુરી જોઇ છે, એટલે તને બીજી નગરીઓની શી ખબર પડે ? તને રમ્ય–અરમ્યની શી ખબર પડે ? એટલા માટેજ હું તારો અવતાર અલેખે ગણું છું. એમાં રીસ કરવા જેવું કાંઇ નથી. જો આવે વખતે મારા જેવી વિદ્યાવાળી સાસુ મળ્યે છતે તું દેશવિદેશ નહીં જુએ તો પછી કયારે જોઇશ ? તું હજી મારી પાસે સંકોચ રાખે છે, પણ તેં બીલકુલ કૌતુકો જોયાં નથી. મને તો એજ વિચાર થયા કરે છે કે તારો અવતાર વનવગડાના ફુલની જેમ નકામો જાય છે. નવનવા દેશાચાર જોયા વિના તને મનુષ્ય અવતારના સફળ-નિષ્ફળપણાની શી ખબર પડે. નવા નવા તીર્થો, નવા નવા પર્વતો, નવા નવા નગરો, નવા નવા કૂટો, નવી નવી નૃપવધુઓ, નવા નવા વિનોદો, નવા નવા ગીતગાન; નવા નવા વાજીંત્રો અને નવા નવા ચરિત્રો જે અહર્નિશ જુએ છે તેનેજ ધન્ય છે. તેવી પુત્રીઓ તો કોઇ બીજી માતાઓએજ જણી હશે. આ દુનિયામાં અશ્વમુખા, હયકર્ણા, અકર્ણા, છાગચરણા,

ગુઢદંતા, શુદ્ધદંતા એવા અનેક તરેહના મનુષ્યો થાય છે, પણ તેને દીઠા વિના તને બાપડીને શી ખબર પડે? તું તો ખાઇ પી લુગડાં ઘરેણાં પહેરી પેટ પંપાળતી બેઠી રહે, તું કંઈ સ્ત્રીજાતિની હારમાં નથી; કેમકે સ્ત્રીજાતિમાં તો ચતુરાઇ હોય છે. એ ચતુરાઈનો પેંડો ન્યારોજ છે. શાસ્ત્રમાં ચતુરાઇના મુળ **પાંચ** કહ્યા છે, તેમાં દેશાટનને અગ્રસ્થાન આપેલું છે. તારાથી તો પંખીઓ પણ ભાગ્યશાળી છે કે જે આકાશમાં ઉડી નવાં નવાં કૌતુકો જોઇ શકે છે. તું તો રાંકના હાથમાં ગોળ આવ્યો હોય તેને અમૃત માની લેય એમ એક ચંદ મળ્યો છે, એટલે બીજું કાંઈ સમજતી નથી. સ્નેહની ને નિઃસ્નેહની ઘરે બેઠાં તને શી ખબર પડે! રે ભુંડી! જે પરદેશમાં ફરેલ હોય તેજ બધું સમજે, તે કોઇનાથી ભોળવાય નહીં, બાકી ઘરશૂરા ને **મઠપંડિતા**[1] તો જગતમાં ઘણા હોય છે; પણ જે પરભૂમિમાં આદર પામે તેજ ખરા શૂરવીર ને ખરા પંડિત ગણાય છે. પામ્યાનું ફળ એ કે કોઈને દઈએ અને જીવિતનું ફળ એ કે વિદેશમાં ફરીને કૌતુક જોઈએ. પણ તારાથી એ કાંઈ બને તેમ લાગતું નથી, તું તો મનુષ્યભવ હારીજ જવાની છે."

સાસુનું આવું અસરકારક ભાષણ સાંભળીને ગુણાવળી તેમાં લેવાણી, પણ તેને એ વાત બહુ મુશ્કેલ લાગવાથી તે બોલી કે—"સાસુજી! આપ કહો છો તે બધું સાચું છે, પણ

૧ પોતાના મઠમાં–મકાનમાં બેઠા બેઠા પોતાની પંડિતાઇ બતાવ્યા કરે તે.

આપણાથી પરદેશ જોવા શી રીતે જવાય ? એ તો જે નિરંકુશ હોય, સ્વેચ્છાચારી હોય, તે મનની મોજે કૌતુક જોવા માટે જ્યાં ત્યાં જઈ આવી શકે. હું તો રાજાની પટરાણી, મારાથી મહેલની બહાર પગ પણ ન દેવાય, તો એ વાત તો શી રીતેજ બને ? બાપજી ! તમારા કહેવાથી મને જોવાની તો ઘણી ઈચ્છા થાય છે, પણ મોરને નાચીને પગ સામું જોવાનું છે. જે અણચિંતવેલું કરવા જઈએ તો ઉલટા કષ્ટમાં આવી પડીએ. વળી હું અબળા, મારા પ્રીતમથી એક ક્ષણ દૂર નહીં રહેનારી તે તેની સાથે કપટ કેમ કરી શકું ? કદિ કોઈ ન જાણે તો ચંદ્ર સૂર્ય તો તેના સાક્ષી છે. એમ કરતાં કદિ સ્વામી જાણી જાય ને કપટ ઉઘાડું પડે તો તે વખતે દેશ પરદેશ આડાં ન આવે, માટે સ્ત્રીએ સ્વામી વિના પરદેશ નજ જવાય એમ હું તો ધારૂં છું. પંખી, પુરૂષ ને પવન એ ત્રણે સ્વતંત્ર છે તેથી તે ગમે ત્યાં જાય. "

ગુણાવળીની આવી દલીલ સાંભળીને વીરમતી સમજી ગઇ કે આ અરધી તો કબજે આવી છે, તેના મનમાં કૌતુક જોવાની ઈચ્છા તો જાગી છે. માત્ર સ્વામીનો ભય તેને આડો આવે છે તો વિવિધ પ્રયત્ને સમજાવીને તે ભય કાઢી નાખું એટલે તે મારે વશ થઇ જશે.

પ્રકરણ ૫ મું.

હવે વીરમતી ગુણાવળીને અરધી કબજે આવેલી જાણીને કહેવા લાગી કે—" અરે ભોળી ! સ્ત્રી જે કામ કરી શકે તે પુરૂષ પણ ન કરી શકે. હરિ, હર ને ઇંદ્રને પણ સ્ત્રીએ ભોળવ્યા અને પોતાને વશ કર્યા, મોટા મોટા મુનિવરને ચળાવ્યા, એટલે કે સ્ત્રી ચરિત્રનો પાર કોઇ પામી શકયું નથી. આ જગતમાં જેને સ્ત્રીએ ભોળવ્યા નથી એવા પુરૂષો જ કોઇ વિરલ હોય છે. સ્ત્રી ધારે તો મોટા વિષમ પર્વતપર ચઢી જાય, સર્પને વશ કરે, મોટી નદીઓ તરી જાય અને ભયંકર સિંહથી પણ ન ડરે, કોઇથી ન ખેલાય એવા ખેલ સ્ત્રી ખેલે. સ્ત્રી જો પ્રસન્ન થાય તો કલ્પલતા જેવી છે ને જો ગુસ્સે થાય તો વિષલતા જેવી છે. જે સ્ત્રી પોતાના પતિથી બીહે છે તેનો તો જન્મજ અકૃતાર્થ છે. સ્ત્રીને કોઇ ચરિત્ર શીખવતું નથી, એની મેળે જ તેનામાં એવી શક્તિ ઉદ્ભવે છે. મોરના ઈંડાંને ચિતરવા કોણ જાય છે ? સિંહને હાથીના કુંભસ્થળ ભેદતાં કોણ શિખવે છે ? એ તો એનો જાતિસ્વભાવ જ છે. માટે તું ચંદકુમારનો ભય બીલકુલ રાખીશ નહિ. આપણે ગગનગામિની વિદ્યાથી રાત્રીએ આકાશમાર્ગે કૌતુક જોવા જશું ને રાત્રે આનંદ કરી પ્રભાત થયા અગાઉ પાછા આવતા રહેશું. એની તેને ખબરજ પડશે નહીં અને કદિ ખબર પડશે તો તેથી કાંઇ ડરી જવાનું નથી. એમ મચ્છરના ઉપદ્રવથી કાંઇ ઘર છોડી જવાતું નથી, માટે તું બેફીકર રહેજે."

આ પ્રમાણેનાં સાસુનાં વચનથી ગુણાવળી ચિત્તમાં હર્ષ

ગુણાવળી અને વીરમતી.



વીરમતી [illegible]

ભાગી. તે વિચારવા લાગી કે 'સાસુની કૃપાથી આજે નવા નવા કૌતુક જોઈશું. તેની પાસે વિદ્યાઓ ઘણી છે, તેથી મારા પતિ મારૂં નામ લઈ શકશે નહીં.' આ પ્રમાણે વિચારીને તેણે વિરમતીને કહ્યું કે—"હે સાસુજી ! હું તો તમારે ખોળે છું. તમે જે કહેશો તે મારે કબુલ છે. તમે મને નવાં નવાં કૌતુકો દેખાડવા ઇચ્છો છો તો હું તે જોવાને તત્પર છું, પણ મારી લાજ તમારે હાથ છે. હું તમારાથી અળગી નથી. તમે મારા માથાના મુગટ છો. ખુશીથી આજેજ કૌતુક દેખાડો, હું તૈયાર છું, કેમકે નાચવા જવું ને પછી ઘુમટો શો તાણવો ! પણ તમે કોઈ મંત્રપ્રયોગથી મારા પતિને વશ કરજો કે જેથી મને કોઈ તરેહની અડચણ આવે નહીં, મારા પર તે ગુસ્સે થાય નહીં."

આ પ્રમાણે વહુને પોતાને વશ થયેલી જાણીને વીરમતી બોલી કે—"મારી પાસે અવસ્વાપિની વિદ્યા છે, તેથી હું કહે તો આખા નગરને પથ્થર જેવા કરી નાખું; તો પછી તારા પતિને વશ કરવો તેમાં શી મોટી વાત છે ? હવે જો તારૂં મન કૌતુક જોવા તત્પર થયું છે તો સાંભળ—એક આશ્ચર્ય આજેજ જોવા જેવું છે. અહીંથી અઢારસેં કોસ દૂર વિમળાપુરી નામે નગરી છે. ત્યાં મકરધ્વજ નામે રાજા છે. તેણે ઘણા શત્રુને વશ કર્યા છે. તે રાજાને પ્રેમલાલચ્છી નામે પુત્રી છે, તે એવી સુંદર શરીરવાળી છે કે જાણે વિધાતાએ તેને પોતાને હાથેજ ઘડી હોય એમ જણાય છે. તે રાજપુત્રીને સિંહલપુરના સિંહરથ નામના રાજાનો પુ…

કનકધ્વજ આજે રાત્રેજ પરણવાનો છે. તે લગ્નમહોત્સવ અને વરકન્યા બહુજ જોવા જેવાં છે. જો તું મારી સાથે આવે તો આજે તને એ કૌતુક દેખાડું." ગુણાવળી સાસુનાં આવાં વચન સાંભળીને બહુજ હોંશમાં આવી જઈને બોલી કે—"તમે ગુણના ધામ છો, તમારી જેવા સાસુ હું પૂર્વના પુન્યથીજ પામી છું; પણ તમે કહો છો તે કૌતુક શી રીતે જોવાય ? કોઈ દૈવી ઉપાય હોય તોજ જઈ શકાય. મનુષ્યથી ત્યાં જઇ શકાય નહીં." વીરમતી બોલી કે—"બહુ દૂર જાણીને તું કેમ કંપે છે ? મારી પાસે ગગનગામિની વિદ્યા છે. તેથી હું ધારૂં તો એક રાત્રિમાં લાખ જોજન જઈ આવું. આ તો મારે એક ડગલા જેવું છે." ગુણાવળી એ હકીકત સાંભળી ખુશી થઈ અને બોલી કે—"સાસુજી ! આ વિદ્યા તો બહુ મજાની છે. પણ આપણને જવાનો વખત શી રીતે મળશે ? જુઓ, અત્યારે રાજસભા ભરાણી છે, તેમાં રાજાજી ગયા છે, તે સભામાં સંધ્યાકાળ સુધી રહેશે. ત્યાર પછી સંધ્યાકૃત્ય કરી મારા સ્વામી એક પહોર રાત્રે મારા મહેલમાં આવશે. પછી એક પહોર હાસ્ય વિનોદમાં વ્યતિત થશે. ત્રીજે પહોરે રાજા સુઈ જશે. તે એક પહોર નિદ્રા લઇને પાછલે પહોરે જાગશે. એ રીતે મને એક ક્ષણ પણ તમારી સાથે આવવાનો અવકાશ નથી, એટલે હું શી રીતે તમારી સાથે આવી શકીશ ?" સાસુ બોલી કે—"એ વાતની તું ફીકર ન કર. તું મારી કળા જો. આજે તારા પતિ વહેલા તારે મહેલે આવશે. પછી તું યુક્તિ પ્રયુક્તિથી તેને વહેલા પોઢાડીને મારી પાસે

આવજે." આ પ્રમાણે ગુણાવળીને સમજાવીને વીરમતી પોતાના મહેલે આવી.

સાસુના ગયા પછી ગુણાવળી વિચારવા લાગી કે— "મારા સાસુજી તો મ્હોટા ગુણવાન્ દીસે છે, મારે તો ઘેર બેઠા યાત્રા મળી છે. તેઓ વાતો તો મોટી મોટી કરી ગયા છે, પણ મને એનો વિશ્વાસ આવતો નથી. પરંતુ તેના કહેવા પ્રમાણે જો મારા પતિ આજે વહેલા આવે તો મને તેનો વિશ્વાસ બેસે."

હવે વીરમતીએ પોતાના મકાનમાં જઈને તરતજ એક વિદ્યા સાધવા માંડી, એટલે તેના વચને બંધાયેલો દેવતા પ્રગટ થયો. તેણે કહ્યું કે—'મને શા માટે આરાધ્યો છે?' વીરમતી બોલી કે—'કોઇ કોઈને પણ વ્યર્થ બોલાવતું નથી. તમને બોલાવવાની મતલબ એ છે કે તમે કાંઈક એવો ફંદ રચો કે જેથી મારો પુત્ર રાજસભામાંથી દિવસ છતાં વહેલો ઘરે આવે.' દેવ કહે કે—'એમાં તે શી મોટી વાત છે? અંજલી જેટલા પાણીમાં તે તરવાની શી જરૂર છે? હું હમણાંજ તમારો પુત્ર ઘરે આવે એમ કરૂં છું.' પછી તે દેવે દુર્જન મનુષ્યના હૃદય જેવી શ્યામ વાદળાની ઘટા આકાશમાં રચી. તે જોઈને મોર ટહુકા કરવા લાગ્યા અને કામદેવની કરવાળ જેવી વીજળી દશે દિશામાં ચમકવા લાગી, આકાશમાં ગર્જારવ થવા લાગ્યો, જળધારા પડવા લાગી અને શીતળ પવન ફુંકાવા લાગ્યો. આ પ્રમાણે ચોતરફ વરસાદ પસરી જવાથી સર્વત્ર અંધારા જેવું થઈ ગયું, એટલે રાજા

સભા વિસર્જન કરીને ઘરે આવ્યો. દિવસ છતાં રાજાને આવેલા જોઈને ગુણાવળી વિસ્મય પામી અને તેને સાસુનાં વચન ઉપર પૂર્ણ વિશ્વાસ બેઠો.

પતિને આવેલા જોઈ ગુણાવળી બે હાથ જોડી સામે ઊભા રહ્યા અને બોલી કે—'હે પ્રીતમ! આજ તો આપ બહુ વહેલા પધાર્યા છો, પણ આમ આમણદૂમણા કેમ દેખાઓ છો?' ચંદરાજા કહે કે—'આ વગર ઋતુએ વરસાદ [illegible] તેથી હું વહેલો ઘરે આવ્યો [illegible] લીધે તમને એમ જણાય છે [illegible] સુકોમળ [illegible] એટલે ચંદરાજા

ખરેખરી સુશીલા આ દુઃશીલા જેવું આચરણ કેમ કરે છે તે કાંઇ સમજાતું નથી. જરૂર આજે કોઇકના કુસંગથી આ બગડી જણાય છે. મારા જેવો પ્રીતમ છતાં એણે કોઇ બીજા સાથે પ્રીતિ બાંધેલી લાગે છે. નીચની સંગતથી સ્ત્રી એવીજ થાય છે, એમાં કાંઇ નવાઇ નથી. જુઓ, સુવર્ણ જેવી ઉત્તમ વસ્તુને ટંકણખાર સાથે મેળ હોય છે, ઘનસાર જેવી ઉત્તમ વસ્તુ કોયલાના સંગથી સ્થિર થાય છે, ચકોર પક્ષીને અંગારા ખાવા ગમે છે, અને બકુલ જેવા ઉત્તમ વૃક્ષને મદીરાનું પાન પસંદ આવે છે. તેજ પ્રમાણે આજે આ મારી પટરાણી મને છેતરીને કોઇ અન્યસ્થળે જવા ઇચ્છે છે, પણ મને જાગતો જાણીને સંકોચાય છે; પરંતુ મારી પાસે તેનું કપટ ચાલવાનું નથી.'

આ પ્રમાણે રાજા વિચારે છે, તેટલામાં ગુણાવળી રાજાને ઉંઘેલા જાણી ચુપચુપ મહેલની બહાર નીકળી. રાજા પણ તરત જ શય્યામાંથી ઉઠી ખડ્ગ લઇને તેની પાછળ ચાલ્યો. રાત્રી શ્યામ હોવાથી રાણીને તેની ખબર પડી નહીં. અહીં સાસુ વહુની વાટ જોતા હતા, તેવામાં ગુણાવળીએ જઇને દ્વાર ઉઘડાવ્યા. વીરમતીએ ખુશી થઇ વહુનો સત્કાર કર્યો અને પોતાની વિદ્યાના પોતાને મોઢે વખાણ કર્યા. ગુણાવળી બોલી કે 'હે સાસુજી! તમારા વચનથી મારા પ્રીતમને છેતરીને છાની રીતે આવી છું, હવે જે કરવું હોય તે મને કહો અને હું પાછી વહેલી જઇ શકું તેમ કરો. કેમકે મારા જીવનપ્રાણ જાગશે તેનો મને ભય છે.' આ વખતે ચંદરાજા બહાર ઉભો ઉભો સાસુ વહુ એક થઇ જે વાત કરે છે તે સાંભળે છે. વીર

મની બોલી કે—" હે વહુ! તમે જરા આપણા ઉપવન સુધી જઇને એક કરેણની સોટી લઇ આવો, તે હું મંત્રી આપું, પછી તે લઇને તમારા પતિ પોઢ્યા છે ત્યાં જઇ ત્રણ ઠબકારા દઇ આવો, એટલે તમારા પતિ નિદ્રાને આધીન થઇ જશે, આપણે બને પ્રાતઃકાળે આવશું ત્યારે જાગશે."

સાસુની આવી આજ્ઞા થતા ગુણાવળી તરતજ રાત્રિનો કે રાક્ષસનો કોઇનો પણ ભય ન ગણતા ઉપવન તરફ ચાલી અને ત્યા જઇ એક કુમળી કરેણની કાંબ કાપી લીધી, પછી તે લઇને [illegible] આવી તે [illegible]ના હાથમાં આપી.

ચંદરાજા તે[illegible] પથરો [illegible] પોતાના મંદિરમાં પોતાની શય્યા [illegible] કરી લઇને ગુણાવળી આવશે [illegible] આકાર બનાવી શય્યા [illegible] ઓઢાડી દીધું અને પોતે દીપકના [illegible] ગુણાવળી આવે તો [illegible] ગુણાવળી સાથેથી [illegible] હું જરા પણ રાક્ષસ [illegible] ને મેં [illegible] પોતાના મંદિર તરફ [illegible] કરી [illegible]

[illegible] કહ્યું કે—" [illegible]

સા તેની પાછળ આવ્યો, અને દ્વારની બહાર નિર્ભય થઈને ઊભો રહ્યો. વહુએ તો કંઈ સાસુને આપી ને પોતે કહ્યા પ્રમાણે કરી આવ્યાની વાત કરી. એટલે સાસુએ સાબાશી આપી.

ગુણાવળી બોલી કે—'હે માતા! મારા પતિ તો નિદ્રાવશ થયા, પણ આ નગરના લોક બધા જાગે છે, તેમાંથી કોઈ આપણી વાત જાણીને રાજાને કહે તો મારી શી વલે થાય? માટે તેનો કાંઈ ઉપાય કરો તો ઠીક.' વીરમતી કહે —'તું જરા પણ ભય ન રાખ. મારા તો એમ પાપડ વણતાં દિવસોના દિવસો વ્યતિત થયા છે. હું હમણાં એવો ઉપાય કરું છું કે જેથી આખા ઘરના દ્વારની બહાર બધા નિદ્રાવશ થઈ જશે.' ચંદરાજા વિચારવા લાગ્યો કે—'હું તો ઘરના દ્વારની અંદર છું તેથી મને ફીકર નથી.' પછી વીરમતીએ અંદર જઈને ગર્દભીનું રૂપ કર્યું અને ક્રૂર સ્વરે ખરનાદ કર્યો, કે જેથી તમામ નગરીમાં નિદ્રાનો ઉન્માદ પ્રસરી ગયો. નગરીના લોક સર્વ એવા મૂર્છિત થઈ ગયા કે, ચક્રીનું સૈન્ય આવે તો પણ જાગે નહીં. આ પ્રમાણે નગરના લોકો ઉપર અવસ્વાપિની નિદ્રા મુકીને તે બહાર આવી. રાજાએ આ બધું દ્વારના છીદ્રમાંથી જોયું. વીરમતીએ બહાર આવી વહુને કહ્યું કે—'મેં આખી નગરીના લોકને એવા તો નિદ્રાધિન કરી દીધા છે કે બાર મણની નોબત વાગે તોપણ કોઇ જાગે નહીં. હવે આપણે આપણી ચંદનવાડીમાં ચાલો, ત્યાં જઈ પહેલો જ સહકાર વૃક્ષ (આંબો) છે તેનાપર ચઢી વિમળાપુરી જઇએ.

પ્રકરણ ૬ ઠું.

નગરના સર્વ લોકોને નિદ્રાધીન કરી દીધા પછી સાસુ [illegible] વહુ જવાને તૈયાર થયાં. સાસુએ ચંદરાજાની વાડીમાં [illegible] પહેલે. [illegible] છે તેની ઉપર ચઢીને જવાનો વિચાર વહુને [illegible] જણાવ્યો તે ચંદરાજાએ સાંભળ્યો. વીરમતીએ [illegible] કહ્યું કે — "[illegible] વહુ! તારા મનમાં એમ હશે કે વિમળાપુરી [illegible] ૧૮૦૦ યોજન દૂર છે ત્યાં કેમ પહોંચાશે, પણ હું તને [illegible] [illegible] વખતમાં ત્યાં પહોંચાડી દઈશ. [illegible] ચંદરાજાએ વિચાર્યું કે 'આપણે પણ સાથે જવું અને જો[illegible] [illegible] શું કરે છે?' એટલા ઉપરથી [illegible] [illegible] આવ્યો અને ત્યાં પ્રથમ [illegible]

ને વિમળાપુરી દેખાડ ' એટલે તરતજ આંબો વિમાનની
આકાશમાર્ગે ચાલ્યો.

જેમ કેવળજ્ઞાનાવરણીએ જીવોનું કેવળજ્ઞાન આવરેલું
તે રીતે કોટરના આવરણથી ચંદરાજા અવરાયેલ છે. તો
મતિશ્રુતાદિ જ્ઞાનવરણીના ક્ષયોપશમથી જેમ જીવને
છો વધતો બોધ થાય છે, તેમ રાજા પણ તેમાંથી બહારનો
ગ કેટલોક દેખી શકે છે. આંબો મન કરતાં પણ ઉતાવળી
તેએ ચાલ્યો જાય છે. રાજા અનેક પ્રદેશ, વન, ઉપવન વગેરે
એ છે. આકાશમાં ચંદ્રમાની જ્યોત વિસ્તરેલી હોવાથી
મ ક્ષીરસમુદ્રમાં નાવ ચાલતી દેખાય, તેમ ચાંદનીના પ્રકાશ
ચ્ચે એ વૃક્ષ દોડતું દેખાય છે. વીરમતી ગુણાવળીને આંગ-
ળીવડે દેખાડતી જાય છે કે " હે વહુ ! જુઓ આ નવરંગી
ગંગા નદી છે. તે પ્રાણીના પાપમળને ધોઇ નાખનારી કહેવાય
. આ કાળા જળવાળી કાલિંદી (યમુના) છે, તે ધરણી
રૂપી સ્ત્રીના ધમ્મિલ જેવી દેખાય છે. એ પ્રમાણે અનેક ગ્રામ,
નગર, દેશ, પર્વત, નદીઓ, વન, દ્રહ, વાવો, ઉપવનો વિગેરે
દેખાડતી જાય છે.

આગળ ચાલતાં અષ્ટાપદ પર્વત દેખાડીને વીરમતી
બોલી કે—" જો આ અષ્ટાપદ પર્વત ઉપર ભરતે કરાવેલ
કંચન ને મણિમય જિનચૈત્યો છે. તેમાં પૂર્વ દિશા તરફ ઋષ-
ભદેવ ને અજિતનાથની મૂર્ત્તિ છે, દક્ષિણ દિશાએ સંભવનાથ
વિગેરે ચાર પ્રભુની મૂર્ત્તિ છે, પશ્ચિમ દિશાએ સુપાર્શ્વનાથ
વિગેરે આઠ પ્રભુની મૂર્ત્તિઓ છે અને ઉત્તર દિશાએ ધર્મનાથ

વિગેરે દશ પ્રભુની મૂર્ત્તિઓ છે. અહીં આવીને રાવણ તીર્થંકર નામકર્મ ઉપાર્જન કરશે. આ પર્વત ફરતી ગંગાનદી વલયના આકારે રહેલી છે.” આગળ ચાલતાં છેટેથી સંમેતશિખરગિર બતાવીને કહ્યું કે—“હે વહુ! તમે આ તીર્થને વંદના કરો. આ તીર્થે પહેલા, બારમા, બાવીશમા ને ચોવીશમા સિવાયના વીશ પ્રભુ મોક્ષે જવાના છે. તેમાં હાલ સુધી ૧૭ પ્રભુ મોક્ષે ગયા છે અને વીશમા એકવીશમા ને ત્રેવીશમા એ ત્રણ પ્રભુ મોક્ષે જવાના છે. જુઓ, આ વૈભારગિરિ, આ અર્બુદાચળ અને આ સિદ્ધાચળ. આ સિદ્ધાચળ તીર્થ સર્વથી મોટું છે, તેને નજરે જોવાથી પણ પાપ માત્ર નાશ પામી જાય છે. અહીં ભગવંત ઋષભદેવ પૂર્વ નવાણું વખત સમવસર્યા છે. અહીં અનંતા મુનિઓ સિદ્ધપદને પામ્યા છે ને અનંતા કેવળજ્ઞાન પામ્યા છે. આ તીર્થે પહેલો ઉદ્ધાર ભરતચક્રીએ કર્યો, બીજો દંડવીર્ય રાજાએ કર્યો, ત્રીજો ઇશાનેંદ્રે કર્યો, ચોથો માહેંદ્રે કર્યો, પાંચમો બ્રહ્મેન્દ્રે કર્યો, છઠ્ઠો ભુવનપતિના ઇંદ્રે કર્યો, સાતમો સગરચક્રીએ કર્યો, આઠમો વ્યંતરેંદ્રે કર્યો, નવમો ચંદ્રયશાએ કર્યો, દશમો ચક્રાયુધે કર્યો. આ પ્રમાણે દશ મોટા ઉદ્ધાર થયા છે, અને આગળ રામચંદ્રાદિના ઉદ્ધાર થનારા છે. આ મહાન તીર્થને તું ત્રિવિધે ત્રિવિધે વંદના કર. કારણ કે આ તીર્થ ભવસમુદ્રમાં પ્રવહણ સમાન છે. આગળ ચાલતાં ગીરનાર તીર્થ બતાવીને કહ્યું કે “હે વહુ! તું જો, આ ગીરનાર પર્વત છે. અહીં રાજુલના ભર્તાર શ્રી નેમિનાથ સ્વામી મુક્તિવધુને પરણ્યા

આ તીર્થ પણ સિદ્ધાચળની સરખુંજ છે. તેની પાંચમી ટુંકજ કહેવાય છે. અહીં હાથીનો પગ ખુંચી ગયાને ઠેકાણે ગજપદ કુંડ છે." આ પ્રમાણે નવા નવા તીર્થો બતાવતાં આગળ ચાલ્યા.

આગળ ચાલતાં વીરમતીએ કહ્યું કે "હે વહુ! જુઓ આ જંબુદ્વિપની ફરતો વલયાકારે લવણ સમુદ્ર છે. તે બે લાખ યોજન પહોળો છે, તેના કિનારેથી તે ઉંડો વધતો વધતો છે. તેમ પાણી પણ ઉંચુ ઉંચુ છે. છેવટે મધ્યના દશ હજાર યોજનમાં તે એક હજાર યોજન ઉંડો છે અને તે ઠેકાણે જળની શિખા ઉંચી સોળ હજાર યોજન છે. તેના ઉપર બે કોસ વેગ વધે છે. એ લવણ સમુદ્રનાં મધ્ય ભાગમાં ચાર દિશાએ ચાર પાતાળકળશા છે. તેનું મુખ દશ હજાર યોજન પહોળું છે, તેની ઠીંકરી એક હજાર યોજન જાડી છે અને તે કળશા ઉંડા એક લાખ યોજન છે. તેમાંથી ઘનવાત ને તનુવાત ઉછળે છે, તેને લીધે પાણીની શિખા ઉંચી ચઢે છે. તેનું નિવારણ કરવા માટે સંખ્યાબંધ દેવતાઓ હાથમાં ચાટવા લઈને કાયમ ઉભાજ રહે છે આ બધા શાશ્વતભાવ છે."

આ પ્રમાણે વાતો કરે છે તેવામાં તેઓ વિમળાપુરીની નજીકમાં આવી પહોંચ્યા. એટલે ઘણા મનોહર ઉપવનો, સુંદર જળાશયો અને નગરીમાં રહેલા સુશોભિત મકાનો તેમના જોવામાં આવ્યા. દરેક મકાનમાં દીપકની શ્રેણીઓ કરેલી હોવાથી સર્વત્ર ઝળઝળાટ થઈ રહેલ હતું. તે જોઈને ગુણાવળીએ પૂછ્યું કે—"સાસુજી! આ કઈ નગરી છે?"

સાસુ બોલ્યા કે—" વહુ ! એજ વિમળાપુરી છે." એટલામાં સહકાર આકાશમાંથી નીચે ઉતર્યો અને નગરીના બહારના એક ઉપવનમાં સ્થિર થયો. એટલે સાસુ વહુ બંને તે પરથી નીચે ઉતર્યાં અને નગરી તરફ ચાલ્યા. રાજા પણ તે વૃક્ષના કોટરામાંથી નીકળીને તેઓ ન જાણે તેમ તેની પાછળ પાછળ ચાલ્યો. વિમાતાની આવી અપૂર્વ વિદ્યા જોઇને પણ તે કાંઇ ડર્યો નહિં. શૂરવીર પુરૂષો નિડરજ હોય છે. હવે સાસુ વહુ તો આનંદથી તાળી દેતા આગળ ચાલ્યા. એમ કરતાં કરતાં નગરીના દરવાજા પાસે તેઓ આવ્યા અને નગરીમાં પ્રવેશ કર્યો. ચંદરાજા પણ ત્યાં સુધી તો તેની પાછળ પાછળ આવ્યો. વીરમતીએ વહુનો હાથ ઝાલીને તેને આખા શહેરમાં ફેરવીને બધું દેખાડયું. પછી ફરતી ફરતી લગ્નમંડપમાં જ્યાં ગાન તાન થઇ રહ્યા હતા ત્યાં તે બંને આવી અને આનંદથી બધું જોવા લાગી. પછી વરઘોડો હમણાંજ આવશે એમ ધારી ત્યાં યોગ્ય સ્થળે તે બેઠી.



द्वितीय उल्लास.

પ્રકરણ ૭ મું.

હવે ચંદરાજને જેવો શહેરમાં પ્રવેશ કર્યો કે તરતજ કાઈ સેવકોએ તેને પ્રણામ કરી પંકતીજ પોતા પાસે આવતાં ત્યાં ઉભા રહેલા તે સેવકો બોલ્યા કે—" હે ચંદનરેંદ્ર! તમારો જય થાઓ. તમે ગુણગણના કરંડીયા જેવા છો. તમે આજે અમારા પર મહેરબાની કરવા કરી છે અને અમારો ઉચાટ મટાડ્યો છે, અમે બીજના ચંદ્રની જેવી આપની રાહ જોતા હતા. તો હવે આપ સિંહલપુરના સ્વામી પાસે પધારો અને તેની સભાને પવિત્ર કરો."

સેવક પુરૂપોના આવા શબ્દો સાંભળીને ચંદરાજા વિચારમાં પડ્યા કે—' આ શું ? જેમ પારકું ચિત્ત જાણે તેમ આમણે મને ચંદ તરીકે શી રીતે જાણ્યો ? પણ કદિ એક સરખા નામથી કાંઈ ભૂલ થતી હશે. એઓ કોઈ બીજા ચંદની રાહ જોતા હશે.' આમ વિચારીને આભાપતિ બોલ્યા કે—"અરે પ્રતિહાર! ચંદરાજા કોણ છે ? ચંદ્ર તો આકાશમાં ઉગેલો છે તે છે, વળી બીજો ચંદ ક્યાં છે ? માટે મને જવાદે, હઠ કરીને રોકી નહીં રાખ." પોળીઓ હાથ જોડીને બોલ્યો કે—" અહો ચંદરાજેંદ્ર! તમે શામાટે પોતાને છુપાવો છો ? એમ કાંઈ રત્ન ઢાંકયું રહેવાનું છે ? ઝગઝગતો સૂર્ય ઉગે તે



द्वितीय उल्लास.

પ્રકરણ ૭ મું.

હવે ચંદરાજાએ જેવો શહેરમાં પ્રવેશ કર્યો કે તરતજ કંઈ સેવકોએ તેને પ્રણામ કર્યા. પહેલીજ પોળ પાસે આવતાં ત્યાં ઉભા રહેલા તે સેવકો બોલ્યા કે—"હે ચંદનરેંદ્ર ! તમારો જય થાઓ. તમે ગુણસમૂહના કરંડીયા જેવા છો. તમે આજે અમારા પર ખરેખરી કરૂણા કરી છે અને અમારો ઉચાટ મટાડ્યો છે. અમે બીજના ચંદ્રની જેવી આપની રાહ જોતા હતા. તો હવે આપ સિંહલપુરના સ્વામી પાસે પધારો અને તેની સભાને પવિત્ર કરો."

સેવક પુરૂષોના આવા શબ્દો સાંભળીને ચંદરાજા વિચારમાં પડ્યા કે—'આ શું ? જેમ પારકું ચિત્ત જાણે તેમ આમણે મને ચંદ તરીકે શી રીતે જાણ્યો ? પણ કદિ એક સરખા નામથી કાંઈ ભૂલ થતી હશે. એઓ કોઈ બીજા ચંદની રાહ જોતા હશે.' આમ વિચારીને આભાપતિ બોલ્યા કે—"અરે પ્રતિહાર ! ચંદરાજા કોણ છે ? ચંદ્ર તો આકાશમાં ઉગેલો છે તે છે, વળી બીજો ચંદ ક્યાં છે ? માટે મને જવાદે, હઠ કરીને રોકી નહીં રાખ." પોળીઓ હાથ જોડીને બોલ્યો કે—"અહો ચંદરાજેંદ્ર ! તમે શામાટે પોતાને છુપાવો છો ? એમ કાંઈ રત્ન ઢાંક્યું રહેવાનું છે ? ઝગઝગતો સૂર્ય ઉગે તે

છો ? મને તો એમ લાગે છે કે તમે આમ ચંદ ચંદ કહીને ઘણાને ધૂત્યા હશે ! ”

પોળરક્ષકો બોલ્યા કે—“ અમે સિંહલરાજાના સેવકો છીએ. અમને એક સંકેત સમજાવીને પોળે પોળે બેસાડેલા છે. તે સંકેતથી અમે જાણીએ છીએ કે તમે ચંદરાજા છો. તેથી અમે તમને ચંદરાજા કહીને બોલાવીએ છીએ. માટે તમે પણ સાચું બોલો, તમારૂં ખોટું બોલવું અહીં ચાલી શકે તેમ નથી. ” ચંદરાજા બોલ્યા કે—“ તમને શું સંકેત બતાવવામાં આવ્યો છે તે કહો.” અનુચરો બોલ્યા કે—“અમને સિંહલરાજાએ અંતર છોડીને કહ્યું છે કે તમે પૂર્વના દરવાજે જઈને બેસો. ત્યાં પંદર રાત ગયા પછી એ સ્ત્રીની પાછળ જે એક પુરુષ આવે તેને તમે ચંદરાજા કહીને નમસ્કાર કરજો અને આદરસત્કાર પૂર્વક મારી પાસે તરત લઈ આવજો. આ પ્રમાણેના સંકેતથી અમે પોળે પોળે બેઠા છીએ. તેમના કહેવા પ્રમાણેજ પંદર રાત પછી એ સ્ત્રીની પાછળ તમને આવતા દીઠા એટલે અમે જાણ્યું કે તમે ચંદરાજાજ છો. [illegible] ત્યાં આવ્યા સિવાય [illegible] નથી [illegible] નામ છે તે તેઓ તમને [illegible] માણસ વશમાં ન [illegible] નહીં. પણ અમારી ઉપર [illegible] પધારો. પછી [illegible] પ્રમાણેનાં તેમનાં મીઠાં વચનો [illegible] અહીં મારી

સાથે મારા નોકરો હોય તો તે આનું નિવારણ કરે, પણ તે વિના આને કોણ રોકે ? વળી મારે એક તો માતાનો ભય છે, તેમાં આ સિંહલરાજાનો ભય વધ્યો. હું એકલો છું ને આ શહેર પારકું છે. વળી આ માણસો કાંઈ સમજાવ્યા સમજે તેમ નથી. તો હવે વધારે કચપચ કરવામાં માલ પણ નથી. હવે તો જેની સાથે કામ છે તેની પાસેજ જઈને વહેલો નિકાલ કરી લેવો સારો છે; અહીં વધારે કાળક્ષેપ કરવા જેવું નથી." આ પ્રમાણે વિચારીને ચંદરાજા બોલ્યા કે–" બહુ સારૂ ભાઇ ચાલો, તમારી સાથે આવું અને તમારા રાજાને મોઢામોઢ મળીને સમજાવું.

પછી તેઓ ત્યાંથી ચાલ્યા, માર્ગે નવા નવા રક્ષક પુરૂષો ભેળા થતા ગયા અને 'ચંદરાજાને ખમા,' ચંદરાજાને ખમા' એમ બોલતા સાથે ચાલવા લાગ્યા. આમ કરતાં કરતાં તેઓ સિંહલરાજાના દરબારમાં આવી પહોંચ્યા. સેવકોએ ચંદરાજા આવ્યાના ખબર પ્રથમથી કહેવરાવ્યા એટલે ત્યાં તો આનંદ આનંદ થઈ રહ્યો. તેણે જીતના વાજીંત્રો વગડાવ્યા અને ચંદરાજાને આદરપૂર્વક અંદર પ્રવેશ કરાવ્યો. સિંહલરાજાએ દૂરથી ચંદરાજાને આવતા દીઠા એટલે તે સામો આવી બાથ ભીડીને મળ્યો અને બોલ્યો કે હે ચંદરાજા ! હે વીરસેન નૃપના પુત્ર ! તમે ભલે પધાર્યા. આજે મને ઘણો આનંદ થયો. આજે હું કૃતાર્થ થયો. તમને મળવાની બહુ દિવસથી ઉત્કંઠા હતી તે આજે પૂરી થઇ. તમે જો કે શરીરથી દૂર હતા, પણ મારા અંતઃકરણમાં તો વસેલાજ

હતા. સૂર્ય દૂર છતાં પણ જેમ તે કમળને વિકસ્વર કરે છે, તેમ અમે તમારા નામ ને:ગુણ સાંભળવાથી રાજી રાજી થતા હતા. આજે તમને જાતે મળવાથી અમને પારાવાર હર્ષ થયો છે અને અમારી આશા ફળીભૂત થઇ છે. " આ પ્રમાણે અનેક પ્રકારનાં કપટવચનો કહીને સિંહલરાજાએ તેમને પોતાના સિંહાસન પર બેસાર્યા અને પોતે બીજા આસન પર તેની સામે બેઠો.

ભાગ્યશાળી જયાં જાય ત્યાં પગલે પગલે નિધાન પ્રગટ થાય છે અને અણવહાલા હોય તે વહાલા થઇ જાય છે. ભાગ્યની રચનાજ ઓર છે. તેનાથી કષ્ટ માત્ર વિસરાળ થાય છે અને આપત્તિ સંપત્તિ રૂપ પરિણમે છે. ભાગ્યશાળીને દેશમાં કે પ્રદેશમાં ઉપાધિ પ્રાપ્ત થતીજ નથી.

હવે સિંહલરાજા ચંદરાજા પ્રત્યે બોલ્યા કે—" તમે કુશળક્ષેમ તો છો ? હે સ્વામી ! તમે અમારા અંતર્યામી છો. અમારા માથાના મુગટ છો, ચાતક પક્ષી જેમ વરસાદની ચાહના કરે અને વચ્છ જેમ ગાયને ચાહે તેમ અમે તમારી ચાહના કરતા હતા. આજે તમે પધાર્યા તેથો અમારો અવતાર સફળ થયો છે. ઉત્તમ પુરૂષનો :મેળો તો જો પ્રભુ પ્રસન્ન થાય તો જ થાય છે. અમે અહીં આપનો આદર સત્કાર કે ભક્તિ પણ શું કરીએ ? કેમકે તમે મોટા દાનેશ્વરી કહેવાઓ છો, તેની પાસે અમે શી ગણતરીમાં છીએ ? તે છતાં પણ જો આપ અમારે દેશ પધાર્યા હો તો અમે અવશ્ય ગામ નગરાદિકની બક્ષીશ આપવાવડે પણ આપની ભક્તિ

કરત. અહીં તો ગરીબ બાળકની માતા પુત્રપર બહુ રાજી થાય તો ભામણા લેય તેમ અમે પણ માત્ર પ્રણામ કરવા વડેજ તમારી ભકિત બતાવી શકીએ તેમ છે. તો પણ અમે અવસર મળે ચૂકીએ એમ નથી એ આપ ચોક્કસ માનજો."

આવા સિંહલરાજાનાં વચનો સાંભળીને ચંદરાજા બોલ્યા કે-"ચંદને ભરૂંસે તમે મારૂં આટલું બધું સન્માન શા માટે કરો છો ? હું એક પરદેશી પ્રાહુણો છું, ને તમે તો મોટા રાજા છો; તમે ખોટા ભ્રમથી ચતુર થઇને કેમ ચૂકો છો ? મારે ને તમારે ક્યારની ઓળખાણ ? ચંદ્ર તો પૂર્વ દિશાનો સ્વામી છે ને હું તો એક ક્ષત્રીપુત્ર છું. તો દેખીપેખીને વગર સ્વાર્થે આવી ખોટી વાત શા માટે કરો છો ? તમે મને ચંદ જેવો દીઠો તેથી ભૂલાવામાં પડ્યા લાગો છો; પણ સરખે સરખા તો આ સંસારમાં ઘણાં માણસો નજરે પડે છે, પણ તેમાં ગુણ જાણ્યા વિના રાચવું નકામું છે. ઉજ્વળ તો કપુરે હોય છે ને લુણ પણ હોય છે, પરંતુ તે બેના ગુણમાં પારાવાર અંતર છે, માટે તમે આવો ભૂલાવો ખાઓ નહીં ને મને રજા આપો કે જેથી હું મારે કામે જાઉં."

સિંહલનૃપ બોલ્યા કે "એવી રીતે અમને ભોળવવાનુ પડતું મૂકો અને ખરી વાત કરો." તમે ચંદરાજા પોતેજ છો એમાં અમને બીલકુલ શંકા નથી સત્પુરૂષ છાના રહેતા નથી, તે તો તેના આચારવડેજ ઓળખાઇ જાય છે. જેમ એટલા જળમાં ડુબાડીએ પણ તુંબડું ઉપર આવ્યા વિના રહેતું જ નથી. કસ્તુરી કદી પોતાને છુપાવે, પણ અંબર તેને

પ્રગટ કરી દે છે. અમે બહુ દિવસથી આપના આવવાના દિવસની રાહ જોતા હતા તે પ્રમાણે જ આપ આવ્યા છો. તો હવે પોતાનું નામ પ્રગટ કરો અને અમારૂં કાર્ય કરી આપો. ,,

આ પ્રમાણે સિંહલરાજા ને ચંદરાજા વાતો કરે છે, તેવામાં સિંહલરાજાનો મંત્રી ત્યાં આવ્યો કે જે મહા કપટી, કુટિલ, કદાગ્રહી અને દુર્મતિવાળો છે. હિંસક તેનું નામ છે અને એવો અસત્યભાષી છે કે જ્યાં જળ કહે ત્યાં થળ પણ ન હોય. સૂર્યના ઉદયથી અસ્તપર્યંત ખોટું બોલવું તેજ તેનો ધંધો છે. તેણે ત્યાં આવી ચંદરાજાને પ્રણામ કરી આસનપર બેસીને પોતાની કુટિલતા ચલાવવાની શરૂઆત કરી. તે પ્રસન્ન વદન કરીને બોલ્યો કે, " હે ચંદનરેશ્વર! તમે આજે અમને આવી મળ્યા તેથી અમારા સર્વ મનોરથ સફળ થયા છે. હવે તમે અમારા રાજાની વિનતિ શામાટે માનતા નથી? બહુ રઢ શામાટે કરો છો? આમ ખોટી રીતે કુળ વિગેરે ઓળવવાથી કાંઇ ચાલવાનું નથી. અહીં શું બાળકોને ભોળવવાના છે? અમે બીલકુલ ખોટું બોલતા નથી. માટે વાદ કરવો પડ્યો મૂકીને તમે છતા થાઓ ને અમારી વિનંતિ સ્વીકારો, હવે સાંકડે આવ્યા પછી તમારાથી કાંઇ ખસી શકાવાનું નથી. હે આભાનરેશ! અમોને તમારી મોટી આશા છે. અમે કાંઇ અંધારે કુટાતા નથી. અમે દેવીના વચનથી તમને ઓળખ્યા છે, માટે હવે વધારે તાણાતાણ ન કરો કેમકે રાત થોડી છે ને વેશ ઘણા છે. આકાશમાં હરણી પણ

ઉંચે ચડી છે. વળી અમે તમને વધારે કઠણ શબ્દો પણ કહી શકીએ તેમ નથી; કારણ કે તમારાથી અમારે કામ લેવાનું છે. માટે વધારે તાણ્યું ત્રુટી જાય એમ સમજીને એકથી બીજા થતા નથી તેવો આગ્રહ પડ્યો મૂકી ખરા નામે પ્રગટ થાઓ એટલે અમે અમારી વિનંતિ કહી સંભળાવીએ."

ચંદરાજાને આ સચિવનો હઠ ખરેખરો સજ્જડ લાગ્યો. એટલે તે બોલ્યા કે, "તમારે ચંદથી શું કામ છે? આ દુનીઆમાં શું બીજા માણસો નથી કે તમે ચંદની આટલી બધી ઓશીઆળી કરો છો? હું હવે તમને સાચું કહું છું કે હું આભા નગરીએ રહું છું તે ખરી વાત છે અને ચંદરાજા જે કરે તે હું કરી શકું તેમ છું. કહો હવે તમારે કામ શું છે? ચંદરાજાનાં આવાં વચન સાંભળીને સિંહલરાજા ખાત્રી થવાથી હર્ષ પામ્યો. તેનું શરીર વિકસ્વર થયું, પછી હિંસકમંત્રી સિંહલરાજા પ્રત્યે બોલ્યો કે—" હે પ્રભુ! આભાધણી આપની ચિંતા માત્ર દુર કરશે. ચંદરાજાથી છાનું શું છે? માટે હવે લાજ તજી દઇને જે કહેવાનું હોય તે તેને કહી દ્યો. કારણ કે લાજ રાખ્યે કાર્યસિદ્ધિ થવાની નથી. ચંદરાજા વિચારવા લાગ્યા કે—" આ શું બોલે છે? હું તો કાંઈ તેમાં સમજતો નથી; એને મારી પાસે શું કામ કરાવવું હશે? તે કામ મારાથી થશે કે નહીં? પણ હવે આપણે પરવશ પડ્યા છીએ ને આ બધું ધૂર્ત ટોળું ભેળું થયું જણાય છે, તેથી જે કહે તે સાંભળ્યા સિવાય બીજો ઉપાય નથી." સિંહલ રાજા

બોલ્યો કે—" તમે વિચારમાં કેમ પડી ગયા ? અમે કાંઈ ઠગ નથી કે તમને ઠગી લેવા ઇચ્છતા હોઈએ. તમે એવો સંશય શા માટે કરો છો ? પરઉપકારી પુરૂષને તો કોઈ વિરલ માતાજ જન્મ આપે છે. જુઓ ! સૂર્ય સર્વત્ર પ્રકાશ કરે છે તેને પેસકશી કોણ આપે છે ? આ વૃક્ષો ફળ ફુલ આપે છે તેને કિંમત કોણ આપે છે? ચિંતામણિ વાંછિત પૂરે છે તેનો બદલો કોણ આપી શકે છે? સરસ નિરસ તરણા ખાઈને પણ ગાય દુધ આપે છે તેનો પૂરો ગુણ કોણ જાણે છે ? આ પ્રમાણે તમે પણ મોટા પરોપકારી છો, તમારી જેવા પરોપકારી અને થોડાજ હોય છે. તમારી ઉપર અમે મોટી આશા રાખીને બેઠા છીએ તેથી તમે અમારી આશા પૂર્ણ કરીને અમારાપર ઉપકાર કરો. "

એ વખતે ત્યાં સિંહલરાજા, તેની રાણી, તેમનો કનક-ધ્વજ નામનો કુષ્ટિ પુત્ર, હિંસક મંત્રી અને કપિલા નામની ધાવ એ પાંચ અને છઠ્ઠા ચંદરાજા હતા. તેઓ પાંચ ઇંદ્રિઓ [illegible] જેમ મન [illegible] તેમ શોભતા હતા. એ પ્રસંગે ચંદરાજા બોલ્યા કે—" હે સિંહલ ભૂપાળ ! તમે પડદો દૂર કરીને [illegible] જે વાત હોય તે પ્રગટ કરો. પડદો રાખવાથી હું કાંઈ સમજી શકતો નથી. તમે પાંચે અંદરથી ચિંતાતુર જણાઓ [illegible] વિવાહનો ઉત્સવ માંડ્યો છે, માટે [illegible] તે કંઈક એટલું મને ખબર પડે. મારે પ્રભાત થય[illegible] પાછું [illegible] જવાનું છે. તમે મારૂં નામ [illegible] કુળ જાતિ [illegible] કેમ જાણ્યું અને મારી પાસેથી શું કામ કર[illegible]

બોલ્યો કે—" તમે વિચારમાં કેમ પડી ગયા ? અમે કાંઈ ઠગ નથી કે તમને ઠગી લેવા ઇચ્છતા હુઈએ. તમે એવો સંશય શા માટે કરો છો ? પરઉપકારી પુરૂષને તો કોઈ વિરલ માતાજ જન્મ આપે છે. જુઓ ! સૂર્ય સર્વત્ર પ્રકાશ કરે છે તેન પેસકશી કોણ આપે છે ? આ વૃક્ષો ફળ ફુલ આપે છે તેને કિંમત કોણ આપે છે? ચિંતામણિ વાંછિત પૂરે છે તેનો બદલો કોણ આપી શકે છે? સરસ નિરસ તરણા ખાઇને પણ ગાય દુધ આપે છે તેનો પૂરો ગુણ કોણ જાણે છે? આ પ્રમાણે તમે પણ મોટા પરોપકારી છો. તમારા જેવા પરોપકારી અમે થોડાજ દીઠા છે. તમારા ઉપર અમે મોટી આશા રાખીને બેઠા છીએ તથા તમે અમારી આશા પૂર્ણ કરીને અમારાપર ઉપકાર કરો. "

એ વખતે ત્યાં સિંહલરાજા, તેની રાણી, તેમનો કનકધ્વજ નામનો કુષ્ટિ પુત્ર, હિંસક મંત્રી અને કપિલા નામની ધાવ એ પાંચ અને છઠ્ઠા ચંદરાજા હતા. તેઓ પાંચ ઇંદ્રીઓ સહિત જેમ મન શોભે તેમ શોભતા હતા. એ પ્રસંગે ચંદરાજા બોલ્યા કે.—" હે સિંહલ ભૂપાળ ! તમે પડદો તજી દઈ તમારા મનમાં જે વાત હોય તે પ્રગટ કરો. પડદો રાખવાથી હું કાંઈ સમજી શકતો નથી. તમે પાંચે અંદરથી ચિંતા... જણાઓ છો ને ઉપરથી વિવાહનો ઉત્સવ માંડ્યો છે, માટે વાત હોય તે કહો એટલે મને ખબર પડે. મારે પ્રભાત થ... અગાઉ પાછા આભા પુરી તરફ જવાનું છે. તમે મારૂં નામઠા... કુળ, જાતિ વિગેરે કેમ જાણ્યું અને મારી પાસેથી શું કામ ક...

ખરી કર્યું? તમે ક્યાં રહો છો? અને આવો અનુચિત પ્રબંધ શી રીતે થયો? તેની સાચેસાચી વાત મારી પાસે પ્રગટ કરો, એટલે તમારી વાત સાંભળ્યા પછી હું કાંઇક તમને રાજી કરવાનો વિચાર કરીશ." ચંદરાજાના આવાં આશ્વાસનભરેલાં વચનો સાંભળીને હિંસક મંત્રીએ સંક્ષેપમાં પોતાની સર્વ કથા કહેવા માંડી અને ચંદરાજા સાંભળવા લાગ્યા.

હિંસક મંત્રી બોલ્યો કે—"સિંધુનદીના કિનારા ઉપર સિંધુ નામે દેશ છે. સિંધુનદી મોટા પર્વતમાંથી નીકળી છે. તે પર્વતના શિખરો બહુ શોભિત દેખાય છે. ત્યાંથી નિકળીને સિંધુનદી સમુદ્રને મળવા માટે ઉતાવળી દોડી જતી હોય તેમ દેખાય છે અને તેમાં ફરતી નૌકાઓ દૂતીપણું કરતી હોય એમ જણાય છે. ત્યાંના લોકો પ્રાયે સરલ સ્વભાવી હોય છે, ખાર (ઇર્ષ્યા) વિનાના છે. તે લોકોની અસર સમુદ્રને થયેલી છે તેથી તે પણ ત્યાં ખાર વિનાનો (મીઠો) છે. સિંધુદેશમાં સિંહલપુરી નામે મુખ્ય નગરી છે, તે બહુ સુંદર છે. તે નગરીમાં ચોરાશી તો ચૌટા છે. ત્યાં જન્મ લેનારા મનુષ્યો પુન્યશાળી ગણાય છે. ત્યાં કનકરથ નામે રાજા છે. તે રૂપે કામદેવ જેવો છે અને શત્રુરૂપી વૃક્ષોને નમાવવા માટે પ્રચંડ પવન જેવો છે. તેને કનકવતી નામે મહા ભાગ્યશાળી પટરાણી છે. તે પતિની ભક્તિમાં લયલીન ચિત્તવાળી છે અને રતિ જેવી રૂપવંત હોવા સાથે ખરેખરી સતી છે. તે રાજાનો હું હિંસક નામે મંત્રી છું. રાજાનું મને બહુ માન છે અને રાજ્યના તમામ કામનો હું કરનારો છું. ચોથી

આ કપિલા નામે ધાવ્ય છે, તે પિયુષથી ભરેલા પયોધર-
વાળી ને બ્રહ્માની પુત્રી જેવી છે. આ રાજાને સંખ્યાબંધ
ચતુરંગીણી સેના છે અને પારાવાર ઋદ્ધિ છે કે જેને જોઈને
ધનદ પણ લજ્જા પામે છે. તેની આખી પ્રજા ધનપાત્ર છે
દારિદ્રને તો ત્યાં કોઈ જાણતું પણ નથી, તે સાથે ત્યાં પંડિતો
પણ ઘણા વસે છે કે જે પરવાદીને જીતવાને મહા સમર્થ છે
ત્યાંની સ્ત્રીઓ પણ ચપળ, સુંદર સ્વભાવવાળી અને શાંત છે

એકદા કનકવતી રાણી પોતાના આવાસમાં બેઠી હતી
તેવામાં પુત્રની ચિંતા ઉત્પન્ન થઇ એટલે તેના નેત્રમાંથી
અશ્રુની ધારા ચાલી, તેનું હૃદય ભીંજાઇ ગયું, મુખે નિસાસા
કાઢવા લાગી અને જળવિના માછલી ટળવળે તેમ ટળવળવા
લાગી. એવી સ્થિતિ પોતાની સ્વામીનીની જોઇને તેની દાસી
એકદમ ઉતાવળી રાજા પાસે ગઈ અને તે હકીકત નિવેદન
કરી. એટલે રાજા દોડતો રાણી પાસે આવ્યો. તેને અનેક
પ્રકારે આશ્વાસન આપીને રાજાએ કહ્યું કે—" હે ચંદ્રાનને
તું આમ દિલગીર કેમ થઇ છે ? આ દક્ષિણી ચીર બધું
ભીંજવી નાખ્યું છે, તેનું કારણ શું છે ? તારી આજ્ઞા કોઈ
લોપી છે ? તેનું નામ કહે એટલે તેને સજા કરૂં કે ફરીને કોઈ
તારી આજ્ઞા લોપે નહીં. તારે કોઈ વાતની ખામી નથી, તું
મારી પ્રાણાધાર છે, તો તને શી ચિંતા ઉત્પન્ન થઇ છે તે કહે."

સિંહલરાજાનાં આવાં વચનો સાંભળીને કનકવતી રાણી
બોલી કે—" હે સ્વામિન્ ! તમારી કૃપા હોવાથી મારી
આશા માત્ર પૂર્ણ થયેલી છે. તમારી મારા ઉપર સુનજર

તો પછી મારી આજ્ઞા કોણ લોપી શકે તેમ છે ? હું તમારા જેવા પ્રાણેશ્વર પામી છું તેથી રોજ નવા નવા વેશ પહેરૂં છું જેવા ઇંદ્રાણીએ પણ દીઠા નહીં હોય. મનને ભાવતા ભોજન ખાઉં. ક્ષણે ક્ષણે નવા નવા આભૂષણો પહેરૂં છું કે જે જોઈને દેવતાઓ પણ સંશય પામે છે કે આ કોણે ઘડ્યા હશે ? અનેક પ્રકારનાં સુગંધી દ્રવ્યોનું વિલેપન કરૂં છું કે જેથી ભમરો તો મારો કેડોજ છોડતા નથી. એમ બધા પ્રકારનું મને સુખ છે; પણ હે સ્વામિન ! એક પુત્ર વિના તે સુખ નકામું છે. એ સુખ તૃણતુલ્ય છે. મારૂં જીવિત પણ નિષ્ફળ છે. રણવગડાના ફુલની જેમ મારો અવતાર અલેખે છે. પુત્ર વિનાના ધનવંતનું સવારમાં કોઈ મુખ પણ જોતું નથી. જમીનપર આળોટતા, રડતા, પડતા, તોતડું તોતડું બોલતાં, ધુળવાળે શરીરે ખોળામાં આવીને બેસતા અને લાકડીનો ઘોડો કરીને શેરીમાં રમતા એવા પુત્ર જેને છે તેનો અવતાર સફળ છે. પુત્ર કીર્તિને વધારનાર છે, વંશને વિસ્તારનાર છે, પુત્રથી સંપત્તિ પ્રાપ્ત થાય છે, ગયેલા ગરાસ પાછા મળે છે, વૃદ્ધપણામાં સુખ આપે છે અને અનેક પ્રકારના આનંદ આપનારૂં તે સાધન છે. તેવો પુત્ર મારે ન હોવાથી હું તેનીજ ચિંતા કરૂં છું. મને તે સિવાય બીજી કશી ચિંતા નથી."

રાજાએ રાણીની બધી વાત સાંભળી હસીને કહ્યું કે—"હે મા, પ્રિયા ! તમે એ વાતની ચિંતા તજી દો, મનમાં ધૈર્ય ધારણ કરો, આપણે મંત્રતંત્રાદિક અનેક યત્ન કરીશું કે જેમ તમને પુત્ર પ્રાપ્ત થાય. આશી તો તમે પણ [illegible] છો. કે

આ કપિલા નામે ધાવ્ય છે, તે પિયુષથી ભરેલા પયોધર [illegible] વાળી ને બ્રહ્માની પુત્રી જેવી છે. આ રાજાને સંખ્યાબં[illegible] ચતુરંગીણી સેના છે અને પારાવાર ઋદ્ધિ છે કે જેને જોઈ[illegible] ધનદ પણ લજ્જા પામે છે. તેની આખી પ્રજા ધનપાત્ર [illegible] દારિદ્રને તો ત્યાં કોઈ જાણતું પણ નથી, તે સાથે ત્યાં પંડિ[illegible] પણ ઘણા વસે છે કે જે પરવાદીને જીતવાને મહા સમર્થ [illegible] ત્યાંની સ્ત્રીઓ પણ ચપળ, સુંદર સ્વભાવવાળી અને શાંત [illegible]

એકદા કનકવતી રાણી પોતાના આવાસમાં બેઠી હતી [illegible] તેવામાં પુત્રની ચિંતા ઉત્પન્ન થઇ એટલે તેના નેત્રમાં[illegible] અશ્રુની ધારા ચાલી, તેનું હૃદય ભીંજાઇ ગયું, મુખે નિસાસ[illegible] કાઢવા લાગી અને જળવિના માછલી ટળવળે તેમ ટળવળ[illegible] લાગી. એવી સ્થિતિ પોતાની સ્વામીનીની જોઇને તેની દાસ[illegible] એકદમ ઉતાવળી રાજા પાસે ગઈ અને તે હકીકત નિવેદ[illegible] કરી. એટલે રાજા દોડતો રાણી પાસે આવ્યો. તેને અને[illegible] પ્રકારે આશ્વાસન આપીને રાજાએ કહ્યું કે—"હે ચંદ્રાનને[illegible] તું આમ દિલગીર કેમ થઇ છે? આ દક્ષિણી ચીર [illegible] ભીંજવી નાખ્યું છે, તેનું કારણ શું છે? તારી આજ્ઞા કો[illegible] લોપી છે? તેનું નામ કહે એટલે તેને સજા કરૂં કે ફરીને [illegible] તારી આજ્ઞા લોપે નહીં. તારે કોઇ વાતની ખામી નથી, [illegible] મારી આજ્ઞાધાર છે, તો તને શી ચિંતા ઉત્પન્ન થઇ છે [illegible]

સિંહલરાજાનાં આવાં વચનો સાંભળીને કનક[illegible] બોલી કે—"હે સ્વામિન્! તમારી કૃપા [illegible] મારા માટે પૂર્ણ થએલી છે. તમારી મારા ઉપર [illegible]

પછી મારી આજ્ઞા કોણ લોપી શકે તેમ છે ? હું તમારા જેવા પ્રાણેશ્વર પામી છું તેથી રોજ નવા નવા વેશ પહેરૂં છું જેવા ઈંદ્રાણીએ પણ દીઠા નહીં હોય. મનને ભાવતા ભોજન કરૂં છું, ક્ષણે ક્ષણે નવા નવા આભૂષણો પહેરૂં છું. કે જેને દેવતાઓ પણ સંશય પામે છે કે આ કોણે ઘડ્યા હશે ? અનેક પ્રકારનાં સુગંધી દ્રવ્યોનું વિલેપન કરૂં છું. કે જેથી ભમરો તો મારો કેડોજ છોડતા નથી. એમ બધા પ્રકારનું મને સુખ છે; પણ હે સ્વામિન ! એક પુત્ર વિના તે સુખ નકામું છે. એ સુખ તૃણતુલ્ય છે. મારૂં જીવિત પણ નિષ્ફળ છે, રણવગડાના ફુલની જેમ મારો અવતાર અલેખે છે. પુત્ર વિનાના ધનવંતનું સવારમાં કોઈ મુખ પણ જોતું નથી. જમીનપર આળોટતા, રડતા, પડતા, તોતડું તોતડું બોલતાં, ધુળવાળે શરીરે ખોળામાં આવીને બેસતા અને લાકડીનો ઘોડો કરીને શેરીમાં રમતા એવા પુત્ર જેને છે તેનો અવતાર સફળ છે. પુત્ર કીર્તિને વધારનાર છે, વંશને વિસ્તારનાર છે, પુત્રથી સંપત્તિ પ્રાપ્ત થાય છે, ગયેલા ગરાસ પાછા મળે છે, વૃદ્ધપણામાં સુખ આપે છે અને અનેક પ્રકારનો આનંદ આપવાનું તે સાધન છે. તેવો પુત્ર મારે ન હોવાથી હું તેનાજ ચિંતા કરૂં છું. મને તે સિવાય બીજી કશી ચિંતા નથી."

રાજાએ રાણીની બધી વાત સાંભળી લઈને કહ્યું કે-"હે પ્રાણપ્રિયા ! તમે એ વાતની ચિંતા તજી દ્યો, મનમાં હર્ષ ધારણ કરો, આપણે મંત્રતંત્રાદિક અનેક પ્રયત્ન કરીશું કે જેથ તમને પુત્ર પ્રાપ્ત થશે બાકી તો તમે પણ જાણો છો કે

એ વાત કોઇના હાથમાં નથી." આ પ્રમાણે રાણીને દિલાસો આપીને પછી રાજાએ મને તેડાવ્યો અને મારી પાસે રાણીની બધી વાત કહી. મેં બુદ્ધિપૂર્વક વિચાર કરીને કહ્યું કે-"હે રાજન્ ! તમે અઠ્ઠમ તપ કરીને કુળદેવીને આરાધો. અને તેને પ્રસન્ન કરીને પુત્રનું સુખ મેળવો." રાજાએ તે વાત કબુલ કરી. બીજેજ દિવસે રાજાએ અઠ્ઠમ કર્યો અને કુળદેવીને આરાધવા એકાંતે બેઠો. ત્રણ દિવસ પૂર્ણ થયા એટલે કુળદેવી પ્રગટ થઇ. તે જમીનથી ચાર અંગુળ અધર રહેલી હતી, તેના કંઠમાં અમ્લાન પુષ્પોની માળા હતી, તેના નેત્ર મટકું મારતા નહોતા, તેનું મુખ પ્રસન્ન હતું, નેત્ર કરૂણાવાળા હતા, શરીર પવિત્ર હતું અને અનેક આભૂષણો તેણે ધારણ કરેલાં હતાં. તેણે પ્રગટ થઇને રાજાને કહ્યું કે-"હે નૃપતિ ! તેં મને કેમ આરાધી છે તે કહે. હું તારાપર પ્રસન્ન થઇ છું. તેથી તારે જે જોઇતું હોય તે માગ, હું તારૂં મન ઇચ્છિત આપીશ."

આ પ્રમાણેનાં દેવીનાં વચનો સાંભળીને રાજા હાથ જોડી તેને કહેવા લાગ્યો કે-"હે કુળદેવી માતા ! તું સેવા કરી સતી કુળની વૃદ્ધિ કરનાર છો, સમૃદ્ધિને આપનાર છો અને દુઃખને દૂર કરનાર છો. મેં તારી પુત્રનિમિત્તે આરાધના કરી છે. જો પુત્રથી આસન સાંકડું થાય, જ્ઞાનથી હૃદય સાંકડું થાય ને મુનિ મહારાજના પધારવાથી ઘર સાંકડું થાય તો જાણવું કે તેનું સુકૃત ખપી ગયેલું છે. હે માતા ! તમારે મારી પ્રાર્થના પૂર્ણ કરવીજ પડશે, કારણ કે પુત્રવિના તમે પણ પૂજા

કરી, પણ છેવટે રાજા ને મંત્રીએ મળીને અનેક પ્રકારના કુડ-
કપટથી ચંદરાજાના ચિત્તને રીઝવ્યું. એટલે ઉંડા વિચાર
કરીને ચંદરાજાએ પરણી આપવાની હા પાડી. તેથી સિંહ-
લરાજા ઘણો હર્ષિત થયો અને એકદમ વરને શણગારવાની
અને વરઘોડાની તૈયારી કરવા માંડી. ચારે બાજુ આનંદના
વાજીંત્રો વાગવા માંડ્યા.

પ્રકરણ ૮ મું.

હવે ચંદરાજાને ન્હવરાવી ઉત્તમ વસ્ત્રાભૂષણો પહેરાવ્યાં અને વરઘોડાને લગતી બીજી તમામ પ્રકારની તૈયારી કરી. સિંહલરાજાને ઉતારેથી વરઘોડો આગળ ચાલ્યો. લોકો ચારે તરફ જોવાને હળીમળી રહ્યું. લોકો કહેવા લાગ્યા કે–'જુઓ! સિંહલરાજાનો પુત્ર કનકધ્વજ વરરાજા અપ્રતિમ રૂપશાળી ચાલ્યા આવે છે.' એ વખતે હજારો દીપકો ચારે બાજુ પ્રકટાવેલા છે તે જોવા સૂર્ય તો રાત્રિ હોવાથી આવી શકયો નથી, પરંતુ પોતાના કીરણોને જાનૈયા તરીકે મોકલ્યા હોય એમ જણાય છે. એ વખતે દિનકરને વાહને ચંદ્રમા ચડયો લાગે છે અને જેમ ચંદરાજા વરઘોડે ચડયા છે; છતાં કનકધ્વજ ગીતમાં ગવાય છે તેમ ચંદ્રની શોભા પણ વધી પડી છે. કેટલાક કહે છે કે 'આ તો કનકધ્વજ નહીં–કોઇ બીજો જણાય છે.' વળી કેટલાક કહે છે કે–'આપણે કનકધ્વજને કયાં જોયો હતો, માત્ર સાંભળ્યો હતો અને જેવો સાંભળ્યો

હતો તેવો તો અત્યારે દેખાય છે. આવો અપૂર્વ રૂપવંત વર મળવાથી આપણા નૃપની પુત્રી બહુ ભાગ્યશાળી જણાય છે. આની માતાને પણ ધન્ય છે કે જેણે આવા પુત્રને જન્મ આપ્યો છે. આના રૂપની પાસે દેવનું રૂપ પણ કાંઈ હીસાબમાં નથી.'

વરઘોડો ધીમે ધીમે ચાલતો અને લોકોની વરને જોવાની મનોવૃત્તિને સંતુષ્ટ કરતો તોરણ પાસે આવ્યો. સ્ત્રીઓ પણ વેવાઈનું ઘર પાસે આવવાથી બમણા જોસથી ગીત ગાવા લાગી. પછી વરઘોડા ઉપરથી ઉતર્યા અને સાસુએ ગોરે બતાવેલી વિધિ પ્રમાણે વિધિ કરીને-પોંખીને મંડપમાં લીધા. વર માતૃગૃહ (માયરા) માં બેઠા એટલે પ્રેમલાલચ્છી (કન્યા) ને લાવીને તેની સામે બેસાડવામાં આવી. તે બંનેની જુગતી જોડી જોઈને સર્વે લોકો કહેવા લાગ્યા કે-' આતો બરાબર કામદેવ અને રતિની જેવી જોડી મળી છે. પ્રભુ આ જોડીને અખંડ રાખજો.' આ પ્રમાણે સર્વ માણસો આશીર્વાદ આપવા લાગ્યા.

હવે વીરમતી ને ગુણાવળી પણ નગરમાં ફરી ફરીને ત્યાં વરને જોવા માટે આવ્યા અને એકીટસે તેને જોવા લાગ્યા. તે વખતે વરકન્યાને ચોરીમાં લાવવામાં આવ્યા અને ચારે મંગળ વર્ત્યા. વિધિપૂર્વક લગ્નક્રિયા પૂરી થઇ. તે વખતે ગુણાવળી સાસુને કહેવા લાગી કે-" હે બાઈજી ! આ વર તો આપણો ઓળખીતો છે. એ તમારા પુત્ર જ છે. હું વીશે વિશ્વા કહું છું કે એમાં ફેર નથી." વીરમતીએ તેનું કહેવું

તદ્દન અસંભવિત હોવાથી માન્યું નહીં અને તે તરફ ધ્યાન પણ આપ્યું નહીં. એટલે વરને બરાબર નિહાળી જોઇને ફરી ગુણાવળી બોલી કે–" અરે બાઇજી ! હું કહું છું તે ખરેખરૂં છે. આ મારા પ્રીતમજ છે અને અહીં પરણવાથી આ પ્રેમલાલચ્છી સાચેસાચી મારી શોકય થઇ છે. આપણે બે જેમ આવ્યા તેમ એ પણ કોઇ રીતે આવ્યા જણાય છે. મને એ વાતમાં પૂરેપૂરો સંદેહ પડયો છે. " સાસુ બોલ્યા કે–" અરે વહુ ! એવી કચપચ શામાટે કરે છે અને ખોટો સંદેહ શા માટે લાવે છે ? ચંદ તો આભાપુરીમાં સુતો છે અને આ તો કનકધ્વજ કુમાર છે. હું તને કહેતી હતી કે ચંદ કરતાં પણ સુંદર મનુષ્યો હોય છે તેનું આ પ્રત્યક્ષ પારખું છે. તું ચંદ ચંદ શું ઝંખ્યા કરે છે ? તારો પતિ તો ગારૂડી જેમ નાગને બાંધી રાખે તેમ મંત્રથી બંધાઇને ઉંઘમાં પડેલો છે, તે આપણે જઇને છોડશું ત્યારે છુટશે. તું મારૂં વચન માન અને આમ ભોળી થઇને જેને તેને ચંદ કહેવાનું છોડી દે. આ જગતમાં સરખે સરખા પણ લાખો મનુષ્યો હોય છે. " સાસુનાં આ પ્રમાણેનાં વચનો સાંભળી ગુણાવળી મૌન રહી પણ તેના માનવામાં તેની વાત આવી નહીં.

હવે અહીં મકરધ્વજ રાજા વરને જોઇને બહુજ રાજી થયો અને પોતાને આવો જમાઇ મળ્યો તેને માટે પોતાના આત્માને ધન્ય માનવા લાગ્યો. તે વિચારે છે કે 'આવા અનુપમ રૂપવાળા વરને વિધાતાએ કેવી રીતે ઘડ્યો હશે ! મારી બેટી જેવી ગુણની પેટી છે, તેવોજ તેને વર પણ મળ્યો છે.

ભેદ ન પામવાથી પ્રેમલા હાથમાં પાસા લઇને પોતાની ચતુરાઇથી બોલવા લાગી કેઃ—

वसिओ ससि आगासे, विमलपुरे उग्गमीओ जहासुखं ।
जेणाभिभूओ जोगो, स करिस्सइ तस्स निव्वाहो ॥

આમાં પ્રથમ ચંદરાજા બોલ્યા કે–" આભાપુરીમાં વસનારો ચંદ્ર વિમળાપુરીમાં ઉગ્યો, (આવ્યો) પરંતુ આ અપ્રાર્થિત પ્રેમનો નિર્વાહ વિધિને હાથ છે. એટલે આ પ્રેમ કાંઇ માગ્યો મળ્યો નથી–અણમાગ્યો થયો છે. તેનો નિર્વાહ તો વિધાતા અનુકૂળ થાય તોજ થઇ શકે. " તેનો ભાવાર્થ પ્રેમલાલચ્છી સમજી નહીં તેથી તેણે આભાપુરીને આકાશ માની ઉત્તર આપ્યો કે—" આકાશમાં વસનારો ચંદ્ર યથા સુખ (આનંદ) વિમળાપુરીમાં અત્યારે ઉગ્યો છે. તો જેના વડે તેનો ને આકાશનો યોગ થયો છે તેજ તેનો નિર્વાહ પણ કરશે–અર્થાત્ વિધાતાજ તેનો નિર્વાહ કરશે. "

આ પ્રમાણેનાં ભાવાર્થવાળી પ્રેમલાલચ્છીની કહેલી ગાથા સાંભળીને ચંદરાજાએ જાણ્યું કે—' આ ભોળી નિપુણ છતાં મારા કહેવાનો ભાવાર્થ સમજી શકી નહીં તો હવે સ્પષ્ટ સમજાવું. ' એમ વિચારી પાસા હાથમાં લઇ રસમાં ને રસમાં બોલ્યા કે—

> પુરવ દિશિ એક આભાનગરી, ચંદ નૃપતિ તિહાં રાજા;
> છે તસ મંદિર રમવા જેવા, સારી પાસા તાજા.
> નવિ છે તેહવા ક્યાંએ સગાઇ, તે હોય તો ઇહાં રમીએ;
> કેસર પાન રમંત ગુણવંતી, રાતલડી કિમ ગમીએ.

દુર્લભ મેળો મૂકવાનું મન થતું નથી, પણ આવો પ્રસંગ હજા-
વાર મેળવી શકશો. માટે હવે તમે ઝટ નીકળી જાઓ. આ પ્રમા-
ણેનાં તેના વચન સાંભળીને ચંદરાજાએ તરતજ નિકળવાની
તૈયારી કરી; કારણ કે તેઓ થોડો હુંકારો સહન કરી શકતા નથી.
જગત રણસંગ્રામને ભલે શૂરવીર કહે, પણ ખરા શૂરા તો વચન-
શૂરા (વચન પાળનારા) હોય તેજ છે. જુઓ ! એક વચનને
માટે પરણેલી સ્ત્રીને તજી દેવા ચંદરાજા તૈયાર થયા, લગાર
પણ આનાકાની કરી નહીં.

[illegible] રથ તૈયાર કરવામાં આવ્યો હતો તેમાં ચંદરાજા
પ્રેમલા સહિત બેઠા. એટલે કન્યાને લઈ સિંહલરાજા વાજતે
ગાજતે પોતાને ઉતારે આવ્યા. માર્ગમાં યાચકોને પુષ્કળ
[illegible] ઉતારે આવ્યા પછી ચંદરાજા પ્રેમલાની

અને હું જઇ પણ શકીશ નહીં.' આમ વિચારીને સર્પ કાંચળી છોડે તેમ પ્રેમલાની ઉપેક્ષા કરીને તે ઉઠ્યા એટલે પ્રેમલા બોલી કે—'સ્વામી! કયાં પધારો છો!' ચંદ બોલ્યા— 'દેહચિંતા માટે જાઉં છું.' પ્રેમલા પાણીની ઝારી ભરીને સાથે ચાલી. ચંદરાજાએ સાથે આવવા ના પાડી, પણ તેને કપટ ભાસ્યું એટલે તે વારી રહી નહીં. તેથી ચંદરાજા દેહ પવિત્ર કરી પાછા આવ્યા. તે વખતે હિંસક અન્યોક્તિ કરી બોલ્યો કે— 'હે નિશિભૂપ! વહેલો થા, જો તને દિનકર દેખશે તો તારૂં રૂપ પ્રગટ થઈ જશે.' ચંદરાજા આ અન્યોક્તિ સમજ્યો અને તેથી વારંવાર દ્વારપાસે જવા લાગ્યો. પરંતુ પુષ્પની પાછળ સુગંધ જાય તેમ પ્રેમલા દરેક વખતે તેની પછવાડે જવા લાગી. એટલે ચંદરાજા તેને છેતરી શકયો નહીં. પછી સ્નેહથી ઘેલી થયેલી પ્રેમલાએ તેને હાથવડે ખેંચી લાવી શય્યાપર બેસાડ્યા અને અનેક પ્રકારે સ્નેહ બતાવી કહેવા લાગી કે—" આમ ક્ષણ ક્ષણમાં શું ર્યા કરો છો? ક્ષણમાં બહાર જાઓ છો ને ક્ષણમાં અંદર આવો છો તેનું શું કારણ? પહેલા સમાગમમાંજ આવું કપટ કેમ કરવા માંડયું છે? આમ કરશો તો આપણા સ્નેહનો નિર્વાહ પણ કેમ થશે? પહેલા કવળમાંજ મક્ષિકા આવશે તો પછી તે ભોજનમાં સ્વાદ શું રહેશે? તમે પહેલી રમતમાંજ આવો વેશ શું કાઢી બેઠા છો? આમ થશે તો પછી તમે પ્રીતિનો પૂર્ણ નિર્વાહ કેમ કરશો? માટે ચળચિત્તપણું છોડી દ્યો અને જેણે તમારી સાથે ખળતા કરી હોય તેના મુખપર ધૂળ પડો. હે સ્વામિન તમને મળવાની

અત્યંત આકાંક્ષા હતી તેથી સંયોગ તો થયો; પરંતુ તેમાં તમારા ચળચિત્તપણાથી ઇચ્છા હતી તેવી મીઠાશ આવતી નથી. બાકી તમે જે ગાથા કહી છે તેથી હું તમારો ભેદ જાણી ગઈ છું, એટલે હવે તમને કોઈ રીતે જવા તો દઈશ જ નહીં. માટે હે વાલમ! મને આશાભરેલીને નિરાશ ન કરો. હું તમે જે કહો તે કરવા કબુલ છું. હું તમારા પગની મોજડી સમાન છું ને તમે મારા માથાના મુગટ છો. હું તમારે પગે પડું છું. તમારી પાસે ખોળો પાથરું છું. તમે શા માટે મોઢું મચકોડીને બેસી રહ્યા છો? પ્રસન્ન કેમ થતા નથી? જો હું કાંઈ તમારૂં મન રાખી શકી ન હોઉં તો તે અપરાધ ક્ષમા કરો, કેમકે હું તો બાળકબુદ્ધિ છું. વળી હે સ્વામી! ક્યાં વિમળાપુરી ને ક્યાં આભાપુરી? મારો ને તમારો મેળાપ ક્યાંથી? એ તો કોઈ વિધાતાએ લખેલી વાત બની આવી છે. તમે કહેલી વાત હું સમજી શકી નથી એમ જાણશો નહિ. હું [illegible] ન સમજું. વળી જાણ્યો ગ્રહ પીડતો [illegible] તો તમારી શોભા ઘટશે. [illegible] નથી [illegible] તમારા સાસરાએ લેવા [illegible] નથી [illegible] કોઈ વાતની ઇચ્છા હોય [illegible] જમાઈ [illegible] હોય. પણ આમ વગર [illegible] નહીં. આ તો બાળકની [illegible] મુનિરાજને ઘટે છે. [illegible] વાતચિત કરો. વળી [illegible] તે હું ભૂલી જવાની

નથી. કદી તમે મને ઉવેખીને ચાલ્યા જશો તો તમારૂં ઠેકાણું પૂર્વદિશાએ આભાપુરીમાં છે તે જાણતી હોવાથી ત્યાં આવીને પણ મળીશ."

આ પ્રમાણેનાં પ્રેમલાનાં વચનો સાંભળીને ચંદરાજા બોલ્યા કે "હે પ્રિયા! તું હઠ શા માટે કરે છે? વિધાતાએ લખેલા લેખમાં અણુમાત્ર પણ ઓછું કે વધતું થવાનુંજ નથી. આ કથા કહેવાય તેવી નથી. બાંધી મુઠી લાખની છે. તું ચતુર થઇને કેમ ચૂકે છે? તારા મનને વશ રાખ. મારાથી પણ તારો સ્નેહ છાડાતો નથી, પરંતુ સાપે છછુંદર ગળ્યા જેવું થયું છે ત્યાં મારો ઉપાય નથી." આ પ્રમાણે કહીને તેણે પ્રેમલાને ઘણું સમજાવી પણ તે કોઇ રીતે સમજી નહીં, તે તો તેનો છેડો પકડીને ઉભીજ રહી. ચંદરાજા ઘણું અકળાવા લાગ્યા પણ તેણે છેડો મૂકયો નહીં. એટલામાં હિંસકમંત્રી ધસમસતો અંદર આવ્યો અને કઠણ વચન કહીને જોરાવરીથી છેડો છોડાવી દીધો. એટલે પ્રેમલા મંત્રીની લાજ કાઢીને અંદર ચાલી ગઇ અને ચંદરાજા પરણી સ્ત્રીને તજીને બહાર નીકળ્યા

ત્યાંથી સિંહલરાજા પાસે જઇ ચંદરાજાએ કહ્યું કે– "તમારૂં કાર્ય સિદ્ધ થયું છે, પણ મેં રોતી સુંદરીને મૂકી છે તેની લાજ તમારા હાથમાં છે." આ પ્રમાણે કહી તેની રજા લઇને ચંદરાજા ઉતાવળો હાથમાં ખડગ લઇ બહાર ઉદ્યાનમાં આવ્યો અને સહકાર પાસે આવી તેના કોટરમાં સંતાઇ ગયો. એટલામાં હાથમાં કંબા લઇને વહુ સાથે વીરમતી પણ ત્યાં

આવી અને અડધો પહોરજ રાત્રી રહેલી હોવાથી એકદમ ઉતાવળી આંબા ઉપર ચડી ગઇ. એટલે તેની દૃષ્ટિ તેના કોટર તરફ ગઇ નહીં. સાસુ વહુ બંને ઉપર ચડી એટલે આંબો આકાશમાર્ગે ચાલ્યો અને આભાપુરીનો રસ્તો લીધો.

પ્રકરણ ૯ મું.

આભાપુરી પાછા જતાં આંબા ઉપર બેઠેલી વીરમતી વહુને કહે છે કે—"જો તું ઘરે રહી હોત તો આ નગરી ને કનકધ્વજ કુમારને તું કયારે દેખત ? હું આવાં નવાં નવાં કૌતુક તને રોજ બતાવીશ અને તારી હોંશ પૂરી કરીશ; પણ તારે મારી સાથે મનમેળ રાખવો પડશે. મારા વિના આટલો બધો આકાશમાર્ગ બીજુ કોણ અતિક્રમે ? ફક્ત સિદ્ધાંતમાં ચારણ મુનિની ગતિ અત્યંત કહી છે, બાકી પંખી તો બહુ જાય તો બાર યોજન જઇ શકે. મારી શક્તિ તો હદ વિનાની છે. જ્યાં પવન સંચરી શકે ત્યાં હું પણ જઇ શકું અને કોઇ ન કરી શકે તે કાર્ય હું કરી શકું."

સાસુના સ્વમુખે આવા વખાણ સાંભળીને ગુણાવળી બોલી કે "સાસુજી ! આપ કહો છો તે બધું સાચું છે. આપની શક્તિની આજે મને ખાત્રી થઇ, પરંતુ એક વાતમાં તમે ભૂલ ખાધી છે. તે એ છે કે કનકધ્વજ કુમારની જગ્યાએ જરૂર તમારા પુત્રજ હતા અને તેજ પ્રેમલાને પરણ્યા છે, એમાં મને જરાપણ અંદેશો નથી. આમાં જો મારી ભૂલ હશે તો

મને ઠબકો આપજો." વીરમતીએ કહ્યું કે—"હવે તું બહુ ડાહી થઇ ગઇ છે તે જાણ્યું! મારા પુત્રને ફોગટનો ઓલંભો આપે છે. તું તો જ્યાં જ્યાં રૂપવંત પુરૂષ દેખીશ ત્યાં ત્યાં ચંદજ કહીશ! પણ મને મારા પુત્રની ખાત્રી છે, કેમકે તે મારે વશ છે." આ વખતે વૃક્ષના કોટરમાં રહેલ ચંદરાજા વિચારે છે કે—'રખે જો આ મારી વાત જાણશે તો જરૂર હેરાન કરશે, તેથી કોઇ રીતે મારી વાત જણાય નહીં તો ઠીક.' આ પ્રમાણે તે વિચારે છે, સાસુ વહુ વાતો કરે છે અને વૃક્ષ અનેક નગરો ને પર્વતો ઉલંઘતું ચાલ્યું જાય છે. એમ ચાલતાં દૂરથી આભાપુરી દેખાણી. કુકડાઓ બોલવા લાગ્યા. પૂર્વ દિશા આનંદ પામી. એક બાજુથી અરૂણોદય થવાની તૈયારી થઇ અને બીજી બાજુથી ચંદ પણ આવી પહોંચ્યો. આંબો તેના વનમાં મૂળ સ્થાનકે આવી જમીનપર સ્થિર થયો. એટલે સાસુએ કહ્યું કે 'વહુ! આ આપણો બાગ આવ્યો; હવે વૃક્ષપરથી નીચે ઉતરો.'

પછી બન્ને જણા નીચે ઉતર્યાં, પરંતુ ભાગ્યયોગથી ચંદરાજા તે વખતે પણ તેમની નજરે પડ્યા નહીં. પછી તે બન્ને પવિત્ર થવા માટે નજીકની પુષ્કરણીમાં ગઇ એટલે ચંદરાજા કોટરમાંથી નીકળી ઉતાવળો પોતાના મહેલમાં આવ્યો અને વેશ બદલી નાખી નવો વેશ ધારણ કરી પોતાની શય્યામાં સુઇ ગયો. સાસુ વહુ પણ હસતાં રમતાં પોતાના મકાનમાં આવ્યા.

પછી ગુણાવળીને કંબા દઇને ચંદરાજા પાસે મોકલી

અને વીરમતીએ નગરલોકને આપેલી નિદ્રા અપહરી, લોક
સૌ જાગૃત થયું. અને પોતાના પ્રાતઃકાળ સંબંધી ષટ્કર્મ
કરવા લાગ્યા. રાત્રીની હકીકત કોઈના જાણવામાં ન આવી.
ગુણાવળી ઉતાવળી ઉતાવળી પોતાના મહેલમાં આવી. ત્યાં તેણે
પોતાના સ્વામીને નિદ્રામાં પડેલા દીઠા. ચંદરાજાએ પણ તેને
દીઠી. ગુણાવળીને એક તરફથી શાંતિ થઈ પણ બીજી રીતે
ખેદ થયો કે મેં પાપિણીએ સ્વામીને આવી ઘોર નિદ્રામાં
નાખી દીધા તે ઠીક ન કર્યું. પછી તેને જગાડવા કંબાના
ડબકારા દીધા. એટલે ચંદરાજા કપટથી આળસ મરડવા લા-
ગ્યા. તે વખતે ગુણાવળી અજાણી થઈને બોલી કે—"હે
નણદીના વીરા ! રાત્રિ વ્યતિત થઈ, પ્રભાત કાળ થયો, માટે
હવે ઉઠો. આજની રાત્રી તો મારે વૃથા ગઈ છે, કારણ કે મેં
આખી રાત ઉજાગરો કર્યો, પણ તમે તો જગાડતાંએ જાગ્યા
નહીં. એવા નિરાંતે ઉંઘી ગયા હતા કે જાણે સ્વપ્નામાં કોઈ
રાજ પામ્યા હો અથવા કોઈ રાજકન્યા સાથે પાણિગ્રહણ
કર્યું હોય એમ જણાય છે. હે નાથ ! હવે તો જાગો.
ઉદયાચળ ઉપર સૂર્ય ઉગ્યો છે. માટે આપના મુખનું મને
દર્શન આપો. હું ગંગાજળ ને દાતણ લઈને ઉભી છું. માટે
દંતધાવન કરી લ્યો. આ વખતે રાજપુત્રો તો અખાડામાં
જઈને મલ્લયુદ્ધ કરે. રાજસભાનો વખત પણ થઈ ગયો છે.
માટે હે માતુના જાયા ! હવે ઉઠો. આપ એટલા બધા મોડા
ઉઠો છો એમ જો વિમાતાના જાણવામાં આવશે તો તેના તરફથી
નકામો ઠપકો મળશે."

ગુણાવળીનાં આ પ્રમાણેનાં વચનો સાંભળીને ચંદરા
કપટનિદ્રા તજી હાંફલા ફાંફલા થઈને ઉઠયા. અને બોલ
કે—" બહુ વખત થઇ ગયો, સૂર્ય ઉગ્યાની પણ ખબર પ
નહીં, રાત્રીએ માવઠું થયું તેની ઠંડકથી મારૂં દીલ વધ
ઘેરાઈ ગયું તેથી રાણીજી ! મને ઉઠતાં વાર લાગી. પણ આ
તો તમને પણ આખી રાતનો ઉજાગરો લાગે છે. કેમકે આં
તે વાત કહી આપે છે. વળી આજ તો અત્યારથી જ પ્રી
વિશેષ બતાવવા માંડી છે. વળી આજની વાત રસીલી લ
છે, કેમકે તમે પણ વાણીચાતુરાઈ રંગ બતાવવા માંડયો
એમ જણાય છે કે આજે રાત્રે તમે કાંઇક ક્રિડા કરી આ
લાગો છો. આજના ઢંગ જ જુદા જણાય છે તો હવે અમને
તો કરો કે રાત્રે કયાં ગયા હતા ? પછી અમને જગાડવ
હેતાળી વાતો કરજો. "

ગુણાવળી બોલી કે—" હે નાથ ! હું આપના
હુકમ છોડીને કયાં જાઉં ? હું તો કાંઈ રાતની વાત જા
નથી; પણ તમે કાંઈ રાત્રી રમી આવ્યા લાગો છો. મા
આપની આજ્ઞા વિના મહેલ બહાર પગ પણ કેમ દેવાય ?
તમે ખરેખરી વાત કહી દો. "

આ પ્રમાણેનાં રાણીનાં વચનો સાંભળીને ચંદ
વિચારવા લાગ્યા કે ' આમાં આનો બિલકુલ વાંક નથી.
એક રાત્રીના પ્રસંગમાં જે સરલ અને સાચા બોલી હત
વાંકી અને અસત્ય બોલનારી થઇ પડી. આમાં વાંક
વિમાતાનો છે. જેમ શ્રીફળનું પાણી કર્પૂરના સંગમથી

રૂપ થઈ જાય છે તેમ સાધુજનો પણ દુઃસંગતિથી વિકાર પામી જાય છે. યંત્રની ઘડીના સંગમથી ઝાલરને પ્રહાર સહન કરવા પડે છે. દુષ્ટનો સંગ અંગારા જેવો છે. તે બધી સ્થિતિમાં નુકશાનજ કરે છે. વળી નારી, વારી, તલવાર, નેત્ર, અશ્વ ને નરેશ જેમ વાળીએ તેમ વળે છે.' આ પ્રમાણે વિચારીને બોલ્યા કે—"હે પ્રિયે ! હવે બીજી ત્રીજી વાત પડી મૂકીને રાત્રી ક્યાં રમી આવ્યા તે સાચું કહો." ગુણાવળી પતિને ભોળવવા માટે કલ્પિત વાત કહેવા લાગી.

"હે સ્વામી ! વૈતાઢ્ય પર્વત ઉપર **વિશાળા** નામે નગરી છે. ત્યાં **મણિપ્રભ** નામે વિદ્યાધર રાજા છે. તેને **ચંદ્રલેખા** નામે સ્ત્રી છે. રાત્રિદિવસ સુખ વિલાસ કરે છે. તમામ વિદ્યાધરોને પોતાની આજ્ઞાને આધીન બનાવી દીધા છે. અન્યદા ગુરૂ મહારાજ પાસેથી યાત્રાદિકનો અધિકાર સાંભળી યાત્રા કરીને આજ રાત્રીએ આભાનગરી ઉપર આવ્યા, તે વખતે વરસાદ થવાથી બહુ પવન નીકળ્યો એટલે તેનું વિમાન થંભાણું-ચાલી શક્યું નહીં. એટલે વિદ્યાધરીએ પૂછ્યું કે "હે સ્વામી ! આજે અહીં અકાળે વૃષ્ટિ કેમ થઈ અને આપણું વિમાન કેમ થંભાણું ?" વિદ્યાધર બોલ્યો— "એ વાત કહેવાની નથી. આપણે પારકી વાત કરવામાં નફો શો ?" એટલે તો વિદ્યાધરીએ હઠ લીધો કે "જરૂર કહો ને કહો." એટલે વિદ્યાધરે તેનાથી થાકીને કહ્યું કે—'આ આભાપુરી ઉપર કોઈ દેવતા રૂષ્ટમાન થયો છે, તેણે રાજાને પરિતાપ ઉપજાવવા આ વૃષ્ટિ કરી છે અને રાજાના પુણ્ય

પ્રતાપથી આપણું વિમાન થંભાયું છે.' ત્યારે એમણે કહ્યું કે "એવો કોઈ ઉપાય છે કે જેથી એ ફરીને આકાશમાં ન આવે, ને એવું આકાશમાં ઉડવા નો પ્રયત્ન કરતાં બંધ છે. વિદ્યાધર બોલ્યો કે "અરે ભાઈ એ શું થઈ શકે, જરૂર એક ઉપાય જાણું છું. તે એવો છે કે તેની વિધિ કહું તે પ્રમાણે કરે અને વિઘ્ન વિનાશ થઈ જાય." પછી વિદ્યાધરે તે સ્વામીને લઈને તમારી માતા પાસે આવ્યો અને કહ્યું કે "હે માતા! તમારા પુત્રના હિતનો ઉપાય બતાવું તે કહું તે સાંભળો." વિદ્યાધરે કહ્યું કે—"પવિત્ર વચનથી શ્રી સિદ્ધ-ચક્રજીના મહાપ્રભાવિક બિંબનું સ્નાત્ર કરીને તેની પાસે પંચ દિપક કરી તમે, રાતની ચારે પહોર જાગીને આખી રાત્રી પ્રભુના ગુણગાનવડે વાજિંત્રનાદ કરો અને પ્રભાત થાય ત્યારે આ કંભા લઈને તમારા પુત્રને અડાડજો કે જેથી તે સહજ થઇ જશે અને વિઘ્ન માત્ર નાશ પામશે. વિદ્યાધરે આ પ્રમાણે કહેવાથી આપની વિમાતાએ મને જોડાવી અને અમે આખી રાત્રી વિદ્યાધરે કહ્યા પ્રમાણે જિન ગુણ ગાનમાં વ્યતિત કરી. પછી કંભાવડે મેં આપને જગાડ્યા અને તે વિદ્યાધર સ્વસ્થાનકે ગયો. આ પ્રમાણેની અગારી રાત્રી સંબંધી હકીકત છે."

ચતુર ચંદ્રાવતએ તે બધી વાત સાંભળી હસીને કહ્યું કે—તમે સાચેસાચી વાત કરી. પતિવ્રતા સ્ત્રીનો એ ધર્મ જ છે કે પતિના હિતમાં તત્પર રહેવું. પતિને માટે સ્ત્રી અમૂલ્ય

પણ કરે, સુકૃત્ય તો વિશેષે કરે. સ્ત્રી નિરંતર પતિની ભક્તિ-
વાળી જ હોય અને માતા તો પુત્રનું હિત કરે તેમાં નવાઇ
જ શી ? તમે મારે માટે આખી રાત્રીનો ઉજાગરો કર્યો તે
મોટી મહેરબાની કરી. મારી અને તમારી સાચી પ્રીતિમાં એજ
ઘટે છે, તમે મારે માટે આખી રાત ઉજાગરો ન કરો તો
બીજું કોણ કરે ? હે ચંદ્રાનને ! હું તમારી વાત સાચીજ
માનું છું. મને તમારી પ્રતીતિ છે. આખી રાત્રી જિનગુ
ગવાય એવાં ભાગ્ય કયાંથી ? જિનેશ્વરની ભક્તિ કરવાથ
પ્રાણી ભવનો પણ પાર પામી જાય છે. તમે જેમ આખી રા
જિનગુણગાનમાં વ્યતિત કરી તેમ મને પણ મધ્યરાત્રી
એવું સ્વપ્ન આવ્યું કે-' જાણે તમે સાસુજીની સાથે અહીં
અઢારસો કોસ દૂર વિમળાપૂરીએ ગયા અને ત્યાં એક મ
રૂપવંત પુરૂષને પરણતો જોયો અને પાછા અહીં આવ્યા
મારા સ્વપ્નમાં ને તમારી વાતમાં ઘણુંજ અંતર છે,
સ્વપ્નાં સાચા શેનાં હોય ? તમે અનુભવ્યું તે સાચું ! એ
ખોટાની શંકા પણ કેમ કરી શકાય ? કારણ એમાં સાચું
તે તો પરમાત્મા જાણે. પણ આ સંસારની જેમ સ્વપ્ન એ
હોય છે અને પતિવ્રતા કહે તે સાચું હોય છે.

આવા પતિનાં વચન સાંભળી વિસ્મિત થ
ગુણાવળી પતિને ખોટા પાડવા માટે ' સ્વપ્નાં તો જૂઠાં
હોય છે ' એમ જણાવવા બોલી કે-" હે સ્વામિન !
શિવના પૂજારીએ સ્વપ્નામાં આખું શિવમંદિર સુખ
ભરેલ દીઠું, એટલે જાગીને તરત જ પોતાની જ્ઞાતિ

જમવાનું નોતરૂં આપી આવ્યો. પછી આવીને જોવા માંડયું તો મીઠાઈ બીલકુલ દીઠી નહીં. એટલે વિચાર્યું કે-ઘિવે બધી સુખડી અપહરી જવાય છે, એમ વિચારી બારણા બંધ કરીને સુતો. પાછલો પહોર દિવસ રહ્યો એટલે જ્ઞાતિવર્ગ બધો ત્યાં ભેળો થયો. તેણે ત્યાં ભોજન સામગ્રી બીલકુલ દીઠી નહીં, તેમ પૂજારીને પણ દીઠો નહીં. શિવમંદિરના દ્વાર પણ બંધ દીઠા. પછી તેને જગાડયો એટલે તે બોલ્યો કે- "જરા રાહ જુઓ, હમણાં ગત રાત્રીની જેવું સ્વપ્ન આવે ને સુખડી દેખું તો તેનાવડે તમને જમાડું. ઉતાવળા ન થાઓ." એટલે બધા બોલ્યા કે 'તું શું અમને સ્વપ્નાની સુખડી જમાડવાનો હતો? તે સુખડીથી શું માણસની ભુખ ભાંગતી હશે? માટે ઘેલો થઈ ગયો લાગે છે.' એમ કહી સૌ પોતપોતાને ઠેકાણે ગયા અને પૂજારી પણ મનમાં પસ્તાયો કે મેં ભૂલ કરી. માટે હે નાથ! સ્વપ્ના એવાં ખોટાં જ હોય છે. તમે મને સ્વપ્નામાં વિમળાપૂરીમાં જોઈ ને હું તો અહીં તમારી પાસે જ હતી. વળી જતાં આવતાં છત્રીશસેં કોસ થાય એટલું તે કેવી રીતે જવાય અવાય? માટે એ વાત કાંઈ માનવા જેવી નથી.

ચંદરાજાએ કહ્યું કે-"હું તો તમારી હાંસી કરૂં છું. મને તમારાં વચનનો પૂરેપૂરો વિશ્વાસ છે." માટે ચિંતા ન કરો.



तृतीय उल्लास.

પ્રકરણ ૧૦ મું.

ચંદરાજાના છેવટના વચનોથી ગુણાવળીના પગમાં કાંઈક જોર આવ્યું તેથી તે બોલી કે—" હે સ્વામી ! આ સ્વપ્ન સંબંધી ખ્યાલ બીલકુલ રાખશો નહીં અને જે વાતે રદ વધે તેવી વાત કરો. અમે આખી રાત તમારા માટે ઉજાગરો કર્યો તે તો તમારા હીસાબમાં પણ ન આવ્યો. ભલે તમે ધ્યાનમાં ન લ્યો, પણ પરમેશ્વર તો જાણે છે. એ તો જગતમાં ઉખાણો છે કે-ઘોડો વેગથી દોડે પણ અસવારને તેની ખબર ન પડે. તમે પણ તેમજ કરો છો. તમે અમારી વાત બધી હાંસીમાં કાઢી નાખો છો તેથી તમે ક્યાંઈકથી વણિકકળા શીખી આવ્યા લાગો છો. વળી તમે વાત કરીને ઉલટી દણામણી બતાવો છો. પણ હું ભોળી તે કાંઇ સમજી નહીં અને બધી વાત રાત્રે બની હતી તે તમને કહી દીધી. બાકી આવી હાંસી કરવી આપને ઘટતી નથી. કેમકે હસવામાંથી ખસવું થઇ જાય છે. ક્યાં હું ને ક્યાં વિમળાપુરી ? તમે મને ત્યાં ક્યાંથી દીઠી ? હું ઘરનો ઉંબરો તજીને બહાર જતી નથી તે એટલે દૂર આપના આજ્ઞા વિના શી રીતે જાઉં ? માટે એવી નકામી વાત કરવી પડી મુકો."

ચંદરાજા બોલ્યા કે—" રાણીજી ! એમાં રીસ શામાં ચડાવો છો ? જેમ તમારા મનમાં આવે તેમ ગાઓ, બજાઓ

તેમાં મારી ક્યાં ના છે ? મેં મારા સુપનની વાત કરી તેમાં તમને ખોટું કેમ લાગે છે ? મારી હસવાની તો ટેવ છે તે શું તમે આટલા વખતના પરિચયથી છતાં જાણતા નથી ? પણ મારૂં સ્વપ્નું ખોટું નથી એવો મને તો નિરાધાર છે સાચુ-ગડુનું સરખેસરખું જોડું મળ્યું છે તો ખુશીથી મોજ કરો. પણ કૃપા કરીને મને કોઈકવાર એવી મોજ બનાવજો, એમાં મારી શંકા ન રાખશો. તમારા કામ જેવું મારૂં પણ કામ થશે. ખીચડીની બાફમાં ઢોકળું સીઝી જશે. બાકી મેં આજ તમને 'ગોદડીમાંથી ગોરખ જાગે' તેમ ઓળખ્યા; આજ સુધી બરાબર ઓળખ્યા નહોતા."

આ પ્રમાણેનાં પતિનાં વચનો સાંભળીને ગુણાવતી બોલી કે-"હે વાલમ ! આપ વગરશુન્હે શા માટે મેણાં મારો છો ! આ વચનોથી તો આપનો પ્રેમ મારા પ્રત્યે પાતળો પડયો હોય એમ જણાય છે. તમે બોલી બોલીને હસતાં હાડ ભાંગો છો. મને લાગે છે કે કોઈ ચાડીયો તમને મળી ગયો છે કે જેણે મારી ખોટી ચાડી ખાધી છે. પણ હે સ્વામી ! હું વાંકી વાડ નીચે ન આવું અને ખાંડાની ધારપર ચાલું છતાં તમે વહેતા બળદને આર મારવા જેવું કરો છો. કંથને સુતો મેલે તેવી સ્ત્રીઓ હોય છે, પણ તેવી હું નથી આપ તે ખાત્રીથી માનજો. માટે આપ આવાં પ્રીતિનો નાશ કરનારાં વચનો ન બોલો તો ઠીક, પછી આપની મરજી."

આના જવાબમાં ચંદરાજા મૌનજ રહ્યા. એટલે ગુણાવળીએ પણ પોતાનું બાપણુ આગળ ચલાવ્યું નહીં; પરંતુ

ચંદરાજાના શરીર ઉપર વિવાહને લગતા કેટલાંક ચિન્હો
જોયાં હોવાથી એટલે જાણ્યું કે જરૂર કોઇપણ પ્રકારે સ્વામી
વિમળાપુરી અમારી પાછળ આવ્યા જણાય છે ને પ્રેમલાને
તેઓશ્રી પરણ્યા લાગે છે. આમ ચોક્કસ ખાત્રી થયા છતાં
પણ પતિ પાસે ખરી વાત માની નહીં, અને પતિને જગાડીને
[illegible] ઉતાવળી ઉતાવળી સાસુ પાસે દોડી ગઇ અને
તેમને ચંદરાજા સાથે થયેલી વાત કહેવા લાગી.

ગુણાવળી પોતાની સાસુને કહે છે કે—" હું તમને
આગાહી દેવા આવી છું. આપની સાથે એક રાત્રી આવવામાં
મારા નાથ ગયેલા છે. તેનું કારણ બીજું કાંઈ નથી, પણ
આપણી તમામ વાતો તેના જાણવામાં આવી છે. તમે બહુ
કુશળ મનાતા હતા. પણ તમારા કરતા મારા પતિની વિદ્યા
વિશેષ જણાય છે. હું તમને ત્યાં કહેતી હતી કે આ મારા પતિ
પરણ્યા છે, પણ તમે માનતા નહોતા; હવે સાચું ઠર્યું છે
મારા પતિ પ્રેમલાલચ્છીને પરણી આવ્યા છે. આ પૃથ્વીતળ
ઉપર જો કે કેટલીક સ્ત્રીઓ ડહી-વિચક્ષણ હોય છે, પરં
પુરૂષ પાસે તેનું ડહાપણ લેખામાં નથી, અર્થાત્ ગમે એટ
સ્ત્રીજાતમાં ડહાપણ હોય પણ પુરૂષ જેટલું નજ હો
આપણે બંનેએ મળીને તેને છેતરવા ધાર્યા, પણ તે ન છે
રાજા અને તેણે એકલાએ આપણને બંનેને છેતર્યા.
કહેતી હતી કે મારા પતિ છેતરાવા મુશ્કેલ છે, પણ ગરીબ
કહ્યું કોણ માને ? જરા વિચાર તો કરો કે જે રણસં
મમાં ધૈર્યતા બતાવનારા છે તે આથી કેમ છેતરાય ?

તમારા કહેવા પ્રમાણે ચાલી તો મારે તો રંગમાં ભંગ પડ્યો. જે જેને અનુકૂળ કાર્ય હોય તે તેનાથી બની શકે છે. બાકી બીજું કાર્ય કરવા જાય તો મારી જેવા હાલ થાય છે. હે સાસુજી ! તમારી કળા ને તમારી વિદ્યા હવે તમારી પાસેજ રહેવા દ્યો, મારે તેનો લાભ લેવો નથી. તમે પણ પોતાની બડાઈ હાંકીને મારા જેવીનો સ્વાર્થ બગાડશો નહીં. દેશ વિદેશ જોવા ગયા તો ધણીને દુહવવાનું થયું. આ તો 'નાક વીંધાવવા આવી ને કાન વિંધાવી ગઈ' એના જેવું થયું. મેં હજુ કાંઈ વાત માની નથી, પણ જેણે નજરે જોયું છે તેની પાસે ખોટું કેટલીવાર ચાલે ? અને એવી રીતે ખોટા પાડવામાં સાર પણ શો ? માટે હવે કહો કે આનો પ્રતિકાર શું કરવો ?"

ગુણાવળીનાં આવાં વચનો સાંભળીને વીરમતી બોલી કે—"તું એ વાતની ચિંતા ન કર, હું એનો ઉપાય કરૂં છું." આમ કહીને અત્યંત ક્રોધાયમાન થઇ હાથમાં તરવાર લઈ એકદમ તે ચંદરાજા પાસે આવી અને તેને અકસ્માત જમીનપર પાડી દઈ છાતીપર ચડી બેઠી. પછી કહ્યું કે—"અરે દુષ્ટ ! પાપીષ્ટ ! તેં વહુને શું કહ્યું ? બોલ ! આજથી તેં મારાં છીદ્ર જોવા માંડ્યાં છે તો તું મારી વૃદ્ધાવસ્થા શું પાળીશ ? મારાથી દેવતા પણ ડરે તો તારો શો ભાર ? આ તો કીડી સોનૈયાપર ચડી એટલે અભિમાનમાં આવી ગઈ ! તું જાણતો હઈશ કે હું રાજા છું, મને રાજ્ય મળ્યું છે. પણ તે બધું મારૂં આપેલું છે. હું રાજ્ય કરવાને શક્તિવાન છું. તારી

આપને કહેવા યોગ્ય નથી, પણ મારા ઉપર કૃપા કરી તેને અસલ સ્થિતિમાં મૂકો. ગમે તેવો પણ તે તમારો પુત્ર છે. વળી તેનાથી રાજ શોભશે. તેના વિના રાજ કોણ કરશે? પંખી રાજા કયાંઇ સાંભળ્યા નથી. ”

આ પ્રમાણે ગુણાવળીએ ઘણી પ્રાર્થના કરી, પણ વીરમતીનો રોષ ઓછો થયો નહી. તેણે છેવટે ચીડાઇને કહ્યું કે—“ હવે ઝાઝું બોલ બોલ કર નહીં. મને વધારે છેડવામાં માલ નથી. તારે પણ કુકડી થવાની ઇચ્છા હોય તો હવે બોલજે. ” વીરમતીનાં આવાં ક્રૂર વચન સાંભળી ગુણાવળી ચુપ થઈ ગઇ અને વીરમતી ત્યાંથી પોતાના મકાનમાં ચાલી ગઇ. અહો ! ઘડીમાં શું બની ગયું ? મોટો ધુરંધર રાજા પક્ષી બની ગયો ! વિધાતાના લખેલા લેખ ફેરવવા કોઇ શકિતવાન્ નથી.

વીરમતીના ગયા પછી ગુણાવળી કુકડાને ખોળામાં લઈ હાથવડે પસવારતી અને આસું વડે ન્હવરાવતી બોલવા લાગી કે—“હે નાથ ! જે મસ્તક ઉપર મુકુટ બીરાજતો હતો તે મસ્તક ઉપર અત્યારે રાતા પીંછાંનું છોગું છે, જે શરીર ઉપર આછા વાઘા તમે પહેરતા હતા તે શરીર પીંછાઓ વડે ઢંકેલું છે, જે કટી ઉપર તરવાર બાંધતા હતા તેને બદલે માત્ર વાંકા નખ છે, જે સૂર્યોદય થયે ઉઠતા હતા તે હવે પાછલી રાત્રે જાગનારા થયા છે, જે ભાવતા ભોજન કરતા હતા તે હવે ઉકરડા તરફ દૃષ્ટિ કરનારા થયા છે, જે મુખે ઉત્તમ શબ્દો બોલતો હતા તે મુખે હવે ‘કુકડુ કુ ’ બોલતા થયા છે,

ગુણાવળી અને કુકડો.



"હે નાથ! જે મસ્તક ઉપર મુકુટ બીરાજતો હતો તે મસ્તક ઉપર અત્યારે રાતા પીંછાંનું છોગું છે."

(પૃષ્ઠ ૧૦૬)

A S... Art, Bombay, 8

જે રત્નજડિત સિંહાસનપર બેસતા હતા તે હવે ભૂમિપર ભમતા થયા છે. અને જે સુવર્ણની હિંડોળાખાટ ઉપર હિંચકતા હતા તે હવે પાંજરામાં લોહની સળીપર હિંચકતા થય છે, અરે દેવ ! તેં આ શું કર્યું !" આ પ્રમાણે અત્યંત વિલાપ કરતી ગુણાવળી મૂર્છિત થઈ ગઈ. દાસીઓએ શીતળ ઉપચારવડે સાવચેત કરી પછી તેને સાંત્વન આપવા તેની સખીઓ તેને સમજાવવા લાગી કે—" હે બ્હેન ! આમાં કોઇનો દોષ નથી, દોષ કર્મનોજ છે, તો ફોકટ કોઇને શા માટે દોષ આપવો પડે ? એ ગાઢા દૈવે આવે વખતે રાજ્ય ભોગવવા ન દીધું તેમાં કોઇ શું કરે ? આમાં માતા શું કરે ? વહુ પણ શું કરે ? અટારો દૈવ જગત્માં કોઇનું ચાલવા દેતો નથી. જે પોતાના લિખિત લેખ હોય છે તે મિથ્યા થઈ શકતાંજ નથી. પૂર્વ ભવના જે સંચિત હોય છે તે પ્રાણીને ભોગવવાંજ પડે છે. તીર્થંકર કે ચક્રવર્તી જેવાનું પણ કર્મ પાસે ચાલતું નથી; તો આપણે કોણ માત્ર છીએ. જે પ્રાણીએ જેવાં કર્મ બાંધ્યાં હોય તેવાં તેને ભોગવવા પડે છે. માટે હવે તો મન વાળો. આ કુકડો જ્યાંસુધી હયાત છે ત્યાંસુધી ચંદરાજા જીવતા જ છે, એમ માની મૌન ધારી બેસી રહો. વળી સમય પણ જુઓ? કારણકે માથે વાલેશરી (?) સાસુજી બીરાજે છે, જો તે આ વાત જાણશે તો વળી આવીને કાંઇ નવું કરશે. માટે હવે તો અણબોલ્યાજ રહો; જાણે કે કાંઈ થયુંજ નથી એવો દેખાવ રાખો અને આ કુકડાને પાળો. જિનેશ્વરે કર્મની વિચિત્રતા કહી છે તેમાં કાંઇ ફેરફાર નથી. તમે સાસુ પાસે વહાલા થવા ગયા

તો આવું ફળ ચાખવું પડ્યું. હવે આ કુકડાને તેના વિના બીજું કોણ મનુષ્ય કરી શકે તેમ છે ? તેથી તેને પ્રસન્ન રાખો અને આ કુકડાને પ્રાણથી પ્યારો ગણીને જાળવો. વખત આવ્યે સાસુજીને પ્રસન્ન કરશો તો તેજ તેને પાછા હતા તેવા કરશે; હમણાં અકળાયે કાંઈ વળવાનું નથી."

આ પ્રમાણે સખીઓએ ગુણાવળીને ઘણું સમજાવી એટલે ગુણાવળી મોટા નિસાસા મૂકીને શાંત થઈ. પછી કુકડાને ઘડીક ખોળામાં, ઘડીક છાતી ઉપર, ઘડીક હાથમાં એમ રાખવા લાગી. શ્વાન ને બિલાડીથી તેનું રક્ષણ કરવા લાગી અને નવા નવા મેવા, વનફળ અને દાડમની કળીઓ વિગેરે તેની પાસે મૂકવા લાગી. કુકડા પણ અણછુટકે તે સર્વ ખાવા લાગ્યા.

પછી ગુણાવળી કુકડાને હાથમાં લઈને સાસુ પાસે ગઈ અને પગે લાગી લાંબા નિસાસા મૂકીને બેઠી. એટલે વીરમતી બોલી કે—"આ દુષ્ટને મારી પાસે શા માટે લાવી છે? એને મારી નજરથી દૂર રાખ. તને હજુ એ ચંદ સમાન વહાલો છે; પણ હે વહુ! તને કાંઈ સાન નથી. હજી તો મેં એને તિર્યંચ જ કર્યો છે, પણ હવે પછી તેના શા હાલ કરું છું તે તું જોજે. એણે મારા છિદ્ર જોયાં છે. તેનું પૂરેપૂરું ફળ બતાવવાની છું. આ મોટું તો જો! એને રાજ કરવું છે! એના ભાગ્યમાં રાજ્ય છેજ નહીં. માટે તું એને લઈને અહીંથી ઉભી થા. એને પાંજરામાં રાખજે ભુલચુકે, પણ મારી પાસે લાવીશ નહીં." ગુણાવળી તરતજ કુકડાને લઈને ત્યાંથી ઉઠી અને સોનાના પાંજરામાં

રાખી તેની સર્વ પ્રકારે આસનાવાસના કરવા લાગી. કંચનના કચોળામાં પાણી પાવા લાગી, મીઠાઈ મેવા ખવરાવવા લાગી, કુંકુમના જળથી તેના પગ ધોવા લાગી, વારંવાર પાંજરામાંથી કાઢી ખોળામાં લેવા લાગી અને કહેવા લાગી કે "હે સ્વામીના! હે પ્રાણજીવન ! હે પ્રભુ ! હું તમને અધ'ક્ષણ પણ અળગા મૂકીશ નહીં, ખોળામાં ને ખોળામાં રાખીશ, તમે પક્ષી થયા તેથી હવે કેમ થશે ? એમ શંકા રાખશો નહીં. જો સરજીત સારૂં છે તો વળી આપણો ડંકો વાગશે. મોટાને વિપત્તિ મોટીજ આવી પડે છે. ગ્રહણ ચંદ્ર ને સૂર્યનુંજ થાય છે, તારાઓનું થતું નથી. માટે હે નણંદીના વીરા ! તમે પ્રભુને સંભારો, મનમાં ખેદ ન કરો " આ પ્રમાણે બોલતી ગુણાવળી કુર્કટરાજને દિલાસો આપે છે, ને પોતાના મનને સમજાવે છે. કુર્કટરાજના પાંજરાને દેરાસરની જેમ પુજે છે, જરા પોતે દૂર ગઈ હોય, ને કુકડો પાંખો ફફડાવે તો તુરત દોડી આવે છે અને તેની સંભાળ લે છે. પાંખો પંપાળે છે અને તેના ગુણ સંભારી મન વાળે છે."

અન્યદા ત્યાં એક મુનિમહારાજ ગોચરી નિમિત્તે પધાર્યા ગુણાવળીએ ઘણા સત્કાર સાથે ઉત્તમ મોદક વહોરાવ્યા, તે વખતે પાંજરામાં કુકડો જોઇને મુનિ બોલ્યા—"આ શું? આ પંખીએ તમારો શું અન્યાય કર્યો છે કે જેથી તમે તેને પાંજરામાં નાખ્યો છે ? તમારા મનમાં તો એ સોનાનું પાંજરૂં હશે પણ એના મનમાં તો એ કેદખાનું છે, માટે એને છોડી દો એ હિંસક પ્રાણીને પાળવું તે પણ યોગ્ય નથી. એનું ..

પહોરમાં મોઢું જોવાથી પણ પાપ લાગે; માટે એ પાપ શા સારૂ કરવું ? ” મુનિરાજનાં આવાં વચન સાંભળી ગુણાવળી બોલી કે—“ હે મહારાજ ! આ સામાન્ય કુર્કટ નથી. આ તો ઘરનો ધણી છે, આભાનો રાજા છે ને મારા સ્વામી છે. મારી સાસુએ તેમને કુકડા કર્યા છે, એની વાત તો લાંબી છે તે આપને શી રીતે

મેં પૂર્વ ભવે પાપ કર્યું હશે તેનું ફળ હું પામેલ છું. આ કારણથી એમને પાંજરામાં જાળવી રાખું છું, હે સ્વામી ! આપે તેને સાધારણ કુકડો જાણી મને શિખામણ દીધી તે બરાબર છે, પણ આ પંખી તો મારા પ્રાણ સમાન છે.”

મુનિ બોલ્યા કે—“ હે બાઇ ! આ વાત મારા જાણવામાં નહોતી. મેં સામાન્ય પંખી જાણી તમને કહ્યું હતું. વીરમતીને આમ કરવું ઘટતું નહોતું. ચંદ તો ચંદ્ર સમાન હતો. તેની આવી અવસ્થા થવી ન જોઇએ; પણ હે બાઇ ! હવે તું વધારે ખેદ કે રૂદન કરીશ નહીં, તારા શિયળના પ્રભાવથી સૌ સારા વાનાં થશે. કર્મની પાસે કોઇનું બળજોર નથી; કર્મ સૌને નાચ કરી નાખે છે. કર્મ કરે તે કોઇ કરી શકતું નથી, માટે હવે તમે વધારે ખેદ ન કરતા ધારેલું કાર્ય સિદ્ધ થવા માટે વિશેષ ધર્મારાધન કરજો અને એટલી મારી હિતશિક્ષા હૃદયમાં ધારણ કરજો.” આ પ્રમાણે કહી ગુણાવળીને સારી આશા આપી મુનિ ત્યાંથી પોતાને સ્થાનકે ગયા.

હવે ગુણાવળી મુનિરાજનાં વચનોને સંભારી ધર્મારાધન કરે છે, કુકડાને સંભાળે છે અને પોતાની અણસમજથી થયેલ ભૂલનું સ્મરણ થતાં પશ્ચાત્તાપ કર્યા કરે છે.

પ્રકરણ ૧૧ મું.

હવે કુકડાપણું પામેલ ચંદરાજા પ્રભાતકાળે જ્યારે 'કુકડુ કુ ' કરીને શબ્દ કરે છે, ત્યારે ગુણાવળી તરતજ જાગી જાય છે અનેસ્વામીને કુકડા થયેલા અને 'કુકડુ કુ' બોલતા જોઇ આંખમાંથી અશ્રુ ધારા વહેવરાવે છે. તે કહે છે કે—"હે સ્વામી! તમારા મનમાં તો આ સ્વરઉચ્ચારતાં કાંઇ થતું નહીં હોય, પણ મને તો એ શબ્દ વજ્રના પ્રહાર જેવો લાગે છે. હે નાથ! જ્યારે પ્રાતઃકાળે કુકડા બોલતા હતા ત્યારે સવાર થઇ ગયેલી જાણી પ્રેમ પરવશ આપને તે શબ્દો ઝેર જેવા લાગતા હતા, તેવા જ શબ્દ કરનારા દૈવે આપને બનાવી દીધા છે. અરે દૈવ! તને ધિક્કાર છે! વળી હે નાથ! આપના આ શબ્દો સાંભળી આપની માતા તો હરી રાણી થતા હશે, પરંતુ મને તો તે શબ્દો બાણ જેવા હૃદયને ભેદનારા થઇ પડે છે. માટે હે સ્વામી! આપ વારંવાર તેવા શબ્દો બોલો નહીં." આ પ્રમાણે ગુણાવળી જે કહે છે તે કુકડો બરાબર સમજે છે; પરંતુ પોતે પશુપણું પામેલ હોવાથી તેનો ઉત્તર આપી શકતો નથી.

એક દિવસ કુર્કટને સોનાના પાંજરામાં લઇને ગુણાવળી પોતાના મહેલના ગોખમાં બેઠી કે જેથી નગરલોક તેની નજરે પડે અને તે નગરલોકની નજરે પડે. તે વખતે નગરલોકમાં થતી વાતચીત સાંભળી કુકડે રાણીની સામું જોયું અને બંનેના નેત્રોમાંથી અશ્રુની ધારા ચાલી. લોકો વાતો કરે છે કે—"અરે ભાઇ! બહુ દિવસથી આપણા રાજા ચંદ કેમ દેખાતા નથી? તેમના વિના આ આખી નગરી ચંદ્રમા વિનાના આકાશ જેવી

વિરૂપ લાગે છે.” ત્યારે બીજો કોઇ તેની પાસે જઈ તેના કાનમાં બોલ્યો કે—“ ભાઇ ! શું તમને ખબર નથી ? કે ચંદ રાજાને તો તેની માતા વીરમતીએ કુકડો કરી દીધો છે. તેથી આપણા ભાગ્ય ક્યાંથી હોય કે આપણે હવે ચંદરાજાને જોઇએ.” આમ વીરમતીની નિંદા અને ચંદરાજાની સ્તુતિ લોકો છડેચોક કરવા લાગ્યા. કારણકે ગામને મોઢે કાંઈ ગળણું બંધાતું નથી. લોકોની આ પ્રમાણેના વાત ચંદરાજાએ સાંભળી તેથી તે દિલગીર થયા. [illegible] ચાલતા લોકોએ મહેલ તરફ [illegible] સોનાનું પાંજરૂં ને [illegible] ચંદરાજા કહીને પ્રણામ [illegible]

[illegible] એટલે તે દોડતી ત્યાં [illegible] સતી કહેવા લાગી [illegible] તો હવે પછી ફરીને [illegible] ખબર નથી કે આવી [illegible] નીપજે ? માટે આ- [illegible] [illegible] એમ નથી. [illegible]

ઘરેણાંગાંઠા પહેરાવ, રમાડ, જમાડ; પણ ભૂલેચુકયે ફરીને તેને લઇને ગોખમાં બેસીશ નહિ, તેને ચંદ કહીને બોલાવીશ નહિ અને લોકોને દેખાડીશ નહિ."

આ પ્રમાણે કહી વીરમતી ચાલી ગઇ એટલે ગુણાવળીને નિરાંત વળી. પછી તે પાંજરૂં લઇને ત્યાંથી ઉઠી પોતાના મહેલમાં ગઇ અને કુકડા માટે નવા નવા આભૂષણો કરાવી તેને પહેરાવવા લાગી, તેને સ્વચ્છ રાખવા લાગી અને અનેક પ્રકારે તેની પ્રતિપાલના કરવા લાગી. આ જગતમાં આશા મોટી વાત છે. આશા ઉપરજ જગતનું મંડાણ છે. આશાવડેજ દુઃખી માણસો જીવે છે. અહીં ગુણાવળી પણ આશાવડેજ દિવસો વ્યતિક્રમાવે છે. તે ધારે છે કે—એક દિવસ એવો આવશે કે મારા પતિ પુનઃ અવશ્ય મનુષ્ય થશે. આમ આશામાં દિવસો કાઢતી અને સાસુથી બ્હીતી તે દીવસો ગાળે છે. સાસુની આજ્ઞા પ્રમાણે વર્તે છે. તે જ્યારે કહે છે ત્યારે તેની સાથે આંબા પર બેસી દેશ વિદેશના કૌતુક જોવા પણ જાય છે. કુર્કટના પાંજરાને પણ સાથે રાખે છે. ત્રણે જણા નવા નવા આશ્ચર્ય નિહાળે છે. ગુણાવળી એક પળ પણ પાંજરૂં રેઢું મૂકતી નથી. આ પ્રમાણે તે દિવસો વ્યતિક્રમાવે છે અને પતિના તેમજ પોતાના પર આવેલું કષ્ટ દૂર થવા માટે અનેક પ્રકારના તપ જપ પણ કરે છે.

પ્રકરણ ૧૨ મું.

વિમળાપુરીમાં પ્રેમલાને પરણીને પછી સિંહલરાજાએ શીખ આપવાથી અને હિંસક મંત્રીએ તાકીદે નીકળી જવાની પ્રેરણા કરવાથી; તેમજ પોતાને પણ માતા વૃક્ષપર બેસીને ચાલ્યા જશે તો રહી જવાનો ભય હોવાથી ચંદરાજાએ સિંહલ રાજાના મકાનમાંથી નીકળી વૃક્ષના કોટરમાં પેસી માતાની સાથે આભાનગરી તરફ પ્રયાણ કર્યું. પાછળ પ્રેમલાલચ્છીનું શું થયું? તે જાણવાની વાંચકોને જિજ્ઞાસા થાય તે સ્વાભાવિક છે અને તે જિજ્ઞાસા પૂર્ણ કરવી એ અમારૂં કામ છે.

જ્યારે ચંદરાજા કાંઇક મિષ કરી સિંહલરાજાના મકાન-માંથી બહાર નીકળ્યા તે વખતે પ્રેમલા તેની પાછળજ નીકળતી હતી, પરંતુ તે વખતે હિંસકમંત્રીએ આડા ઉભા રહી તેને વારી એટલે પહેલેજ દિવસે સાસરે આવેલી પ્રેમલા વડીલ પુરૂષથી શરમાઇને પતિની પાછળ જતાં પાછી વળી. પણ તે મનમાં સમજી ગઇ કે જરૂર મારા પતિએ મને છેહ દીધો છે અને તે કયાંક ચાલ્યા ગયા છે. જેમ જેમ વખત જતો ગયો અને પતિ ન આવ્યા તેમ તેમ તેના મનમાં પડેલો સદેહ દ્રઢ થતો ગયો. તેણે જાણ્યું કે—“ આ કોઇ ઉત્તમ પુરૂષ બાજીગરની જેમ બાજી ખેલીને જતો રહ્યો છે, વિમળાપુરીમાં સોળ કળાએ સંપૂર્ણ ચંદ્ર ઉગ્યો હતો તે અસ્ત પામ્યો છે અને તેનો સંકેત હું કાંઇ પણ સમજી શકતી નથી.”

પ્રેમલા આ પ્રમાણે સંકલ્પ વિકલ્પ કરે છે, તેવામાં હિંસકે

કનકધ્વજ કુમારને તેની પાસે જવા પ્રેરણા કરી, એટલે તે હોંશે હોંશે પ્રેમલા પાસે તેના એકાંત હોલમાં ગયો. દૂરથી કોઈ પુરૂષને આવતો જોઈ પોતાના પતિ આવે છે એમ માની પ્રેમલા સામે ગઈ, પણ પતિને ન જોવાથી આવનાર કનકધ્વજને તેણે કહ્યું કે " તમે કોણ છો ? અહીં આવવામાં તમે ભૂલા પડ્યા જણાઓ છો, આ તમારૂં મકાન નથી-માટે ચાલ્યા જાઓ. " પ્રેમલાનાં આવાં વચનો સાંભળી કનકધ્વજ બોલ્યો કે-" શું એક ઘડીમાંજ ભૂલી ગયા ? પરણેલા પતિને એક ઘડીના આંતરામાં જ ઓળખતા મટી ગયા ? આમ કરશો તો આગળ કેમ ચાલશે ? દેખાઓ છો તો રૂડા રૂપાળા, પણ સમજણ તો કાંઈ જણાતી નથી; કેમકે ઘરે આવેલા પતિને પણ ઓળખતા નથી. " આમ કહીને તે પલંગપર બેઠો. એટલે જેમ વાઘને દેખીને ગાય છેટી ભાગે તેમ પ્રેમલા દૂર જઈને ઉભી રહી. ' ઉત્તમ કુસુમની બેજ ગતિ હોય છે, કાંતો મસ્તકે ચડે કે ભૂમીએ પડે. ' તેમ ' સતીના શરીરની પણ બેજ સ્થિતિ હોય છે, કાંતો તેને પતિ સ્પર્શે કે કાંતો તેને અગ્નિ સ્પર્શે. તેની ત્રીજી ગતિ હોતીજ નથી. '

પ્રેમલાને દૂર ઉભી રહેલી જોઈ કનકધ્વજ બોલ્યો કે—" આમ છેટે કેમ ઉભા રહ્યા છો ? અહીં આવો, બેસો, હસો, આનંદ કરો. આવો ઉત્તમ જોગ દૈવે મેળવ્યો છે તો તેનો લ્હાવો લ્યો આ યૌવન તો ચાર દિવસનું છે, તેને જતાં વાર લાગશે નહી, તો પહેલેજ સમાગમે આવું અતડાપણું શામાટે રાખો છો ? તમે સોરઠના રાજાની

પુત્રી છો ને હું સિંહલરાજાનો પુત્ર છું. આવો મેળો તો દેવ તુષ્ટમાન થાય તોજ મળી શકે છે.” આ પ્રમાણે કહી ઉભો થઈને પોતે પ્રેમલાનો હાથ પકડવા ગયો એટલે તેને તરછોડી નાખી પ્રેમલા બોલી કે–“ અરે પાપી ! દૂર ઉભો રહે; તું તો ફૂટેલા ઢોલ જેવો દેખાય છે. મારો પતિ તું નથી. તને આવો કુષ્ટી જન જે ઘરમાં શા માટે રાખ્યો હશે ? તારા જેવા પુત્રને જણનારી માતા લાજી પણ નહીં ? હવે તું [illegible] તને મૂર્ખને મોતીની માળા ધારણ કર- [illegible] જણાય છે. પણ એમ તારૂં કાંઈ વળે તેમ [illegible]

કરતી બોલી કે–"કોઈ દોડો, દોડો, કોઈ વિદ્યાવાળાને બોલાવો આ કુમાર તો તેની સ્ત્રીના અડવામાત્રથી એકાએક કુષ્ટી થઈ ગયો !" આમ કહીને તે રોવા ને કુટવા લાગી. આ વખતે સૂર્યોદય પણ થયો હતો, એટલે હિંસકમંત્રી સિંહલરાજ કુંવરની માતા સૌ દોડી આવ્યા, અને હાહાકાર કરવા લાગ્યા માતા બોલી કે–"અરે દીકરા ! આ શું થઈ ગયું ? આ કન્યા તો વિષકન્યા નીકળી." પિતા કહે–"અરે પુત્ર ! તારૂં રૂપ જોવા દેશ વિદેશથી માણુસો આવતા હતા તે એકાએક ક્યાં જતું રહ્યું ? આ કન્યા તો ખરેખર તારી પૂર્વભવની વેરણ નીકળી. મારા શા ભોગ લાગ્યા કે મેં અજાણતા તને તેની સાથે પરણાવ્યો !" આ બધું સાંભળીને પ્રેમલા તો ચુપજ થઈ ગઇ. તેણે જાણ્યું કે–' અત્યારે બોલવામાં કાંઈ માલ નથી. આપણું સાચું બોલ્યું કોઇ સાંભળે કે માને તેમ નથી.'

ક્ષણવારમાં આ વાત રાજમંદિરમાં પહોંચી ગઇ એટલે વરતજ પ્રેમલાના પિતા ત્યાં આવ્યા અને તેણે પોતાના જમાઇને કુષ્ટી થયેલો જોયો. તેણે સૌને રોતાં છાનાં રાખ્યા અને શું થયું તે પૂછ્યું. ભોળો રાજા આ બધાના પ્રપંચને બીલકુલ કળી શક્યો નહિ સિંહલરાજનો મંત્રી બોલ્યો કે– "એમાં કાંઇ કહેવાની વાત નથી, અહીં પરદેશમાં અમારી વાત કોણ સાંભળે એમ છે. તમે કુંવરને કામદેવ જેવો રૂપવંત રાત્રેજ જોયો છે. અમારા શા દુર્ભાગ્ય કે અમે એને અહીં છતો કર્યો તે તમારી પુત્રીના કરસ્પર્શથી એકાએક આવો કુષ્ટી થઇ ગયો. આ તમારી પુત્રી તો ઘીપમાનું મોતી જણાય છે(!)

એક રાત્રીમાં બની શકે નહીં, માટે આ બધા પ્રપંચ જણાય છે, પુત્રી કિંચિત્ પણ દૂષિત નથી."

આ પ્રમાણે કહેવાથી પણ રાજાનો ક્રોધ શમ્યો નહીં, ત્યારે મંત્રીએ કહ્યું કે "તમને ગમે તે કરો, પણ પાછળથી પસ્તાશો." એટલામાં પ્રેમલા પોતાની માતા પાસે આવી; પણ તેના દુર્ભાગ્યના ઉદયથી માતાના મનમાં પણ તે વિષકન્યા છે એમ વસી ગયું એટલે તેણે તેને બોલાવી પણ નહીં. સન્માન આપવું તો દૂર રહ્યું પણ વાત સરખી પણ પૂછી નહીં, રાજાએ ક્રોધાયમાન થઈ તરતજ સેવક પુરૂષોને મોકલી ચંડાળને બોલાવ્યો અને તેને પુત્રી સોંપી દઈ તેનો વધ કરવા આજ્ઞા આપી. તે રાજપુત્રીને લઈને ચાલ્યો. તે વખતે બીજું કોઈ બોલી શક્યું નહીં; પણ મંત્રીએ રાજાને ફરીને પણ સમજાવ્યા. છતાં રાજા કોઈ રીત સમજ્યા નહીં.

રાજપુત્રીને લઈને સ્મશાન જતાં માર્ગે ચૌટામાં ચંડાળ આવ્યો એટલે મહાજનને તે વાતની ખબર પડી. મહાજને એકઠા થઈ ચંડાળને પાછો વાળ્યો અને રાજપુત્રીને લઈને મહાજન રાજા પાસે આવ્યું. મહાજને રાજાને કહ્યું કે—"મહારાજ! આમ અવિચાર્યું કામ કેમ કરો છો? જમાઈ કુષ્ટી થયો તેમાં પુત્રી શું કરે? માટે પંચનું વચન કબુલ રાખી પુત્રીને જીવિતદાન આપો. તેનો ગુન્હો માફ કરો. ગમે તેવું પણ તે આપનું ફરજંદ છે તો તેના ઉપર આટલો બધો કોપ ન કરવો જોઈએ. પરદેશી અને દુર્જનોની વાત ઉપર એકદમ ભરૂસો રાખી શકાય નહીં." આ પ્રમાણે મહાજને બહુ રીતે

રાજાના હુકમનો અમલ કરો, તેમાં વિલંબ કરવાની જરૂર નથી રાજપુત્રીની આવી ધીરજ જોઈને ચંડાળ વિસ્મય પામ્યો. તે છેટે જઈને ઉભો રહ્યો. તેણે પ્રેમલાને પૂછયું કે— "તમે હસો છો કેમ ?" પ્રેમલા બોલી કે તે વાત અહીં કહેવા જેવી નથી, રાજા પૂછે તો કહું, અહીં મારી કહી શા કામમાં આવે ? રાજાએ મને કાંઈ પૂછયું નહીં, મારી વાત સાંભળી નહીં અને કોઈના ભોળવવાથી ભોળવાઇ ગયા. આ વાતજ મને બહુ ખટકે છે. પણ તેનો ઉપાય શો? મારી વાત સાંભળે તો તેને બધી ખરી હકીકત સમજાય." ચંડાળને ગળે આ વાત ઉતરી એટલે તે રાજપુત્રીને બીજાને સોંપી મંત્રી પાસે આવ્યો અને કહ્યું કે—"હે મંત્રીશ્વર ! રાજપુત્રી આપણા રાજાને મળીને કેટલીક વાત કહેવા ઇચ્છે છે, તેની વાત તો સંભળાવો. તમે કોઇ રીતે રાજાજીને સમજાવો અને પ્રેમલા બ્હેન વિષકન્યા નથી એવી ખાત્રી આપો. મેં એ વાતની ચોક્કસ ખાત્રી કરી છે. માટે આમ વગરવિચાર્યું કામ તમે કરવા દ્યો નહીં. પરદેશી માણસોપર ભરંસો રાખવાથી પાછળ બહુ પસ્તાવું પડશે."

મંત્રી તરતજ રાજા પાસે ગયો અને રાજાને કહ્યું કે— "હે સ્વામિન્ ! તમે કોપને શાંત કરો અને પુત્રીનો ખુલાસો સાંભળો. એકદમ વગરવિચાર્યું ન કરો પછી બગડી વાત સુધરશે નહીં. પરદેશી ઉપર વિશ્વાસ ન રાખો અને એ વિષકન્યા નથી, છતાં તમને વિષકન્યા લાગતી હોય તો પડદે રાખીને તેની વાત તો સાંભળો. આમ ઉતાવળ ન કરો. તમે

તેવી ભુંડી પણ તે આપની પુત્રી છે." મંત્રીના અત્યંત આગ્રહથી રાજાએ તેની વાત સાંભળવાનું કબુલ કર્યું અને કહ્યું કે—'તેને મારી નજરે લાવશો નહીં.' મંત્રીએ તે વાત કબુલ કરી રાજપુત્રીને તેડાવી અને આડો પડદો બંધાવી તેને બેસાડી પછી રાજા પડદા પાસે આવીને બેઠા એટલે મંત્રીએ તેમની આજ્ઞા લઈને પ્રેમલાને કહ્યું કે—"તારે કહેવું હોય તે કહે અને બધી વાતનો ખુલાસો કર."

મંત્રીદ્વારા રાજાનો આ પ્રમાણેનો આદેશ મળતાં પ્રેમલા બહુ હર્ષિત થઈ, તેણે કહ્યું કે—"હે પિતાજી! તમારી પાસે હું એક શબ્દ પણ અસત્ય નહીં બોલું. જે પ્રમાણે હકીકત બની છે તે પ્રમાણે આપ સાંભળશો એટલે આપને મારા નિર્દોષપણાની ખાત્રી થશે."

પ્રકરણ ૧૩ મું.

પ્રેમલાલચ્છી તેના પિતાને કહે છે કે-"હે પિતાજી! પ્રથમ તો અસંભવિત વાર્તા છે અને વળી આપ સરખા વડીલની પાસે મારા જેવી બાળાએ કહેવી તે લાજ આવે તેવી છે; પરંતુ અત્યારે લજ્જાથી કાર્યનો વિનાશ થાય તેમ હોવાથી કહેવી પડે છે. હે તાત! આપે મને જે વર સાથે પરણાવી છે તે આ વર નથી, તે તો આભા નગરીનો ધણી ચંદ નામે રાજા છે. આ દુષ્ટ તો તેની પાસે તૃણ તુલ્ય છે. મારા પતિ વીરસેન રાજાના પુત્ર છે. આ વાત આપ ચોક્કસ

છે; છતાં તેને કેમ સંભારે છે ? પરંતુ ગંગાનદીના પાંણીની
જગપ્રસિદ્ધ નિર્મળતા સાંભળેલી હોવાથી સંભારતા હશે
એમ ધારી મેં તે વિષે કાંઇ પૃછ્યું નહીં. ત્યાર પછી તેમણે
કેટલાક આભાનગરીના વખાણ કર્યા. હે તાત ! તેમની વાણીમાં
એવી અપૂર્વ મિઠાશ હતી કે જેનું હું વર્ણન કરી શકતી
નથી. તે તો હંસ જેવા હતા અને આ કુષ્ટી તો કાક જેવો
છે. હે પિતાજી ત્યાર પછી અમે આનંદ કરતા બેઠા હતાં
તેવામાં ત્યાં હિંસક મંત્રી આવ્યો. તેણે મારા પતિને કાંઇ
સમસ્યા કરી, એટલે મારા પતિ ઉઠ્યા. હું પાછળ ચાલી
એટલે દુષ્ટ હિંસકે મને રોકી રાખી. હું પણ સસરાનું સ્થાન
અને પ્રથમ રાત્રિ એટલે શરમાઇને પાછી વળી. તે વખત
મારા પતિ ગયા તે ગયાજ. મેં બહુ વાર રાહ જોઇ પણ
પાછા આવ્યા નહીં. તેવામાં આ કુષ્ટી મારો પતિ થતો
આવ્યો અને મને પ્રીતિ બતાવવા લાગ્યો. હું તેનાથી દૂર
જઇને ઉભી રહી અને એનું વચન મેં માન્યું નહીં, કારણ
હું તરતજ તેના આકૃતિ તેમજ ચાલ અને શબ્દાદિવડે
ઓળખી ગઇ હતી. જ્યારે મેં તેનું માન્યું નહીં, ત્યારે ત્ય
આવેલા તેની ધાવમાતાએ પોકાર કર્યો અને તે બધાએ
મળીને સંકેત કરી રાખ્યા પ્રમાણે મને વિષકન્યા ઠરાવી. હે
તાત ! આ બધું હું અક્ષરશઃ સત્ય કહું છું. આ કુષ્ટી કોઇ
બીજી સ્ત્રીનો પતિ હશે, મારા પતિ તો આભાધણી છે
સિંહળરાજાએ આપને ભોળવ્યા છે અને વગર વાંકે માર
ઉપર જુલમ ગુજાર્યો છે. હે પિતાજી ! મારી કહેલી આ

હકીકત જો આપને સત્ય લાગે તો સ્વીકારો, નહીં તો પછી આપને યોગ્ય લાગે તેમ કરો. કારણ કે પુત્રીનું ભાગ્ય તો પિતાને આધીન છે. પુત્ર ને પુત્રીમાં બહુ ફેર છે. પુત્રી તો ' દીકરી ને ગાય દોરે ત્યાં જાય. ' એ કહેવત પ્રમાણે આપ જે પ્રમાણે ફરમાવો તે પ્રમાણે કરવાને બંધાયેલી છે; પુત્ર તેવા પ્રતિબંધમાં નથી; પરંતુ આપે તે ધૂર્તોના વચન ઉપર પ્રતીતિ કરવી લાયક નથી. છતાં આપ મારા પર કોપ કરશો તો મારો તો કાંઇ ઉપાય નથી, મારે ફર્યાદ કરવાનું કોઇ સ્થાન નથી, પણ આપે જે કરવું તે વિચારીને કરવું યોગ્ય છે કે જેથી આપનો યશ વધે અને પાછળ પશ્ચાત્તાપ ન થાય. આથી વધારે હવે મારે કાંઇ કહેવાનું નથી. "

પ્રેમલાલચ્છી આ પ્રમાણે કહી રહી એટલે સુબુદ્ધિ મંત્રીએ રાજા પ્રત્યે કહ્યું કે—' હે સ્વામી ! રાજપુત્રીની હકીકત બધી મને તો સાચી લાગે છે. આ કોઢી તો તેનો વર નથી એ નિશ્ચય છે. માટે હવે આપ પ્રેમલાને આપણે ત્યાં રાખો અને આભાનગરીએ શોધ કરવા માણસ મોકલો. ત્યાં ચંદરાજા છે ? અને તે પરણી ગયેલ છે કે શી રીતે છે ? આ વાતની તજવીજ કરાવતાં ખરી હકીકત જાહેરમાં આવશે અને પ્રભુ કરશે તો બધાં સારાં વાના થશે. હવે આ પુત્રાને હણવી તે તો ઘટીતજ નથી. કેમકે પછી સત્ય જાણવામાં આવે તો પણ નકામું છે. માટે હાલ એની શિક્ષા મુલતવી રખાવો."

રાજા બોલ્યો કે—" મને પણ પુત્રીની વાત સાંભળતાં કાંઇક તર્ક થયું હોય એમ ભાસ થાય છે, તો હમણા એને

તમારે ત્યાં રાખો. આપણે પાકી તજવીજ કરશું એટલે સત્ય હશે તે તરી આવશે.

મંત્રીએ રાજાનું વચન કબુલ કર્યું અને રાજપુત્રીને પોતાને ત્યાં લઈ ગયો. **જેને દેવ રાખે તેનો વાંકો વાળ કરવાને કોઈ સમર્થ નથી.** મંત્રીએ રાજપુત્રીને જમાડીને શાંત કરી. પછી કહ્યું કે—“ તું લગારે ચિંતા કરીશ નહીં, હવે અશુભ પણ ગયું છે; હું પ્રયાસ કરીને તારા પતિને મેળવી આપીશ. વળી તારા પિતા પણ કાલે તારા પર પ્રસન્ન થશે. તે બાબતની ચિંતા પણ કરીશ નહીં. ” આ પ્રમાણે ધીરજ આપવાથી રાજપુત્રી મંત્રીને ત્યાં શાંત થઈને રહી.

સંધ્યા સમયે સૂર્ય અસ્ત થયો, સંધ્યા ખીલી, તે અવસરે દરરોજના નિયમ પ્રમાણે રાજા રાજસભા ભરીને બેઠો. મંત્રી પણ હાજર થયો. પછી અવસર જોઈ સભા સમક્ષ ઉભા થઈને તેણે [illegible] રાજાને અરજ કરી કે—“ હે સ્વામી ! આપણે જે ચાર વાચકોને સિંહલપુરી મોકલ્યા હતા તેને તેડાવીને પૂછો. તેમણે સિંહલરાજાના પુત્રને જોયેલ હશે. તેઓ જે વાત ખરી હશે તે કહેશે. હાથમાં રહેલા કંકણને જોવા માટે આદર્શની શી જરૂર છે ? ”

રાજાને એ યુક્તિ પસંદ આવી એટલે કહ્યું કે—‘ ખરી વાત છે, તેઓને જલદી બોલાવી મંગાવો. તેનાથી આપણને સાચી હકીકતના ખબર પડી શકશે ’ રાજાનો હુકમ થતાંજ મંત્રીએ તે ચારેને બોલાવી મંગાવ્યા, તેઓ પણ તરતજ

હાજર થયા એટલે રાજાએ તેમને કહ્યું કે—" અરે સચિવો ! તમે સિંહલપુરી રાજપુત્રીનો વિવાહ મેળવવા ગયા હતા, તો ત્યાં જઈને વરને જોયો હતા કે કેમ ? જે વાત ખરી હોય તેજ કહેજો, કિંચિત્ પણ અસત્ય ન કહેશો. અને અસત્ય છાનું રહેશે નહીં, કેમકે તે મહા પાપ છે."

રાજાનાં આવાં દબાણ ભરેલાં વચનો સાંભળી ચારે જણાએ પરસ્પર સંજ્ઞા કરી એક વિચાર કરી લીધો. પછી તેમાંથી એક જણ બોલ્યો—" હે સ્વામી ! હું તો મારો દોષ જે છે તે આપની પાસે પ્રગટ કરૂં છું, મેં તમારૂં નિમક ખાધું છે તે હરામ કરવાનો નથી. અમે સિંહલપુરીએ ગયા અને ત્યાંના રાજા પાસે જઈ સગાઈ સંબંધી વાત કરવા માંડી. એટલામાં મારી વીંટી ઉતારી વિસરી ગયો હતો તે મને સાંભરી એટલે હું તે લેવા ગયો. પાછળ આ ત્રણ જણે વિવાહ નક્કી કર્યો. મેં કાંઈ કુંવરને જોયો નથી ને હું વિવાહ મેળવવામાં પણ નથી. હું તો જેવું છે તેવું આપને કહી દઉં છું. બાકી હું ચાકરીચોર થયો છું, તે મારો અપરાધ થયો છે."

પહેલા સચિવે આ પ્રમાણે બનાવટી વાત કહી પણ રાજા તે ઉપરથી સમજી ગયો કે—' આ સાક્ષી લપડ્યો છે, પણ તેણે કુંવરને જોયો નથી એ તો ચોક્કસ છે.' હવે જોઈએ બીજો શું કહે છે.

બીજો સચિવ ઉભો થઈને બોલ્યો કે—" હે સ્વામી ! હું આપની પાસે સાચે સાચું કહીશ, અસત્ય જરા પણ નહીં

કહું. કેમકે સર્પ પણ દરમાં સીધોજ ચાલે છે, ત્યાં વાંકો ચાલી શકતો નથી. એટલે હું આપની પાસે જૂઠું કહેવાનો નથી. હે સ્વામી ! અમે વિવાહ કરવાની વાત કરવા બેઠા તે વખતે મને આગલા દિવસના ભોજનનું અજીર્ણ થવાથી હું તે વખતે દેહચિંતા માટે ગયો હતો, ત્યાંથી પાછા આવતા સુધી મારી રાહ ન જોતાં બાકીના ત્રણ જણાએ વિવાહ મેળવ્યો છે, મને તો ગણત્રીમાં પણ ગણ્યો નથી. બાકી આપણે તો કુંવર કાળો છે કે ગોરો છે ? તે જોયોજ નથી! મારી તો કુંવરને જોવાની હોંશ પણ મનની મનમાંજ રહી ગઈ છે."

રાજા બીજા સચિવના વચનો સાંભળીને વધારે સંશયમાં પડયો અને વિચાર્યું કે-"આ પણ સાચું બોલતો નથી, પરન્તુ આણે કુંવરને જોયો નથી એ તો ચોક્કસ છે. પછી ત્રીજાને પૂછયું એટલે તે બોલ્યો કે—"હે સ્વામી ! મારી વાત સાંભળો હું વિવાહ મેળવતા તે વખત હાજર નહોતો એટલે મેં કુંવર કાણો કે કુબડો છે કે કેવો છે તે જોયું કે જાણ્યું નથી. મારો [illegible] ભાણેજ રીસાઈને જતો રહેતો હતો તેને મનાવવા માટે ગયો હતો હું તેને મનાવીને આવ્યો તેટલામાં તો ત્રણ જણાએ વિવાહ મેળવેલો હતો. હું એ અવસરે ચૂક્યો તે ખરી વાત છે. ને એ મારો અપરાધ પણ થયો છે. પરન્તુ [illegible] સિવાય કોઈ નું આપની પાસે ખોટું કહેતો નથી [illegible] આપનો છોરુ [illegible] છું તેથી મારાથી [illegible] કેમ ! [illegible] એક ઘર તો ડાકણ પણ મૂકે [illegible] એટલે હું જે ખરેખરૂં છે તેજ

કહું છું." આ વાત સાંભળીને રાજાએ જાણ્યું કે 'આ પણ ખોટો છે, પરંતુ એણે કુંવરને જોયો નથી એ વાત ચોક્કસ છે.'

પછી રાજાએ ચોથા સચિવને કહ્યું કે—"હવે તમે કહો, તમારો વારો આવ્યો છે, પણ જે કહો તે સાચું કહેજો. જો જૂઠું કહેશો તો પછી તેનો બદલો જે ભોગવવો પડે તેમાં અરો વાંક કાઢશો નહીં, કેમકે હું રૂષ્ટમાન થઈશ તો પછી કોઈની શરમ રાખવાનો નથી. મને યોગ્ય લાગશે તે શિક્ષા કરીશ. માટે જે બોલો તે સાચું જ બોલજો. રાજાનાં આ પ્રમાણેનાં સ્પષ્ટ વચનો સાંભળીને ચોથા સચિવે વિચાર્યું કે—'હવે ખોટું ચાલવાનું નથી, માટે સાચે સાચું જ કહી દેવું.' તેણે કહ્યું કે—"હે રાજન્! હું આપને ખરેખરી વાત કહું છું તે સાંભળો. અમે સિંહલ રાજા પાસે રાજપુત્રીનો વિવાહ મેળવવા ગયા ત્યારે ત્યાં જઈને સિંહલરાજાને વિવાહ માટે ઘણું કહ્યું, છેવટે હિંસક મંત્રીએ માંડ માંડ હા પાડી. પછી અમે કહ્યું કે—કુંવરને દેખાડો. ત્યારે હિંસકે કહ્યું કે—તે તો તેને મોશાળ ભણવા ગયેલ છે. અમે કુંવરને જોવા બહુ હઠ કર્યો, ત્યારે હિંસકે અમને ચારે જણને ક્રોડ ક્રોડ સોનૈયા આપીને ભોળવ્યા. એટલે અમે તમારા સેવક છતાં લાલચમાં ફસાઈ ગયા ને વિવાહ મેળવ્યો. આ પ્રમાણે અમે તમારાથી પ્રપંચ કર્યો. અમે કુંવર કેવો છે તે બીલકુલ જોયેલ નથી. અમે તો કુડકપટના ઘર હિંસક મંત્રીને જ જોયેલ છે. આ પ્રમાણે

અમારી ખરેખરી હકીકત છે. હવે આપને જે યોગ્ય લાગે તે
કરો. અમારો મોટી તકસીર આવી છે એ હું મારે મોઢે
કબુલ કરૂં છું."

રાજાને આની વાત સાચી લાગી એટલે રાજાએ તેને
કહ્યું કે—"તેં ખરેખરી વાત કહી છે, મને તારો વિશ્વા
આવે છે." પછી રાજાના મનમાંથી પ્રેમલા ઉપરનો દ્વેષ તદ્દ
નાશ પામ્યો. જ્યારે પુણ્યનો ઉદય થાય છે ત્યારે બધા સંયોગે
અનુકૂળ થઈ જાય છે. રાજાએ ચારે જણનો ગુન્હો માફ કરી
છોડી દીધા, અને સુબુદ્ધિ મંત્રીને કહ્યું કે—"હવે મને તમા
સિંહલરાજાનું કપટ ભાસે છે. પ્રેમલાનો બીલકુલ વાંકજ નથી
તેને પરણનાર પુરૂષ અન્ય છે એ ચોક્કસ થાય છે.
કુષ્ટીએ ફોગટ મારી પુત્રીની વિડંબના કરી છે. હવે આપ
તેના ખરા વરની (ચંદરાજાની) શોધ કરવાની જરૂર
મંત્રીએ કહ્યું કે—"આપે કહ્યું તે બરાબર છે, પરંતુ જ્ય
સુધી ચંદરાજાનો પત્તો ન લાગે ત્યાં સુધી સિંહલરાજ
સહકુટુંબ અહીં કબજે રાખવા યોગ્ય છે." રાજાને તે વ
વ્યાજબી લાગી એટલે તેણે સિંહલરાજાને સહકુટુંબ જમ
તેડ્યો. તે પણ જમવા માટે સૌને લઈને આવ્યો, એટલે રાજા
સિંહલ રાજા, તેની રાણી, કુષ્ટી પુત્ર, હિંસક મંત્રી ને કપિ
ધાવ્ય—એ પાંચે જણને કબજે કરી બીજા બધાને તેના
તરફ જવાની રજા આપી. તેઓ પણ બધા સ્વદેશ તરફ રવ
થઇ ગયા અને પાંચ જણ વિમળાપુરીમાં કેદીની સ્થિતિ
રહ્યા સતા પોતાના પાપનો પસ્તાવો કરવા લાગ્યા.

હવે ચંદરાજાની શોધને માટે રાજાએ તજવીજ કરવા માંડી. એક મોટી દાનશાળા મંડાવી અને ત્યાં બહારગામથી જે આવે તેને અન્ન વસ્ત્રાદિ આપવા માટે પ્રેમલાલચ્છીને તેની અધિકારિણી બનાવી. રાજાએ સૂચવ્યું કે—"જે કોઈ પરદેશી નવો આવે તેને તારે આભાનગરીની ખબર પૂછવી ને જો કોઇ ખબર આપે તો તારે મને ખબર કરવા." ત્યારથી પ્રેમલાલચ્છી પિતાની આજ્ઞા પ્રમાણે દાનશાળામાં રહીને દાન આપે છે અને નવા નવા પથિક આવે તેને આભાનગરીનું વૃત્તાંત પૂછે છે, પરંતુ કોઇના તરફથી તેનો પત્તો મળી શકતો નથી.

પ્રકરણ ૧૪ મું.

મકરધ્વજ રાજાએ સ્થાપેલી દાનશાળામાં બેસીને પ્રેમલા લચ્છી અતિથિ-અભ્યાગતોને તેની ઈચ્છા પ્રમાણે દાન આપતી હતી. કોઇને નિરાશ કરતી નહોતી, કારણ કે તે ખરેખરી દાતાર હતી. દાન આપ્યા પછી તે તેઓને પૂછતી હતી કે—"હે બંધુઓ! તમે દેશ-વિદેશમાં ફરો છો તો પૂર્વ દિશામાં આભા નામે કોઇ નગરી તમે જોઈ છે? ત્યાં ચંદ નામે રાજા ઈંદ્ર જેવો રૂપવંત છે તેને દીઠો છે?" આવા પ્રશ્નના ઉત્તરમાં તેઓ કહેતા કે—"હે બહેન! અમે એ બાબતુ કોઇ વખત ગયાજ નથી. આભાનગરી અમે સાંભળી પણ નથી તો પછી ત્યાંના ચંદરાજાને તો ક્યાંથીજ જોયેલ હોય." આવા ઉત્તરો

સાંભળી પ્રેમલા નિરાશ થઇ જતી, ઉદાસીન બનતી, એકાંતમાં નેત્રમાંથી આંસુ સારતી, પરંતુ પોતાના પતિનો પત્તો મેળવવાનો બીજો કોઇ ઉપાય નહીં હોવાથી તે ધીરજ ધરીને બેસી રહેતી. પોતાના દુઃખની વાત વારંવાર કહીને કોઇને દુઃખી કરતી નહોતી.

અન્યદા વિમળાપુરીના ઉદ્યાનમાં કોઇ જંઘાચારણ મુનિ પધાર્યા. વનપાળકે રાજાને વધામણી આપી એટલે રાજા પોતાના પરિવાર સહિત પ્રેમલાને લઇને વંદન કરવા આવ્યા. નગરલોકો પણ આવ્યા. સૌ મુનિવંદન કરીને યથોચિત સ્થાને બેઠા, પછી મુનિમહારાજે દેશના આપી. તે સાંભળી ઘણા ભવ્ય જીવોએ પ્રતિબોધ પામી ગુરુમહારાજ પાસે અનેક પ્રકારના વ્રત નિયમો લીધા. પ્રેમલા પણ શુદ્ધ સમક્તિધારી શ્રાવિકા થઇ. ગુરુ અન્યત્ર વિહાર કરી ગયા એટલે સૌ પોત-પોતાને સ્થાનકે ગયા. પ્રેમલા ત્યારથી જિનવંદન પૂજનાદિ ધર્મ કરણીમાં વિશેષ આસક્ત રહેવા લાગી અને નવકાર મહામંત્રનું ધ્યાન કરવા લાગી. એમ કેટલાક દિવસો વ્યતિક્રમ્યા.

અન્યદા નવ[illegible] મંત્રના પ્રભાવથી શાસનદેવતાએ [illegible] પ્રેમલાલચ્છીને કહ્યું – 'હે બહેન ! તને તારો સ્વામી [illegible] દિવસમાં બરાબર ૧૬ વર્ષે [illegible] મેળાપ થશે, માટે તું કાંઇ પણ [illegible] ભક્તિ પૂર્ણ ભાવથી કર્યા [illegible] પ્રેમલાએ [illegible] પોતાના માતપિતાને

હકીકત છોડીને કહી સંભળાવી. તેઓ પણ કાંઈક નિશ્ચિંત થયા. પ્રેમલા નવકાર મંત્રનો પ્રગટ પ્રભાવ દેખી તેનાંપર વધારે આસ્તાવાળી થઈ અને વિશેષ પ્રકારે તેનો જાપ કરવા લાગી. જિનચૈત્યની દર્શન પૂજનવડે ભક્તિ કરવા લાગી અને યથાશક્તિ પ્રત્યાખ્યાનાદિ કરવા લાગી.

એકદા એક યોગિની ફરતી ફરતી ત્યાં આવી ચઢી. તેના હાથમાં સુંદર વીણા હતી અને તે મધુર સ્વરે સ્વર મેળાવીને ગાયન કરતી હતી પ્રેમલાએ તેને પોતાની પાસે બોલાવીને પૂછયું કે—"તમે કયાંના રહેવાવાળા છો?" તેણે કહ્યું કે—"હું પૂર્વ દેશમાં રહું છું, પણ તમારે મારૂં સ્થાન પૂછવાની શી જરૂર પડી છે તે કહો?" આમ કહીને પાછી તે સુંદર વેશવાળી અને વૈરાગ્યમાં તલ્લીન થયેલી, કષાયલા વસ્ત્ર ધારણ કરનારી; તેમજ બુદ્ધિશાળી યોગિની પોતાની વીણાવડે ચંદરાજાના ગુણગાન ગાવા લાગી. પોતાના પતિનું નામ સાંભળી પ્રેમલાએ તેને પૂછયું કે—"તમારા દેશમાં રાજા કોણ છે અને તમે આ ગુણગાન કોના કરો છો?" યોગિની બોલી કે—"પૂર્વ દેશમાં ચંદ નામે રાજા રાજ્ય કરે છે, તે અત્યંત સુંદર-રૂપવંત છે. શત્રુ તો તેને દેખીને કંપે છે, હું તેના યશનું ગાન કરૂં છું અને અન્ન પણ તેનું જ ખાઉં છું. તે રાજા મને પ્રાણથી પણ વિશેષ પ્યારા હતા. તેને તેની ઓરમાન માતાએ કોઈ કારણસર કુકડા બનાવી દીધા છે. તે જોઈ અત્યંત દિલગીર થઈને હું ત્યાંથી દેશાવરમાં નીકળી પડી છું, પરંતુ મેં કોઈ સ્થાનકે તેના જેવો ઉત્તમ પુરૂષ

ભંડાર જેવો ત્યાં આવ્યો. તેની સાથે પાંચસો માણસ જૂદા જૂદા પાર્ટ (ભાગ)ભજવનારાં હતાં. તે નાટકીઓ બહુ પ્રસિદ્ધ થયેલો હતો. તેણે રાજસભામાં આવી વીરમતીને પ્રણામ કર્યા એટલે વીરમતીએ પૂછયું કે—" હે નટવર! તમે કઈ બાજુથી આવો છો?, શિવકુંવર બોલ્યો કે—' હે વીરનૃપતિ-વલ્લભા? હું ઉત્તર પંથથી અનેક રાજાઓને રીઝવતો અને લાખ પસાય લેતો લેતો આભા નગરીની અત્યંત પ્રશંસા સાંભળીને અહીં આવ્યો છું. જેવા મેં આભા નગરીના વખાણ કાને સાંભળ્યા હતા તેવીજ આજે મેં તે નજરે જોઈ છે. હે સલુણી! તું અને તારી સભા દીર્ઘાયુ થાઓ! હવે જો આપની આજ્ઞા હોય તો હું તમારી પાસે નાટક માંડું અને તમને પ્રસન્ન કરીને મારા દારિદ્રયને દૂર કરી દઉં." વીરમતીએ નાટક કરવાની આજ્ઞા આપી, એટલે શિવકુંવરે તરતજ તમામ સાજ તૈયાર કર્યું અને નાટકીયા પણ બધા પોતપોતાનો ભાગ ભજવવા તૈયાર થઈ ગયા.

પ્રકરણ ૧૭ મું.

શિવકુંવર નાટકીઆએ અનેક પ્રકારના નાટ[illegible] વીરમતીના પાસે કર્યાં. તે વખતે ઢોલ વિગેરેનો અવા[illegible] સાંભળીને ગુણાવળી પણ પોતાના ગોખમાં આવી ખોળા[illegible] ચંદરાજાવાળું પાંજરૂં લઈને બેઠી. બીજા બધા નાટકો[illegible] ઉત્તમ પ્રકારનું નાટક બતાવવા માટે શિવકુંવર નાટકીઆ[illegible]

પુત્રી શિવમાળા તૈયાર થઇ. તેણે પ્રથમ એક અત્યંત લાંબો વાંસ ઉભો કર્યો, તે જાણે મુનિરાજને ચડવાની ઉપશમ શ્રેણીરૂપ ન હોય તેવો જણાવા લાગ્યો. પછી તે વાંસને ચારે બાજુ દોર નાખીને બાંધ્યો, તે વખતે તેની લોકાકૃતિ જણાવા લાગી. ત્યાર પછી તેની ઉપર એક સોપારી મુકયું અને શિવમાળા વીરમતીને પ્રણામ કરી ચંદરાજાનો જય બોલી વાંસ ઉપર ચડી. તે વખતે તેના પિતાએ શિખામણ આપી કે—'હે પુત્રી! બરાબર લક્ષ રાખીને નાટક કરજે. આ ઠેકાણું ખરેખરૂં નાટક કરવાનું મળ્યું છે; અહીં જો ખામી રાખીશ તો પછી કયાં જઈને ખેલીશ ? શિવમાળાએ તેની શિખામણ અંગીકાર કરી અને જેમ પક્ષી આકાશમાં ચડે તેમ દોરવડે વાંસના અગ્રભાગ ઉપર ચડી ગઈ. ત્યાં પહોંચ્યા પછી વાંસના અગ્રભાગે ગોઠવેલા સોપારી ઉપર પોતાની નાભી ગોઠવીને ઉધી ચકરચકર ફરવા લાગી, નીચે ઢોલ ઢમકવા લાગ્યા અને કેટલાક નટ તો ઉંચી નજર રાખી સાવચેત થઈ ઉભા રહ્યા, શિવમાળાએ કુંભારના ચક્રની જેમ શરીરને ફેરવતાં ફેરવતાં એવી ગુલાંટ મારી કે તે સોપારી ઉપર મસ્તક લાવી દીધું અને પગ ઉંચે આકાશમાં કરી દીધા. જેમ ઉંધે મસ્તકે મુનિ કાઉસગ્ગ કરે અથવા જેમ તાપસો તપ તપે તેમ સ્થિર થઈ ગઇ. પછી પાછી ગુલાંટ મારીને ડાબા પગની એડી તે સોપારી ઉપર ગોઠવી અને એક પગે ચકરચકર ફરવા લાગી. આ કળા બહુ અદ્‌ભુત કરી. ત્યારપછી વાંસના અગ્રભાગ ઉપર રહીને પાંચ વર્ણની પાંચ પાઘડીઓ

વિચારીને પોતાના પંજરાની સળીઓ ખસેડી અંદરથી રત્નજડિત સોનાનું કચોળું ચાંચમાં લઈ નીચે નાખ્યું. ઉપરથી તે કચોળું પડયું કે તરતજ શિવકુંવરે દોડીને તે લઈ લીધું. અને ચંદરાજાની જય બોલ્યો, એટલે ઢોલવાળે પણ તેના જયનો ઢોલ વગાડયો. પછી લોકો પણ વીરમતી તરફ નજર ન કરતાં ચોતરફથી અનેક પ્રકારના વસ્ત્રો ને અલંકારો આપવા લાગ્યા. શિવકુંવર પાસે તો મોટો ઢગલો થયો, તેમાંથી નટ ને નટણીઓ પોતાને અનુકૂળ આવતા વસ્ત્રાલંકાર લઈ લઈને પહેરવા લાગ્યા, તેથી તેઓ પણ ઓળખાય નહીં તેવા થઈ ગયા. શિવકુમાર બહુજ રાજી થયો, પણ વીરમતીને શરીરે અંગારા ઉઠ્યા. શિવકુમાર તો ચંદરાજાનો જય બોલી વીરમતીની આજ્ઞા માગી પોતાને ઉતારે ગયો. પણ વીરમતીનો કોપ ઉતર્યો નહીં; તે તો ઉલટો વધવા લાગ્યો. વીરમતી બોલી કે–" એવો કોણ ધનપેલો થયો કે જેણે મારી પહેલાં દાન આપ્યું ? હું જોઉં તો ખરી તે કેવો છે ? પણ મને તો તે મોસાળમાં વધેલો–ઉછરેલો લાગે છે, મારી નિશાળે એ ભણેલો લાગતો નથી. પણ શું કરૂં ? તે મારી નજરે ન પડયો ! તેનું આયુષ્યજ જોરાવર કે તે જીવતો ચાલ્યો ગયો. " વીરમતી આ પ્રમાણે બોલી તે વખતે જોકે કુકડાનું પાંજરૂં તેની પાસે આવેલું હતું, પરંતુ તેના જાણવામાં હજુસુધી કુર્કટે દાન આપ્યું છે તે વાત આવી નહોતી એટલે તેની રીસ તેના ઉપર ઉતરી નહીં.

એ અવસરે મંત્રી અવસર જોઈને બોલ્યો કે–" હે માતા ! એમાં આપને રોષ કરવાનું કાંઇપણ કારણ નથી, કેમકે જેણે પહેલું દાન દીધું તેણે પણ જશ તો તમનેજ આપ્યો છે. શૂરવીર હોય છે તે લડાઈમાં રાજાની આગળ જઈને લડવા મંડી જાય છે. દાતાર પણ તેવા જ હોય છે. પોતાનો યશ ગવાતો સાંભળી તેઓ છાના રહી શકતા નથી, પરંતુ જેણે દાન આપ્યું તે બધા તમારા ફરજંદ જ છે. તમારી પ્રજા છે, તો માતા પાસે તે લાડ કરે તેમાં ગુસ્સે થવાનું હોય નહીં. " આ પ્રમાણે મંત્રીએ ઘણું સમજાવી પણ તેની કળા કાંઈ ફાવી નહીં, વીરમતીનો કોપ જરા પણ ઓછો થયો નહીં.

અનુક્રમે સભા વિસર્જન કરીને વીરમતી રાજમહેલમાં ગઈ, રાત્રી પડવાથી સુખશય્યામાં સુતી, પણ તેને લેશ માત્ર નિદ્રા આવી નહીં. પોતાની અગાઉ દાન કોણે દીધું ? તેને શોધી કાઢવાની તેને તીવ્ર ચટપટી રહ્યા કરી. પ્રાતઃકાળ થયો, સૂર્ય ઉગ્યો એટલે મતિહીન વીરમતી સભામાં આવી. અધિકારીઓ અને નગરજનોને બોલાવ્યા. સભા ભરાણી એટલે શિવકુંવર નટને બોલાવી નાટક કરવાનો હુકમ કર્યો. તેણે પણ ફરી દાન મળવાની લાલચે તરતજ તમામ તૈયારી કરી અને મધ્યમાં વાંસ રોપ્યો. તે વખતે ગુણાવળી પણ પાંજરૂં લઇ ગોખમાં આવીને બેઠી. શિવકુંવરે નાટક શરૂ કર્યું અને ભરતાદિક અનેકના નાટકો કર્યા. પછી દાનને અવસરે ચંદરાજાની જય બોલી વીરમતી પાસે આવીને ઉભો

રહ્યો. તેનાં વચનો સાંભળી મૃગપતિના શબ્દ સાંભળીને જેમ ચોર મનમાં ખેદ પામે તેમ વીરમતી અત્યંત ખેદ પામી. પણ મુખેથી કાંઇ બોલી શકી નહીં. તેમજ દાન દેવા હાથ પણ ઉંચો કર્યો નહીં. તેના આપ્યા વિના નગરલોક પણ આપી શકયા નહીં, પણ વિચારવા લાગ્યા કે–' આજ વીરમતી આમ કેમ કરે છે ? ' તેઓ વીરમતીનો ભેદ સમજી શકયા નહીં. શિવકુંવર પણ ચારે તરફ નજર ફેરવવા લાગ્યો. તેને ચંદરાજા વિનાની બધી સભા અલુણા ધાન્ય જેવી, કુંજર વિનાની સેના જેવી અને પત્ર વિનાની વલ્લી જેવી લાગી. તે વખતે પોતાનો જશ વારંવાર બોલતો સાંભળીને માતાનો ભય અવગણી કુર્કટે લાખ સોનૈયાની કિંમતનું રત્નનું કચોળું પાંજરામાંથી ફેંકયું, એટલે શિવકુંવરે તરતજ ઝીલી લીધું અને ચંદરાજાની જય બોલ્યો. તે વખતે લોકોએ પણ પહેલા દિવસની જેમ પુષ્કળ દાન આપ્યું. સોનૈયાની વૃષ્ટિ થઇ.

તે વખતે વીરમતીનો ક્રોધ દાબ્યો રહ્યો નહીં, એટલે તે ખડ્ગ લઇને એકદમ જ્યાં ગુણાવળી પાંજરૂં લઇને બેઠી હતી ત્યાં દોડી અને જઇને કહ્યું કે–" અરે દુષ્ટ ! હજી લાજ આવતી નથી ? તેં મારી અગાઉ દાન કેમ આપ્યું ? હવે હું તને જીવતો છોડવાની નથી " આમ કહીને ખડ્ગ કાઢયું એટલે ગુણાવળી આડી પડી અને બોલી કે–" માતાજી ! કોપ ન કરો. એ પક્ષી બિચારો દાન દેવામાં શું સમજે ? તેના શરીર સામું તો જુઓ ! આ તો પાણી પીતાં કચોળું પડી ગયું ને નટે ઝીલી લીધું, તેમાં આપને કોપ કરવાનું

કંઈ કારણ નથી. પંખી તો અવિવેકીજ હોય તેથી તેની ઉપર કોપ કરવો યોગ્ય નથી. એ જેમ તેમ પોતાના પિંડને નિભાવે છે, માટે તેનાપર કોપ કરવો છોડી દ્યો.” ગુણાવળી આ પ્રમાણે આજીજી સાથે કહેતી હતી તે વખતે કોળાહળ સાંભળીને લોકો પણ ત્યાં દોડી આવ્યા અને વીરમતીએ હાથમાં લીધેલું પાંજરૂં જેમ તેમ કરીને છોડાવ્યું. એટલે વીરમતી પાછી સભામાં આવી. નટો આનંદ પામ્યા અને તેને પ્રસન્ન કરવા માટે શિવકુંવરે ફરીને નાટક કરવું શરૂ કર્યું, શિવમાળા પણ વાંસ ઉપર ચડી અને પિંજરના સામી દૃષ્ટિ કરીને નાટક કરવા લાગી

[illegible] કુકડે [illegible] શિવમાળા પક્ષીની [illegible] એમ જાણી. કુકડાએ તેને પોતાની ભાષામાં [illegible] અત્યંત કુશળ છે. [illegible] જાણું છું તેથી તને હું મારૂં [illegible] જ્યારે નીચે ઉતરીશ [illegible] દાન માગવા કહેશે તે [illegible] માગીશ નહીં. જોજે, [illegible] નહીં. હું તને પણ [illegible] પ્રમાણ કરજે. આ [illegible] જન્મમાંથી બચાવજે—અતિ [illegible] જન્મ સુધી ભૂલીશ નહીં. [illegible] નટકુ ભોગવશું. અને [illegible]

મારી કર્મકથા પણ હું તારી પાસે આવ્યા પછી બધી કહીશ. આટલું યાદ રાખજે."

આ પ્રમાણે કુર્કુટે મંદસ્વરે પોતાની ભાષામાં શિવમાળાને કહ્યું, તે બરાબર સમજી ગઈ અને નાટક પૂર્ણ કરી વાંસથી નીચે ઉતરી. ઉતરતાંજ પોતાના પિતાને એકાંતે લઈ જઈ કુર્કુટની કહેલી વાત કરી અને તેને માગી લેવા કહ્યું. શિવકુંવર તરત સમજી ગયો, તેણે તે વાત કબુલ કરી અને લીલાવતી પાસે આવી તેનો જશ બોલી દાન લેવા માટે તેને પ્રણામ કરી ઉભો રહ્યો. તે વખતે પોતાનો જશ બોલાવાથી લીલાવતી તેના પર ખુશી થઈ. તેણે નટને પોતાની પાસે બોલાવીને કહ્યું કે–' માગ, માગ, હું તારા પર પ્રસન્ન થઈ છું.' તે વખતે શિવકુંવરે અવસર પામીને વિનતી કરી કે–" હે માતા! જો પ્રસન્ન થયા હો તો આ કુકડો આપો. મારે બીજા કશાનો ખપ નથી. મારી પુત્રી કુકડાની ગતિ શીખે છે, પણ સારા કુકડા વિના તેની હોંશ પુરી પડતી નથી. માટે આ કુકડો મને આપો. તમે વળી બીજો કુકડો લઈને પાળજો. હે માતા! આપની કૃપાથી મારે દ્રવ્યાદિકની કાંઈ ખોટ નથી. વળી તેની જરૂર હશે તો અનેક રાજાઓ પાસેથી તેની યાચના કરીશ, પણ આપ તો મને આ કુકડોજ આપો."

શિવકુંવરના આવાં વચનો સાંભળી લીલાવતીએ કહ્યું કે—" હે શિવકુંવર! તેં આ શું માગ્યું? તું હાથી, ઘોડા, ધન, ધાન્ય, વસ્ત્ર, આભારણ ઇત્યાદિ માગ કે જે આપવાથી

અમારો પણ જશ થાય. પંખી આપવામાં અમારી પણ શોભા
ન વધે. કોઈએ દાનમાં પંખી આપ્યાનું સાંભળ્યું નથી. વળી
એ કુકડો વહુને ક્રીડા કરવા માટે રાખ્યો છે. તે તેને દુહવીને
કેમ અપાય ? માટે તું કાંઈક બીજું માગ."

શિવકુંવરે કહ્યું કે—"હે માતા ! એમાં આપની કીર્તિ
ઓછી થવાની નથી; કારણકે હું માગું છું ને આપવો છે. પણ
મને એમ જણાયછે કે તમને એ બહુ વહાલો હોવાથી આપવો
નથી એટલે બીજાં બહાના કાઢો છો. પણ જ્યારે કુકડો આપતાં
પણ તમે કચવાઓ છો તો પછી મેં બીજું માગ્યું હોત તો તમે
શું આપવાના હતા ?" વીરમતીએ તેના આવાં વચનો સાંભ-
ળીને તેને બહુ રીતે સમજાવ્યો, પણ તે તો એકનો બે થયો
નહીં. એટલે અણછુટકે આપવાની હા પાડી. અને કુકડો લેવા
માટે મંત્રીને ગુણાવળી પાસે મોકલ્યો.

મંત્રીએ ગુણાવળી પાસે આવી તેને સમજાવીને કહ્યું
કે—"મને કુકડો આપો, તે નટને દાનમાં આપવો છે. આ
બાબતમાં હઠ કરવાનું કારણ નથી. કારણકે અહીં રહેવાથી
એને પ્રાણનો ભય વારંવાર છે. નટ પાસે તે કુશળક્ષેમ રહેશે
અને આગળ કલ્યાણ પામશે. નટની પુત્રી શિવમાળા તેને
પ્રાણની જેમ રાખશે માટે વધારે વિચાર ન કરતાં તમે મને
પાંજરું આપો." ગુણાવળીએ મંત્રીને કહ્યું કે—"તમે કહો છો
તે ઠીક છે, બાકી મારા સાસુ તો આની સાથે પૂરું વેર વહન કરે
છે, તેથી તેને નટને આપી દેવામાં તેનું ગમે તે થાય તેની તેને

કાંઇ પીડા નથી. પણ મારાથી તેને પારકાના હાથમાં કેમ દેવાય ! માટે તમે પાછા જઈ કોઈ રીતે તે નટને સમજાવીને કહો કે—"તું આ કુકડાને શું કરીશ, માટે કાંઈક બીજું માગ. વળી હે સચિવ ! રાજા મટાડીને કુકડો તો કર્યો, હવે શું એને ઘરે ઘરે નચાવવો છે ? એ મારી પાસે છે તેથી હું આશામાં ને આશામાં દિવસો વીતાડું છું; તેના ગયા પછી મારા દિવસો કેમ જશે ? આમાં વીરમતીના બાપનું શું જવાનું છે ? જેને પીડા થાય તેને ખબર પડે, બીજાને તો હાંસુ થાય." ગુણાવળીનાં આવાં વચનો સાંભળી મંત્રીએ તેને બહુ રીતે સમજાવી એટલે છેવટે તેણે પાંજરૂં મંત્રીના હાથમાં આપ્યું.

પ્રકરણ ૧૮ મું.

ગુણાવળી કુકડાવાળું પાંજરૂં મંત્રીના હાથમાં સોંપતાં આંખમાંથી આંસુની ધારા વહાવતી ચંદરાજા પ્રત્યે કહેવા લાગી કે—"હે સ્વામી ! મને તજી દઇને આપે પણ દૂર દેશ જવાનો વિચાર કર્યો જણાય છે. આ કાર્યમાં આપની પણ સંમતિ લાગે છે. હું અત્યારે છતે સ્વામીએ અનાથ છું, નિરાધાર છું. મારી ફરિયાદ કોઈ સાંભળે તેમ નથી., તોપણ આપની ઇચ્છાને આધીન થઇને; તેમજ આપનું ભવિતવ્ય અખંડ રહે તેટલા ભરોસાથી આપને હું મારા પ્રાણની જેમ બીજાના હાથમાં આપું છું, પરંતુ હે સ્વામી! તમે મને કદિ પણ ભૂલી જશો નહીં, મને સંભારજો, મારી ઉપર દયા રાખજો, મેં

આપનો કાંઇ પણ અપરાધ કર્યો હોય તો તે ભૂલી જજો. મેં તો આપનો અપરાધ ક્યારે પણ કર્યો હોય એમ મને સાંભરતું નથી, તે છતાં આપ કેમ આવો વિચાર કરો છો ? હે યૌવન ભૂષણ ! હું તમને એક ક્ષણ પણ વિસરનાર નથી. મારા મનમાં અનેક પ્રકારની આશાઓ હતી પણ તે તો બધી અત્યારે દૈવે ધૂળ ભેગી કરી દીધી છે, મને નિરાશ બનાવી દીધી છે, વળી હવે તો તમે પણ મારાથી વિખુટા પડો છો, એટલે તે આશાઓ વધારે નિરાશાના રૂપમાં પલટાઇ જાય છે. હવે આપનો ફરી મેળો થવો તે ખરેખર દુર્લભ છે—દૈવના હાથમાં છે. જેણે અત્યારે આપણો વિયોગ કરાવ્યો છે, તેને માટે વધારે શું કહું ? તેના મુખમાં ધૂળ પડો. હે સ્વામી ! મારી સામુ નજર માંડીને તો જુઓ. આપના વિરહની જ્વાળા વરસાદના જળની ધારાથી પણ બુઝાય તેમ નથી. ઈર્ષાળુ દૈવ આપણી સુખી સ્થિતિ જોઇ શક્યો નહીં. મારી છાતી પણ અત્યંત કઠોર બનું ય છે કે જે આવે દુઃખને સમયે પણ ફાટી જતી નથી. હું દૈવને ખોળો પાથરીને કહું છું કે— 'વૈરીને પણ આવો વખત આપીશ નહીં.' આ દુઃખનો અનુભવ તો જેને માથે પડે તેનેજ થાય તેમ છે. આપના પ્રેમભરેલાં વચનો વારંવાર યાદ આવશે અને હૃદયમાં શલ્યની જેમ ખટકશે.. હે સ્વામી ! કરૂણા કરીને પાછા વહેલા પધારજો. તમે મારા જીવનસ્વરૂપ છો. આ રાતી આંખલડી નિરંતર તમારી રાહ જોયા કરશે. નાટકીયા તમને ઘેરઘેર ફેરવશે તેથી જો કે મને ઘણો જ ખેદ થાય છે; પણ જો તે

કારણથી ના પાડું તો દુષ્ટ હૃદયવાળી વિમાતા તરફથી તમારા જીવનનો સદા ભય રહે છે. આ તો સુડી વચ્ચે સોપારી જેવું થયું છે. મારાથી કાંઇ કહ્યું જતું નથી. હું લાચાર થઈ પડી છું."

આ પ્રમાણેનાં ગુણાવળીનાં વચનો સાંભળી કુર્કટે પગના નખવડે અક્ષર લખીને તેને સમજાવ્યું કે—"હે પ્રાણપ્રિયે ! તું મારી બીલકુલ ફીકર કરીશ નહીં, વળી મારો ને તારો મેળો તો જો પ્રાણ જાય તો પછી મળે નહીં, પણ મારા પ્રાણ જો રહ્યા છે તો તું જરૂર માનજે કે આપણે પાછા જરૂર મળીશું. વળી હું તારાથી દૂર જાઉં છું પણ તું મને તારી નજીકજ માનજે અને મને તારા હૃદયમાંજ રાખજે. વળી તું ચોક્કસ ધારી રાખજે કે આ નટ મને કુકડો ટાળીને મનુષ્ય બનાવશે. વળી દેશમાં રહીએ કે પરદેશ જઈએ પણ પ્રથમની પ્રેમાળ સ્ત્રી કેમ ભુલાય ? માટે તે વાતનો તું અંદેશો કરીશ નહીં." આ પ્રમાણેનાં કુર્કટના લખેલા શબ્દો વાંચવાથી ગુણાવળીને કાંઇક ધીરજ આવી. તેણે કુર્કટ સમેત પાંજરૂં સચીવના હાથમાં આપીને કહ્યું કે 'તમે આને લઈ જાઓ અને મારી સાસુને આપો.' મંત્રીએ તરતજ પાંજરૂં લઈ જઈને વીરમતીને આપ્યું તેણે પણ તરતજ નટને અર્પણ કર્યું. નટ બહુ ખુશી થયા અને પાંજરૂં લઈ હર્ષિતચિત્તે વીરમતીને પ્રણામ કરી ત્યાંથી વિદાય થયા.

(વીરમતીએ પાંજરૂં પોતાના નટાનપર લઈ જઈને એક

ઉત્તમ શય્યા ઉપર મુકયું અને તેની સામે ઉભી રહી હાથ જોડીને તે તેમજ તેનો પિતા બોલ્યા કે—"હે સ્વામી! આજ સુધી અમે રાજા વિનાના હતા, હવે અમે રાજાવાળા થયા છીએ. હવે અમે પ્રજા ને તમે રાજા. આપણે નવા નવા આનંદ મેળવશું. પૂરા ભાગ્ય હોય તોજ આપની જેવા ચતુરનો પ્રસંગ પ્રાપ્ત થાય. આજથી પહેલો તમને મુજરો કરીને પછી અમે બીજા રાજાઓનો મુજરો કરશું. આપ અહુર્નિશ આનંદમાં રહેજો. કોઇ પ્રકારનું દુઃખ ધારણ કરશો નહી. આ પ્રમાણે કહી કુર્કટરાજની પાસે અનેક પ્રકારના મેવા વિગેરે પદાર્થો મૂકયા, તે કુર્કટે ચણવા તો માંડયાં, પણ તે વખતે ગુણાવળીનો સ્નેહ જાંભરી આવવાથી [illegible] થઇ ગયો, જેથી ગળે ઉતર્યા નહી. તે જોઇને શિવમાળાએ કહ્યું કે—"હે વિહંગરાજ! તમે [illegible] મા, કેમ નથી મેવા વિગેરે આરોગો, કાંઇ [illegible] આનંદ થઇ [illegible]"

[illegible] વ[illegible]મતાને આપ્યા પછી સભા વિસર્જન થઇ. એટલે મ[illegible] ગુણાવળી પાસે દીલાસો આપવા આવ્યા [illegible] ગુણાવળી કહેવા લાગી કે—"હે [illegible] સમજાવીને મારૂં પાંજરૂં—મારા કુર્કટ[illegible] આપો. મને એનો વિયોગ થયો લાગે છે. [illegible] કયાના કયા જશે, એટલે પછી મને [illegible] મેળાપ શી રીતે થશે? એ નટભ્રમરને તો પગલે પગલે નવા મિત્રો, નવી સ્ત્રીઓ મળશે;

પણ મારી એમના વિના શી ગતિ થશે ? તે તમે વિચારી જુઓ. એ કુકડાપણામાં રહેશે તો પણ કોઈક દિવસ તેની (સગી) માના કોડ પૂરા કરશે, અને મને તો જીંદગીભરનો ઓળંભો રહ્યા કરશે. આશામાં ને આશામાં હું જીવતી રહીશ. આ વીરમતી તો મારી પૂર્વભવની વેરણ જાગી છે. તેણે મનુષ્ય ટાળીને પંખી કર્યો તો પણ હજુ તેનો ક્રોધ શમ્યો નહીં, મને જે કોઈ મારા પ્રીતમ સાથે મેળવી આપે તેની પાસે હું ખોળો પાથરૂં, મારા પ્રાણ આપું, જીંદગી સુધી તેની ઓશીંગણ રહું, તેના પગ પૂજું. આ જગતમાંથી સૌ જાય છે, પણ આ સાસુ તો જતી પણ નથી, અખંડ દુઃખ દેવા બેઠી છે. મારા પિયુનો યશ સાંભળીને એને શું દુઃખ થાય છે ?" આ પ્રમાણેનાં ગુણાવળીનાં વચનો સાંભળી મંત્રીએ કહ્યું કે—"તમે વધારે ખેદ મ કરો અને સાસુને મ છેડો એ તો ચંડા છે. એ અત્યારે જો કે વૃદ્ધા થઇ છે, પણ તેનો ભરૂસો ન કરશો. વળી અંતે તો એ કેટલો કાળ જીવવાની છે, છેવટે તો આ રાજ્ય તમારૂં ને તમારા પતિનું જ છે, પણ હમણા ધીરજ રાખો."

આ પ્રમાણે મંત્રીનાં વચનોથી આશ્વાસન પામીને ગુણાવળીએ મંત્રીને કેટલીક ભલામણ કરી નટ પાસે મોકલ્યો. પતિને માટે કેટલાક મોદક મેવા વિગેરે શિવમાળાને મોકલ્યા. તે વખતે મંત્રીએ શિવમાળાના કાનમાં ખરો ભેદ કહ્યો કે "આ કુર્કટ તે ચંદરાજા પોતે જ છે. તેની અપરમાતાએ તેને કુકડો બનાવી દીધો છે, માટે તેને તમે સારી રીતે જાળવજો.

[illegible] તરફ પણ આવજો. કાગળ લખીને બ્હાર [illegible] ઇત્યાદિ શબ્દો કહી કુર્કટને પ્રણામ કરી મંત્રી [illegible] આવ્યો. નટોએ પણ પોતાની સર્વ સામગ્રી [illegible] તે વખતે ઢોલ વાગતે લોકો નીકળ્યા [illegible] ગુણાવળી પોતાના આવાસની [illegible] જોવા લાગી. શિવમાળાના મસ્તક ઉપર [illegible] પડ્યું ત્યાંસુધી તે તરફ જોઈ [illegible] બંધ થવા—ઉઠેલ [illegible] [illegible] [illegible] અનેક પ્રકારે [illegible] [illegible] [illegible]

અરે પ્રાણ પ્રાણેશ વિણ, રહેશો કેમ ઢંગ;
ગમનશીલ તુમ ધર્મ છે, કેમ ન ગયા પિયુ સંગ.
કિહાં કંત કિહાં નવલ રસ, કિહાં સુરંગો નેહ:
બાજી બાજીગરતણી, થઈ ગઈ કોઈ એહ.
પિયુ સુરગિરિ સમ જીવજો, વધજો વડ વિસ્તાર:
મેળાપે સંભારજો, અહો જીવન આધાર.

'હે પ્રાણ ! તું પ્રાણેશ વિના કેમ રહી શકીશ. તારો તો ગમન કરવાનો આચારજ છે, તો તે ગયા ને તું (પ્રાણ) કેમ રહ્યો ?' વળી તે સંભારે છે કે–' કિહાં સ્વામી, ક્યાં તેનો નવો નવો રસરંગ અને ક્યાં તેનો અપૂર્વ સ્નેહ ! આ તો જેમ કોઈ બાજીગર બાજી પાથરે ને પાછી સંકેલી લેય તેમ એકાએક થઈ ગયું. હે પ્રીતમ ! તમે ગયા તો ભલે ગયા; પણ મોટા આયુષ્યથી જીવજો, તમારો વંશ વૃદ્ધિ પામજો. અને હે જીવન આધાર ! મને અવસરે સંભારજો, ભૂલી જશો નહીં.'

આ પ્રમાણે ગુણાવળી ઝુર્યા કરે છે, તેને ઘર બધું સૂનું સ્મશાન જેવું લાગે છે, શૃંગાર અંગાર સમાન ભાસે છે અને શરીર સુકાવા લાગ્યું છે. તે ધર્મિષ્ટ હોવાથી અશુભકર્મનો ઉદય થયેલો માની કર્મ નિર્જરાને માટે નિરંતર નવા નવા તપ તપે છે, અને ભવસમુદ્રના કિનારા સમાન પરમાત્માનું અહર્નિશ ધ્યાન ધરે છે.

ગુણાવળી જે અહીં એકલી રહી છે તેણે કુર્કટની રક્ષા

માટે સાત સામંત રાજાઓને પ્રેરણા કરીને તેની સાથે રહેવા મોકલ્યા. તેઓ પણ પોતાના લશ્કર સહીત આવીને નટની ભેળા થયા. કુર્કટને પ્રણામ કર્યાં અને પોતે સાથે રહેવા આવ્યા છે એ હકીકત નિવેદન કરી. તેમણે કહ્યું કે—' અમે ગુણાવળીના આદેશથી આવ્યા છીએ, અહર્નિશ અમે સાથે રહેશું, તમે કુર્કટ થયા તો શું થયું, અમારા તો આપજ સ્વામી છો.' આ પ્રમાણે કહી મસ્તક નમાવ્યું એટલે કુર્કટે પણ તેના પ્રણામ સ્વીકાર્યા અને સો સાથે ચાલ્યા. શિવમાળા માર્ગમાં પાંજરું પોતાને માથેજ રાખવા લાગી. બે માણસો બે બાજુ રહીને ચામર વીંજવા લાગ્યા. એક મોટું છત્ર લઇને ચાલવા લાગ્યા. એ પ્રમાણે ચાલતાં ગામે ગામ ફરતા અને અનેક નાટક કરતા પુષ્કળ દ્રવ્ય મેળવવા લાગ્યા.

પ્રકરણ ૧૯ મું.

ચંદરાજાનો કુકડો પાંજરા સહીત દેશ વિદેશમાં ફરતાં શિવમાળાને પુષ્કળ દ્રવ્ય મળતું હતું. તેને એક પંથને બે કા[illegible] જેવું થયું. શિવમાળા કુર્કટ પાસે દરરોજ નવા નવા મે[illegible] ખોરાક મૂકે છે અને તેનું પોતાના જીવની જેમ જતન કરે [illegible] આ પ્રમાણે નવા નવા નાટક દેશ વિદેશમાં ફરતા ફર[illegible] તેઓ અનુક્રમે પૃથ્વીભૂષણ નગરે આવી પહોંચ[illegible] ત્યાં અરિમર્દન નામે રાજા રાજ્ય કરે છે. તેને ચંદરાજા[illegible] પિતા સાથે સારો સંબંધ હતો, ત્યાં નટોએ તંબુ[illegible]

નાંખીને પોતાનો પડાવ કર્યો અને તેમાં એક સિંહાસન ઉપર પાંજરૂં મૂક્યું. રાજાને નટ આવ્યાના ખબર મળતાં તેણે નાટક કરવા પોતાના દરબારમાં બોલાવ્યા. તેઓ પાંજરૂં લઈને આવ્યા અને કુર્કટને પ્રણામ કરી તેની આજ્ઞા લઈને અપૂર્વ નાટક કર્યું. રાજા નાટક જોઈને બહુ ખુશી થયો. તેણે પુષ્કળ દાન આપ્યું, પછી આ પંખી કોણ છે ? એમ પૂછ્યું એટલે નટે તેનું વૃત્તાંત સંક્ષેપથી કહી બતાવ્યું. તે સાંભળી બંગાળનો રાજા તેને પગે લાગ્યો અને તેની પાસે મણિ-કંચનની રાશી તથા હાથી ઘોડા વિગેરે પેસકસીમાં આપતો હોય તેમ રજુ કર્યું (ધર્યું) „પછી કહ્યું કે–' હે વીર નૃપતિના પુત્ર ચંદરાજા ! હું તારો સેવક છું, તમે મારા પ્રાહુણા છો, મારા ભાગ્યથીજ મારે ત્યાં પધાર્યા છો.' આ પ્રમાણે કહેવાથી તેમાંથી કેટલુંક સ્વીકારીને નટોએ ત્યાંથી પ્રયાણ કર્યું. બંગા-ળાનો રાજા પોતાની સીમાસુધી તેમને વળાવીને પાછો વળ્યો.

નટો અનુક્રમે ચાલતાં ચાલતાં સમુદ્ર કિનારે સિંહલદ્વીપ પાસે આવ્યા. ત્યાં કિનારા ઉપર સિંહલપુર નામનું નગર છે તેની બહાર પડાવ કર્યો. નટની બહુ પ્રસિદ્ધિ સાંભળી સિંહલ રાજાએ તેને પોતાની પાસે નાટક કરવા બોલાવ્યા. તેઓ પાંજરૂં લઈને ગયા અને નાટક કરી તેને પ્રસન્ન કર્યો તેણે પાંચસો વહાણની જકાત જે તરતમાંજ આવી હતી તે નટને બક્ષીશ કરી દીધી. નટો સિંહલરાજાનો યશ બોલી ત્યાંથી વિદાય થયા અને પોતાને ઉતારે આવી પોતનપુર તરફ જવા તૈયારી કરી.

અહીં સિંહલરાજાની રાણી સિંહલા કુકડાને જોઈને તેની ઉપર રાગવાળી થઇ. તેણે રાજાને બોલાવીને કહ્યું કે "એ કુકડો મને લાવી આપો. એ કુકડો કામણગારો છે, એણે જગત બધું પોતાને આધીન કર્યું છે, મને તેના ઉપર પૂર્ણ રાગ ઉત્પન્ન થયો છે, તેથી જળ વિના મીન જેવી મારી સ્થિતિ થઇ છે. મારા પ્રાણ તેનામાં જઈને વસ્યા છે, મારૂં ચિત્ત તેણે ચોરી લીધું છે." રાજા કહે કે "એવા પંખીની ઉપર પ્રેમ શો ? વળી નટોને એ આજીવિકાનું સ્થાન છે. તે માગવાથી આપે કેમ ? જેમ મારી માગણી કોઇ કરે ને તું આપવા ના પાડે તેમ એને માટે સમજવાનું છે. એ નટ તેને કોઈ રીતે [illegible] એમ ધારી શકાતું નથી, તેથી તેને [illegible]" રાણી બોલી કે-"તમે કહી તે [illegible] જીવતર જ તેના વિના અ[illegible] [illegible] પણ મારૂં [illegible] લાવી આપો એને માટે [illegible] [illegible] કુકડો લાવી આપો."

[illegible]

ધિક આપનારા કોઈક મળી ગયા છે, એટલે કાંઇ નવાઈ કરી નથી." માટે તમારા રાજાને જઈને કહો કે કુકડો મળી શકે તેમ નથી." રાજસેવકો બોલ્યા કે "એમાં રાજાનો આગ્રહ નથી પણ અમારાં રાણી તેના વિના જીવે એમ નથી." નટોએ કહ્યું કે "રાણી ન જીવે તો એમાં કાંઈ અમને સ્નાન સૂતક આવવાનું નથી, પણ અમારાથી કુકડો આપી શકાય તેમ નથી. રાણી જેમ રાજાને વહાલી છે તેમ આ અમારા જીવન સમાન છે."

રાજસેવકોએ જઈને રાજાને વાત કરી એટલે રાજા એકદમ કોપાયમાન થયો અને કેટલુંક લશ્કર લઈને જોરાવરીથી કુકડો લેવા ચાલ્યો. અહીં નટો પાસે પણ કેટલુંક લશ્કર હતું તેઓ પણ એકદમ તૈયાર થઈ ગયા. સિંહલરાજાનું લશ્કર નટો ઉપર ઉપડયું એટલે ચંદરાજાના લશ્કરે તેના સૈન્ય ઉપર પાછળથી ધસારો કર્યો પરસ્પર સંગ્રામ મચ્યો પરિણામે ચંદરાજાના લશ્કરે સિંહલરાજાના લશ્કરને હંફાવ્યું એટલે રાજા બીકો પડીને પાછો વળ્યો. નટો પાંજરૂ લઈને નગારે ઘા દેતા ત્યાંથી પોતનપુર તરફ રવાના થયા. ચોતરફ કુર્કટ નૃપની જીત બોલાણી.

નટો અનુક્રમે પોતનપુર પહોંચ્યા. પોતનપુર શહેર ઘણું વિશાળ અને દેવપુરી જેવું સુશોભિત હતું. સાક્ષાત્ લક્ષ્મી નિવાસ હોય તેવું દેખાતું હતું. ત્યાં જયસિંહ નામે રાજા રાજ્ય કરતો હતો. તેને સુબુદ્ધિ નામે પ્રધાન હતો. તે મંત્રીને અત્યંત રૂપવંતી મંજુષા નામે સ્ત્રી હતી, અને લીલા-

વતી નામે રૂપગુણસંપન્ન પુત્રી હતી. તેને તે નગરના **ધનદ** નામે શેઠના **લીલાધર** નામના પુત્ર સાથે પરણાવી હતી. બંનેનો સરખે સરખો યોગ બન્યો હતો. તે દંપતી દોગંદુક દેવોની જેમ અથવા કામદેવ ને રતિની જેમ સુખભોગ ભોગવતા કાળ વ્યતિક્રમાવતા હતા.

એકદા કોઇ પુન્યહીન પુરૂષ લીલાધર પાસે કાંઇ માગવા આવ્યો. તેને લીલાધરે તીરસ્કાર કરીને કાઢી મૂકયો. એટલે તે ભીખારી કોપાયમાન થઇને બોલ્યો કે—"હે શ્રેષ્ટિ પુત્ર! આમ બહુ અભિમાન કરો નહીં. હું ગમે તેવો છું પણ તમારાથી સારો છું. હું તો હાથની કમાણીનો ખાનારો છું અને તમે તો બાપની કમાણીના ખાનારા છો માટે બહુ ઠમકા શેના કરો છો? હું કાંઇ તમારી જેવો ઓશીયાળો નથી. જે પોતાની ભુજાના બળથી દ્રવ્ય કમાતો નથી તેના જીવિતને ધિક્કાર છે, પારકે પૈસે કુદાકૂદ શી કરવી? તારા પિતા બેઠા છે ત્યાં સુધી તું નિશ્ચિંત છે, પણ રે ભુંડા! ધન અને યૌવનના મદથી કુદાકુદ શું કરે છે? જોઇને પગલાં ભર. તને મારી સ્થિતિ જોઇને હસવું આવતું હશે પણ એમાં હસવા જેવું નથી. કારણકે આજ **પર્દડાની દશા તે કાલ કુંપળીઆની.** તેનો વિચાર કર ને તે પછી અભિમાન કર. વળી પોતાની આંગળીઓમાં વેઢ વીંટીઓ જોઇને પણ મલકાઇ જતો નહીં, કેમકે પામરો પણ એવી સોનાની વીંટીઓ તો પહેરે છે, તેમાં કાંઇ નવાઇ નથી."

આ પ્રમાણેનાં તે પુરૂષનાં વચનો સાંભળીને લીલાધર એકદમ લજવાઇ ગયો અને તે પુરૂષને પગે લાગીને બોલ્યો કે—

'તું ખરેખરો મને ગુરૂ મળ્યો' દુમક તો એટલું બોલીને ચાલ્યો ગયો, પણ લીલાધરને તેની ખરેખરી ધીખ્યામણ દાટોદાટ વ્યાપી ગઈ. તેણે પરદેશ દ્રવ્ય કમાવા માટે જવાનો નિરધાર કર્યો. તેણે વિચાર્યું કે 'સુખ કે દુઃખ તો જે પ્રાપ્ત થવાનું હોય છે તે દેશમાં કે પરદેશમાં જ્યાં જઈએ ત્યાં પ્રાપ્ત થાય છે. દેશમાં રહેવાથી કાંઈ દુઃખ દૂર જતું નથી.' આવો દૃઢ સંકલ્પ કરીને તે તુટતુટ ખાટલી ઉપર જઈને સુતો. તેના પિતા ઘેર આવ્યા ત્યારે પુત્રને આમ રીસાએલો જોઈને તેણે પૂછ્યું કે—'હે વત્સ! તને કોણે દુહવ્યો છે કે જેથી તું આમ રીસાયો છે? લીલાધર બોલ્યો કે—'મને કોઈએ દુહવ્યો નથી, મારે તો પરદેશ દ્રવ્ય કમાવા જવું છે, માટે મને રજા આપો.' શેઠે કહ્યું કે—"તારી વય હજુ નાની છે, વળી તું હમણાંજ પરણ્યો છો, ઘરમાં પુષ્કળ લક્ષ્મી છે, કોઈ વાતની કમી નથી, તારે શા માટે પરદેશ કમાવા જવું પડે? તારાથી પરદેશ જવાય નહિ, માટે એ વાત છોડી દે." ત્યારે લીલાધરે પેલા દુમકે આપેલા મેણાની વાત કરી. શેઠે કહ્યું કે—"અરે ભોળા! એવા ભીખારીની વાત સાંભળીને આવો હઠ શું કરે છે? એવો ઉઘ વેચીને ઉજાગરો કોણ ખરીદ કરે." આ પ્રમાણે શેઠે, તેની માતાએ, મંત્રીએ અને બીજા સંબંધીઓએ તેને બહુ રીતે સમજાવ્યો, પણ તેણે પોતાનો હઠ છોડ્યો નહીં. પછી જેમ તેમ કરીને તેના પિતાએ તેને જમાડ્યો, અનુક્રમે રાત્રિ પડી એટલે લીલાવતી લલિત ગતિએ ચાલતી પતિ પાસે આવી. પણ લીલાધરે તેની સામું નજર માંડીને જોયું પણ નહીં;

તેતો પોતાના વિચારમાંજ મશગુલ રહ્યો. એટલે કામણગારી લીલાવતી બોલી કે "હે પ્રીતમ ! નેત્ર ઉઘાડીને મારી સામું તો જુઓ ! આ કીડી ઉપર કટક શું ? આમ તમે બીજા સૌને દુહવીને જશો, પણ હું કેમ જવા દઇશ ? આવા સ્નેહમાંથી વિયોગ થાય તેનો પાછો સંયોગ ક્યારે થાય તેનો નિર્ણય શો ? આવાં સુખ મૂકીને પરદેશ જવાને ઇચ્છનારા તમારી જેવા આપમતિલા મેં તો કોઇ દીઠા નથી." આ પ્રમાણે તે રમણીએ આખી રાત્રિ અનેક પ્રકારે સમજાવ્યો, પણ તે લગાર માત્ર પણ તેના સ્નેહમાં લુબ્ધ થયો નહીં. અનુક્રમે સવાર પડી એટલે તેના પિતાએ પાછો ઘણો સમજાવ્યો પણ તેણે બીલકુલ પોતાનો વિચાર ફેરવ્યો નહીં, એટલે પછી અવસરનો જાણ મંત્રી ત્યાં આવ્યો અને તેણે કહ્યું કે—"જો હવે પરદેશ જવુંજ છે તો કાર્યસિદ્ધિ થાય તેવું સારૂં મહૂર્ત્ત જોવરાવીએ." શેઠે હા પાડી એટલે મંત્રીએ અનેક જોશીઓને બોલાવ્યા. મંત્રીએ તેમને સારૂં મુહૂર્ત્ત જોઇ આપવા કહ્યું. મંત્રીના કટાક્ષ વચનથી જોશીઓ સમજી ગયા કે પરદેશ જવા દેવાની મંત્રીની ઇચ્છા નથી. તેથી તેઓ સારી રીતે તપાસીને બોલ્યા કે—"પંચાંગ તપાસતાં છ મહીના સુધીમાં એવું સારૂં મુહૂર્ત્ત આવતું નથી કે જે મુહૂર્ત્તે પરદેશ જવાથી કાર્યસિદ્ધિ થાય, હવે માત્ર એકજ માર્ગ છે કે જો કુકડો બોલે તેજ વખતે પરદેશ સીધાવે તો કાર્યસિદ્ધિ થાય અને પુષ્કળ દ્રવ્ય ઉપાર્જન કરીને આવે.

મંત્રીએ બધા જોશીઓને યોગ્યતાનુસાર દાન આપી

વિસર્જન કર્યા અને પછી તૈયારી કરવા માટે લીલાવતી અને લીલાધર બંનેને પોતાને ઘરે લઇ ગયો. મંત્રીએ ઘરે જઇને પોતાના તમામ સેવકોને બોલાવી ખાનગીમાં કહ્યું કે—"તમે આખા ગામમાંથી કુકડા બહાર કઢાવો, એક પણ કુકડો રહેવા દેશો નહીં. જમાઈ જો કુકડાનો સ્વર સાંભળશે તો પછી રાખ્યા રહેશે નહીં; માટે આ વાતની ગોઠવણ કોઇ ન જાણે તેમ તમે તાકીદે કરો." સેવકો મંત્રીની આજ્ઞા માથે ચઢાવીને આખા શહેરમાં ફરી વળ્યા અને તમામ કુકડાઓને એકઠા કરીને બીજે ગામ પહોંચાડી દીધા. એક કુકડો પણ રહેવા દીધો નહીં. આ વાતની લીલાધરને કશી પણ ખબર પડવા દીધી નહીં.

હવે લીલાધર તૈયાર થઈ કાન માંડીને કુકડાનો સ્વર સાંભળવા તત્પર થઇ રહ્યો, પણ કુકડાનો સ્વર કોઇ રીતે કાને પડ્યો નહીં. લાખ સોનૈયે પણ તે શબ્દ મળી શકે તેમ લાગ્યું નહીં. તે ઉતાવળો થવા લાગ્યો પણ મંત્રીએ કુકડાનો સ્વર સાંભળ્યા વિના જવાય નહીં એમ કહીને રોકી રાખ્યો અને લીલાધર પણ સારૂં મુહૂર્ત્ત લીધા વિના જવું નહીં એવા વિચારમાં રહ્યો. લીલાવતી પણ પોતાના સ્વામીની પાસે ને પાસે રહેવા લાગી. એક ક્ષણ પણ એકલા રહેવા દેતી નહીં. ચતુર પુરૂષો સ્વાર્થ સાધવા માટે અવસર ચુકતા નથી. આ પ્રમાણે લીલાધરને રોકી રાખી છ મહિના વ્યતિત કરાવી દીધા, તોપણ લીલાધરના વિચાર જરા પણ ફર્યા નહીં, તેમ કુકડાનો સ્વર કાને ન પડવાથી

જઇ પણ શકયો નહીં. એવામાં પેલા નટ ફરતા ફરતા ત્યાં આવ્યા અને ઢોલે ઢમકા દઈ શરણાઇ લલકારી રાજા પાસે જઈ ઉતારો માગ્યો, એટલે રાજાએ મંત્રીના ઘર પાસે ઉતારો આપ્યો. નટોએ ત્યાં ઉતારો કર્યો. સાથેના લશ્કરે નગરની બહાર સરોવરના કિનારા ઉપર ડેરા-તંબુ નાખ્યા. પછી નટો ભોજન કરી થાક ઉતારી વેશ બદલી સંધ્યાકાળે કુર્કટરાજની આજ્ઞા લઈ રાજા પાસે આવ્યા અને ત્યાં અનેક પ્રકારના રાગ લલકારી રાજાને ખુશી કર્યો. રાજાએ કહ્યું કે- ' આજે તો તમે થાકયા પાકયા છો તેથી થાક ઉતારો; કાલે તમારૂં નાટક જોશું. ' એટલે નટવર પોતાને ઉતારે આવ્યો. તે વખતે તેની સાથે કુકડાને જોઇને લોકોએ તેને કહ્યું કે— ' એક વાત ધ્યાનમાં રાખજો ! આ કુકડાને બોલવા દેશો નહિં. જો કુકડો બોલશે તો તેનો સ્વર સાંભળતાં જ મંત્રીનો જમાઇ પરદેશ જશે અને તેનો દોષ તમારે માથે ચઢશે. ' આ વાત કુર્કટરાજે પણ સાંભળી, એટલે તેણે પણ મૌન ધારણ કર્યું. લોકો પોતપોતાના સ્થાનકે ગયા.

અનુક્રમે રાત્રિ વ્યતીત થઈ, પ્રભાત થવાની તૈયારી થઈ, એટલે કુર્કટરાજે પોતાના સ્વભાવને વશ થઇને રાત્રિની વાત ભૂલી જઈ ઉંચે સ્વરે ઉપરાઉપર મધુર અવાજો કર્યા. તે સાંભળી આખું શહેર જાગી ઉઠયું. દેવમંદીરમાં ઝાલરો વાગવા માંડી અને જગતનો સાક્ષી સૂર્ય પણ ઉદય પામ્યો.

કુર્કટનો સ્વર સાંભળતાં જ લીલાધર અશ્વ ઉપર સવાર

થઈને પરદેશે ચાલ્યો. લીલાવતીએ રોકવા માટે ઘણો આગ્રહ કર્યો; પણ તે ખરેખરૂં મુહૂર્ત મળવાથી એક ક્ષણ પણ રોકાણો નહીં. લીલાવતીના હૃદયમાં પતિનો વિયોગ ઘણોજ ખટકવા લાગ્યો. કુર્કટનો સ્વર લીલાધરને અમૃત જેવો લાગ્યો જ્યારે લીલાવતીને હળાહળ ઝેર જેવો લાગ્યો. પતિના વિયોગથી તે એકદમ મૂર્છિત થઈ ધરણી પર ઢળી પડી. અનુક્રમે મૂર્છા વળી ત્યારે તે વિલાપ કરવા લાગી—"કોણે દુશ્મન થઈને કુકડો રાખ્યો અને મારૂં ખરેખરૂં અહિત કર્યું ! (વેર વાળ્યું). હે વિધાતા ! તેં કુકડો શા માટે રચ્યો કે જેણે મારો વિગ્રહ કરાવ્યો. આ નગરમાં એવો કોણ છે કે જેણે રાજાની આજ્ઞાનું ઉલ્લંઘન કરીને કુકડો છાની રીતે રાખ્યો ? " પછી લીલાવતીએ તરતજ પોતાના પિતાને બોલાવીને પતિના પરદેશગમનની વાત જણાવી અને પોતાનો દુશ્મન થયેલો કુકડો લાવી આપવા આગ્રહ કર્યો.

મંત્રીએ પુત્રીના કહેવાથી તુરતજ કુકડાની શોધ કરવા માણસો દોડાવ્યા તેણે ચારે તરફ શહેરમાં ફરી વળી કુકડાની શોધ કરી, છેવટે નટોની પાસે કુકડો છે એમ પત્તો લાગ્યો, એટલે તે વાત મંત્રી પાસે આવીને પ્રકાશિત કરી. મંત્રીએ પુત્રીને કહ્યું કે—"કુકડો તો કાલે આવેલા નટોની સાથે છે, પણ એ પરદેશી પ્રાહુણા છે. તેથી તે આપણને કુકડો આપે નહીં. તેમ નટની જાત પણ હઠીલી હોય છે. તેથી તારે એ વાતનો આગ્રહ કરવો યુક્ત નથી. " મંત્રીપુત્રી બોલી કે—" ગમે તેમ કરીને એ કુકડાને મને લાવી આપો. એ મારા દુષ્ટ વૈરીને મારી

જઇ પણ શકયો નહીં. એવામાં પેલા નટ ફરતા ફરતા ત્યાં આવ્યા અને ઢોલે ઢમકા દઈ શરણાઇ લલકારી રાજા પાસે જઈ ઉતારો માગ્યો, એટલે રાજાએ મંત્રીના ઘર પાસે ઉતારો આપ્યો. નટોએ ત્યાં ઉતારો કર્યો. સાથેના લશ્કરે નગરની બહાર સરોવરના કિનારા ઉપર ડેરા–તંબુ નાખ્યા. પછી નટો ભોજન કરી થાક ઉતારી વેશ બદલી સંધ્યાકાળે કુર્કટ-રાજની આજ્ઞા લઈ રાજા પાસે આવ્યા અને ત્યાં અનેક પ્રકારના રાગ લલકારી રાજાને ખુશી કર્યો. રાજાએ કહ્યું કે-'આજે તો તમે થાકયા પાકયા છો તેથી થાક ઉતારો; કાલે તમારૂં નાટક જોશું.' એટલે નટવર પોતાને ઉતારે આવ્યો. તે વખતે તેની સાથે કુકડાને જોઇને લોકોએ તેને કહ્યું કે—'એક વાત ધ્યાનમાં રાખજો ! આ કુકડાને બોલવા દેશો નહિં. જો કુકડો બોલશે તો તેનો સ્વર સાંભળતાં જ મંત્રીનો જમાઇ પરદેશ જશે અને તેનો દોષ તમારે માથે ચઢશે.' આ વાત કુર્કટરાજે પણ સાંભળી, એટલે તેણે પણ મૌન ધારણ કર્યું. લોકો પોતપોતાના સ્થાનકે ગયા.

અનુક્રમે રાત્રિ વ્યતીત થઈ, પ્રભાત થવાની તૈયારી થઈ, એટલે કુર્કટરાજે પોતાના સ્વભાવને વશ થઇને રાત્રિની વાત ભૂલી જઇ ઉંચે સ્વરે ઉપરાઉપર મધુર અવાજો કર્યા. તે સાંભળી આખું શહેર જાગી ઉઠયું. દેવમંદીરમાં ઝાલરો વાગવા માંડી અને જગતનો સાક્ષી સૂર્ય પણ ઉદય પામ્યો.

કુર્કટનો સ્વર સાંભળતાં જ લીલાધર અશ્વ ઉપર સવાર

બહુ આગ્રહ હોવાથી નટોએ તે પ્રમાણે કરવું કબુલ કર્યું અને મંત્રીના પુત્રને લઇ પોતાને ઉતારે આવીને કુર્કટનું પાંજરૂં મંત્રીના સેવકોને આપ્યું. તેઓ પાંજરૂં લઈને લીલાવતી પાસે આવ્યા. કુર્કટને જોતાંજ લીલાવતીનો રોષ માત્ર ટળી ગયો અને સ્નેહ ઉત્પન્ન થયો. પછી તે પાંજરૂં પોતાના ખોળામાં લઇ કુર્કટની સાથે વાત કરવા લાગી.

પ્રકરણ ૨૦ મું.

લીલાવતી કુર્કટ પ્રત્યે કહે છે કે—"હે પક્ષીરાજ! તેં ફોગટ મને અવગુણ કરીને મારી સાથે વેર વસાવ્યું. તું ઉપરથી ફુટડો લાગે છે પણ અંદરથી કડવો જણાય છે. તેં શબ્દ માત્ર બોલીને મારા પિયુથી મને વિરહ પડાવ્યો, તેના પાપથી તું ક્યાં છુટીશ? તું સોનાના પાંજરામાં રહીને નિરંતર આનંદ ભોગવે છે, તેથી તને પારકી વેદનાની ખબર પડતી નથી. પણ હે કુર્કટ! પતિનો વિરહ સ્ત્રીને અત્યંત દુઃસહ હોય છે. તમે પંખી છો, તેમાં પણ પંખીણી પંખી વિના વ્યાકુળ થઇ જાય છે, તો અમે તો મનુષ્ય થયા છીએ, એટલે અમારા સ્ત્રી જાતિના દિવસો પતિ વિના કેમ જાય? તેં પૂર્વભવે આવો ઘણાને વિયોગ પડાવ્યો હશે તેથીજ આ ભવે પંખી થયો જણાય છે. હૃદયમાં વિચારી જોજે. તમે પંખી જાતિજ અવિવેકી છો વળી તું તો અત્યંત નિષ્ઠુર અને નિર્મોહી જણાય છે. જો તું કાંઇક વિવેક રાખીને બોલ્યો ન હોત તો મને

પતિ વિયોગ ન થાત. હે પક્ષિરાજ ! તને તો મારી ઉપર
જરાપણ દયા ન આવી; પણ મને તો તારૂં રૂપ જોઇને દયા
આવે છે.” આ પ્રમાણેનાં મર્મમાં ઘાત કરે તેવાં લીલા-
વંતીનાં વચનો સાંભળીને કુર્કટને એકદમ પોતાની
પૂર્વાવસ્થા સાંભરી આવી, તેથી જેમ વગર ઋતુએ વરસાદ
વરસે તેમ આંખમાંથી અશ્રુની ધારા વરસાવતો સતો તે એક-
દમ મૂર્છિત થઇને પાંજરામાં પડી ગયો, અને ઉંડા નિસાસા
મૂકવા લાગ્યો. તે જોઇ લીલાવતી એકદમ ગભરાઇ ગઇ. તેણે
પાંજરામાંથી તેને કાઢીને પોતાની બાથમાં લીધો અને તેને
ગરમી આપી સાવધ કર્યો. પછી તે કહેવા લાગી કે—“ હે
પંખી ! મેં તો તને ભોળે ભાવે કહ્યું, તેમાં તને આટલું બધું
દુઃખ કેમ લાગી ગયું ? મને તો મારા પિયુના વિયોગનું દુઃખ
સાલે છે તેથી મેં કહ્યું, પણ તને એવું શું દુઃખ સાલે છે કે
જેથી તું મૂર્છિત થઇ ગયો ? મારે તો ઉલટું લેણાનું દેણું
થયું. મેં જાણ્યું કે તું મને મનાવશે તેને બદલે મારે તને
મનાવવો પડ્યો. પરંતુ તું મારા કરતાં પણ વધારે વિરહી
દેખાય છે, તો તને શું દુઃખ છે તે કહે.” પછી કુર્કટે ભૂમિપર
અક્ષરો લખીને જણાવ્યું કે—“ હું આભાપુરીનો ચંદરાજા
છું. મને કાંઇપણ કારણ વિના મારી ઓરમાન માતાએ કુકડો
બનાવી દીધો છે, મને મારી રાણી ગુણાવળીનો વિરહ ખટકે
છે, મારા દુઃખની હું કેટલી વાત કરૂં. તે કહી જાય તેમ
નથી. જેમ મને એ ખટકે છે તેમ તેને હું ખટકું છું,

વળી આમ નાટકીઆની સાથે હું ભટકું છું, કયાં તે મારૂં નગર, કયાં મારૂં રાજ્ય, કયાં તે રાણી, કયાં મનુષ્યપણે રહેવું ને કયાં તિર્યંચપણે દુઃખ ભોગવવું ! મારા દુઃખનો પાર નથી. તારો પતિ પરદેશ ગયેલ છે તે તો કાલે આવશે ને તને મળશે; પરંતુ મારા વિછોહનો મેળો તો થશે કે નહિ તે પણ કોણ જાણે ? માટે હે બહેન ! મારા જેવું તારે દુઃખ નથી. મારા ને તારા દુઃખમાં રાઈ ને પર્વત જેટલું અંતર છે. વળી મારી સ્રી જેવી દુઃખીણી છે તેના પ્રમાણમાં તું અસંખ્ય ગુણી સુખિણી છે. તું એક ક્ષણના પતિના વિરહમાં દુઃખી થઈ ગઇ તો મારી રાણીને કેમ થતું હશે તેનો વિચાર કર. તેના દુઃખના પ્રવાહમાં તું તો તણાઇ જાય તેમ છે."

આ પ્રમાણેનાં કુર્કટનાં વચનથી લીલાવતી કાંઇક ખુશી થઈ-તેને પોતાનું દુઃખ અલ્પ લાગ્યું. તેણે વિચાર્યું કે—'આ તો સરખે સરખી જોડ મળી છે.' પછી તેણે ચંદરાજાને કહ્યું કે—"હે ચંદરાજા ! તમે બહુ દુઃખ ધરાવશો નહીં, થોડા વખતમાં તમને તમારી ઋદ્ધિ ને રમણી વિગેરે બધું પ્રાપ્ત થશે. તમે મારા મનના માન્યા ભાઇ છો ને હું તમારી બહેન છું. વિધાતાએજ આ સગપણ કરી દીધું છે. હવે તમે જ્યારે મનુષ્ય થાઓ ત્યારે જરૂર મને મળજો. મેં જે કાંઈ વગર વિચાર્યું તમને કહ્યું હોય તેની ક્ષમા કરજો અને હે વીરા ! તમારી આશા ફળીભૂત થજો, મને વહેલા આવીને મળજો અને મને ભૂલી જશો નહીં. મેં તો તમને જોઇને

જન્મારો સફળ કર્યો છે.” આ પ્રમાણે કુર્કટ સાથે વાતચિત
કરીને નટને તે પાછો સોંપ્યો એટલે મંત્રીપુત્ર પણ ઘરે આવ્યો.

હવે નટો ત્યાંથી નીકળી અનેક ગામો અને શહેરો ફર્યા,
ઘણી જગ્યાએ કુર્કટને માટે લડવું પણ પડયું. નટની કળા
અદ્ભુત હોવાથી લોકોને તે ગમી ગયા. એમ ફરતા ફરતા
તેઓ અનુક્રમે વિમળાપુરીએ આવ્યા અને જ્યાં માતા વીર-
મતીએ આંબો રાખ્યો હતો ત્યાંજ ડેરા-તંબુ નાંખીને પડાવ
કર્યો. કુર્કટે તે જમીન ઓળખી તેને પૂર્વનો પ્રેમ યાદ
આવ્યો. પ્રેમલાલચ્છીને માટે પરણવાનું પણ સમરણ થયું.
તેણે ધાર્યું કે “ [illegible] નગરી છે કે જેના કાર-
ણથી હું [illegible] હવે પાછો ફરતો ફરતો ત્યાંજ
આવ્યો છું, [illegible] પામવાનો સંભવ
છે. ક્યાં આભાપુરી ને ક્યાં વિમળાપુરી [illegible] મેળો સુગમ
નથી, પરંતુ [illegible] છે કે જીવતા મનુષ્ય મેળો પામે
તે વાત [illegible] મને અહીં આવવાની હોંશ ઘણી હતી
પણ [illegible] તેમ ન થયું, તે કારણેજ વિધાતાએ મને
પંખી બનાવી પણ અહીં જણાય છે” આ પ્રમાણે કુર્કટ
વિચાર કરે છે ને નટો ત્યાં આનંદથી રહે છે.

હવે અહીં પ્રેમલાલચ્છી પોતાના મહેલમાં સખીઓ
સાથે [illegible] છે, તેવામાં તેનું ડાબું નેત્ર ફરક્યું એટલે તે ખુશી
થઈને સખીઓને કહેવા લાગી કે—“આ [illegible]
મને જણાય છે કે જરૂર મારા [illegible]

મને મેળાપ થવો જોઇએ. તેમનો વિયોગ થયા સોળ વર્ષ થઈ ગયા છે. તે વખતે કુળદેવીએ પણ કહ્યું હતું કે, સોળ વર્ષ પછી તને પતિનો મેળાપ થશે., તેનો તાકડો બરાબર આવ્યો છે. પણ મારા મનમાં મોટો સંદેહ છે કે—ક્યાં આશાપુરી ને ક્યાં મારા ભર્ત્તાર. અહીંથી ગયા પછી કશો સંદેશો કે કાગળપત્ર પણ નથી, તેનો મેળો શી રીતે થઇ શકે? પણ દેવીનું વચન મિથ્યા થાય તે પણ સંભવતું નથી. કેમકે દેવવાણી અમોઘ હોય છે, એમ સૌ કહે છે. હવે તેની ખબર પડશે. મને વારંવાર એમ થયા કરે છે કે હજારો ગાઉનો આંતરો શી રીતે ભાંગશે? બાકી આજે અંતઃકરણમાં ખાત્રી થાય છે કે જરૂર મારા પતિ મને મળવા જોઇએ " આ પ્રમાણેનાં પ્રેમલાલચ્છીનાં વચનો સાંભળીને સખીઓ બોલી કે—" હે બહેન! તારૂં વચન ખરૂં પડશે. પીયરનો સ્નેહ ગમે તેટલો હોય પણ સ્રીને સાસરૂંજ પ્યારૂં લાગે છે. વળી ચંદરાજા જેવો તારો પ્રાણેશ તો સૌને સાંભરે તેમ છે. કોઇ તેને ભૂલે તેમ નથી. તારૂં તપ એવું છે કે જરૂર તને તેનો મેળો થશે. દેવીએ આપેલી અવધી ઘણી લાંબી હતી, તેપણ પૂરી થઈ છે. તો હવે તારા પતિ જરૂર જોઇએ; કેમકે કાળે કરીને તો ઉંબરાનું વૃક્ષ પણ ફળે છે, કેશુને પત્ર પુષ્પ આવે છે અને ખાલી સરોવર જળથી ભરાય છે; તો તારૂં વાંચ્છિત કેમ ન ફળે? ફળવુંજ જોઇએ "


આ પ્રમાણે સખીઓ પરસ્પર વાતો કરે છે,

દોરે દોરે નવા નવા પ્રકારે ખેલ કરતી નીચે ઉતરીને રાજા પાસે આવી તેણે પ્રણામ કર્યા. રાજા અને નગરના લોકોએ પણ વસ્ત્રાદિકની વૃષ્ટિ કરી જેથી ત્યાં મોટો ઢગલો થયો.

એવામાં પાંજરામાં રહેલા કુર્કટે પ્રેમલાને દીઠી એટલે તરતજ તેને ઓળખી. તે મનમાં ઘણો ખુશી થયો. તેણે માન્યું કે સોળ વરસે મેં આજે મારી સ્ત્રીને દીઠી. કુવેકુવા અપદ હોવાથી દૂર રહેલા મળી શકતા નથી; પણ મનુષ્ય સપદ હોવાથી ગમે તેટલું અંતર પડયું હોય તોપણ મળે છે. કુર્કટ વિચારે છે કે-"હવે શું કરૂં ? હું અત્યારે પંખીપણામાં છું. નહીં તો આનંદ વધામણા કરત. મારી માતા કરોડ વરસ જીવજો કે તેણે મને કુકડો કર્યો, નહીં તો પછી અહીં શી રીતે આવત ? ને મારી પ્રિયાને મળત ? વળી આ નટોનું પણ કલ્યાણ થજો કે મને અહીં સુધી લાવ્યા અને સર્વત્ર મારો યશ બોલ્યા. આજ મેં કોઈ પુણ્યશાળીનું મુખ જોયું હશે કે જેથી મને મારી સ્ત્રીનો દીર્ઘકાળે મેળો થયો, આજનો દિવસ પણ ધન્ય છે કે જ્યાં સંયોગના અંકુર ઉગ્યા અને વિરહપણું નાશ પામ્યું. હવે જો આ નટ પાસેથી લઈને પ્રેમલા મને પોતાની પાસે રાખે તો જરૂર હું પંખી ટળીને પુરૂષ થાઉં અને મારા મનોરથ બધા સફળ થાય; પણ જો શિવમાળા મને એને આપે તો એ બધી વાત ઠીક થાય."

આ પ્રમાણે કુર્કટ વિચારે છે તેવામાં પ્રેમલાલચ્છીએ પાંજરૂ નાચું જોયું અને નટોને તેમાં રહેલા કુકડાની સલામો

કરતા દીઠા, એટલે તે મનમાં આશ્ચર્ય પામી. તેણે નિહાળીને કુકડાની સામું જોયું એટલે કુકડે પણ જોયું. બંનેની દ્રષ્ટિ મળી અને જેમ ધ્યાનની તાળા લાગી હોય એમ એકાગ્રચિત્ત થઇ ગઇ.



चतुर्थ उल्लास.

પ્રકરણ ૨૧ મું.

પાંજરામાં રહેલા કુર્કટ ને પ્રેમલાલચ્છી બન્નેની એકદૃષ્ટી થયા પછી તેઓ પોતાની નજર ફેરવી શકયા નહિ. નટોએ અનેક પ્રકારનાં આખ્યાનો રાજાની પાસે ગાઈ સંભળાવ્યા. રાજા પ્રસન્ન થયો, તેની નજર પણ પાંજરા તરફ જતાં તેને કુર્કટ ઉપર પ્રેમ આવ્યો, નગરલોક જે જોવા મળેલા તેને પણ તેની ઉપર સ્નેહ ઉપજ્યો, રાજાએ પાંજરૂં પોતાની પાસે લીધું, કુર્કટને બહાર કાઢી ખોળામાં લીધો. પ્રેમલાના શરીરસ્પર્શથી કુર્કટ બહુ સંતુષ્ટ થયો, તેના હૃદયમાં પેસવા ઇચ્છતો હોય તેમ તેના હૃદયપર ચંચુપ્રહાર કરવા લાગ્યો. પ્રેમલા તેને પંપાળવા લાગી. પછી સોનાના પાંજરામાંથી તો નીકળ્યો પણ પ્રેમલાના હૃદય-પીંજરામાં પડ્યો, પ્રેમલા પણ તેનાપર અત્યંત સ્નેહ કરવા લાગી, પછી તેની પાસેજ રહેવાનું ઇચ્છવા લાગ્યો, પણ વાચા ન હોવાથી બોલી શકયો નહીં, પ્રેમની અનેક પ્રકારની ચેષ્ટા કરવા લાગ્યો, પ્રેમલાએ પણ પોતાનું મન તેને સોંપી દીધું, કેટલીકવારે રાજાએ કુર્કટને પાંજરામાં મુકી પાંજરૂં નટને પાછું આપ્યું, અને તેને પોતાની પાસે બેસાડી કુર્કટ વિષે સંબંધ પૂછયો કે-" આ કુર્કટને તમે કયાંથી લાવ્યા છો !

નટોએ કહ્યું કે—" સાંભળો, અહીંથી અઢારસેં કોશ દૂર આભપુરા નામે નગરી છે, ત્યાં ચંદ નામે રાજા છે, પણ તેને

તેની અપર માતાએ ગોપવી રાખ્યો છે. અમે તેને દીઠા નથી,
અમે તો **વીરમતીને** રાજ્ય કરતી જોઇ છે, તેની પાસે નાટક
કરતાં અમારી ઉપર પ્રસન્ન થઇને તે ચંદરાજાની રાણી ગુણા-
વળી પાસેથી તેની મરજી વિરૂદ્ધ લાવીને આ કુર્કટ અમને
આપ્યો છે, એક વખત વીરમતી કુર્કટને મારી નાખતી હતી,
તેમાંથી તેને લોકોએ છોડાવ્યો હતો, પછી કુર્કટે પોતાની ભાષા-
માં મારી પુત્રી શિવમાળાને સમજાવી, તેથી અમે તેને માગી
લીધો છે, આ બધી સેના તેની છે અને અમે તેને રાજા કરીને
માન્યો છે, અમે સૌ તેના સેવકો છીએ, ત્યાંથી તે કુર્કટને
લઇને ફરતા ફરતા નવ વર્ષે અમે અહીં આવ્યા છીએ."

કુર્કટનું આ પ્રમાણેનું વૃત્તાંત સાંભળીને સોરઠપતિ મકર-
ધ્વજ રાજા પ્રસન્ન થયો, તેને ચંદરાજાનો પત્તો મળ્યો, પ્રેમ-
લા પણ તેનું નામ સાંભળીને રાજી થઇ, કુર્કટ ઉપર તેને બહુ
પ્રેમ આવ્યો, પણ પક્ષીવંશમાં હોવાથી તેને ચંદરાજા તરીકે
કોઇએ ઓળખ્યા નહીં.

પછી નટોએ કહ્યું કે 'હે રાજન્! જો આપની આજ્ઞા
હોય તો અમે ચોમાસાના ચાર માસ અહીં રહીએ.' રાજાએ
બહુ ખુશી થઇને કહ્યું કે 'આનંદથી રહો, આપણે ચાર મહી-
ના આનંદ ગોષ્ઠી કરશું, કારણ કે અમારો જીવ તમારી સાથે
અને આ કુર્કટ સાથે પ્રેમથી બંધાઇ ગયો છે.' પછી નટો ત્યાં
રહ્યા અને દરરોજ કુર્કટને લઇ તે રાજા પાસે આવી ગીતગા-
ની આનંદ ઉપજાવવા લાગ્યા.

એટલે મકરધ્વજ રાજા પ્રેમલાને કહે છે કે—"હે પુત્રી! હું પ્રથમ તારૂં કહેલું માનતો નહોતો, પણ હવે મને તારા કહેવાની તમામ ખાત્રી થઇ ચૂકી છે, મને નિર્ણય થયો છે કે તારી કહેલી વાત અક્ષરશઃ સત્ય છે, કર્મ કરે છે તે કોઇ કરતું નથી, પ્રાણી કર્મને લઇનેજ સુખ દુઃખ પામે છે, પરમાત્માએ અમુક અપેક્ષાએ કર્મનેજ કર્તારૂપે નિરૂપ્યો છે તે વાત સાચેસાચી છે, હે વત્સ! તારા પતિ અહીંથી બહુ દૂર છે, તેનો મેળો મળવો તે તો કર્માધીન છે, પણ જો તું કહે તો આ કુકડો તને અપાવું, કે જેથી તેના આલાલુંબનથી તારા દિવસો સુખે વ્યતીત થશે, બાકી દૈવની સાથે બીજું તો જોર ચાલી શકતું નથી, કર્મની ગતિ વિચિત્ર છે."

પિતાનાં આવાં વચનો સાંભળી પ્રેમલાને તો તે ઇષ્ટજ હોવાથી તેણે પિતાને આગ્રહથી કહ્યું કે "કોઇપણ રીતે એ પક્ષી મને અપાવો, મારા પતિના ઘરનો એ પક્ષી છે, તેથી એ મને વહાલો લાગે છે, મારે એને પ્રધાન અતિથિપણે રાખવો છે, માટે કોઇપણ રીતે નટને સમજાવીને તે મને અપાવો." રાજાએ તરતજ નટને બોલાવવા સિપાઇને હુકમ કર્યો, તે શીઘ્ર આવીને હાજર થયો અને પ્રણામ કરીને બોલ્યો કે–'હે સ્વામી! મને કેમ યાદ કર્યો છે? શું હુકમ છે?' રાજાએ શિવકુમાર નટને આદરપૂર્વક કહ્યું કે—"હે શિવકુમાર! આ તમારી સાથે જે કુર્કટ છે તે મારી પુત્રી પ્રેમલાના સાસરાનો છે, એ વાત બહુ ગંભીર હોવાથી સ્પષ્ટ કરવાની જરૂર નથી, પરંતુ આજે ૧૬ વર્ષે અમે ચંદરાજાની હકીકત તમારી પાસેથી સાં-

ભળી છે, આ કુકડો પોતાના પતિના ઘરનો હોવાથી પ્રેમલાને તેની ઉપર અત્યંત સ્નેહ ઉપજ્યો છે, તે જો તેને આપવામાં આવે તો તે બહુ રાજી થાય તેમ છે, તેથી જો તમે એ કુકડો આપશો તો અમે તમારો પાડ માનશું અને તમે જે કહેશો તે તેના બદલામા તમને આપશું, આ બાબતમા અમારૂં કાંઈ જોર નથી, પણ તમે પુરૂષરત્ન છો તો અમારી ઇચ્છા પૂર્ણ કરશો એવો અમને વિશ્વાસ છે."

રાજાની આવી હૃદયભેદક માગણી સાંભળીને નટ બોલ્યો કે–"હે રાજન્! એ અમારો રાજા છે, અમારૂં તન, મન ને ધન છે, તેથી અમે કોઇ રીતે તેને આપી શકીએ તેવું નથી; તો પણ હું જઇને તેને વિનવું, ને જો તે અહીં રહેવા રાજી હોય તો હું તમને આપવાનો વિચાર કરૂં, પછી હું આગ્રહ નહીં કરૂં" આ પ્રમાણે કહી તે નટ પોતાને મુકામે આવ્યો અને કુર્કટને શિવમાળાની સમક્ષ બધી વાત કહી સંભળાવી. કુર્કટ તે સાંભળીને જેમ અમૃતની વૃષ્ટિ થઇ હોય તેમ પ્રસન્ન થયો. કુર્કટ વિચાર કરે છે કે–"આ તો ભાવતુ હતુ ને વૈદે કહ્યું એવુ થયું. આ રાજા, આ નગર, આ પ્રિયા, એ સઘળાનો સંયોગ તો પુરા પુણ્ય હોય તોજ પામીએ. તેથી નટ મને અહીં આપે તો હું જરૂર ભાગ્યશાળી ગણાઉં." આ પ્રમાણેનું કુર્કટનું અહીં રહેવાનું ચિત્ત જોઇને તેને તરતજ સમજી જનારી શિવમાળા બોલી કે–"હે સ્વામી! તમે શા કારણથી મારાથી નિર્મોહી થયા તે કાંઈ સમજાતું નથી. હું તમારી ચાકરી બીલકુલ ચૂકી નથી, મેં તમને પ્રાણની જેમ રાખ્યા છે.

જાણતાં અજાણતાં પણ ખામી આવવા દીધી નથી. તમારા માટે ઘણા રાજા મહારાજાઓને મેં દુહવ્યા છે, તમને માથા ઉપર લઇને ફરી છું, જગતમાં તો એક ઘડીમાત્રની પ્રીતિ પણ સજ્જનો પાળે છે તો તમારે મારે નવ વર્ષનો સ્નેહ છે, તે છોડી દેવા તમે એકદમ કેમ તૈયાર થયા છો તે કાંઇ સમજાતું નથી. અરે પક્ષીરાજ ! તમારા વચનથી તમને વીરમતી પાસેથી છોડાવ્યા અને સાથે રાખ્યા તો આજસુધી સ્નેહ બતાવીને હવે એકદમ કેમ સ્નેહ છોડવા માગો છો ? તમે મારી સેવાનો બદલો શી રીતે આપશો ? તમને આમ કોણે ભોળવ્યા કે જેથી એકાએક મારા પ્રત્યે નિઃસ્નેહી થઇ ગયા છો ? પ્રથમ સ્નેહ બતાવીને હવે આમ કેમ કરો છો ? ”

કુર્કટ પોતાની ભાષામાં શિવમાળાને કહે છે કે–“હે નટપુત્રી ! તું આમ શામાટે કહે છે ? શું હું કાંઇ નથી સમજતો ? બધું સમજું છું, વિબુધ સાથેની પ્રીતિ ક્ષણે ક્ષણે હૃદયમાં ખટકે છે, તે છોડી શકાતીજ નથી. વળી તારા ગુણના–તારી એક ઘડીના ઓશીંગણ કોઇરીતે મારાથી થઇ શકાય તેમ નથી.” તેં મારા ઉપર જે જે ઉપકાર કર્યા છે તે તારે કહી દેખાડવાની જરૂર નથી, હું બધા જાણું છું, કેમકે હું પણ ચોર અનાજ ખાઉં છું, નવ વર્ષનો સ્નેહ તજવો તે અત્યંત મુશ્કેલ છે, પરંતુ અન્યના હૃદયની વાત અન્ય સમજી શકતું નથી, તારી સેવાનો સંગ તો મૂર્ખ હોય તેજ તજે. પણ હે નટપુત્રી ! આમાં એક પ્રબળ હેતુ છે, તેથી તારે દુહવાવાનું કંઇ કારણ નથી, તે સાંભળ ! હું અહીંના રાજાની પુત્રીનો પતિ છું, હું તેની સાથે

જાણી છે, આ કુકડો પોતાના પતિના ઘરનો હોવાથી પ્રેમલાને તેની ઉપર અત્યંત સ્નેહ ઉપજ્યો છે, તે જો તેને આપવામાં આવે તો તે બહુ રાજી થાય તેમ છે, તેથી જો તમે એ કુકડો આપશો તો અમે તમારો પાડ માનશું અને તમે જે કહેશો તે તેના બદલામાં તમને આપશું, આ બાબતમાં અમારું કાંઈ જોર નથી, પણ તમે પુરૂષરત્ન છો તો અમારી ઇચ્છા પૂર્ણ કરશો એવો અમને વિશ્વાસ છે."

રાજાની આવી હૃદયભેદક માગણી સાંભળીને નટ બોલ્યો કે—"હે રાજન્! એ અમારો રાજા છે, અમારું તન, મન ને ધન છે, તેથી અમે કોઈ રીતે તેને આપી શકીએ તેવું નથી; તો પણ હું જઈને તેને વિનવું, ને જો તે અહીં રહેવા રાજી થાય તો હું તમને આપવાનો વિચાર કરૂં, પણ હું આગ્રહ નહીં કરૂં." આ પ્રમાણે કહી તે નટ પોતાને મુકામે આવ્યો અને કુકડાને પ્રેમલાલચ્છીની સઘળી વાત કહી સંભળાવી. કુકડો તે સાંભળીને જેમ અમૃતની વૃષ્ટિ થઈ હોય તેમ હર્ષ પામ્યો. કુકડે વિચાર કર્યો કે—"[illegible]

જાણતાં અજાણતાં પણ ખામી આવવા દીધી નથી. તમારા માટે ઘણા રાજા મહારાજાઓને મેં દુહવ્યા છે, તમને માથા ઉપર લઇને ફરી છું, જગતમાં તો એક ઘડીમાત્રની પ્રીતિ પણ સજ્જનો પાળે છે તો તમારે મારે નવ વર્ષનો સ્નેહ છે, તે છોડી દેવા તમે એકદમ કેમ તૈયાર થયા છો તે કાંઇ સમજાતું નથી. અરે પક્ષીરાજ ! તમારા વચનથી તમને વીરમતી પાસેથી છોડાવ્યા અને સાથે રાખ્યા તો આજસુધી સ્નેહ બતાવીને હવે એકદમ કેમ સ્નેહ છોડવા માગો છો ? તમે મારી સેવાનો બદલો શી રીતે આપશો ? તમને આમ કોણે શીખવ્યા કે જેથી એકાએક મારા પ્રત્યે નિઃસ્નેહી થઇ ગયા છો ? પ્રથમ સ્નેહ બતાવીને હવે આમ કેમ કરો છો ? ”

કુર્કટ પોતાની ભાષામાં શિવમાળાને કહે છે કે–“હે નટપુત્રી ! તું આમ શામાટે કહે છે ? શું હું કાંઇ નથી સમજતો ? બધું સમજું છું, વિબુધ સાથેની પ્રીતિ ક્ષણે ક્ષણે હૃદયમાં ખટકે છે, તે છોડી શકાતીજ નથી. વળી તારા ગુણના–તારી એક ઘડીના ઓશીંગણ કોઈરીતે મારાથી થઇ શકાય તેમ નથી.” તેં મારા ઉપર જે જે ઉપકાર કર્યા છે તે તારે કહી દેખાડવાની જરૂર નથી, હું બધા જાણું છું, કેમકે હું પણ શેર અનાજ ખાઉં છું, નવ વર્ષનો સ્નેહ તજવો તે અત્યંત મુશ્કેલ છે, પરંતુ અન્યના હૃદયની વાત અન્ય સમજી શકતું નથી, તારી જેવાનો સંગ તો મૂર્ખ હોય તેજ તજે. પણ હે નટપુત્રી ! આમાં એક પ્રબળ હેતુ છે, તેથી તારે દુહવાવાનું કંઇ કારણ નથી, જો સાંભળ ! હું અહીંના રાજાની પુત્રીનો પતિ છું, હું તેની - "

પરણેલો છું, એ કારણથીજ વિમાતાએ મને પંખી બનાવેલો છે, દુઃખની આ બધી વાત કહેતાં હૃદય ફાટી જાય તેમ છે, પણ દૈવ જે દુઃખ આપે તે સહન કર્યા વિના છુટકો થતો નથી. પ્રભુ તારું ભલું કરજો કે તેં મને વીરમતી પાસેથી છોડાવ્યો અને અહીં વિમળાપુરી પહોંચાડ્યો. મારું મન આ કારણથી અહીં રહેવા લલચાયું છે. તો પણ જો તું રાજી રહે તોજ હું અહીં રહેવા ઇચ્છું છું. જો તું મને અહીં નહીં સોંપે તો મારું કંઈ જોર નથી. કારણકે બકરીને તેનો ધણી કાન પકડીને જ્યાં લઈ જાય ત્યાં તેને જવું પડે છે."

આ પ્રમાણેનાં કુકડનાં વચનો સાંભળીને પ્રેમલાલચ્છી બહુ દિલગીર થઈ, તેના બે નેત્રમાંથી આંસુની ધારાઓ ચાલવા લાગી. છેવટે હૃદયને દૃઢ કરીને તે બોલી કે—"હે [illegible]! હે વહાલા! [illegible]"

[illegible]

અને મારી પુત્રીને જીવિતદાન આપ્યું ગણી તમારો પાડ માનીશ. વધારે શું કહું ?" નટ બોલ્યો કે-"હે સ્વામી ! તમે એને પક્ષી માત્ર ગણશો નહીં, એ તો અમારા મનથી આભાનગરીનો રાજા છે અને તેથીજ તમને આપતાં મન ચાલતું નથી અને નાં પણ કહી શકાતી નથી, એક બાજુ નદી ને એક બાજુ વાઘવાળો ન્યાય થયો છે." શિવમાળા બોલી કે-"હે રાજન્ ! એને માટે અમે ઘણા રાજાઓને વૈરી કર્યા છે, એને માટે અનેક પ્રકારનાં કલેશ સહન કર્યા છે, પરંતુ તમારી પુત્રી મારી સખી છે તેથી તેને માટે આ મારા પ્રાણ સમાન પક્ષીને આપવામાં હું આનાકાની કરી શકતી નથી. હે નરપતિ ! તમે ખુશીથી એને લઈ જાઓ, તમારૂં ને એનું કોડ કલ્યાણ થજો, એને કોડ યત્ન કરીને જાળવજો અને એ આભાપતિજ છે એમ જાણજો. એને પક્ષીમાત્ર જાણીને ભૂલ ન ખાશો. એનાથી તમારી પુત્રીની સર્વ આશાઓ પૂર્ણ થશે."

આ પ્રમાણે કહીને કુર્કટનું પાંજરૂં રાજાને સ્વાધીન કર્યું. એટલે રાજા તેનો આભાર માની ઘણો હર્ષિત થઈ પાંજરૂં લઈને રાજભુવનમાં આવ્યો અને હાથો હાથ તે પાંજરૂં પ્રેમલાને આપ્યું જેથી પ્રેમલા અત્યંત રાજી થઈ એ નટોનો ઉપકાર માનવા લાગી.

પરણેલો છું, એ કારણથીજ વિમાતાએ મને પંખી બનાવેલો છે, દુઃખની આ બધી વાત કહેતાં હૃદય ફાટી જાય તેમ છે, પણ દૈવ જે દુઃખ આપે તે સહન કર્યા વિના છુટકો થતો નથી. પ્રભુ તારૂં ભલું કરજો કે તેં મને વીરમતી પાસેથી છોડાવ્યો અને અહીં વિમળાપૂરી પહોંચાડ્યો. મારૂં મન આ કારણથી અહીં રહેવા લલચાણું છે. તો પણ જો તું રાજી રહે તોજ હું અહીં રહેવા ઇચ્છું છું. જો તું મને અહીં નહીં સોંપે તો મારૂં કંઈ જોર નથી. કારણકે બકરીને તેનો ધણી કાન પકડીને જ્યાં લઇ જાય ત્યાં તેને જવું પડે છે.”

આ પ્રમાણેનાં કુર્કટનાં વચનો સાંભળીને શિવમાળા બહુ દિલગીર થઇ, તેના બે નેત્રમાંથી આંસુની ધારાઓ ચાલવા લાગી. છેવટે હૃદયને દૃઢ કરીને તે બોલી કે—“હે આભાપતિ ! હે વહાલા ! આજ આ વાત મેં જાણી છે, તો હવે જેમ આપ ચાહો છો તેમ હું કરીશ. તમને અહીં સોંપી જઇશ. ભલા, મારી ચાકરી પણ આજ લેખે આવી કે જેથી તમે સોળ વરસ અગાઉ પરણેલી સ્ત્રી સાથે મળી શક્યા અને તેથી હું પણ મારા જીવિતવ્યને ધન્ય માનું છું.”

આ પ્રમાણે તે બંને વાતો કરે છે તેવામાં પુત્રીના આગ્રહથી મકરધ્વજ રાજા પોતેજ ત્યાં આવ્યા. શિવનટે અત્યંત આદર સત્કાર કર્યો. પછી રાજાએ તેને કહ્યું કે–“હું એ પક્ષી લેવા માટેજ આવ્યો છું, જો તમે રાજી થઇને આપશો તો હું મને તમે ઘણું મહત્વ આપ્યું એમ માનીશ,

અને મારી પુત્રીને છવિતદાન આપ્યું એથી તમારો પાડ માનીશ. વધારે શું કહું?" નટ બોલ્યો કે–"હે સ્વામી! તમે એને પક્ષી માત્ર ગણશો નહીં, એ તો અમારા ગનથી આશા-તમરીનો રાજા છે અને તેથીજ તમને આપતાં મન ચાલતું નથી અને ના પણ કહી શકાતી નથી, એક બાજુ નદી ને એક બાજુ વાઘવાળો ન્યાય થયો છે." શિવમાળા બોલી કે–"હે રાજન! એને માટે અમે ઘણા રાજાઓને વેરી કર્યા છે, એને માટે અનેક પ્રકારનાં કલેશ સહન કર્યા છે, પરંતુ તમારી પુત્રી મારી સખી છે તેથી તેને માટે આ મારા પ્રાણ સમાન પક્ષીને આપવામાં હું આનાકાની કરી શકતી નથી. હે નરપતિ! તમે ખુશીથી એને લઈ જાઓ, તમારૂં ને એનું કોડ કલ્યાણ થશે, એને કોડ યત્ન કરીને જાળવજો અને એ આશાપતિજ છે એમ જાણજો. એને પક્ષીમાત્ર જાણીને ભૂલ ન ખાશો. એનાથી તમારી પુત્રીની સર્વે અશાઓ પૂર્ણ થશે."

આ પ્રમાણે કહીને કુર્કટનું પાંજરૂં રાજાને સ્વાધીન કર્યું. એટલે રાજા તેનો આભાર માની ઘણો હર્ષિત થઇ પાંજરૂં લઇને રાજભુવનમાં આવ્યો અને હાથો હાથ તે પાંજરૂં પ્રેમલાને આપ્યું જેથી પ્રેમલા અત્યંત રાજી થઇ એ નટોનો ઉપકાર માનવા લાગી.

પ્રકરણ ૨૨ મું.

નટપુત્રી શિવમાળા પાસેથી કુર્કટનું પાંજરૂં પ્રાપ્ત થતાંજ પ્રેમલાએ તેમાંથી કુર્કટને બહાર કાઢ્યો અને પોતાના હાથ ઉપર રાખી તેની પાસે પોતાના હૃદયના ઉભરા કાઢવા લાગી. તે કુર્કટને કહે છે કે—"હે કુર્કટ! તું સોળ વર્ષે મારા સાસરાનો પક્ષી ભેળો થયો છું. તારા નગરનો રાજા તે મારો સ્વામી છે; છતાં મેં જેમ ભિક્ષુક રત્નને ગુમાવી દે તેમ તેને હાથ આવેલા ખોઇ નાખ્યા છે. તેના વિરહથી મારૂં શરીર સુકાઇ ગયું ને પાંસળીઓ નીકળી, પણ તારા રાજા હજુ સુધી મને મળ્યા નહીં, એટલુંજ નહીં પણ મેં તારા રાજાની એવી શી ચોરી કરી કે આજસુધી તેણે મારી ખબર પણ લીધી નથી? મને પરણીને કુષ્ટીને સોંપી ચાલ્યા ગયા એમાં ઇજ્જત શું વધારી? મારો જન્મ અકૃતાર્થ કર્યો. આવું તેને કોણે શીખવ્યું? જો ગૃહભાર વહેવા કાયરજ હતા તો પાણિગ્રહણ શા માટે કર્યું? અને કર્યા પછી તરતમાંજ શા કારણથી મારી ઉપર અભાવ થયો? હે પક્ષી! મેં તારા રાજા જેવો તો નિર્મોહી જગતમાં કોઇ ન દીઠો કે જેણે પરણીને ગયા પછી કાગળથી પણ મારી ખબર લીધી નહીં. ક્યાં આભાપુરી ને ક્યાં આ નગરી! મન પણ ત્યાં પહોંચી શકે નહીં એટલું છેટું, તેમાં મારા કંથે જે કર્યું તેવું તો વૈરી પણ ન કરે! તેઓ અહીં ન આવી શકે, હું ત્યાં જઇ ન શકું. આવી સ્થિતિમાં મારા દિવસો શી રીતે જાય? વળી આ જગતમાં એવો પરમાર્થી પ્રભુનો વહાલો

કોઈ માણુસ પણ દેખાતો નથી કે જે જઈને મારા સ્વામીને સમજાવે અને તેનું કઠોર હૃદય પીગળાવે-તેમાં કરૂણા ઉત્પન્ન કરે. સોળ વર્ષ થયાં પણ તેમના મનમાં સ્નેહ જાગ્યો નહીં તે મનને કેવું કઠોર સમજવું! એને માટે મારા પિતાએ પણ મને ઘણું કષ્ટ આપ્યું, પણ તેની ફરિયાદ કોની પાસે કરવી? આ જગતમાં સ્નેહ બાંધવો સહેલો છે, પણ તેનો નિર્વાહ કરવો તેજ અતિ મુશ્કેલ છે. તેમાં પણ જે નિઃસ્નેહી સાથે સ્નેહ બાંધવો તે તો માત્ર દુઃખ સહેવા માટેજ છે. તું તેના ઘરનો પક્ષી છે તેથી તને જોઈ મને રોમાંચ ઉત્પન્ન થાય છે. એટલે મેં તારી પાસે મારા દુઃખની પોથી વાંચી બતાવી છે. તને દેખવાથી મારૂં દુઃખ કેટલેક અંશે નષ્ટ થયું છે, જાણે મારા સ્વામીનેજ દીઠા હોય એમ લાગે છે. પણ તું રખે તેના જેવો પીઠો ન થતો!"

આ પ્રમાણે પ્રેમલાનાં સ્નેહગર્ભિત માર્મિક વચનો કુર્કટે સાંભળ્યાં, પણ તે પક્ષી હોવાથી તેનો ઉત્તર આપી ન શક્યો. જો કે દંપતી એકત્ર મળ્યા છે, પરંતુ તે બેની વચમાં કર્મજનિત મહદંતર છે, એટલે તે મેળાપનો લાભ બેમાંથી એકે મેળવી શકતા નથી.


પ્રેમલા પક્ષી સાથે આવાં ગાંડાઘેલાં વચનો કહી ઉભરો કાઢે છે, તેવામાં શિવમાળા ત્યાં આવી; તેણે કુર્કટને પોતાના ખોળામાં લઈને રમાડ્યો. તેની ઉપર સુગંધી પદાર્થો છાંટ્યા, તેની પાસે મેવા મીઠાઈ મૂક્યા અને તેને રીઝવવા મધુર

સ્વરે ગીતગાન કર્યું. ત્યારપછી તે પ્રેમલાને કહેવા લાગી કે—“તમે આ કુકડાને ચાર મહિના સુધી તમારી પાસે રાખો, ચાતુર્માસ ઉતર્યે અમે જ્યારે અહીંથી ચાલશું ત્યારે હું તેને પાછો લઈ જઈશ. ત્યાંસુધી તમે તેને સ્નેહપૂર્વક જાળવજો. હું પણ હરરોજ આવીને તેના ખબર લઈ જઈશ. ચાર મહિનાની અંદર જો એ તમારી વાંછા પૂર્ણ કરે તો પછી અમારે કાંઇ તમારી સાથે વાંધો નથી.”

આ પ્રમાણે ગર્ભિત વચનો કહીને શિવમાળા પોતાને ઉતારે ગઇ, પણ પ્રેમલા તેમા કાંઇ સમજી નહીં. તે તો કુકડાને લઇને રમાડવા લાગી.

હવે પ્રેમલા નિરંતર કુકડાની સામું જોયા કરે છે, તેની ભક્તિ કરે છે, તેની સામે જોઇને ઉંડા નિસાસા મૂકે છે, આંખમાંથી આંસુની ધારા વરસાવે છે, વચનદ્વારા ખેદ જાહેર કરે છે. અત્યારે વર્ષાઋતુ હોવાથી આકાશમાં વરસાદ ચડી આવે છે, વિજળી ઝબકારા કરે છે, ગર્જારવ થાય છે, જગત બધું તેનાવડે શાંત થાય છે, પણ પ્રેમલાના હૃદયનો વિરહાગ્નિ તેનાથી શાંત ન થતાં ઉલટો વિશેષ પ્રદીપ્ત થાય છે, તેથી તે પોતાનું દુઃખ અનેક પ્રકારે કુર્કટ સમીપે પ્રકાશિત કરે છે અને શિવમાળાનાં વચનો સંભારી તેમાં કાંઇક રહસ્ય રહેલું છે એમ વિચારી કુર્કટને કહે છે કે—“હવે તમે મારે હાથ આવ્યા છો, તો અંતર શામાટે રાખો છો ?”

અન્યદા ચાતુર્માસ પૂર્ણ થવા આવતાં પ્રેમલા સિદ્ધાચળ-




ની યાત્રા કરવા તત્પર થઈ. આ વિમલાપુરી તેની તળેટીમાં હતી, સખીઓને પણ સાથે આવવા તૈયાર કરી. તેવામાં એક નિમિત્તિઓ ત્યાં આવ્યો. તેનો અનેક પ્રકારે સત્કાર કરીને પ્રેમલા પુછે છે કે-"હે કવિકુળભૂષણ! મારો સ્વામી મને ક્યારે મળશે તે કહો, હું તમને રાજી કરીશ." નિમિત્તિઓ બોલ્યો કે-"હું તમારે માટેજ જ્યોતિષશાસ્ત્રોનો અભ્યાસ કરવા કર્ણાટક ગયો હતો. ત્યાંથી અનેક શાસ્ત્રોનો અભ્યાસ કરી આજેજ ઘરે આવ્યો છું. અને તમારા વગર બોલાવ્યો એ વાત કહેવાજ આવ્યો છું કે તમારો પતિ તમને આજે કે કાલે જરૂર મળશે. જો આ વાત ખરી પડે તો મને સાબાશી આપજો. મેં જે નિમિત્ત કહ્યું છે તે કદી પણ ખોટું પડે તેવું નથી. તેથી એમાં તમારે કિંચિત્ પણ સંદેહ ન કરવો." તેની આ પ્રમાણેની વાણી સાંભળીને પ્રેમલાલચ્છી ઘણી ખુશી થઇ અને તેને યથોચિત દાન માન આપી વિસર્જન કર્યો.

પછી થોડીક સખીઓને સાથે લઇને પ્રેમલા પિતાની આજ્ઞા લઈ, કુર્કટના પાંજરાને પોતાનાજ હાથમાં રાખી પુંડરિકગિરિની યાત્રા કરવા ચાલી. ઉપર ચડતાં કુકડાને પાંજરામાંથી બહાર કાઢી હાથ ઉપર રાખ્યો. કુકડો પણ ગિરિને જોઈને અત્યંત ખુશી થયો અને પોતાના દિવસને લેખે ગણવા લાગ્યો. ઠેઠ ઉપર પહોંચ્યા એટલે શિવપદના શિખર જેવું શ્રીઋષભેશ્વરનું ચૈત્ય દીઠું. પ્રેમલાએ ચૈત્યમાં પ્રવેશ કર્યો, યુગાદિદેવને ભેટ્યા અને તેમની અષ્ટપ્રકારી પૂજા કરી. ઋષભ જિનેન્દ્રના

દર્શન થવાથી કુર્કટે પણ પોતાનો જન્મ સફળ ગણ્યો. પ્રેમલા મૂળનાયકજીની ભક્તિ કરી મુખ્ય ચૈત્યમાંથી બહાર નીકળી અને બીજા પ્રત્યેક ચૈત્યમાં કુર્કટ સહિત જઈને તેણે દર્શન કર્યા. ત્યાંથી ફરતી ફરતી રાયણના વૃક્ષ પાસે આવી ત્યાં ભૂમિપર પડેલ પત્ર ચાંચમાં લઈ કુકડે પોતાની ચાંચને સુશોભિત કરી. એમ સર્વ વિધિ સાચવીને પછી ત્યાંથી સૂર્યકુંડ જોવા ચાલ્યા. નિર્મળ જળથી ભરેલો અને કમળોવડે સુશોભિત સૂર્યકુંડને જાણે સમતા રસનોજ કુંડ ન હોય એમ પ્રેમલા માનવા લાગી. અને તેના જળને ફરસીને આવતા શીતળ અને સુગંધી સમીરનો લાભ લેવા માટે તેના કિનારા ઉપર પક્ષીને હાથમાં લઇને બેઠી.

સૂર્યકુંડને જોઇને કુર્કટ પ્રથમ તો ઘણો હર્ષિત થયો, પણ પછી તે એકાએક વિચારમાં પડી ગયો. તે વિચારવા લાગ્યો કે—"અહો ! આ પ્રમાણે તિર્યંચ અવસ્થામાં મને સોળ વર્ષ વહી ગયાં. ક્યાં સ્ત્રી ! ક્યાં ઘરબાર ! ક્યાં સ્વજનો ! ક્યાં મારૂં રાજ્ય ! એ બધું અત્યારે મારે તો નકામું થઇ પડયું. મારી માતા ખરેખરી વેરણ થઈ કે જેણે મને આ દશાએ પહોંચાડ્યો છે. આ સંસાર ખરેખરો સ્વાર્થથીજ ભરેલો છે, તેમાં સારભૂત કાંઈ પણ નથી. વળી નટો મને લઇને અનેક દેશમાં ફર્યા તો પણ મારા દુષ્કર્મનો અંત આવ્યો નહીં. હું મનુષ્ય મટીને ઉકરડામાં ફરનારો કુકડો થયો. હવે આટલો બધો વખત વ્યતિત થયા પછી મનુષ્ય થવાની આશાજ શી રાખવી ?

પ્રેમલા અને કુકડો



સંસાર ઉપર પૂર્ણ વૈરાગ્યવૃત્તિ આવવાથી કુકડે પ્રેમલાના હાથ ઉપરથી ઠેકીને એકદમ કુંડમાં ઝંપાપાત કર્યો. (પૃષ્ઠ ૧૯૩)

શા ઉપર રાખવી? પોતાની સ્ત્રીની પાસે પંખીપણે રહેતાં રાત દિવસ શી રીતે વીતાડવાં? દેખવું ને દાઝવું એ શી રીતે સહન થઈ શકે? મારૂં યૌવન તમામ નિષ્ફળ ગયું! મારાં દુઃખની હકીકત ચિંતવી પણ શકાય તેમ નથી. જરૂર કોઇ ખરેખરો ચાઠીયો મારા દૈવની પાસે જઈ ચડયો કે જેણે મને આટલું દુઃખ અપાવ્યું. આવું જીવવું શા કામનું? ખોટી આશામાં કેટલા દિવસ કાઢવા? અને આવા તિર્યંચપણામાં કયાં સુધી રહેવું? તેથી હવે તો આ કુંડમાં ઝંપાપાત કરૂં કે જેથી મારૂં કલ્યાણ થઇ જાય. આ સંસારમાં કોણ કોનું છે? કોની માતા, કોના પિતા, કોની સ્ત્રી, કોની નગરી, કોઇ કોઈનું નથી, તેના-પર શો મોહ કરવો? એમાંનું કોઈ આપણું થયું નહીં તો પછી આપણે તેને મારૂં મારૂં કયાંસુધી માનવું? આ તાગ વિનાના સંસારસમુદ્રમાં સૌ સ્વાર્થનું સગું છે.” આ પ્રમાણે વિચારીને સંસાર ઉપર પૂર્ણ વિરાગવૃત્તિ આવવાથી કુકડે પ્રેમલાના હાથ ઉપરથી કુદીને એકદમ કુંડમાં ઝંપાપાત કર્યો. પ્રેમલા તે જોઈને એકદમ ગભરાઈ ગઈ. તે બોલી કે—“અરે ભૂંડા! તેં આ શું કર્યું? હું શિવમાળાને શું જવાબ દઇશ? મારા માતપિતાને પણ શું કહીશ? થોડા દિવસના સંબંધમાં તેં આ શું કર્યું? પણ મને લાગે છે કે તેં મારા પ્રેમની પરીક્ષા કરવા માટેજ આમ કર્યું જણાય છે; તો હવે જે તારી ગતિ તેજ મારી ગતિ.” આ પ્રમાણે વિચારીને પ્રેમલાએ પણ

કોઇને કહ્યા શિવાય એકદમ તેની પાછળ કુંડમાં તેને પકડવાને મિષે ઝંપાપાત કર્યો. તે જોઇ સર્વત્ર હાહાકાર થઇ રહ્યો.

પ્રેમલા કુકડાને પકડવા ગઇ, તેવામાં અપરમાતાએ બાંધેલો દોરો કે જે ઘણો જીર્ણ થઇ ગયો હતો, તે એકદમ હાથમાં ભરાવાથી ત્રુટી ગયો એટલે ચંદરાજા તત્કાળ કુકડા મટીને મનુષ્ય થઈ ગયા. સર્વને આશ્ચર્ય થયું. તે વખતે શાસનદેવીએ તે બંનેને કુંડમાંથી બહાર કાઢ્યા. કુંડને કિનારે આવ્યા એટલે પ્રેમલાએ ચંદરાજાને ઓળખ્યા. તે અત્યંત હર્ષિત થઈ. તેની સર્વ આશાઓ અત્યારે એકાએક ફળીભૂત થઈ. ચંદરાજા મનુષ્યપણું પામ્યાની વાત એક ક્ષણવારમાં સર્વત્ર પસરી ગઈ. ચારે બાજુ આનંદ આનંદ પ્રવર્તી ગયો. તીર્થનિવાસી સમકિતદૃષ્ટિ દેવોએ તેનાપર પુષ્પની વૃષ્ટિ કરી. સર્વત્ર, તીર્થનો પ્રભાવ વિસ્તાર પામ્યો. સૂર્યકુંડનું જળ પાપરૂપ કલ્મષને દૂર કરનાર તરીકે પ્રસિદ્ધિ પામ્યું. તેના પ્રભાવથીજ ચંદરાજાને મનુષ્યપણું પ્રાપ્ત થયું એમ સર્વના લક્ષમાં આવ્યું.

પછી પ્રેમલાએ ચંદરાજાને યથાયોગ્ય લજ્જાપૂર્વક કહ્યું કે—" હે સ્વામી ! હવે આ સૂર્યકુંડના જળવડે સ્નાન કરી શ્રીઋષભદેવની પૂજાભક્તિ કરો. આ ગિરિરાજના પસાયથી આપણાં સર્વ કાર્ય સિદ્ધ થયાં છે તેથી તેની પણ સેવા કરો. અને સમકિતરૂપ વૃક્ષના કંદને ભક્તિરસવડે સિંચો કે જેથી તે વૃક્ષ અત્યંત પ્રફુલ્લિત થાય અને તેનાપર વિરતિરૂપ ફળશ્રેણી ઉગી નીકળે. "

ચંદરાજાએ પ્રેમલાના કહેવાનો સ્વીકાર કર્યો અને જણાએ સ્નાન કરીને અત્યુત્તમ દ્રવ્યોવડે શ્રીજીનરાજ પરમાત્માની દ્રવ્યપૂજા કરી, ત્યારપછી ભાવપૂજા પણ કરી કે જે હવે પછીના પ્રકરણમાં વિસ્તારથી કહેવામાં આવશે.

પ્રકરણ ૨૩ મું.

ચંદરાજા શ્રી ઋષભદેવ પરમાત્માની સ્તુતિ કરે છે કે—" હે ત્રણ ભુવનના પ્રતિપાલક ! શાંતિ સુધારસના ચંદ્ર ! ભવ્યજનોની આશાના વિશ્રામ ! અપૂર્વ સુરતરૂ ! તમારા ચરણકમળમાં સર્વ પુરંદરો મધુકરવત્ લીન થયેલા છે, તમારા ગુણ અનંતાનંત છે, સચરાચર જગતમાં તમારી આજ્ઞા પ્રવર્તમાન છે, તમારા નામગ્રહરૂપ વજ્ર પ્રાણીના કર્મરૂપ મહીધરને ભેદી નાખે છે, તમે અનુભવરસના સિંધુ છો, અવર દેવ તમારી પાસે છીલ્લર સમાન છે, તમે કેવળજ્ઞાનવડે જગચ્ચક્ષુ (સૂર્ય) સમાન છો, અવર દેવ હરિ હર બ્રહ્માદિ તમારી પાસે ખદ્યોત સમાન છે, તમારા ગુણ સર્વ સમુદ્રના જળને શાહીરૂપ કરવામાં આવે તો પણ લખી શકાય તેમ નથી. અર્થાત્ અનંત છે. તમે શિવગિરીની કંદરામાં વસનારા પંચાનન છો, તમારા દરબારમાં અચ્યુતેંદ્રાદિક પણ કિંકર થઇને રહે છે. તમે ગંધહસ્તી સમાન છો, અન્ય દેવો સામાન્ય હસ્તી તુલ્ય છે, ગંધહસ્તીના ગંધમાત્રથી અન્ય હસ્તીઓના મદ ગળી જાય છે, તેમ આપના ગુણાનુવાદ પાસે

[illegible] જાય છે, તેને આપણે [illegible] છે કે [illegible] જાય છે. [illegible] છે, તેમાં [illegible] ? [illegible] જાય છે. [illegible]

[illegible]

[illegible]

વિસ્તારથી પૂછી અને તેને પુષ્કળ દાન આપી સંતુષ્ટ કર્યો. નગરીમાં ઘરે ઘરે એ વાત પ્રસરી ગઈ. નગરલોક પણ સૌ અત્યંત ખુશ થયું. ઘરે ઘરે આનંદ પ્રવર્તી રહ્યો. લોકો ચંદરાજાને જોવાને ઉત્સુક થઈ ગયા અને પરસ્પર કહેવા લાગ્યા કે 'પરમાત્માએ અત્યારે તો પૂરેપૂરી કૃપા કરી છે.'

મકરધ્વજ રાજા અને પ્રેમલાની માતાએ અત્યંત હર્ષિત થઈ સર્વ મંત્રી સામંતોને રાજસભામાં બોલાવ્યા, તેઓ પણ આ વાત સાંભળીને કદંબના કુસુમની પેઠે ઉલ્લસિત થયા. પછી શિવકુમાર નટને અને શિવમાળાને બોલાવી એ વાત કહી અને કહ્યું કે—'તમારા કારણથી અમને આ પરમ લાભ પ્રાપ્ત થયો છે, એ સંબંધમાં તમારો પરમ ઉપકાર થયો છે.' તેઓ પણ આ વાત સાંભળીને અત્યંત રાજી થયા. પછી ચંદરાજાના સૈનિકો જે કુર્કટની સંભાળ માટે આવેલા હતા, તેમને બોલાવીને બધી વાત કરી. તેઓ પણ બહુ ખુશી થયા. પછી મકરધ્વજ રાજા સર્વ પરિવારને લઈને વિમળાચળ તરફ ચાલ્યો અને ઉપર ચઢી સર્વ પરિવાર સહિત ચંદરાજાને ભેટ્યા. પરસ્પર હર્ષસાગર ઉછળવા લાગ્યો. પછી ચંદરાજાને સાથે લઈને સૌ પાછા પ્રભુના મંદિરમાં ગયા અને પરમાત્માના દર્શનનો પરમ લાભ પ્રાપ્ત કર્યો.

પછી પ્રેમલા પોતાના માતાપિતાને પ્રણામ કરીને બોલી કે—'હે પૂજ્ય! આપના પ્રતાપથી હું મારા ભર્ત્તારને મેળવી શકી છું, એ આભાપુરીના નરેંદ્ર છે, વીરસેન રાજાના પુત્ર

છે, સૂર્યકુંડના જળના પ્રભાવથી કુર્કટ પ્રીટીને મનુષ્ય થયા
છે, હવે તમે તમારા જમાઇને જુઓ ને બરાબર ઓળખો.
આ સંસારમાં સરખા સરખું પણ અનેક જગ્યાએ જોવામાં
આવે છે, પરંતુ આ તમારા જમાઇ સરખા મનુષ્ય તો અન્યત્ર
જોવામાં આવે તેમ નથી. પ્રભુએ આજે મને કલંક ટાળીને
શશીકળા કરતાં પણ વધારે ઉજ્વળ બનાવી છે અને ગિરિ-
રાજની સેવાથી મારી ને એમની બંનેની આશા ફળીભૂત
થઇ છે. ”

આ પ્રમાણેનાં પોતાની પુત્રીનાં વચનો સાંભળીને સૌ-
રાષ્ટ્ર દેશનો રાજા અત્યંત હર્ષિત થયો અને વિકસ્વર નેત્ર-
વડે ચંદરાજાને જોવા લાગ્યો. સાસુએ જમાઇને મોતીવડે
વધાવ્યા. સસરો જમાઇ આલિંગન દઇને મળ્યા. ચંદરાજાના
સાંમતોએ પણ પ્રણામ કર્યા અને કહ્યું કે ‘ હે સ્વામી ! તમે
પક્ષી થઇને અમારી ખરેખરી પરીક્ષા કરી છે. ’ નટનું પેડું
તમામ ચંદરાજાને પગે લાગ્યું અને તેમની કીર્તિના ગુણગાન
કરવા લાગ્યું. આ હકીકત ક્ષણવારમાં દશે દિશામાં પસરી ગઇ.
પછી મંગળ વાજીંત્ર વાગતે બંને રાજા ચંદ ને મકરધ્વજ
પહેલા બે દેવલોકના ઇંદ્રની જેવા શોભતા પોતપોતાના પરિવાર
સહિત ગિરિપરથી નીચે ઉતર્યા. પ્રભુના ગુણગાતા ને સ્તવન
કરતા અનુક્રમે તળહટીએ આવ્યા, એટલે પછી નગરપ્રવેશની
તૈયારી થઇ. વિમળાપુરીના ઇશે મોટો વરઘોડો તૈયાર કર્યો.
એક મહાન હસ્તીપર ચંદરાજાને બેસાડી આગળ ચલાવ્યા,
માથે છત્ર ધરાવ્યું અને બે બાજુ ચામર વીંજવા લાગ્યા.

પોતે પણ એક હાથીપર બેઠા. પ્રેમલાલચ્છી રથમાં બેઠી. બીજા સર્વ પોતપોતાના યોગ્ય વાહનપર આરૂઢ થયા. અનેક પ્રકારના વાજીંત્ર આગળ વાગવા લાગ્યા, ગુડીઓ ઉછળવા લાગી, બંદીજનો બીરૂદાવળી બોલવા લાગ્યા, યાચકોને દાન દેવાવા લાગ્યા, ચોતરફ ધ્વજ પતાકા ફરકવા લાગી, નાટકીઆઓ નાચ કરવા લાગ્યા, વારાંગનાઓ નૃત્ય કરતી કરતી આગળ ચાલવા લાગી. આ પ્રમાણે પારાવાર શોભાવડે શોભતા ચંદરાજાએ પ્રજાજનના હર્ષને સંપૂર્ણ કરતાં વિમળાપુરીમાં પ્રવેશ કર્યો. નગરના સ્ત્રી-પુરૂષો ઉંચે ચડી ચડીને ચંદરાજાને જોવા લાગ્યા અને પ્રેમલાને આશીષ આપવા લાગ્યા.

આ પ્રમાણેના મહોત્સવપૂર્વક ચંદરાજા ને વિમળેશ રાજમહેલ સમીપ આવ્યા, એટલે હાથી ઉપરથી નીચે ઉતર્યા. યાચકોને પુષ્કળ દાન આપી એવા સંતુષ્ટ કર્યા કે ઘરે જતાં તેમની સ્ત્રીઓએ તેમને ઓળખ્યા પણ નહિ. શિવકુમારને બોલાવી ચંદરાજાએ ક્રોડોગમે દ્રવ્ય આપીને એવો બનાવી દીધો કે નાનો સુનો રાજા પણ તેના લેખામાં આવે નહીં. પછી ચંદરાજાએ પોતાના સામંતોને પુષ્કળ દાન આપી પોતાના મિત્રપણે સ્થાપન કર્યા. સૌ પોતપોતાને સ્થાનકે ગયા. સર્વત્ર હર્ષ હર્ષ ને હર્ષ વર્તી રહ્યો.

અહીં પ્રેમલા તો એટલી બધી હર્ષથી વિકસ્વર રોમાંચવાળી થઇ કે જેથી તે પોતાના કંચુકમાં સમાઇ શકી નહીં. હવે મકરધ્વજ રાજા પોતાની પુત્રી પાસે આવી, આંખમાં

કર્યો નહીં. તારી માઠાંશની શી વાત કરું ? આવું અકૃત્ય કર-
વાથી હું ધારું છું કે તારું આયુષ્ય અલ્પ રહ્યું છે, તું વધારે
વખત જીવવાનોજ નથી. વળી તારી જેવા અધમનું અને તારા
અધમ સલાહકારનું મુખ જોવું તે પણ યુકત નથી.”

આ પ્રમાણે કહી તેનો અત્યંત તીરસ્કાર કરીને તરતજ
વધ કરનારા પુરૂષોને બોલાવી રાજાએ પાંચે જણને વધ કરવા
માટે તેને સોંપી દીધા. તેઓ તો પોતાના બચાવમાં એક
અક્ષરનો પણ ઉચ્ચાર કરી શકયા નહીં. પરંતુ તે વખતે પરમ
ઉપકારી ચંદરાજા ઉભા થયા અને બોલ્યા કે “ રાજન્ ! આ
પાંચે આપણે શરણે આવેલા છે, તેના પ્રાણ લેવા તે આપને
ઘટતા નથી. કારણકે ‘ ભુંડું કરનારનું ભુંડું કરવામાં આવે તો
પછી ભુંડામાં ને રૂડામાં ફેર શો ? ’ વળી એને તો આપણા
ઉપકારી ગણવા જોઈએ, કારણકે એના નિમિત્તે આપણો
સંબંધ જોડાયો. તેમજ ‘ ગુણ ઉપર ગુણ કરનાર તો જગતમાં
ઘણાં હોય છે, પરંતુ અવગુણ ઉપર ગુણ કરે એજ ખરા સજ્જનનો
આદર્શ છે. ’ વળી એને ઉગારવાથી જગતમાં આપના યશની
વૃદ્ધિ થશે અને કદી આપ એમ ધારતા હો કે ‘આવા ગુન્હેગારને
પોતાનો ગુન્હો સમજાવો જોઈએ ’ તો એને માથે ઘણું થયું
છે, સમજશે તો આટલું ઓછું નથી. હવે પછી આવું અકૃત્ય
એઓ નહીં કરે. વળી જ્યાં તમારી પુત્રીના કર્મનો દોષ છે,
ત્યાં એ તો માત્ર નિમિત્તભૂત છે. એ બીજું શું કરી શકે ?
વળી એનો પુત્ર કુષ્ઠી હોવાથી પણ એ દયાપાત્ર છે.”

આ પ્રમાણે અસરકારક રીતે કહેવાથી ચંદરાજાનું વચન મકરધ્વજ રાજા લોપી શકયા નહીં, એટલે જાણે પુત્રીના દાયજામાં આપ્યા હોય તેમ તે પાંચેને બંધનથી મુક્ત કરાવી છોડી દીધા.

તે વખતે પોતાના પતિની પરીક્ષા દેખાડવા માટે પ્રેમલાલચ્છી સભામાં આવી અને પોતાના પતિ ચંદરાજાના પગ ધોઈને તે પાણી કુષ્ટી કનકધ્વજ ઉપર છાંટયું, એટલે તત્કાળ તેનો કુષ્ટ નાશ પામ્યો. દેવતાઓએ આકાશમાં ચંદરાજાનો જય બોલી તેના ઉપર પુષ્પવૃષ્ટિ કરી. કનકધ્વજ ચંદરાજાના પગમાં પડ્યા. સભાજનો સર્વ આશ્ચર્ય પામ્યા. અને સર્વત્ર ચંદરાજાનો યશ વિસ્તરી ગયો. પછી સિંહલનૃપનો સત્કાર કરીને તેને પોતાના દેશ તરફ વિદાય કર્યો.

હવે એકદા મધ્યરાત્રીએ ચંદરાજાને જાગૃત થતાં ગુણાવળી સાંભરી આવી. તે મનમાં વિચારવા લાગ્યા કે—“અહો ! હું તો અહીં આનંદમાં દિવસ વ્યતીત કરૂં છું; પણ ગુણાવળીના દિવસો કેમ વ્યતીત થતા હશે? મેં તેનાથી કુર્કટપણે છુટા પડતાં વચન આપ્યું છે કે જો હું મનુષ્યપણું પામીશ તો પ્રથમ જોગવાઈએ તરત તને મળીશ; તે વાત તો હું અહીં પ્રેમલાલચ્છીના પ્રેમમાં લીન થવાથી ભૂલી ગયો, પણ હવે તો કોઇ પ્રકારે સત્વર તેને મળુ તોજ વચન રહે. કેમકે જે શુદ્ધ અંતઃકરણથી મ્હાલું હોય તેને મ્હાલું એ જગતનો ધર્મ છે. માટે આ ઘટમાં પ્રાણ હોય

ત્યાંસુધી મારે તેને ભૂલી જવી ઘટતી નથી. ” આ પ્રમાણે વિચારમાં ને વિચારમાં પ્રાતઃકાળ થયો, એટલે નિત્ય કર્મથી પરવારી એક લેખ લખીને સેવકને આપ્યો અને તેને આભાપુરી મોકલતાં આ પ્રમાણે કહ્યું કે—“ આ કાગળ તું ગુણાવળીને અને મંત્રીને એકાંતે આપજે, અને તારા આવ્યાની ખબર કોઇને પડવા દઇશ નહીં. કારણકે મારી અપરમાતા ઘણી આકરા સ્વભાવવાળી છે તેથી કાંઇ વિપરીત કરીશ. તું ગુણાવળી પાસે જઇને મારા તરફથી કુશળ પૂછજે અને કહેજે કે—તને નિશ્ચિંત રહેજે. હવે થોડા દિવસમાં આપણે આનંદપૂર્વક એકઠા મળશું, આભાપુરીનું રાજ્ય આનંદથી કરશું [illegible] રહેશે. અહીં સૂર્યકુંડના પ્રભા[illegible] [illegible] થયું છે, હું અહીં આનંદથી [illegible] છું. તમે સાસુની શિખા[illegible] [illegible] નહીં. પરદેશના ગુલાબના [illegible] લાગે છે. હવે આમારે [illegible] નથી. અમને અહીં પરમ [illegible] વચનો સાંભળવાની ઘણી [illegible] તે દિવસને લેખે ગણશું [illegible] ખુલાસાથી કરશું. [illegible] નથી.” આ [illegible] વિદાય કર્યો.

[illegible]

તેના પરનો લેખ આપ્યો. મંત્રી તે વાંચીને બહુજ પ્રસન્ન થયો, તે ગુણાવળી પાસે તેને એકાંતે લઈ ગયો. તેણે ગુણાવળીને હાથે હાથ પત્ર આપ્યો. તે તો વાંચીને એટલી બધી હર્ષિત થઇ કે તેના અંગમાં આનંદ ન સમાવાથી નેત્રદ્વારા અશ્રુરૂપે બહાર નીકળ્યો. તેણે લેખને વધાવી લીધો અને હૃદય સાથે ચાંપી હર્ષાતિરેકથી વાંચવા લાગી. તેમાં લખ્યું હતું કે:—

સ્વસ્તિ શ્રી મરૂદેવીનાજી, પુત્રને કરૂં રે પ્રણામ;
જેહથી મનવંછિત ફળ્યાંજી, ઉપગારી ગુણધામ,
ગુણવંતી રાણી ! વાંચજો લેખ ઉદાર. ૧
સ્વસ્તિ શ્રી આભાપુરે જી, સર્વ ઉપમા ધીર;
પટરાણી ગુણાવળી જી, સજ્જન ગુણે ગંભીર ગુ૦ ૨
શ્રી વિમલાપુર નયરથી જી, લિખિતં ચંદ નરિંદ;
હિત આશીરવાદ વાંચજો જી, મનમાં ધરીય આનંદ. ગુ૦ ૩
આહીં કુશળ ક્ષેમ છે જી, નાભિનંદન સુપસાય;
જગમાં જસ કીર્તિ ઘણી જી, સુર નર સેવે પાય. ગુ૦ ૪
તુમચા એમ કુશળતણા જી, કાગળ લખજો સદાય;
મળવું જે પરદેશમાં જી, તે તો કાગળથી રે થાય. ગુ૦ ૫
સમાચાર એક પ્રીછજો જી, મોહન ગુણ મણિમાળ;
ઇહાં તો સૂરજકુંડથી જી, પ્રગટી છે મંગળમાળ. ગુ૦ ૬

છપ્પય.

શ્રી પુંડરગિરિ ગત, નમી વિનમિ વિદ્યાધર,
દ્રાવિડ વારિખિલ ભૂપ, મહીપાલક નૃપ ખેચર;

થાવચ્ચા સૂરિરાજ, સૂરિ સેલગ સુદર્શન;
નારદ પાંડવ પાંચ, દેવકી ખટ સુત વંદન;
અનંત કોટિ શિવપદ ભયે, તીર્થ ઈહ તારન તરન;
કવિરાજ દીપ વંદન કરે, સિદ્ધિગિરિ અસરન સરન. ૧

(મૂળ ઢાળ)

તેહની હર્ષ વધાઈનોજી, રાણી એ જાણજો લેખ;
જો મનમાં કાંઇ પ્રેમ હોય તો, હરખજો કાગળ દેખ. ગુ૦ ૭

તુમ સજ્જન ગુણ સાંભરેજી, ખિણખિણમાં સો વાર;
પણ તે દિ નવિ વીસરેજી, કણેરની કાંબ બે ચાર. ગુ૦ ૮

જાણી નહીં મુઝ પ્રીતડીજી, થઇ તું સાસુને આધીન;
તે વાતું સંભારતાંજી, મન પામ્યું છે દીન. ગુ૦ ૯

પણ શું તું કરે કામિનીજી, શું કહિયે તુજને નાર;
સ્ત્રી હોવે નહિં કોઇનીજી, એમ બોલે છે સંસાર. ગુ૦ ૧૦

સુતા વેચે કંથનેજી, હણે વાઘ ને ચોર;
બિહે બિલાડીની આંખથીજી, એહવી નારી નિઠોર. ગુ૦ ૧૧

ચાલે વાંકી દૃષ્ટિથીજી, મનમાંહિ નવ નવાં સંચ;
એ લક્ષણ વ્યભિચારીનાંજી, પંડિત બોલે પ્રપંચ. ગુ૦ ૧૨

એક સમજાવે નયણથીજી, એક સમજાવે રે હાથ,
એ ચરિત્ર નારી તણાંજી, જાણે શ્રી જગનાથ. ગુ૦ ૧૩

આકાશે તારા ગણેજી, તોળે સાયર નીર;
પણ સ્ત્રીચરિત્ર ન કહિ સકેજી, સુરગુરૂ સરખો રે ધીર. ગુ૦૧૪

કપટી નિઃસ્નેહી કહીજી, વળી જૂઠી નારી સર્વ;
ઈંદ્ર ચંદ્રને ભોળવ્યાજી, આપણ કરીએ સ્યો ગર્વ. ગુ૦ ૧૫
નદીનીર ભુજબળ તરેજી, કહેવાયે છે અનાથ;
એક વિષયને કારણેજી, હણે કંથને નિજ હાથ. ગુ૦ ૧૬
ગામમાં બીહે શ્વાનથીજી, વનમાં ઝાલે છે વાઘ;
નાસે દોરડું દેખીનેજી, પકડે ફણિધર નાગ. ગુ૦ ૧૭
ભર્તૃહરિ રાજા વળીજી, વિક્રમ રાય મહાભાગ;
તે સરખા નારી તણુંજી, કહિએ ન પામ્યા તાગ. ગુ૦ ૧૮
તેરહીં તુજ શું કહુંજી, એ છે સંસારની રીત;
પણ હું એમ નવિ જાણતોજી, તુજને એહવો અવિનીત. ગુ૦ ૧૯
તુજને ન ઘટે કામિનીજી, કરવો અંતર એમ;
માહરી પ્રીત ખરી હતીજી, તું પલટાણી કેમ. ગુ૦ ૨૦
સુઅથી છાની ગોઠડીજી, સાસુથી કરો જેહ;
જિમ વાવ્યાં તિમ તેં લણ્યાંજી, ફળ પામી તું એહ. ગુ૦ ૨૧
હું વ્હાલો નહિ તાહરેજી, વ્હાલી સાસુ છે એક;
તો વહુ ને સાસુ મળીજી, મોકળે મ્હાલજો છેક. ગુ૦ ૨૨
દોષ કિસ્યો તુઝ દીજિયેજી, જોતાં હયડે વિમાસ;
ભાવી ભાવ મિટે નહીંજી, લખિયા જે કર્મ તમાસ. ગુ૦ ૨૩
તુઝ અવગુણ સંભારતાંજી, મનમાં આવે છે રોષ;
પ્રીતિદશા સંભારતાજી, બહુ ઉપજે છે સંતોષ. ગુ૦ ૨૪

પત્ર વાંચી રહ્યા પછી સેવકે મોઢે કહેવરાવેલ સંદેશો કહી સંભળાવ્યો. તે સાંભળીને ગુણાવળી ઘણી રાજી થઈ. પછી તેણે આવેલા સેવકને કહ્યું કે—"તું આ વાત કોઇ ઠેકાણે પ્રગટ કરીશ નહીં અને જેમ આવ્યો છે, તેમ ચુપચુપ ચાલ્યો જજે."

પછી આવેલ સેવકનું સન્માન કરી નીચે મુજબ પત્ર લખી આપીને તેને તરતજ પાછો વિદાય કર્યો, પણ આભાપુરીમાં તો પુષ્પના સુગંધની જેમ વાત વિસ્તાર પામી ગઇ કે 'ચંદરાજા કુકડા મટી મનુષ્ય થયા છે.' લોકો સ્થાને સ્થાને તેજ વાત કરવા લાગ્યા અને હવે ચંદરાજા પધારે એમ અંતઃકરણથી ઇચ્છવા લાગ્યા. આખી આભાપુરીમાં એક માણસ સિવાય સર્વના હૃદયમાં આનંદ આનંદ થઈ રહ્યો.

"ગુણાવળી રાણીએ ઉત્તરમાં લખેલો કાગળ."

સ્વસ્તિશ્રી વિમળાપુરે, વીરસેન કુલચંદ રે;
રાજ રાજેશ્વર રાજિયા, સાહિબ ચંદ નરિંદ રે;
વાંચજો લેખ મુજ વાલહા. ૧
શ્રી આભાપુરી નયરથી, હુકમી દાસી સકામ રે;
લખિતં રાણી ગુણાવળી, પ્રીછજો મારી સલામ રે. વાં૦ ૨
સાહિબ પુણ્ય પસાયથી, ઇહાં છે કુશળ કલ્યાણ રે;
વાલાના ક્ષેમ કુશળતણા કાગળ લખજો સુજાણ રે. વાં૦ ૩

સમાચાર એક પ્રીછજો, ક્ષત્રીવંશ વજીર રે;
મુઝ દાસીની ઉપરે. કૃપા કરી વડધીર રે. વાં૦ ૪
વહાલાએ લેખ જે મોકલ્યો, સેવક ગીરધર સાથ રે;
ક્ષેમે કુશળે આવિયો, પહોતો છે હાથોહાથ રે. વાં૦ ૫
વાહાલાનો કાગળ દેખીને, ટળિયા દુઃખના વૃંદ રે;
પીઉને મળિયા જેટલો, ઉપજ્યો છે આનંદ રે. વાં૦ ૬
સૂરજ કુંડની મહેરથી, સફળ થયો અવતાર રે;
તે સહુ કુશળ કલ્યાણના, આવ્યા છે સમાચાર રે. વાં૦ ૭
સોળ વરસના વિયોગનું, પ્રગટયું દુઃખ અપાર રે;
કાગળ વાંચતાં વાંચતાં, ચાલી છે આંસુની ધાર રે. વાં૦ ૮
જે વ્હાલાએ લેખમાં, લખિયા ઓળંભા જેહ રે;
મુઝ અવગુણ જોતાં થકાં, થોડા લખિયા છે એહ રે. વાં૦ ૯
સાહિબ લખવા જોગ છો, હું સાંભળવા જોગ રે;
જેહવા દેવ તેવી પાતરી, સાચી કહેવત લોગ રે. વાં૦ ૧૦
સમસ્યા ચાર લખી તુમે, તે સમજી હું સ્વામી રે,
મનમાં અર્થ વિચારતાં, હરખે છે આતમરામ રે. વાં૦ ૧૧
હું તો અવગુણની ભરી, અવગુણ ગાડાં લાખ રે;
જિમ કોઈ વાયુ જોગથી, બિગડી આંબા શાખ રે. વાં૦ ૧૨
મુઝ અવગુણ જોતાં થકાં, નાવે તમને મહેર રે;
પણ ગિરુઆ ગંભીર છો, જેહવી સાગર લહેર રે. વાં૦ ૧૩
ગિરુઆ સહેજે ગુણ કરે, સંત અકારણ જાણ રે;
જળ સીંચી સરોવર ભરે, મેઘ ન માગે દાણ રે. વાં૦ ૧૪

પથ્થર મારે તેહને, ફળ આપે છે અંબ રે;
તિમ તુમ સરખા સાહિબા, ગિરૂઆ ગુણની લુંબ રે. વાં૦ ૧૫
કાપે ચંદન તેહને, આપે છે સુગંધ અપાર રે;
મુજ અવગુણ નાણ્યા હિયે, ધન્ય ધન્ય તુમ અવતાર રે. વાં૦ ૧૬
મુજ સરખી કોઈ પાપિણી, દિસે નહીં સંસાર રે;
માન્યું સાસુનું કહ્યું, છેતરીયો ભરતાર રે, વાં૦ ૧૭
મેં જાણ્યું નહીં એહવું, હું તો ભોળી નાર રે;
સાસુને કાને ચઢી, સમજી નહીં ય લગાર રે. વાં૦ ૧૮
મેં આગળથી લહી નહીં, સાસુ એહવી નાથ રે;
ખાવી ગાંઠની ખીચડી, જવું ઘેલાની સાથ રે. વાં૦ ૧૯
કંઈક કાચા પુણ્યથી, સદ્બુદ્ધિ પણ પલટાય રે;
જિમ રાણીને ઓળનું, ખાધાનું મન થાય રે. વાં૦ ૨૦
કરી પ્રપંચ ઇણ સાસુએ, ઘણો દેખાડ્યો રાગ રે;
પછે તો વાત વધી ગઈ, થયો પીંછનો કાગ રે. વાં૦ ૨૧
કિહાં આભા કિહાં વિમળાપુરી, જોયા જેહ તમાસ રે;
હાંસીથી ખાંસી થઈ, કરવા પડિયા વિમાસ રે. વાં૦ ૨૨
પરણ્યાની સહુ વાતડી, મુજને કહી પ્રભાત રે;
જો તે ઠેકાણે દાટતી, તો એવું નહિ થાત રે. વાં૦ ૨૩
મિલણની સહુ વાતડી, મેં કહી સાસુને કાન રે;
પછે તો આલ્યું નવિ રહ્યું, પ્રગટ્યું ત્રીજું તાન રે. વાં૦ ૨૪
માહરૂં કર્યું મુઝને નડ્યું, આડું ન આવ્યું કોય રે;
ચોરની માતા કોઠીમાં, મુખ ઘાલી જેમ રોય રે. વાં૦ ૨૫

પસ્તાવો શ્યો કરવો હવે, કહ્યું કાંહિં ન જાય રે.
પાણી પી ઘર પૂછતાં, લોકમાં હાંસી થાય રે. વાં૦ ૨
જે કાંઇ ભાવીભાવમાં, જે વિધિ લખિયા લેખ રે;
તે સવિ ભોગવવા પડે, તિહાં નહીં મીન ને મેષ રે. વાં૦ ૨
સાસુના જાયા વિના, સોળ વરસ ગયાં જેહ રે;
મુઝ મનડાની વાતડી, જાણે કેવળી તેહ રે. વાં૦ ૨
પણ કુકર્ટથી જે નર થયા, તેહ વિસ્તરશે વાત રે;
સાસુ સાંભળશે તદા, વળી કરશે ઉતપાત રે. વાં૦ ૨૯
તે માટે સાવધાનીથી, રહેજો ધરિય ઉલ્લાસ રે;
જેહવા તેહવા લોકમાં, કરશો નહિં વિશવાસ રે. વાં૦ ૩૦
સાસુને કહેવરાવજો, ઈહાં આવ્યાનો ભાવ રે;
પછે જેહવા પાસા પડે, તેહવા દેજો દાવ રે. વાં૦ ૩૧
મુઝ અવગુણની ગાંઠડી, નાખજો ખારે નીર રે;
નીજ દાસી કરી જાણજો, મુજ નણદીના વીર રે. વાં૦ ૩૨
કાગળ લખજો ફરિ ફરિ, કૃપા કરી એક મન્ન રે;
વહેલાં દરિસણ આપજો, શરીરનાં કરજો જતન્ન રે. વાં૦ ૩૩
મુઝ બહેની વહાલી ઘણી, પ્રેમલાલચ્છી જેહ રે;
તેહને બહુ હેતે કરી, બોલાવજો ધરી નેહ રે. વાં૦ ૩૪

સમશ્યા—

રાધાપતિકે કર વસે, પંચજ અક્ષર લેજો રે;
પ્રથમ અક્ષર દૂરે કરી, વધે તે મુજને દેજો રે. વાં૦ ૩૫.

ઉ૦ (સુ) દરશન.

જે હવે સુરજકુંડથી, વિઘન થયાં વિસરાળ રે;
તો સહુ પુણ્ય પસાયથી, ફળશે મંગળમાળ રે. વાં૦ ૩૬
ઇમ લખી લેખ ગુણાવળી, પ્રેષ્યો પ્રીતમ પાસ રે;
દીપવિજય કહે ચંદની, હવે સહુ ફળશે આશ રે. વાં૦ ૩૭

પ્રકરણ ૨૫ મું.

ચંદરાજા કુકડો મટીને મનુષ્ય થવાની હકીકત અનુક્રમે વીરમતીના જાણવામાં આવી, એટલે તેને ક્રોધ ઉત્પન્ન થયો. તે વિચારવા લાગી કે-' એવો કોણ બળવાન-શક્તિમાન છે કે જે મેં કુકડો કરેલાને પુરૂષ કરે ? વળી એમ સંભળાય છે કે તે અહીં આવવાની ઇચ્છા કરે છે, પણ મેંજ ભૂલ ખાધી કે તેને જીવતો રાખ્યો. એ નાનો બાળક મારી સામો થવાની ઇચ્છા કરે છે, પણ સમજતો નથી કે એમાં લાડવો ખાઇ જવા જેવું સહેલું નથી ! પરંતુ હું તેને અહીં આવવાજ શું કામ દઉં, હુંજ સામી વિમળાપુરી જાઉં અને તેનું અભિમાન છોડાવી દઉં, ત્યારેજ મારા વખાણ થશે. આજથી ચંદે એક શિખામણ માગી કે શત્રુને જીવતો રાખે તે અણુજ ગણાય.'

આ પ્રમાણે વિચાર કરીને પછી તેણે ગુણાવળીને પોતાની પાસે બોલાવી કહ્યું કે-' હે ગુણાવળી ! મેં સાંભળ્યું છે કે તારો પતિ વિમળાપુરીમાં મનુષ્ય થયો છે અને અહીં આવવાનું મન કરે છે. આ મારી સાથે ક્રીને છેક કરવા ધારે છે, પણ એ મૂઢ વગરવિચાર્યું કરે છે. મનુષ્ય થયો એટલે

ખાટી ગયો એમ સમજવામાં ભૂલ કરે છે. આ વાતની ખબર તને પણ પડી હશે, પણ તું મને કહેતી નથી, મારાથી છાનું રાખે છે, પણ તું તેને કાગળ લખ કે અહીં આવીને રાજ્ય કરવાની આશા છોડી દે. આ વાત તું કોઇની આગળ કરીશ નહીં અને મારી સાથે દગો રમીશ નહીં. જો મારો સાથે ઉડી ગઈ છે તો મારા જેવી ભુંડી કોઈ નથી, એટલું ધ્યાનમાં રાખજે. વળી જો પતિએ કાંઈ હુંડી ભુંડી મોકલી હોય તો પાણીમાં બોળી દેજે. હું વિમળાપુરીએ જઇ આવવા ધારૂં છું. તું એકલી અહીં રહેજે. હું તેને સમજાવીને તરત પાછી આવીશ."

ગુણાવળી બોલી કે "સાસુજી ! આવી કલ્પિત વાત કરવી તે આપને યોગ્ય નથી. જેને પક્ષી કર્યો તે પાછો મનુષ્ય શી રીતે થાય ? એ વાત નજરે દીઠા વિના હું તો માની શકતી નથી. વળી હે માતાજી ! તમારાથી અધિક મેં તો આ દુનીઆમાં કોઇને દીઠું નથી કે તમારૂં કહેલું ફેરવી શકે. આ તો કોઇ પિશુની માણસે ખોટી વાત ફેલાવી જણાય છે. એવો ત્રીજ ને તેરશનો યોગ શી રીતે બને ? નટ એટલા બધા દૂર શી રીતે જાય ને એ વાત બને જ કેમ ? તમારા વિના બીજું કોઈ એને પુરૂષ કરી શકે તેમજ નથી. એ તો તમે કૃપા કરો તોજ બને તેવું છે; બાકી તમે ત્યાં જવાનો વિચાર કરો છો તે તો પાણી પહેલાં મોજાં કાઢવા જેવું છે; બાકી હું કાંઇ તમારાથી વધારે ડાહી નથી કે તમને સલાહ આપું, પણ જે કરો તે વિચારીને કરજો."

આ પ્રમાણે કહીને ગુણાવળી પોતાને સ્થાને આવી; પણ તેને એ વાતની ખટક મનમાં રહ્યા કરી. અહીં વીરમતીએ પણ વખત સાધવા માંડ્યો. પોતે જેટલા મંત્રો જાણતી હતી તે બધાનું આરાધન કરીને તે બધાના આરાધ્ય દેવોને એકઠા કર્યા અને તેની પાસે ચંદરાજાનું અશુભ કરવાની વાત પ્રકાશિત કરી; એટલે તે દેવોએ વિચાર કરીને કહ્યું કે-"હે બાઈ! એ કાર્ય હવે અમારાથી બને તેમ નથી. સૂર્યકુંડમાં સ્નાન કરવાથી એ મનુષ્ય થયેલ છે એ સાચી વાત છે; પણ હવે તેનાથી વિપરીત થવાનું અમારાથી બની શકે તેમ નથી. એ બાબતમાં તમારૂં કાંઇ ચાલવાનું નથી. એની રક્ષા કરનારા અમારાથી બળવાન છે, તેથી અમે નિરાળા રહેશું, તે કામમાં અમે હાથ ઘાલશું નહીં. તમે કહો તો બીજું કામ કરી આપીએ, પણ આ કામ અમારાથી નહીં થાય. વળી અમારૂં માનો તો તમારે પણ પુત્રની સાથે આટલો બધો અભાવ રાખવો તે યુક્ત નથી. તમારે આભાનગરીનું રાજ્ય તેને સોંપીને મનાવવો ઘટે છે."

આ પ્રમાણેની દેવોની વાણી સાંભળીને તો વીરમતી ઉલટી વધારે કોપાયમાન થઇ. દેવોએ તેને ફરીને સમજાવી, પણ તે સમજી નહીં ને મમતે ચઢી, એટલે દેવતાઓ પોતપોતાને સ્થાને ચાલ્યા ગયા. પછી વીરમતીએ મંત્રીને બોલાવીને કહ્યું કે-'હું વિમળાપુરી જાઉં છું, તું આભાપુરી સાંભાળજે.' મંત્રી કહે કે-'બહુ સારૂં. એમાં હું તમને શી રીતે વારૂં, ભલે પધારો અને તમારી ધારણા પાર પાડો.' મંત્રીનાં આવાં

વચનથી વીરમતી ખુશી થઇ અને મંત્રીને ખરેખરો પ્રમાણિક જાણ્યો.

પછી પ્રચંડ થયેલી વીરમતીએ ફરીને દેવોને આકર્ષ્યા અને તે બધાને સાથે લઇ હાથમાં કાતી રાખીને વિમળાપુરી તરફ આકાશમાર્ગે ચાલી. મદોન્મત્ત માણસો કોઇનું કહ્યું કરતાં નથી. વળી વાર્યા પણ રહેતા નથી, હાર્યાજ રહે છે. વીરમતી મનમાં વિચાર કરે છે કે–' હું ચંદરાજા પાસે જઇને એકદમ તેને પરાજીત કર દઇશ અથવા મારી નાખીશ.' પણ તે મૂર્ખી જાણતી નથી કે—' હું આભાપુરીનું રાજ્ય આપવાજ જાઉં છું, તેનું બુરૂં ચિંતવતાં મારૂં જ માઠું થશે. ' પરંતુ ભવિતવ્યતા વિપરીત હોય છે ત્યારે બુદ્ધિ પણ વિપરીતજ થાય છે.

હવે વીરમતી આભાપુરીથી ચાલી તે વખતે એક દેવતા ત્યાંથી ઉતાવળો ચાલી ચંદરાજા પાસે આવી કહેવા લાગ્યો કે–" હે મહારાજ ! અમારી ઉપરવટ થઇને તમારો વિનાશ કરવા તમારી અપરમાતા આવે છે તો તમે સાવધાન રહેજો. હું છાની રીતે તમને કહી જાઉં છું. જો કે તમારૂં પુણ્ય પ્રબળ છે, તેથી તે તમને કાંઇ કરી શકશે નહીં, તો પણ રત્નનાં જતન કરવા જોઇએ એવી નીતિ છે. "

દેવની આ પ્રમાણેની હકીકત સાંભળીને ચંદરાજા બહુ ખુશી થયા, તેણે તરતજ માતાની સામે જવાની તૈયારી કરી. ઉડતા પંખીને પણ પકડી શકે એવા ઘોડાઓ સંખ્યાબંધ

વધાર કર્યો. પોતે મજબુત બખ્તર ધારણ કર્યું. કેડે મજબુત બંધન બાંધીને તેની સાથે તરવાર લટકાવી અને એક ઉચ્ચ જાતિના અશ્વ ઉપર પોતે ચડ્યા. પછી ખરેખરા ચુંટી કાઢેલા સાત હજાર સામંતોના અશ્વો સહિત શિકારને મિષે વિમળાપુરીની બહાર નીકળ્યા. કેટલેક દૂર ગયા એટલે આજુબાજુ જોતાં દૂરથી આકાશમાર્ગે આવતી વીરમતીને દીઠી. તે એટલી બધી કોપાયમાન થયેલી હતી કે જાણે ચાલતી અંગીઠી હોય તેવી જણાતી હતી. ચંદરાજાને તો તે બહુજ મીઠી લાગી. તેણે જાણ્યું કે 'આ આભાપુરીએ લઈ જવા માટે આમંત્રણ કરવાજ આવી છે.'

વીરમતીએ પણ દૂરથી ચંદરાજાને સામે આવતો દીઠો. એટલે તેણે આકાશમાં રહીનેજ કહ્યું કે–" અરે ચંદ ! તું ભલે આવ્યો ! પણ હું જાણું છું કે તને કુકડાપણું વિસરી ગયું છે ! વળી તારા સાસરીઆએ પણ તને મારી સામે આવતાં વાર્યો જણાતો નથી. વળી મારા જીવતાં તું આભાપુરી આવવાની હોંશ રાખે છે, પણ યાદ રાખજે કે ઉંટ નાગરવલ્લીનો ચારો ચરી શકતું નથી ! હવે મારી સામું શું જુએ છે ? હવે હું જીવતો મૂકવાની નથી, માટે તારા ઈષ્ટને સંભાર, હું પણ જોઉં છું કે તું યુદ્ધમાં ક્ષત્રીવટ કેવી બતાવે છે ? "

ચંદરાજાએ શાંતિ જાળવીને કહ્યું કે–" માતાજી ! તમે મારી ઉપર રોષ ન લાવો. મેં તો કાંઇ તમારું બગાડ્યું નથી. ફોગટ શા માટે રોષ કરો છો ? વળી જરા વિચારી જુઓ કે

સ્ત્રીએ મારૂં બહેનપણું ખરેખરૂ સિદ્ધ કર્યું છે, કેમકે તેના પ્રયાસથીજ મારા સ્વામી મનુષ્યપણું પામ્યા છે, પણ સાથે સાથે તેણે શોક્યપણું પણ બતાવી આપ્યું છે. કારણ કે પતિને ત્યાંજ ભોળાવીને રોકી રાખ્યા છે. હવે તો કોઈ ત્યાં જઈને કહે ને સમજાવે કે ' સાસરે વધારે રહેવાથી પુરૂષની શોભા ઘટે છે' તો તે અહિં વહેલા પધારે; એવી મારી વકીલાત કોણ કરે ? લોકો કહે છે કે ' પહેલી પરણેલી સ્ત્રી પુરૂષને પ્યારી હોય છે. પરન્તુ કેટલાક એમ પણ કહે છે કે' નવું હોય તે વહાલું લાગે છે ' જુઓ. ' પૂર્ણિમાના ચંદ્રમા પૂર્ણ પ્રકાશિત હોય છે, છતાં [illegible] તેના સામું જોતું નથી અને બીજના [illegible] મારા પતિને પણ પ્રેમલા [illegible]

ત્યારપછી પ્રેમલાને વળાવતાં તેની માતા તેને આલિંગન દઈ —ભેટીને કહેવા લાગી કે—" હે પુત્રી ! તું સાસરે જઈને પીયરની લાજ વધારજે, સ્વરૂપને મોટી બહેન માની તેનું મન જાળવજે, સાસુ—સસરા તો છે નહીં, તેથી પ્રિતમનું મન પૂરેપૂરૂં જાળવજે, કોઈની સાથે ફોગટ રોષ કરીશ નહીં, અમે જાણીએ છીએ કે તું ડાહી છો તેથી તારામાં ભૂલ આવે તેમ નથી, તો પણ અમારી ફરજ હોવાથી કહીએ છીએ કે તું ગમે તેવા સંકટમાં પણ દેવ, ગુરૂ અને ધર્મને મુકીશ નહીં. તે સંબંધમાં કિંચિત્ પણ ઢીલાપણું રાખીશ નહીં. દાનપુન્ય કરવાના સંબંધમાં તો તને શું કહીએ? તે તારી રોજની ક્રિયા છે. તું કોઈપણ જીવને દુઃખ ઉત્પન્ન કરીશ નહીં." આ પ્રમાણે કહીને માતાએ વિયોગદુઃખના આંસુવડે તેને નવ- રાવી દીધી. પ્રેમલાનું મન પણ માતાપિતાને ત્યજતાં ઘણું દુભાણું. તેની બાલ્યાવસ્થાની સંગતવાળી સખીઓ એકઠી થઈને આવી. તે પણ તેના વિયોગે બહુ ખેદ પામી. પ્રેમ- લાએ તેમને સ્નેહવચનોથી શાંત કરી, તે વખતે દેવો પણ સ્થિર થઈને જોઈ રહ્યા. પછી સૌને મળી-ભેટીને પ્રેમલાએ રજા લીધી સાસુએ ચંદરાજના ભાલસ્થળમાં તિલક કરી, હાથમાં શ્રીફળ આપ્યું. પછી ચંદરાજની આજ્ઞા થતાં તેની સાથેની સેનાએ આભાપુરી તરફ પ્રયાણ કર્યું.

આગળ વાગતી નોબતે ચંદરાજ શહેરના મધ્યમાં થઈને નીકળ્યા મકરધ્વજ રાજા પણ સાથે ચાલ્યા. ચહુટામાં આવતા નગરજનોએ મુક્તાફળવડે વધાવ્યા. યુવતીઓએ

ગીત-ગાન કરીને 'ચંદરાજા ને પ્રેમલાલચ્છીનું જોડું ચિર-જીવ રહો' એવી આશીષ આપી. આ પ્રમાણે આનંદ મહોચ્છવ પૂર્વક ચાલતાં અનુક્રમે સિદ્ધાચળ સમિપે આવ્યા. તેની તળેટી સમિપે આવી તે મહાતીર્થને વંદન કર્યું, સ્તવના કરી, પછી શ્વસુરાદિક સર્વને ચંદરાજાએ રજા આપી અને પોતે આભાનગરી તરફ અવિચ્છિન્ન પ્રયાણ કર્યું. માર્ગે ચાલતાં શિવકુમાર નટ સાથે છે તે દરરોજ નવા નવા નાટકો કરે છે અને ચંદરાજાને આનંદ પમાડે છે. એ પ્રમાણે પ્રયાણ કરતાં, દેશવિદેશ જોતાં અનેક રાજાઓને વશ કરતાં, સૈન્યમાં વૃદ્ધિ કરતાં અને અનેક રાજપુત્રીઓને પરણતાં અ-નુક્રમે ચંદરાજા પોતનપુર પાસે આવ્યા અને ત્યાં પડાવ નાંખ્યો.

આ પોતનપુર તેજ છે કે જ્યાં ચંદરાજા કુર્કટપણે નટ સાથે આવ્યા હતા, અને તેના બોલવાથી શ્રેષ્ઠીપુત્ર જે કુર્કટની વાણીનું શુકન થવા માટેજ પરદેશ જતો રોકાઈ રહ્યો હતો તે આ કુર્કટનો શબ્દ સાંભળતાં તરતજ પરદેશ ગયો હતો. દૈવયોગે ચંદરાજા ત્યાં આવ્યા તેજ દિવસે **લીલાધર** પણ પરદેશથી આવ્યો. એટલે તેના કુટુંબમાં સર્વત્ર આનંદ પ્રસરી રહ્યો. પછી તે લીલાધરની સ્ત્રી **લીલાવંતી** કે જેને કુર્કટ સાથે અત્યંત પ્રેમ બંધાણો હતો તેણે પતિની આજ્ઞાથી ચંદરાજાને પોતાને ત્યાં નોતર્યા અને તેની અનેક પ્રકારે ભોજનાદિકવડે ભક્તિ કરી. ચંદરાજાએ પણ તેને બહેન તરીકે માનેલી હતી. તેથી સાસરવાસો સારી રીતે કર્યો.

અર્થાત્ વસ્ત્રાભૂષણાદિક પુષ્કળ આપ્યું. પછી રજા લઈને પોતાને ઉતારે આવ્યા. તે રાત્રીએ જે ચમત્કાર થયો તે હવે પછી કહેવામાં આવશે.

પ્રકરણ ૨૭ મું.

એકદા ઈંદ્ર મહારાજે દેવસભામાં કહ્યું કે-"જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં આભાપુરીનો ચંદ નામે રાજા છે. અત્યારે તે પોતનપુરમાં છે. તે શિયળગુણમાં સર્વ કરતાં અધિક છે. મનુષ્યલોકમાં તેમજ દેવલોકમાં અનેક મનુષ્યો અને દેવો છે, પણ તેના સમાન સ્વદારાસંતોષી બીજો દૃષ્ટિએ પડતો નથી. તેને તેની અપરમાતાએ કુકડો કર્યો હતો, તે પોતાના શિયળગુણના પ્રભાવથી અને સિદ્ધાચળના મહાતીર્થની ફરસનાથી પાછો મનુષ્ય થયો છે. તેને શિયળથી ચુકાવવાને દેવ પણ સમર્થ થઈ શકે તેમ નથી, મેરૂની જેવો તે શીળગુણમાં દૃઢ છે."

આ પ્રમાણેનાં ઈંદ્રના વચનો સાંભળીને તેને અણસદ્દહતો એક દેવતા તરતજ મનુષ્યલોકમાં પોતનપુરીએ મધ્યરાત્રીએ આવ્યો. તેણે અદ્ભુત વિદ્યાધરીનું રૂપ વિકુર્વ્યું કે જેને જોઇને દેવ પણ મોહ પામે. એવું રૂપ કરી બહાર ઉદ્યાનમાં કરૂણ સ્વરે તેઓ રૂદન કરવા લાગી. ચંદરાજાએ તે કરૂણ સ્વર સાંભળી વિચાર કર્યો કે—'અત્યારે મધ્યરાત્રીએ એવું કોણ દુઃખી છે કે જે આવી રીતે રૂદન કરે છે?' તરતજ ખડ્ગ લઇને તે એકલો ચાલ્યો અને શબ્દ અનુસારે શોધતો શોધતો જે

નિકુંજમાં તે બેઠી હતી ત્યાં આવ્યો. તેને કામદેવની દીપમા
જેવી રૂપવંત અને અલંકારાદિવડે વિભૂષિત જોઇને તે ચમત્ક
પામ્યો. તેણે પૂછ્યું કે—"હે સુંદરિ! તું મધ્યરાત્રીએ એક
અહીં શા દુઃખથી રૂદન કરે છે? જે દુઃખ હોય તે વિના સંકો
કહે, હું તારૂં દુઃખ દૂર કરીશ."

આ પ્રમાણેનાં ચંદરાજાનાં વચનો સાંભળીને તે બોલ
કે—"હે નરેંદ્ર! હે આભાપતિ! હું વિદ્યાધરની પુત્રી છું, મારૂ
વૃત્તાંત ન કહેવાય તેવો છે. મારો પતિ મારી સાથે ખેદ કરી
ખટપટ કરી, મને આ સ્થિતિમાં મૂકી દઇને ચાલ્યો ગયો છે
કોઇ ન કરે તેવું અકાર્ય તેણે કર્યું છે. હું અબળા છું તે
હવે મારો અવતાર કેમ પુરો થાય તેના વિચારથી અત્યંત
દુઃખી થઇને આક્રંદ કરૂં છું, પણ હવે મારૂં આક્રંદ સાંભળીને
તમે પધાર્યા છો તો તમે મને સ્ત્રીપણે અંગીકાર કરો—મારૂ
દુઃખ દૂર કરો. એમ કરવાથી તમારી લાજ જગતમાં વધશે
જો પરોપકારી કહેવાવા ધારતા હો તો મારી યાચના માટે
ના પાડશો નહિ. ક્ષત્રીઓ શરણે આવેલાને તજી દેતા નથી,
પ્રાર્થનાભંગનું પ્રાયશ્ચિત બહુ મોટું કહેલ છે તે તમે જાણો છો;
અને એવા શૂરવીર પુત્રને કોઇક માતાજ જણે છે કે જે પારકી
પ્રાર્થનાનો ભંગ કરતા નથી. આપ ખરેખરા ક્ષત્રીપુત્ર છો
એવું તમારી આકૃતિ ઉપરથી જણાય છે; તેથી આ અલ્પ
પ્રાર્થના કરી છે."

ચંદરાજા બોલ્યો કે—"હે સુંદરિ! તું આવું અઘટિત

વચન કેમ બોલે છે? ક્ષત્રીઓ પરસ્ત્રીલંપટ હોતા નથી. જે સ્ત્રી પરપુરૂષની ઇચ્છા કરે તે તો સામું જોવા પણ યોગ્ય નથી. વળી ગમે તેવો મીઠો પદાર્થ હોય પણ જો તે એંઠો થયો તો પછી તેને ઉત્તમ પુરૂષો વાપરતા—ખાતા નથી. બીજાનું મારેલું તો કાગડો કે શીયાળ ભક્ષણ કરે, સિંહ તો પોતે મારેલા હસ્તીનું જ ભક્ષણ કરે. માટે હે ઘેલી! તું આવી અઘટિત વાત પણ કર નહીં. તું કહે તો હું તારા પતિ સાથે મેળવી આપું, બાકી આ જગતમાં જે અકુલિન માણસો હોય છે તેજ પરસ્ત્રીમાં આસક્ત થાય છે, કુલિન કદી પણ થતા નથી. ઉત્તમ કુળમાં ઉપજેલા મનુષ્યો પ્રાણાંતે પણ નિંદિત કાર્ય આચરતાં નથી."

ચંદરાજાનાં આવાં વચનો સાંભળીને વિદ્યાધરી રોષ કરીને બોલી કે—"અરે! જો તું મારી પ્રાર્થના સ્વીકારતો નથી તો તું ખરો ક્ષત્રીયજ નથી. હવે જો તું મને કબુલ નહીં કરે તો હું તને સ્ત્રીહત્યાનું પાતિક આપીશ, માટે કોઇરીતે પણ મારૂં વચન કબુલ કર." ચંદરાજાએ કહ્યું કે—"હે સુંદરિ! સ્ત્રી-હત્યાના પાપ કરતાં પણ શિયળભંગનું પાપ અધિક છે. સાંભળ—પૂર્વે રઘુપતિની સ્ત્રીની વાંચ્છા કરીને લંકાપતિએ પોતાના પ્રાણ ને સુવર્ણપુરી (લંકા) બધું ગુમાવ્યું. પાંચાળી-ને પદ્મોત્તર રાજાએ હરણ કરી તો સાર શું કાઢ્યો? રાજ્ય થી ભ્રષ્ટ થવું પડ્યું. અહલ્યા સાથે લુબ્ધ થવાથી ઇંદ્રે ગૌતમ-ઋષિનો શ્રાપ મેળવ્યો અને શરીર ઉપર હજાર ભગ થયા. હિમાચળની પુત્રી પાર્વતી ઉપર આસક્ત થયેલ ભસ્માંગદ

ભસ્મીભૂત થયો!! આ પ્રમાણે પરદારાપર આસક્ત થવાથી કે
સુખી થયો છે ? જે મનુષ્ય અખંડ શીયળ પાળે છે તેજ
જગતમાં સુખી થાય છે. સ્ત્રી તો ભવસમુદ્રમાં ડૂબવા માટે બે
અથવા શિલા સમાન છે, તેથી જે પરણેલી સ્ત્રીનો પણ પ
હાર કરે છે તે મોક્ષસુખને મેળવે છે ! પરસ્ત્રીરૂપ લોહશિલા
અનેક પુરૂષોને ભવકૂપમાં બુડાડી દીધા છે કે જે પાછા ઉ
પણ આવ્યા નથી. પરરમણીના પ્રસંગથી લલિતાંગકુમા
અસહ્ય દુઃખનું ભાજન થયો છે. હું તેના જેવો મૂર્ખ નથી
જેથી સંસારમાં રઝળવાનો ધંધો કરૂં ! તારી હત્યા સંબંધી પ
તિકના ભયથી હું શિયળભંગ કરૂં તેમ નથી. આ સંસારમ
અગ્નિમાં બળી મરવાથી તો એક ભવમાંજ દુઃખ પ્રાપ્ત થા
છે, પરંતુ કામાગ્નિમાં બળનાર તો ભવોભવ દુઃખી થાય છે
તું મારી ધર્મનાં બહેન અથવા ધર્મની માતા છે, માટે ઉત્તમ
કુળમાં ઉત્પન્ન થઈને તું એવી વાત કરવી છોડી દે; એ વાત
તને ઘટીત નથી."

ચંદરાજાની આવી અનુપમ દ્રઢતા જોઈને તે દેવ પ્રસન્ન
થયો અને તરતજ ખેચરીનું રૂપ તજી દઈને દેવસ્વરૂપે પ્રગટ
થયો. તેણે ચંદરાજા ઉપર પુષ્પની વૃષ્ટિ કરીને કહ્યું કે—"ધન્ય
છે તારા માતપિતાને કે જેને આવો ઉત્તમ પુત્ર છે. જેવા ઈંદ્રે
વખાણ્યા તેવાજ તમે છો. તમે મારા છળથી છળાયા નહીં તેથી
ખરેખરા દ્રઢ શીયળવાન્ છો." આ પ્રમાણે કહી નમસ્કાર કરીને
દેવ સ્વસ્થાને ગયો. ચંદરાજા પણ ત્યાંથી પાછા વળીને પ્રેમ-
લાલચ્છી પાસે આવ્યો.

પ્રાતઃકાળે સર્વની રજા લઇને ચંદરાજાએ પોતનપુરથી પ્રયાણ કર્યું. માર્ગમાં અનેક રાજાઓને વશ કર્યા અને એકંદર ૭૦૦ સ્ત્રીઓ પરણ્યા. અનુક્રમે આભાપુરીની નજીક આવ્યા એટલે ગુણાવળી, સુમતિ પ્રધાન અને નગરલોક સૌ અત્યંત હર્ષિત થયા. તેમણે મોટા આડંબરથી સામૈયું કરી ચંદરાજાને નગર પ્રવેશ કરાવ્યો. રાજાએ પ્રજાવર્ગનું સારી રીતે સન્માન કર્યું. નગરમાં પ્રવેશ કરતાં ચંદરાજાને જોવાને માટે લોકોનાં ટોળેટોળાં એકઠાં મળ્યાં. ઘરેઘરે હર્ષ વધામણાં થયા, સૌના અંતઃકરણમાં પ્રેમના અંકુર પ્રગટયા. લોકોને તો જેમ ઘટમાં છવ આવે તેમ લાગ્યું, પ્રવેશ વખતે અનેક હાથી, રથ, પદાતી ધ્વજાવાળાઓ વિગેરે આગળ ચાલવા લાગ્યા. ૭૦૦ સ્ત્રીઓ ૭૦૦ રથમાં બેસીને આગળ ચાલી. અનેક પ્રકારના વાજીંત્રો વાગવા લાગ્યા. ચંદરાજા પટ્ટહસ્તીપર બેસીને અઢળક દાન દેતા ચાલ્યા. નગરજનો મુક્તાફળના થાળ ભરી ભરીને વધાવવા લાગ્યા. ભોળી સ્ત્રીઓ ગીત ગાવા લાગી. ચંદરાજા સર્વની ઉપર અમીભરી દષ્ટિવડે અમૃત વરસાવવા લાગ્યા. અનુક્રમે રાજમહેલની પાસે આવી હાથી ઉપરથી ઉતરીને ચંદરાજાએ સર્વ નગરલોકને રજા આપી, મંત્રી વિગેરેને પણ વિસર્જન કર્યા, પછી ૭૦૦ સ્ત્રીઓ સહીત અંતેઉરમાં આવ્યા. ગુણાવળી પગે લાગી. ૭૦૦ સ્ત્રીઓ તેને પગે પડી, બધા પરસ્પર હર્ષથી મળ્યા. પછી દરેક સ્ત્રીઓને રહેવા માટે જુદા જુદા આવાસો આપ્યા. પોતે ગુણાવળીના આવાસમાં ગયા. ગુણા-

વળીએ ઉત્તમ પ્રકારની રસવતીવડે પતિને સંતુષ્ટ કર્યા. હવે તેના હર્ષનો તો પારજ ન રહ્યો.

હવે ૭૦૦ રાણીઓ પરસ્પર સંપીને આનંદથી રહે છે. ચંદરાજા અનુપમ સુખ ભોગવે છે. સ્ત્રીઓ પરસ્પર શોકય-પણાનો ભાવ અંશમાત્ર પણ બતાવતી નથી. ૭૦૦ ના મન જાણે એકજ હોય તેમ વર્તે છે. પરસ્પર હસે છે, રમે છે અને અનેક પ્રકારની ક્રિડા કરે છે. ચંદરાજાએ ગુણાવળીને પટ્ટરાણી પદે સ્થાપી, તેથી બીજી રાણીઓ પણ ખુશી થઈ. ચંદરાજા સુખપૂર્વક રાજ્યનો નિર્વાહ કરવા લાગ્યા અને પ્રજાજનને અપ્રતિમ સુખ આપવા લાગ્યા.

એકદા ચંદરાજા ને ગુણાવળી એકલાં બેઠાં છે, તે પ્રસંગે ગુણાવળી બોલી કે—"હે સ્વામિન! આપને વિરહે મેં ૧૬ વર્ષ અત્યંત મુશ્કેલીએ કાઢ્યાં છે. હું તો મારી બ્હેન પ્રેમલાનો અત્યંત આભાર માનું છું. તેનું ભલું થજો કે મને પાછા તમારા દર્શન થયા. પણ હું જો સાસુને વચને તેની સાથે વિમળાપુરી ગઇ તો તમે પ્રેમલાને પરણ્યા, નહીં તો કયાંથી પરણુત? માટે તમે મારો પાડ માનજો." ચંદરાજા હસીને બોલ્યા કે—"પંખીપણું આટલા વર્ષ ભોગવ્યું તેને માટે પણ તમારોજ પાડ માનીશ." ગુણાવળી બોલી કે—"જો વિહંગ ન થયા હોત તો સિદ્ધાચળને કયાંથી ફરસત અને સંસારસમુદ્ર શી રીતે તરત? માટે મારો અવગુણ ન લેતાં ગુણ લેજો. ઉત્તમ પુરૂષોની તો એ રીતિજ હોય છે, તે કોઈના

અવગુણ લેતાજ નથી. અને પારકા દોષ જોતા નથી. હું બુદ્ધિની નબળી થઈને સાસુની અવળી શિખામણે ચઢી તો તેનું ફળ મારેજ ભોગવવું પડયું. હે સ્વામીનાથ ! એક દિવસ પણ મારી આંખમાંથી આંસુ સુકાયાં નથી. હું તો દેવ પાસે માગું છું કે એવી સાસુ કોઈ ભવમાં ન મળશો. એણે તો મને એવી સજા આપી છે કે હું જીંદગી સુધી ભૂલું તેમ નથી. વળી જે દિવસથી તમે શિવમાળાની સાથે ગયા, ત્યારપછીના જે દિવસો મારા ગયા છે તે તો એક જગતનો નાથજ જાણે છે. હું હવેજ મનુષ્યણીની હારમાં આવી છું. આ વાત હું તમને ભલું મનાવવા કહેતી નથી." ચંદરાજા બોલ્યા કે–"હે પ્યારી ! એ હકીકત મારા સમજવા બહાર નથી, હું બધું સમજું છું, તું મારા જીવન જેવી છું, તને હું મારીજ સમજું છું, તું બધી રીતે અનુકૂળ છો. એમ હોવાથીજ હું વિમળાપુરીથી અહીં આવ્યો છું, નહીં તો કોઇ રીતે આવવા દે તેમ નહોતું; પણ બાળપણના સ્નેહીને ભૂલાય કેમ ! હવે તમે ઘરબારનો બધો નિર્વાહ કરજો. હું એની ચિંતા ધરાવતો નથી. અમે તો તમે આપશો તે જમશું અને મોજમજા કરશું." પતિનાં આવાં વચનથી ગુણાવળી બહુ ખુશી થઇ. આવી આનંદગોષ્ટી વારંવાર થવા લાગી.

ચંદરાજાએ રાજસભા ભરીને અનેક પંડિતો, નગરજનો વિગેરેને બોલાવ્યા અને પોતાની સાદ્યંત હકીકત જણાવી. તે સાંભળીને સૌ આશ્ચર્ય પામ્યા અને ચંદરાજાને એકસરખી

તેવો રહ્યો નહીં. તેમના અખંડ બળના પ્રભાવથી અનેક રાજાઓ સ્વયમેવ આવી આવીને નમવા લાગ્યા. તેમની આજ્ઞાનું ઉલ્લંઘન કરે તેવું કોઈ રહ્યું નહીં.

કૃતજ્ઞશિરોમણિ ચંદરાજા વિમળાચળનાં ગુણ અહર્નિશ ગાયા કરે છે અને તેનો ઉપકાર સંભારે છે. અનુક્રમે તેણે પોતાના યશપુંજ જેવા ઉજ્વળ અનેક જિનમંદિરો કરાવ્યા અને ઉત્તમ મુનિરાજની પાસે અનેક જિનબિંબો નવા ભરાવીને તેની પ્રતિષ્ઠા કરાવી. બીજી પણ અનેક પ્રકારની ધર્મકરણી કરી.

અન્યદા વનપાળકે આવીને વધામણી આપી કે 'આપણા કુસુમાકર નામના ઉદ્યાનમાં શ્રી **મુનિસુવ્રતસ્વામી** ભગવાન સમવસર્યા છે, રાજા તે સાંભળીને બહુ હર્ષિત થયા અને વનપાળકને પૂર્ણ પારિતોષિક આપ્યું પછી ચતુરંગિણી સેના સજ્જ કરી મોટા આડંબર સાથે પરિવાર સહિત પ્રભુને વંદન કરવા માટે નીકળ્યા. દૂરથી સમવસરણ જોઈને હર્ષિત થયા. નજીક આવતાં વાહન તજી દીધાં અને પાંચ અભિગમ જાળવી જાણે મોક્ષપદની નિસરણી પર ચડતા હોય તેમ સમવસરણના પગથીઆની શ્રેણી પર ચઢી પરમાત્માને જોયા. પછી ત્રણ પ્રદક્ષિણા દઈને વંદના કરી પરમ આનંદ પામ્યા. બારે પર્ષદાઓ પોતપોતાને સ્થાને બેઠી અને પરમાત્માના મુખકમળમાંથી નીકળતી અમૃત સમાન દેશના સાંભળવા ઉત્કંઠિત થઈ. પ્રભુની સામે સૌએ પોતપોતાની દૃષ્ટિને સ્થિર કરી, એટલે પ્રભુએ અધ્યાત્મપદને બતાવનારી [illegible] સમાન

અને ભવવૃક્ષને છેદન કરવામાં કુઠાર સમાન દેશના આપવી શરૂ કરી. ભવ્ય જીવો એકચિત્તે સાંભળવા લાગ્યા.

પ્રભુ બોલ્યા—"હે ભવ્ય જીવો ! મિથ્યાત્વ અવિરત્યાદિ પાંચ બંધહેતુવડે જીવ કર્મ બાંધે છે. તે કર્મની મૂળ પ્રકૃતિ જ્ઞાનાવરણીયાદિ ૮ છે અને ઉત્તર પ્રકૃતિ ૧૫૮ છે. કર્મના વશે કરીને અનાદિ કાળથી જીવ પોતાનો સ્વભાવ ભૂલી ગયો છે, અને વિભાવદશામાં રમ્યું કરે છે, તેથી કર્મરાજાનું બળ તેના ઉપર વધારે વધારે ફાવતું જાય છે. આ જીવના અસંખ્યાત પ્રદેશો છે તે પૈકી આઠ [1]પ્રદેશ ઉપર કર્મ લાગી જ શકતાં નથી, એટલે તે કર્મવડે અનાવૃત્ત રહે છે. તેમ થવાથી જ આ જીવનું જીવસ્વરૂપ નિરંતર ટકી રહે છે. જો તે પ્રદેશો પણ કર્મોવડે અવરાઈ જાય તો જીવ અજીવપણાને પામી જાય. એવા ૮૯ કર્મોવડે આવરિત જીવ પોતાના જ્ઞાનાદિ ગુણોને ભૂલી ગયો છે. મિથ્યાત્વ યોગે અશુદ્ધ પ્રનાલિકામાં પડ્યો છે અને જે વસ્તુ પોતાની નથી તેને પોતાની માની, તેના મોહમાં આસક્ત થઈ, તેના વિરહે શોકગ્રસ્ત થઈ, સંસારમાં પરિભ્રમણ કરે છે અને મદ ઝરતા હાથીના મદ ઉપર જેમ ભ્રમરાની શ્રેણી આસક્ત થઈને ભમે તેમ પૌદ્ગલિક પદાર્થોમાં આસક્ત થઈ સંસારમાં ભમે છે.

આ જીવનું મૂળ સ્થાન સૂક્ષ્મ નિગોદ છે, તે અવ્યવ-

---

૧ રાસની અંદર અહીં 'ચાર પ્રદેશ' કહ્યા છે તે ત્યાંની ભૂલ થઈ લાગે છે, કારણ કે આઠ પ્રદેશ નિરંતર ઉઘાડા રહે છે એવું અનેક સ્થાને શાસ્ત્રોમાં કહેલું છે.

હાર રાશી કહેવાય છે. તેમાં એક વાળાગ્રપ્રમાણ આકા
અસંખ્યાતા ગોળાઓ છે. દરેક ગોળામાં અસંખ્યાતી નિ
છે, અર્થાત્ તે નિગોદીઆ જીવના શરીરો છે. તે એકેક
રમાં અનંતા અનંતા જીવો છે. આ નિગોદનું સ્વરૂપ અ
સૂક્ષ્મ છે. અને તે અન્ય મતવાળા અદૃશ્ય પદાર્થોનું-અ
દ્રિય પદાર્થોનું જ્ઞાન ન હોવાથી સમજી શકતા નથી.
સૂક્ષ્મનિગોદમાં જીવ અનાદિ કાળથી વસેલો છે. તેમાંથી
ભાગ્યયોગે ભવિતવ્યતા અનુકૂળ થવાથી વ્યવહાર રાશિ
આવે છે, એટલે બાદર પૃથ્વીકાયાદિમાં આવે છે, ત્યાંથી વિ
લેંદ્રીયમાં આવે છે, ત્યાંથી તિર્યંચ પંચેંદ્રિયમાં આવે છે
અનુક્રમે મનુષ્યપણું પામે છે. મનુષ્યપણું પામ્યા છતાં
અશુભ સામગ્રી મળવાથી અને શુભ સામગ્રી ન મળવ
નરકાદિ દુર્ગતિમાં જાય છે અને અનેક પ્રકારનાં દુઃખો સહ
કરે છે, એ બધું વિષયવિકાર અને કષાયોને વશ થવાથી થ
છે. વિષય કષાયવડે ઉન્મત્ત થવાથી તેને કૃત્યાકૃત્યની પીછ
રહેતી નથી અને તેથી તેની બાજી હાથમાં ન રહેતાં છુ
જાય છે. તે વખતે **મમતારૂપ** ગણિકા તેને પોતાને વશ ક
લે છે અને તેની પાસે અનેક પ્રકારના નાચ નચાવે છે. પરવ
પ્રાણી તેના સ્વરૂપને ન જાણવાથી આ મમતા જ મારો સર્વ
વિનાશ કરાવનારી અને ભવમાં ભ્રમણ કરાવનારી છે એ
સમજી શકતો નથી. પોતાના સ્વરૂપને ભૂલી જવાથી પરપરિ

આયુષ્ય, બંધ, સુદેવાદિકને ઉવેખી મૂકે છે. વળી તેજસ, કાર્મણ શરીરરૂપ નાવાએ આ પ્રાણી ચઢ્યો છે. તે નાવને રાગદ્વેષ સંસારસમુદ્રમાં ભમાડે છે, તેથી આ ભવોદધિમાંથી જિનમત-રૂપ કિનારે તે નાવા આવી શકતી નથી. એમ કરતાં કરતાં જ્યારે શુભ નિમિત્ત પામે છે ત્યારે તેના યોગે જીવ સમકિત પામે છે, પછી દેશવિરતિપણું પામે છે અને વ્રત પચ્ચખ્ખાણ કરવા ઉપર પ્રીતિ થાય છે, એટલે કેટલાંક કર્મો ખસવાં માંડે છે. એ પ્રમાણે શ્રાવકનાં બાર વ્રતરૂપ ક્રિયા કરતાં કરતાં કેટલાકને સર્વવિરતિપણું ઉદયમાં આવે છે.

પછી ચારિત્ર લઈને અપ્રમત્તપણે પાળતાં પાંચ પ્રકારનાં[1] વાયુને સાધ્ય કરી રેચક, પૂરક ને કુંભકનો અભ્યાસ કરે એટલે અનુક્રમે અષ્ટાંગયોગ સાધે છે. તારાદૃષ્ટિથી માંડીને જો ખરે-ખરી તાળી લાગી જાય છે તો અમૃત અનુષ્ઠાન કરવાવડે પ્રાંતે જીવ ચિદાનંદ સ્વરૂપને પામે છે, પોતાના ઘરમાં આવે છે અને અનંતકાળથી આવરિત થયેલ કેવળજ્ઞાનને પ્રકટ કરે છે. પછી છેવટે અલેશીપણું પામી યોગનિરોધ કરી એરંડ બીજને દૃષ્ટાંતે આ દેહમાંથી છુટીને પંચમ ગતિને પ્રાપ્ત કરે છે કે જ્યાં તેની સાદિ અનંત સ્થિતિ થાય છે—ફરીને ત્યાંથી પાછું આવવાનું નથી; કારણ કે સંસારના કારણભૂત કર્મોનો આત્યંતિક વિનાશ થયેલો હોય છે. અવ્યાબાધ અને અવિ-

૧ પ્રાણ, અપાન, ઉદાન, વ્યાન ને સમાન—આ પાંચ પ્રકારનાં સમજવાં.

નાશી સુખ પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળા પ્રાણીઓએ જેનું મૂળ અહિંસા છે એવા સદ્ધર્મનું આરાધન કરવું; કેમકે દયામૂળ સર્વજ્ઞકથિત ધર્મનું આરાધન કર્યા સિવાય પ્રાણીને શિવસુખની પ્રાપ્તિ અન્ય પ્રકારે થઇ શકતી નથી. જે પ્રાણીને એવા અપ્રતિમ સુખની ઇચ્છા હોય તેણે તે ધર્મને સમ્યક્ પ્રકારે આરાધવો, શાંત સુધારસમાં ઝીલવું, તત્ત્વદર્શી થવું અને અહર્નિશ કર્મક્ષય કરવાને માટે તત્પર રહેવું, જેથી પરિણામે મનોવાંછિત સિદ્ધ થઇ શકે. આ બાબતમાં જેમ કરકંકણને જોવા માટે આદર્શની જરૂર હોતી નથી તેમ કોઇ પણ અન્ય દૃષ્ટાંતની જરૂર નથી. મારું દૃષ્ટાંત જ બસ છે. મારી પોતાનીજ એ સંબંધમાં [illegible] અનુભવથી ખાત્રી થયેલી છે અને તમે પણ [illegible] સર્વ જોઇ શકો છો.

આ પ્રમાણેના મુનિસુવ્રત પરમાત્માની અમૃત સમાન દેશના સાંભળીને ચંદરાજા વિગેરે સર્વ સભા અત્યંત પ્રમુદિત થઇ, [illegible] થઇ અને [illegible] ચંદરાજાએ ઉભા થઇ પ્રભુને [illegible] કરીને પૂછ્યું કે— [illegible] ! [illegible] કર્મના [illegible] ? [illegible] ! [illegible] કર્મથી [illegible] ? [illegible] ! [illegible] ! [illegible] ! [illegible]

કારણો જાણવાની મારા મનમાં અત્યંત અભિલાષા છે અને તે આપના સિવાય બીજું કોઈ કહી શકે તેમ નથી. ત્રણ જગતના ત્રણ કાળના ભાવ આપ સમયે સમયે જાણો છો. આપનાથી ત્રણ જગતમાં કાંઇ પણ છાનું નથી, માટે હે ભવસમુદ્રમાં પ્રવહણ સમાન પ્રભો ! એ હકીકત કૃપા કરીને કહો. ”

આ પ્રમાણેની ચંદરાજાની વિનંતિ સાંભળીને મુનિસુવ્રતસ્વામી પરમાત્માએ તેના પૂર્વભવનું સ્વરૂપ આ પ્રમાણે કહી બતાવ્યું.

“ આ જંબુદ્વિપના ભરતક્ષેત્રમાં વૈદર્ભ નામે દેશ છે. ત્યાં તિલકાપુરી નામે નગરી છે તેમાં મદનભ્રમ નામે રાજા છે. તેણે શત્રુ માત્રનો પરાજય કરેલો છે. તે રાજાને કમળમાળા નામે પટરાણી છે, તે વિદ્યુત્ જેવી કાંતિવાળી છે, તેને કલ્પવૃક્ષની મંજરી જેવી તિલકમંજરી નામે પુત્રી છે, પરંતુ તેને બાળપણથીજ મિથ્યાધર્મ ઉપર પ્રેમ છે, ભક્ષ્યાભક્ષ્યનો વિવેક જાણતી નથી અને જૈનધર્મની સાથે દ્વેષ વહન કરે છે; પરંતુ જેમ માખી ચંદનવૃક્ષથી વિમુખ રહે છે તેથી કાંઈ ચંદનવૃક્ષની કિંમત ઘટતી નથી, પણ તે ચંદનવૃક્ષની સુગંધનો લાભ મેળવી શકતી નથી, તેમ અમુક માણસ જૈનધર્મ ન માને તેથી તેની કાંઇ ક્ષતિ થતી નથી, પણ તે માણસ તેનો લાભ મેળવવાથી બેનસીબ રહે છે અને કર્મબંધ કરે છે. મદિરાથી સીંચેલી વિષલતા જેમ વૃદ્ધિ પામે તેમ તે રાજપુત્રી વૃદ્ધિ પામી છે, પરંતુ લસણમાં જેમ કસ્તુરીની સુગંધ ન

પંપાળે છે. આવી આર્યાને તેં ગુરૂણી કરી તે કાંઇ ઠીક કર્યું નથી. એક દિવસ જો તું નહીં વહોરાવે તો જગ્યાએ જગ્યાએ તારૂં વાંકું બોલશે અને આગલા પાછલા કૈંક ઉખેળા ઉખેળશે, માટે મને તો એની છાંયાએ ઉભાં રહેતાં પણ પાપ લાગે એમ જણાય છે; તેથી હું તો તેને અહીં આવવા દેવામાં રાજી નથી. એ સાધ્વીઓ કોઇની થઈ નથી અને થવાની નથી, તેની સંગત કોઇ કરતું નથી અને હું પણ તેટલા માટેજ તને વારૂં છું. ”

આ પ્રમાણે રાજપુત્રી કહી રહી એટલે રૂપમતી બોલી કે–“ હે બહેન ! તમે આ શું બોલો છો ? શું સમજીને આવી નિંદા કરો છો ? એ તો પાંચ મહાવ્રત નિરતિચારપણે પાળે છે, લોભ તો એના અંગમાં જ નથી. એતો સંવેગરૂપ સરોવરને કીનારે હંસલી જેવા છે. એના એક અક્ષરની પણ હું ઓશીંગણ થઇ શકું તેમ નથી. એનો મારા ઉપર પરમ ઉપકાર છે. મને જો એના અવગુણ આવે તો મારો નરકમાં જ વાસ થાય; અને તું જે એની નિંદા કરે છે તે એના મેલ ધૂએ છે. મને તો એમણે પશુ મટાડીને મનુષ્ય કરી છે. ‘ એનું અહોનિશ કલ્યાણ થજો ’ એમ હું અંતઃકરણથી ઇચ્છું છું. હું તો એની જન્મ જન્મની ચેલી થવા ઇચ્છું છું. એ તો નમસ્કાર પૂર્વક ભક્તિ કરવા યોગ્ય છે, માટે તેની નિંદા કદી પણ કરવી નહીં. એવી ઉત્તમ સાધ્વીની નિંદા કરવાથી મહા પાપના ભાજન થવાય છે, અને આપણું પુણ્યરૂપ ધન કરમાઇ જઇ અંતે નાશ પામે છે. ”

આ પ્રમાણે વાતો કરીને નૃપપુત્રી પોતાને સ્થાનકે ગઇ, તે દિવસ વ્યતિક્રમ્યો. બીજે દિવસ પાછી તે મંત્રીપુત્રી પાસે આવી. તે વખતે મંત્રીપુત્રી મોતીનો હાર પરોવતી હતી. બંને જણીઓ આનંદ કરતી હતી, એવામાં મધ્યાન્હ થયો એટલે સાધ્વી વહોરવા પધાર્યા. મંત્રીપુત્રી હર્ષિત થઇને વહોરાવવા ઉઠી તે વખતે મોતીની ઝાલ[1] પરોવતી હતી તે તેણે મોતીના થાળમાં નૃપપુત્રી પાસે મૂકી. સાધ્વીને પકવાન વહોરાવીને ઘી લેવા માટે તે ઘરની અંદર ગઇ, અને ઘી લાવીને ઘણા ભાવપૂર્વક સાધ્વીને વહોરાવતી પોતાના આત્માને ધન્ય માનવા લાગી. જે વસ્તુ આવા સુપાત્રમાં પડે, તેજ લેખે છે. એમ માનવા સાથે જે અજ્ઞાની આવા સાધુ સાધ્વીના ગુણોની ઉપેક્ષા કરે છે તેમનો જન્મજ અલેખે છે એમ તે માનવા લાગી.

હવે તે વખતે નૃપપુત્રીએ સાધ્વી ઉપર ઇર્ષાથી પેલી મોતીની ઝાલ પરોવેલી થાળમાં પડી હતી તે સાધ્વી ને મંત્રીપુત્રી બંને ન જાણે તેમ સાધ્વીના વસ્ત્રને છેડે બાંધી દીધી, તેની કપટકળા કોઇના જાણવામાં ન આવી. રૂપમતી તો સાધ્વીને દ્વાર સુધી પહોંચાડીને પાછી વળી. પછી મોતીનો થાળ હાથમાં લીધો એટલે તેમાં પરોવેલી મોતીની ઝાલ ન દીઠી. તેણે નૃપપુત્રીને કહ્યું કે-"આમાંથી તમે ઝાલ લીધી જણાય છે તે લાવો, એમ હાંસી શું કરો છો ? તમારે જોઇતી હોય તો આ બીજી પણ લ્યોને ! તમારાથી મારે વધારે

[1] કાનનું આભૂષણ.

શું છે ? ” રાજપુત્રી બોલી કે–“ હું એવી હાંસી કરૂંજ નહીં
કે જેમાં પરિણામે ખેદ ઉત્પન્ન થાય. મેં તારી ઝાલ લીધી
નથી, પણ જ્યારે તું અંદર ઘી લેવા ગઈ ત્યારે તારી ગુરૂ
ણીએ લઇ લીધી છે, તે મેં નજરોનજર જોઇ છે, પણ તને
દુઃખ લાગે માટે હું બોલી નથી, પણ તેં તો મારે માથે
ચોરી નાખતાં વિચારજ ન કર્યો. આ તો ‘ ચોરે કોક ને પક
ડાય કોક ’ એવું થયું, બાકી મેં લીધી હોય તો મને તારા
સોગન છે. તું મારા ઉપર બીલકુલ શંકા રાખીશ નહીં ”
રૂપમતી બોલી કે–“ અરે બહેન ! મારી ઝાલ તેં ન લીધી
હોય તો ભલે, પણ તું મારી ગુરૂણી ઉપર ખોટું કલંક શા
માટે મૂકે છે? એવાં વચન બોલવા કરતાં વગર બોલી રહેતી હોય
તો શું ખોટું છે ? તને વગર લેવેદેવે મારી ગુરૂણી ઉપર શું દ્વેષ
જાગ્યો છે કે તું તેના આવા અછતા અવર્ણવાદ બોલે છે ?
આવું બોલતાં તારી જીભ કેમ અટકી પડતી નથી ? જે એક
તૃણ પણ વગર દીધું ન લેય તો ઝાલ કેમ લેય ! અને તેને લઇને
તેઓ કરે પણ શું ? એણે તો ઘરના મણિ માણેક તજીને દીક્ષા
લીધી છે. એ મહા ઉત્તમ વ્રતને ધારણ કરનારા છે. ઉત્તમ કર
ણીમાં લયલીન છે, એનાં ઉપર શંકા પણ કોઇને આવે તેમ નથી.
એમને તું તારા ભામટા, જોગી કે બ્રાહ્મણાદિકની જેવી ભટ
કતી જાણીશ નહિ. વળી એના ઉપશમરૂપ ભૂષણ પાસે આ
ભૂષણ કોણ ગણત્રીમાં છે ? એવી મહાસતીઓની વાતો તો
કરી શકાય તેમજ નથી. એ ધનની સામે તો થુંકતા પણ
નથી અને એક પગ માંડે છે તો પ્રમાર્જીને માંડે છે. એનાં

સંબંધમાં આવી અઘટિત વાત કરનાર મેં તારા જેવી કોઇ દીઠીજ નથી. એ લુગડે પણ ગાંઠ રાખતા નથી. માગી લાવે છે ત્યારે ખાય છે અને કોઇના દીધા વિના કાંઇપણ હાથ આલતાં નથી તો એ મારી ઝાલ લે એ સંભવેજ કેમ ? માટે તારૂં કહેવું તદ્દન ખોટું છે."

રાજપુત્રી બોલી કે—"તું વધારે આ માટે બોલે છે ? આપણે બંને તેના ઉપાશ્રયે જઇએ ને હું તને તેને લુગડે બાંધેલી ઝાલ મેળવી આપું તો મને ખરી કહેજે." મંત્રીપુત્રીએ તે વાત કબુલ કરી અને તે બંને ઉપાશ્રયે આવી. ત્યાં સાધ્વી ઈર્યાવહી પડિક્કમીને ગોચરી આળોવતા હતા. તે બંને અંદર ગઇ. મંત્રીપુત્રીએ વંદનાદિ વ્યવહાર સાચવ્યો, એટલે સાધ્વી બોલ્યા કે—"જરાવાર બહાર બેસો, અમારે આહાર કરવો છે, આજે ગોચરી લાવતાં મોડું થયું છે, તમારે અક્ષર લેવો હશે તો હું ઘડી પછી આપીશ." આ પ્રમાણેનાં ગુરૂણીનાં વચનથી રૂપમતી ઉપાશ્રય બહાર નીકળી એટલે રાજપુત્રીએ તેને કહ્યું કે-'બહાર કયાં જાય છે, કામ તો અંદર છે.' એમ કહી તેને પાછી અંદર ઘસડી ગઈ. સાધ્વી તે બંનેનું આવું ધાંધલ જોઇ ઝંખવાણા કે 'આજે આ આમ કેમ કરે છે ? એટલામાં તો રાજપુત્રી બોલી કે—"હે સાધ્વી ? આવું વહોરવાનું કઇ ગુરૂણીએ શીખવ્યું છે કે વહોરતા જવું ને સાથે ચોરવા પણ જવું. આ મારી સખી ઘી લેવા ઘરમાં ગઇ ત્યારે તમે તેની મોતીની ઝાલ ઉપાડી લીધી છે, તે મેં મારી નજરે જોઈ છે, પણ હું મારી સખીને દુઃખ લાગે તે માટે બોલી

નથી. જો હું આમ જાણુતી હત તો તરતજ તેને કહી દેત. માટે હવે આની ઝાલ પાછી આપી દ્યો; કેમકે 'આ તમારી ચેલીએ મારા માથે ચોરી નાખી ત્યારે અણછુટકે મારે બોલવું પડયું છે. એ વસ્તુ આપી દેશો તો બીજું કોઇ જાણુશે નહી અને વિલંબ કરશો તો હું શહેરમાં બધે તમારી ચોરી પ્રગટ કરીશ." સાધ્વી તેનાં આવાં વચનો સાંભળી ગભરાઈ ગયા. તે બોલ્યા કે—'અરે ! તમે રાજપુત્રી થઇને આવું અસત્ય શામાટે બોલો છો ? હું કંઇ તમારી ઝાલ લાવી નથી. જોવું હોય તો આ તર્પણી, પાત્રા, ઝોળી વિગેરે જોઇ લ્યો. ? અમારે સાધુને એવી વસ્તુ ખપેજ નહીં.' રાજપુત્રી રોષ ચઢાવીને બોલી કે—"એમ શા માટે જોવરાવો છો? સિદ્ધા થઇને આપી દ્યો. પણ સાધ્વી અજાણ્યા હોવાથી કયાંથી આપે ? એટલે રાજપુત્રીએ જયાં વળગાડી હતી ત્યાંથી અકોટી (ઝાલ) કાઢીને રૂપમતીના હાથમાં દીધી અને સાધ્વીની હીલણા કરતી સતી બોલી કે—"હવે પછી આવાની સંગત કરીશ નહીં." રૂપમતીએ કહ્યું કે—"આ કર્તવ્ય બધાં તારાંજ છે, એ શક વિનાની વાત છે. આમાં આ સાધ્વી બીલકુલ જાણુતાજ નથી. એ તો મહા ત્યાગી છે તે કદી ચોરી કરેજ નહીં." પછી ગુરૂણીજી પ્રત્યે તેણે કહ્યું કે—' આપ આના બોલ્યા કે કર્યા સામું જોશો નહીં. એ મિથ્યાત્વી છે અને જૈનમતની દ્વેષી છે, તેથીજ તેને આવી દુર્મતિ સૂઝે છે." આ પ્રમાણે કહી ગુરૂણીને શાંત કરી ત્યાંથી બંને પોતપોતાને સ્થાને ગઇ. રાજપુત્રીએ ઘણી વારે કળા કેળવી, પણ તેનું ધાર્યું પરિણામ આવ્યું નહીં.

અહીં તે બંનેના ગયા પછી સાધ્વીને પારાવાર ખેદ

થયો. તેણે જાણ્યું કે—'આ વાત શહેર બધામાં વિસ્તાર પામશે અને રાજપુત્રીનું કહ્યું કોણ નહીં માને ? મારે હવે આવા કલંકયુક્ત જીવનવડે જીવવું શા કામનું ?' આમ વિચારી રોષના વશથી તેણે ગળે ફાંસો બાંધ્યો. 'ચારિત્રીયા પણ રોષના વશથી અકર્તવ્ય કરી નાખે છે.' આ હકીકતની તરતજ ઉપાશ્રયના પાડોશમાં રહેનારી સુરસુંદરી નામની સ્ત્રીને ખબર પડી, એટલે તેણે ત્યાં આગળ આવીને ફાંસો છોડી નાખ્યો. સાધ્વીજીને સાવધ કર્યા, શાંત કર્યા અને ભોજન કરાવ્યું. પછી સાધ્વી પણ સમજ્યા અને પાછા સમતાના ઘરમાં આવી નિરતિચાર ચારિત્ર પાળવા લાગ્યા. આવા મહા માઠા દુષ્કર્મથી રાજપુત્રીએ મહા નિબિડ કર્મનો બંધ કર્યો.

રાજપુત્રી અને મંત્રીપુત્રીને નિરંતર જિનમત અને શૈવીમતને અંગે વિવાદ ચાલ્યા કરે છે, એકબીજાના ધર્મને તેઓ જરા પણ માનતી નથી અને યોગ્ય અવસરે પોતપોતાના ધર્મના આચારને બંને જણીઓ જાળવે છે. તેમાં ભૂલ આવવા દેતી નથી.

એવે અવસરે વૈરાટના રાજા જિતશત્રુએ પોતાના પુત્ર શૂરસેનના વિવાહ માટે તિલકમંજરીની માગણી કરવા તિલકપુરીના રાજા પાસે પોતાના મંત્રીને મોકલ્યો. મંત્રીએ રાજાને હકીકત નિવેદન કરી. રાજાને તે વાત પસંદ પડી, એટલે તેણે પુત્રીને એકાંતે પૂછ્યું રાજપુત્રીએ કહ્યું કે—"મારી સખી મંત્રીપુત્રી જો એ વરને પસંદ કરે તો અમે બંને તેને વરીએ,

કારણ કે અમે બંનેએ બાલ્યાવસ્થામાં એક વરને વરવાનો સંકેત કરેલો છે.” તરતજ મંત્રીને બોલાવ્યો અને વાત કરી કે ‘જો તમારી પુત્રી આ વરને પસંદ કરે તો આપણે બંનેનો સાથે વિવાહ નક્કી કરીએ. મંત્રીએ કહ્યું કે ‘ ખુશીથી તે પ્રમાણે નક્કી કરો, એમાં મારે કાંઈ વાંધો નથી.’ એટલે તુરતજ વૈરાટના મંત્રીને બોલાવીને મકરધ્વજ રાજાએ કહ્યું કે ‘ અમે મારી અને મંત્રીની બંને પુત્રીઓનો વિવાહ તમારા રાજપુત્ર શૂરસેન સાથે કરવાનું કબુલ કરીએ છીએ. ’ આવેલ મંત્રી તે વાત સાંભળી બહુ ખુશી થયો અને પછી પ્રવીણ જ્યોતિષિને બોલાવી વિવાહનો દિવસ નક્કી કરી મકરધ્વજરાજાની રજા લઈને તે વૈરાટ ગયો અને પોતાના રાજાને તમામ હકીકત નિવેદન કરી, જેથી તે પણ બહુ ખુશી થયા.

પછી મોટા આડંબર સાથે જાન જોડીને વૈરાટના રાજા શૂરસેનકુમાર સહિત તિલકાપુરીએ આવ્યા. આનંદથી વિવાહ થયો. રાજાએ ને મંત્રીએ હાથી, ઘોડા, રથ, સેવકો, વસ્ત્રાભૂષણો વિગેરે પુષ્કળ દાયજો આપ્યો. તે સર્વ લઈને વૈરાટકુમાર બંને સ્ત્રીઓ સહીત વૈરાટનગરે આવ્યો. સાસુએ બંને સ્ત્રીઓ ઉપર ગૃહભારનું આરોપણ કર્યું. તે બંને વહુ પણ સસરાની મર્યાદા જાળવતી-ગૃહકાર્ય સંભાળતી પોતાના પતિની સાથે આનંદથી સુખભોગ ભોગવવા લાગી.’ કુળવધુ-નું એ કર્તવ્યજ છે.’

આ પ્રમાણે બંને સ્ત્રીઓ આનંદથી રહે છે, પણ

તેમને પરસ્પર ઘણી વખત વાદવિવાદ થયા કરે છે. ધર્મને અંગે એકબીજીનાં ચિત્ત મળતાં નથી. વળી હવે તો શોક્યનો વ્યવહાર પરસ્પર થયો છે એટલે ચિત્ત જુદા પડવાનું બીજું પણ કારણ મળ્યું છે. લોકો 'શોકય કરતા શુળી પણ સારી' એમ કહે છે તેમાં કાંઇ ખોટું નથી. કારણકે જે બે સગી બહેનો હોય તોપણ એક પતિને વરવાથી તેમના વચ્ચે અપૂર્વ દ્વેષ જાગે છે. કોઇપણ એક વસ્તુની બે જણને સરખી અભિલાષા થાય ત્યારે વૈર ઉત્પન્ન થયા સિવાય રહેતુંજ નથી. કારણકે એક વસ્તુ એક સાથે બેના ઉપભોગમાં આવી શકતી નથી અને એક વખત કલહ ઉત્પન્ન થયો એટલે પછી તેને સિંચન મળતુંજ જાય છે. શોકયનો સંબંધ જગતમાં કનિષ્ઠમા કનિષ્ઠ છે. તેમાં પરસ્પર સ્નેહનો અંશ પણ હોતો નથી, છતાં બહેન કહીને બોલાવાય છે. તેઓ એકબીજીને જૂઠાં કલંક આપે છે, મહેણાં મારે છે અને દ્વેષ વધારે છે. કર્ત્તા કહે છે કે—જે પુરૂષને બે સ્ત્રી હોય તેનો અવતારજ નિષ્ફળ છે, દુઃખમય છે, ઉપરથી સુખનો દેખાવ માત્રજ છે. જુઓ, શિવે પણ પાર્વતી ને ગંગા બેને અંગીકાર કરી તો પછી તેને પરિભ્રમણ કરવું પડયું. શૂરસેન રાજકુમાર તો તંબોળી જેમ પોતાના પાનને એકસરખી રીતે જાળવે તેમ બંનેને સરખી રીતે જાળવે છે, પણ જે કાંટો પવનથી ઉંચો નીચો થાય તેને સરખો રાખવા કોણ સમર્થ થઇ શકે ? એટલે બંનેને ઓછું વધતું પડ્યા કરે છે.

અહીં તિલકાપુરીમાં તિલકમંજરીના પિતાને કોઈ

કર્ત્તા અહીં જીવને શિખામણ આપે છે કે—' હે જીવ! તું જે કર તે વિચારીને કરજે, તારાં કાર્યથી તને નવાં કર્મ બંધાશે અને તેને વેદતાં પાછાં બીજાં બંધાશે, એટલે કાશીના કરવતની જેમ તે તો જતાં ને આવતાં બંને વખત વેરશે-વિડંબના પમાડશે.,, રૂપમતીએ જો કે આ એક કાર્ય અઘટિત કરી નાંખ્યું, પરંતુ તે જિનમતમાં પ્રવીણ હોવાથી પશ્ચાત્તાપાદિવડે તેણે કર્મને ઘણું ક્ષીણ કરી નાખ્યું અને સ્ત્રીવેદ ટાળી પુરૂષવેદ બાંધ્યો. ત્યાંથી આયુ: પૂર્ણ થયે મરણ પામી આભાપુરીના વીરસેન રાજાની ચંદ્રાવતી નામની રાણીની કુક્ષીમાં પુત્ર પણે ઉત્પન્ન થઈ. અનુક્રમે જન્મ થયો, એટલે ચંદકુમાર નામ પાડયું. તે હે રાજા ! તમે પોતે થયા. 'વિધિપૂર્વક કે અવિધિએ કરેલો પણ ધર્મ નિષ્ફળ જતો નથી.' કોસીનો રક્ષક હતો તે મરણ પામીને હે ચંદરાજા ! તમારો સુમતિ નામે પ્રધાન થયો. પંખીણીની અંત અવસ્થાએ તેણે માત્ર કરૂણા આણી હતી તેનું શુભ ફળ તેને પ્રાપ્ત થયું. અને સાધ્વીના ઉપાશ્રયની પાડોશણ જે સુરસુંદરી નામે હતી જેણે સાધ્વીનો ગળાફાંસો દૂર કર્યો હતો, તે મરણ પામીને હે ચંદરાજા! તમારી રાણી ગુણાવળી થઈ. રાજપુત્રી તિલકમંજરી જે મિથ્યાદૃષ્ટિ હતી તે મરણ પામીને પ્રેમલાલચ્છી થઈ. સાધ્વીનો જીવ મરણ પામીને કુષ્ઠી કનકધ્વજ થયો.' અજ્ઞાની જીવો કર્મની એક ગતિને સમજતા નથી, પણ તેનું કેવું પરિણામ આવે છે તે જુઓ, કનકધ્વજ [illegible] થયો કે જે [illegible] નિમિત્ત

થઇ હતી. આ ભવમાં પણ તેણે નિમિત્તપણે કામ કર્યું છે. શુરસેન કુમાર જે રાજપુત્રી ને મંત્રીપુત્રીના સ્વામી હતો તે મરણ પામીને શિવકુમાર નટ થયો. રૂપમતીની તે ભવમાં જે દાસી હતી તે નટપુત્રી શિવમાળા થઇ. 'કર્મનો પ્રવાહ તો જે દિશિમાં વહે તે દિશિમાં વહન જ કરે છે, તેને નદી નાળાં કે કોઇ પણ અટકાવી શકતાં નથી.' કાબરનો રક્ષક જે હતો તે હિંસક મંત્રી થયો. "આ પ્રમાણે શ્રી મુનિસુવ્રત સ્વામીએ સર્વના પરભવ કહીને કહ્યું કે "હે ચંદરાજા! તને વધારે શું કહીએ? તારા પૂર્વભવના ચરિત્ર ઉપરથી તું કર્મની વિચિત્રતા સમજ. કોસીની તેં પાંખ ઉખેડી નાખી હતી તેનું વેર તેણે વીરમતી થઇને લીધું. તેણે આ ભવમાં તને કુકડો કરીને ઘણો હેરાન કર્યો. કર્યાં કર્મ સર્વને ઉદય આવે ત્યારે ભોગવવાં પડે છે, તેમાં કોઇનો પ્રયત્ન ચાલી શકતો નથી, તેમાં તો વારા પછી વારો આવેજ છે. પૂર્વભવે સાધ્વીને માથે ખોટી ચોરી નાખી હતી તેથી પ્રેમલાલચ્છીને માથે આ ભવમાં કનકધ્વજ થઇને તેણે કુષ્ટી કરી નાખવાનું કલંક આપ્યું અને તે વિષકન્યા કહેવાણી. પૂર્વભવના કોસીના રક્ષકનું રૂપમતી પાસે ચાલ્યું નહોતું તેમ આ ભવમાં ગુણાવળીનું વીરમતી પાસે કાંઇ ન ચાલ્યું. તે રોતી રહી, ને તેના સ્વામીને (તને) વીરમતીએ કુકડો કર્યો. પૂર્વભવે રૂપમતીની દાસીએ કોસીને નિરખી હતી તે સ્નેહથી આ ભવમાં શિવમાળાએ કુકડાને લાવીને પ્રેમલાલચ્છીને સોંપ્યો ને તેનું રક્ષણ કર્યું."

ચારિત્ર ગ્રહણ કરીશ, કેમકે તેમના ઉપદેશામૃતથી રાજ્યભોગ ઉપરથી મારૂં મન સર્વથા ઉઠી ગયું છે, હવે મને તેની તૃપ્તિ થઈ ગઈ છે, મને એમાં જરા પણ આનંદ આવતો નથી, મારી વૃત્તિ ઉદાસીન થઈ ગઇ છે. આપણું આયુષ્ય અંજળીમાં રાખેલા જળની જેમ ક્ષણે ક્ષણે ઘટતું–ટપકતું જાય છે, અને છેલ્લી સ્થિતિએ પાણીના પરપોટા જેવું છે. પાણીના પરપોટાની જેમ તેને વિલય પામી જતાં વાર લાગતી નથી. આ શરીર પણ કુલટા સ્ત્રીની જેવું છે, તે ખરે વખતે પ્રીતિનો નિર્વાહ કરે તેમ નથી. એટલે તેનો તો વિશ્વાસજ કરવા યોગ્ય નથી. માંસ ને રૂધીરરૂપી કર્દમથી આ હાડપીંજરરૂપ ભીંત ઉભી કરેલી છે, તેમાં નસોરૂપી જાળીઓ ગોઠવી છે અને વાળરૂપ ઘાસથી તે ઝુંપડી આચ્છાદિત કરેલી છે, તે ઝુંપડીને નિરંતર ભોજનરૂપી પુરણીથી પુરવામાં આવે છે, છતાં તે ખાલી ને ખાલીજ રહે છે. પુરાતીજ નથી. શ્વાસોશ્વાસ અથવા પવનરૂપી સ્થંભ ઉપરે તેને ટેકાવેલી છે, અને સ્નાન વિલેપનાદિવડે નિરંતર તેને લીંપેર કરવામાં આવે છે, છતાં મુદત પૂરી થયે એક ક્ષણ પણ તે ટકતી નથી. એવી અસ્થિર કાયારૂપી કાગળની નાવવડે આ પારાવાર ભવ સમુદ્ર શી રીતે તરી શકાય ? તે નાવા તેનો પાર પમાડી શકેજ નહિ. આ શરીરનો અને આપણો (ભવજંતુઓનો) મેળો (મેળાપ) આ સંસારમાં અનંતી વખત થયો છે, પરંતુ તેનું પરિણામ લાભદાયક આવેલું નથી. સંસારમાં તો પેલીને માથે બેડું જેવું અસ્થિર હોય તેવું સર્વ અસ્થિર છે. વળી આ સંસારમાં પ્રાણી પ્રયાસ કરીને હીરા, માણેક, મોતી તેમજ

કાળ, પૃથ્વી અને શ્રી પુત્રાદિક કુટુંબ ભોગવે છે, પરંતુ તે સર્વે અહીંનું અહીંજ રહે છે અને આ જીવ એકલો ખાલી હાથે પરભવમાં ચાલ્યો જાય છે, તેમાંનું કાંઈપણ તેની સાથે આવતું નથી. આ સમજીને! આ સંસારની સ્થિતિ [illegible] [illegible] માટે હિત તેના પરથી અત્યંત ઉઠાવ્યું છે. [illegible] હું આ સંસારમાં રહેવા ઇચ્છતો નથી, તેથી જો તમે [illegible] આપો તો હું ચારિત્ર લેવા ઇચ્છું છું. [illegible]

[illegible]

ર સાથે દીક્ષામહોત્સવ કર્યો. ચંદરાજા સર્વ પરિવાર સાથે
નિસુવ્રતસ્વામી પાસે મોટા આડંબરથી અઢળક દાન દેતાં દેતાં
આવ્યા. પ્રભુને વંદના કરી, પ્રભુએ તેમને ફરીને પણ દેશના
આપી; એટલે તેમના ભાવ વિશેષ વૃદ્ધિ પામ્યા. ઇંદ્રાદિક દેવો
પણ ચંદરાજાને ધન્યવાદ આપવા લાગ્યા. પછી ગુણશેખરાદિ
પુત્રોએ પરમાત્માને વિનંતિ કરી કે—" શિવસુખના અર્થી
એવા અમારા પિતા વિગેરેને ચારિત્ર આપો. "

પછી પ્રભુએ કાંસાના પાત્ર ઉપર જેમ પાણીનું ટીપું
ટકે નહીં, તેમ વિષયરંગથી કિંચિત્ પણ ન લેપાય તેવું ચંદ-
રાજાનું અંતઃકરણ જોયા છતાં તેને દૃઢ કરવા માટે પોતાની
પાસે બોલાવીને કહ્યું કે—"હે ચંદનરેશ ! તમે ચારિત્ર લેવા ઉ-
જમાળ થયા છો તે યોગ્ય છે, પરંતુ ચારિત્ર પાળવું બહુ મુશ્કેલ
છે, ખાંડાની ધારપર ચાલવાનું છે. મીણને દાંતે લોઢાના ચણા
ચાવવાના છે. વેળુના કોળીઆ ભરવાના છે, પરિસહ ઉપસર્ગાદિ
સહન કરવા બહુ કઠણ છે. એ વ્રતરૂપી ગિરિશિખરથી અધ્ય-
વસાય ભગ્ન થવાથી ઘણા જીવોનો અધઃપાત થયો છે કે જેનો
પાછો પત્તો પણ નથી. તેઓ દુર્ગતિમાં ભમ્યા કરે છે.
માટે તમે સારી રીતે પુખ્ત વિચાર કર્યો પછીજ જે કરો તે
કરજો. " આ પ્રમાણેનાં પરમાત્માનાં વચનો સાંભળીને ચંદ-
રાજાએ કહ્યું કે—" હે સ્વામિન ! આપે કહી તે વાત ખરી છે,
ચારિત્ર પાળવું મુશ્કેલ છે તે પણ ખરૂં છે, પરંતુ તે બધું ક્ષ
જને માટે છે, જે શૂરવીરો છે તેને માટે લેશપણ મુશ્કેલ નથી."

જ્ઞાનાભ્યાસ કરવા લાગ્યા અને તપ જપ વિગેરે ક્રિયાનુષ્ઠા-
નમાં તત્પર થયા. સિંહની જેમ ચારિત્ર લઈને સિંહની જેમ
પાળવા લાગ્યા. સવે યત્કિંચિત્ પણ ચારિત્રમાં દૂષણ લગા-
ડતા નહોતા અને પરમાત્માની આણા અખંડ પાળતા હતા.
એ પ્રમાણે શ્રુતસાગરનું અવગાહન કરતાં તેમાંથી અધ્યાત્મ-
રત્ન તેમને પ્રાપ્ત થયું. પછી આત્મસ્તુતિ ને પરનિંદા વિગેરે
સર્વથા તજી દઈ અપ્રમાદીપણું ધારણ કરી સાતમે અપ્રમત્ત-
ગુણઠાણે વિશેષે વિહરવા લાગ્યા.

ચંદરાજર્ષિ નિરતિચાર ચારિત્ર પાળે છે, પરમજ્ઞાનનો
ખપ કરે છે, ષટ્કાય જીવની ઉપર અવિચ્છિન્ન દયાવાળા પ-
રિણામે વર્તે છે, સર્વ જીવોને પોતાની સમાન ગણે છે,
પુદ્ગળ દ્રવ્યની આસક્તિમાં ખુંચી ગયેલા ચેતન દ્રવ્યને મૂળ
ગુણવડે ખેંચીને ઉપર લાવે છે. ભેદજ્ઞાન થવાથી જડ ચૈત-
ન્યનો ભેદ યથાર્થ સમજે છે અને સમતા પ્રમુખ ગુણનેજ
પોતાના ખરા હેતુ સમજે છે. આઠ પ્રવચન માતાના ખોળામાં
ખેલે છે, ક્ષમારૂપ ખડ્ગવડે મોહરાજાને પરાજય પમાડે છે.
અંતરંગસંવેગરૂપ નદીમાં પરમાનંદના સંદોહરૂપ [illegible] આ-
ત્માને સ્નાન કરાવે છે. ક્ષમારૂપી રથને [illegible]
સુગંધે ચલાવે છે. (ઈન્દ્રિયોને [illegible] દેતા નથી.) [illegible]
વિવેકરૂપી અંતરમાંથી [illegible]
[illegible]
[illegible] છે. [illegible]

લઇને ઉપાડે છે. પાંચે ઇંદ્રિઓરૂપ મૃગને સિંહની જેમ કબજે કરી સંવરરૂપ વાડમાં રૂંધે છે, પરિસહોને સમભાવે સહન કરે છે અને તેનાવડેજ આત્મગુણની પુષ્ટિ અને મુક્તિની પ્રાપ્તિ થાય છે એમ માને છે. જેમ અગ્નિ તાપાદિક સહન કરવાથી સુવર્ણ ખરા કંચનપણાને અથવા આભૂષણપણાને પામે છે, તેમ પરિસહ ઉપસર્ગાદિ સહન કરવાથીજ આત્માનું શુદ્ધ કંચનત્વ પ્રગટ થાય છે. વળી જેમ જેમ આત્મામાં શાંતરસ પ્રસરે છે, આત્મપ્રદેશો તેનાવડે ભીંજાય છે, તેમ તેમ આત્માનું તામ્ર સ્વરૂપ પલટાઇને તે સુવર્ણપણાને પામે છે અને પરમ પ્રકૃષ્ટ શુદ્ધ સ્વરૂપનો આત્માને અનુભવ થાય છે. જ્ઞાનાદિક ગુણોવડે નિત્યાનંદમાં વર્તવાથી પરમાનંદપણાનો અનુભવ કરે છે. આ પ્રમાણે કરતાં કરતાં ચંદરાજર્ષિએ ક્ષપકશ્રેણીની બાજી રમવા માડી, એટલે મોહરાજાની અભંગ સેનામાં ભંગ પડ્યો અને તેની આખી સેના લજ્જત પામીને ભાગીજ ગઇ. (નાશ પામી) પછી બાકીના ત્રણ ઘનઘાતી કર્મોનો નાશ કરવામાં તત્પર થયા અને અગ્યારમું જે ચીકણું (લપસણું) ગુણઠાણું છે ત્યાં પગ ન મૂકતાં બારમે ક્ષીણમોહ ગુણઠાણેજ ચડ્યા અને ત્યાં ચારે ઘનઘાતી કર્મોનો સર્વથા ક્ષય કરી તેરમે ગુણઠાણે પહોંચી તેમણે કેવળજ્ઞાન તથા કેવલદર્શન પ્રાપ્ત કર્યું. આત્માના જ્ઞાનાદિ ગુણને આવરનારા જે કર્મપુદ્ગળો કાર્યરૂપ હતાં તે કારણરૂપ થઇ ગયા. અર્થાત્ આત્મપ્રદેશોથી છુટા પડીને કર્મપરમાણુ થઇ ગયા. તેમને યથાખ્યાતચારિત્રની પ્રાપ્તિ થઇ. કેવળજ્ઞાન-

રૂપ સૂર્યનો ઉદય થવાથી લોકાલોક પ્રકાશક થયા. તે
સર્વ સંસારી જીવોના ગતિ આગતિ વિગેરે સર્વ
હસ્તામલકવત્ જાણ્યા અને ભ્રાંતિમાત્ર ટળી ગઇ.

તે વખતે નજીકમાં રહેલા સમકિતદ્રષ્ટિ દે
ઘાતીકર્મની ક્ષપણા થયેલી જાણી કેવળજ્ઞાનના ઉ
અનુમાન કર્યું અને જ્ઞાનોત્સવ કરવા માટે તેને યોગ્ય પ્ર
કર્યો. સુવર્ણકમળની અપૂર્વ રચના કરી, એટલે તેના
ચંદકેવળીએ અદ્દભુત દેશના આપી કે જે દેશનાનું વિષય
શાંત કરવા માટે ઘણા ભવ્ય જીવોએ પાન કર્યું. જ
તીર્થરૂપ ચંદકેવળીએ ભૂતળ પર વિહાર કરી અનેક ભ
જીવોને પ્રતિબોધ પમાડ્યો. બાળ, મધ્યમ, ઉત્તમ વિ
જીવોને યથાયોગ્ય ઉપદેશ આપ્યો અને કેટલાક અ
અગોચર ભાવ સમજાવ્યા. એ પ્રમાણે વિહાર કરતાં અનુ
સિદ્ધાચળ તીર્થે પધાર્યા. એ તીર્થ પોતાને પ્રથમ પ
ઉપકારી થયેલ હોવાથી અને પ્રાંતે પણ તેજ ઉપકારક થવા
છે એમ જ્ઞાનવડે જાણીને, તેનાપર અનંતાન
મુનિમહારાજાઓ સિદ્ધિપદને પામેલા છે, એ તીર્થ
સંભારવાથી પ્રાણીના કર્મબંધ ત્રુટે છે, ઇત્યાદિ સ્વરૂપ
અનુભવ કરી તે સ્થાનકે જ તેમણે એક માસની સંલેખના કર

ચંદરાજર્ષિ એકંદર એક હજાર વર્ષનો દીક્ષાપર્યા
અને ત્રીશ હજાર વર્ષનું સર્વાયુ પાળી પ્રાંતે યોગનિરોધ કર

ચાર અઘાતી કર્મનો પણ સર્વથા ક્ષય કરી અનંત વીર્ય, અખેદ, અતીંદ્રિયપણું અને અક્ષયતા મેળવી એક સમયે ઉર્ધ્વગમન કરી સિદ્ધિસ્થાનને પ્રાપ્ત થયા. સર્વાર્થસિદ્ધ વિમાનની ઉપર બાર યોજન જતાં ઇષત્પ્રાગ્ભારા નામની જે શિલા છે, તેની ઉપર એક યોજન લોકાંત છે, ત્યાં લોકાંતનો સ્પર્શ કરીને સ્થિત થયા. સુમતિ મુનિ, શિવકુમાર મુનિ, ગુણાવળી ને પ્રેમલાલચ્છી સાધ્વી એ સર્વ કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને સિદ્ધિસ્થાનને પામ્યા. શિવમાળા સાધ્વી વિગેરે સર્વાર્થસિદ્ધે ગયા, તેઓ ત્યાંથી ચ્યવી મહાવિદેહ ક્ષેત્રમાં મનુષ્ય થઈ સિદ્ધિસ્થાનને પામશે. આ પ્રમાણે તે સર્વ જીવોએ આત્મહિત કર્યું. આ બધો મહિમા શુદ્ધ શિયળનો છે. તેનાવડેજ એમની કાર્યસિદ્ધિ થયેલી છે.



ઉપસંહાર.

ઉપર પ્રમાણે શ્રી ચંદરાજાનો રાસ સંપૂર્ણ કરતાં તેના કર્ત્તા **શ્રી મોહનવિજયજી** કહે છે કે—મેં આ રાસ રચીને મારી રસનાને પવિત્ર કરી છે, અને શીળવ્રતને દૃઢ કરવા માટે ભવ્યાત્માઓને શીખામણ આપી છે. આ રાસ વાંચીને કોઇ કવિએ મારી હાંસી ન કરવી, તેમણે તો એમાં કોઇ અઘટિત પદરચના હોય તો સુધારવી, કેમકે હું કાંઇ મોટો કવિ નથી, મેં તો એક આ બાળક્રિડા કરી છે. મેં એમાં મહાપુરૂષના ગુણ ગાયા છે તેથી મને તો લાભજ છે. મારી કવિતાને કોઇ નિંદે તો તેથી મને કાંઇ પણ નુકશાન નથી. જો આ ચરિત્રનો સાંભળનાર કોઇ પણ પવિત્ર થાય અને આત્મસંપત્તિ મેળવે તો પછી તેનો કહેનારો પવિત્ર કેમ ન થાય? આત્મસંપત્તિ કેમ ન મેળવે? મેળવે જ. મહાપુરૂષોના ગુણ જેવી આવડે તેવી ભાષામાં પણ કથન કરવાથી લાભજ થાય. જુઓ ગમે તેવો વાંકો ચૂંકો પુડલો હોય પણ ખાવાથી ક્ષુધાનું દુઃખ તો દૂર થાય જ.

આટલું કહેવાવડે કર્ત્તા પોતાનું નિરભિમાનપણું સૂચવે છે અને ઉત્તમ પુરૂષોના ગુણ ગાવાની ફરજ પણ સૂચવે છે.

હવે કર્ત્તા પોતાની પ્રશસ્તિ-ગુરૂપરંપરા વર્ણવે છે. તપગચ્છના નાયકશ્રી વિજયસેનસૂરિ થયા કે જેમણે અકબર બાદશાહને પ્રતિબોધ્યો, તેમના શિષ્ય કીર્ત્તિવિજય, તેમના માનવિજય, તેમના રૂપવિજય અને તેમના શિષ્ય મોહન-

વિજયે ૧૦૮ ઢાળોવડે ચંદરાજા, ચંદરાજર્ષિ અને ચંદ કેવળીના તેમજ તેની સાથે તેના ઉત્તમ, મધ્યમ અને અધમ એવા-સંબંધમાં આવેલા સંબંધીઓના ચરિત્રોનું વર્ણન કર્યું છે. આ રાસ સંવત ૧૭૮૩ ના પોસ શુદિ ૫ ને રવિવારે રાજનગર (અમદાવાદ) માં પૂર્ણ કર્યો છે.

કર્ત્તાએ પ્રાંતે આ રાસનું પઠન-પાઠન કરનાર અને સાંભળનાર તથા સંભળાવનારને આશીષ્ આપી છે, અને રાસની અંદર જે કાંઇ ઓછું વધતું લખાણુ હોય તેને માટે મિચ્છામિદુક્કડં આપ્યો છે, તેમજ આ રાસને અને ચંદરાજાના ગુણાનુવાદને અચળ રહેવારૂપ-દીર્ઘ કાળ પર્યંત ટકવારૂપ આશીર્વાદ આપ્યો છે.

ચંદરાજા અને ગુણાવળીનું ચરિત્ર સમાપ્ત.

" ત્રિકાળદર્શી શ્રી નરચંદ્ર મહારાજ હીરવિજય
મહારાજ પ્રણીત. "

"નરચંદ્ર જૈન જ્યોતિષ અને જ્યોતિષ હીર"

કિંમત રૂ. ૩-૦-૦ (પોસ્ટેજ વી. પી. ખર્ચ જુદું.)

તમારે કોઇ જોષીના ઓશીયાળા રહેવાની હવે જરૂર નથી. કારણ કે આ ગ્રંથમાં જ્યોતિષ સંબંધી બે સમર્થ આચાર્યોએ અગણીત વિષયો ઉપર ભરચક વિવેચન કર્યું છે. સૌથી મોટી ખુબી તો આ ગ્રંથમાં એજ છે કે ઘણા જ્યોતિષીઓ આંખે પાટા બંધાવી [illegible] ઉતારે છે, તેમ આમાં ઠગાવાની કે છેતરાવાની [illegible] રહેતી નથી, કારણ કે જૈન આચાર્યોની નિ[illegible]તા નિર્ભયતા અને નિરાડંબરથી કોણ [illegible] એવા તે શું સ્વાર્થ હોય કે લોકોને છેતરવા [illegible] ખરેખર નરચંદ્ર મહારાજે અને હીરવિજય સુરિ મહારાજે કેવળ સંસારીઓના હિતાર્થેજ આ ગ્રંથ રચ્યા છે, જ્યોતિષ વિદ્યાના રસીકોએ આ ગ્રંથનો સંપૂર્ણ લાભ લેવા જોઇએ.

મનુષ્ય ઉપર એક પછી એક નવગ્રહ હમેશાં સારા માઠા આવે જાય છે, તે વખતે માઠા ગ્રહમાં માણસ આકુળ વ્યાકુળ બની જાય છે અને આમતેમ દોડાદોડ કરે છે, પણ તેમ ન કરતાં જાપ કરવાથી ગ્રહ શાન્ત થાય છે. તે જાપ કરવાની રીત આ ગ્રંથમાં ખાસ આપેલ છે. એ ઉપરાંત આ ગ્રંથમાં ચાલુ વર્ષ કેવું નીવડશે ? વર્ષના ચાર સ્થંભનો યંત્ર આપ્યો છે, તે પરથી ચાલુ વર્ષ અથવા ગમે તે વર્ષ કેવું નીવડશે તેની સહેજે કલ્પના થઇ શકશે.